વિશેષાંક

ISSN-0971-8397

# યોજના

જાન્યુઆરી-૨૦૧૬ | વિકાસને સમર્પિત માસિક | ₹ ૨૦



## શિક્ષણ : સફળતાની ચાવી

ભારતમાં મહિલાઓ અને કન્યાઓ માટે શિક્ષણના માળખાગત મુદ્દાઓ

શિક્ષણનું બદલાતું સ્વરૂપ અને પડકારો

શ્રેષ્ઠ શિક્ષણનું વરદાન : ટેક્નોલોજી

ફોકસ લેખ

શિક્ષણ એટલે મૂલ્ય અને જ્ઞાન આધારિત સમાજનો વિકાસ

વિશેષ લેખ

ભારતમાં સર્વસમાવેશક શિક્ષણ, તેનું મહત્ત્વ અને ભવિષ્યનો માર્ગ




## પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ કચ્છના ધોરડોમાં પોલીસ મહાનિદેશકોના સંમેલનમાં કરેલું સંબોધન

### તાજેતરમાં કચ્છના ધોરડો ખાતે ત્રિદિવસીય અખિલ ભારતીય પોલીસ મહાનિદેશક અને મહાનિરીક્ષકનું સંમેલન યોજાઈ ગયું.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કચ્છના ધોરડોમાં પોલીસ મહાનિદેશકોના સંમેલનના છેલ્લા દિવસે સંમેલનમાં ઉભરી આવેલી ભલામણોના અમલીકરણ માટે એક સ્પષ્ટ રોડમેપ તૈયાર કરવા હાકલ કરી હતી.

પ્રધાનમંત્રીએ કહ્યું કે ચર્ચા અને મંતવ્યોમાં દેશભરના જુનિયર અને સિનિયર બંને અધિકારીઓ સામેલ હતા, જે નવો ચીલો ચાતરવામાં મદદ કરશે, અને આ એક ખૂબ નોંધપાત્ર સિદ્ધિ છે.

શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે સંવેદનશીલતા એ પોલીસ વિભાગનું એક મહત્વનું તત્વ છે, અને એક એવું લવચિક સંસ્થાકીય માળખું બનાવવું જોઈએ જે પોલીસ દળને નાગરિકોને સંવેદનશીલતાથી સમજવામાં મદદરૂપ બને. તેમણે કહ્યું કે પોલીસ દળોએ આ માટે સ્થાનિક સમુદાયોમાં સંપર્કો બનાવવા જોઈએ. અને સંપર્કો સ્થાપવાનો એક ઉત્તમ રસ્તો છે. સમુદાયમાં લોકોની સફળતાઓ અને ઉપલબ્ધિઓની ઉજવણી કરવી. તેમણે કહ્યું કે જયારે લોકો તેમની સફળતાની ઉજવણી માટે પોલીસ સ્ટેશનની મુલાકાત લે છે ત્યારે તેમણે પણ પોલીસ અધિકારીઓ દ્વારા કરાયેલા કામ પ્રત્યે આદર અને ઊંડી સમજ કેળવવી જોઈએ. તેમણે કહ્યું કે સમુદાયના લોકોએ પોલીસ સ્ટેશનો સાથે ઓળખ બનાવવી જોઈએ.

પ્રધાનમંત્રીએ સાયબર સુરક્ષા, ડિઝીટલ ટેક્નિક અને સોશિયલ મીડિયા વગેરે વિષયોને આવરી લીધા અને કહ્યું કે પોલીસ અધિકારીઓએ તેમના કામમાં ઉભરતી ટેક્નોલોજીનો ઉપયોગ કરવો જોઈએ. તેમણે આંતરરાજ્ય સરહદો પાર પડોશી જિલ્લાના પોલીસ દળો વચ્ચે વધુમાં વધુ સંપર્ક વિકસાવવા હાકલ કરી હતી.

પ્રધાનમંત્રીશ્રીએ પ્રવાસન પોલીસ, આપદા પ્રબંધન અને પોલીસ તાલીમ વગેરે વિષયો પર પણ પોતાના વિચારો પ્રગટ કર્યા હતા.

શ્રી નરેન્દ્ર મોદીએ પોલીસ અધિકારીઓ દ્વારા દાખવવામાં આવેલી નિઃસ્વાર્થ સેવા અને સમર્પણ ભાવનાની પ્રશંસા કરી હતી, તથા તેમના કામ પ્રત્યેની નિષ્ઠાને રાષ્ટ્રની સુરક્ષાના સાર તરીકે વર્ણવી હતી.

પ્રધાનમંત્રીએ આઈબી અધિકારીઓને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ ચંદ્રક પણ એનાયત કર્યા હતા.

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી રાજનાથ સિંહ અને કેન્દ્રીય ગૃહ રાજય મંત્રીઓ શ્રી કીરેન રીજીજુ અને શ્રી હરિભાઈ ચૌધરી પણ હાજર રહ્યા હતા.

(પી.આઈ.બી.ના સૌજન્યથી)

જાન્યુઆરી-૨૦૧૬

આયોજન અને વિકાસને સમર્પિત

વર્ષ : ૪૩ અંક : ૧૦ સળંગ અંક : ૭૮૧

# યોજના

મુખ્યતંત્રી : દીપિકા કચ્છલ
નાયબ નિયામક : અમિતા મારુ
તંત્રી : અજય ઇન્દ્રેકર

યોજના કાર્યાલય
લોંગ લાઈફ હોસ્પિટલ બિલ્ડિંગ, યુ.કો. બેંક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૨૬૫૮૮૬૬૯, ૨૬૫૮૧૪૫૦
E-mail Address : yojanagujarati@gmail.com
Website : www.yojana.gov.in

## વિષયસૂચિ

ભારતમાં મહિલાઓ અને કન્યાઓ માટે શિક્ષણના માળખાગત મુદ્દાઓ
વિમલા રામચંદ્રન ........ ૫
શિક્ષણનું બદલાતું સ્વરૂપ અને તેના પડકારો
જિતેન્દ્ર નાગપાલ ........ ૧૦
સ્વપ્રયાસ વડે શ્રેષ્ઠ શિક્ષણનું વરદાન આપશે ટેક્નોલોજી
રાજારામ એસ. શર્મા ........ ૧૫
શિક્ષણ એટલે મૂલ્ય અને જ્ઞાન આધારિત સમાજનો વિકાસ
જે. એસ. રાજપૂત ........ ૧૭
ભારતમાં સર્વસમાવેશક શિક્ષણ, તેનું મહત્ત્વ અને ભવિષ્યનો માર્ગ
ડૉ. અનુપ્રિયા ચઢા ........ ૨૨
ગુણવત્તાસભર શિક્ષણનો દૃષ્ટિકોણ
કિરણ ભાટી ........ ૨૭
શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓનાં મૂલ્યાંકનની સારી પદ્ધતિની આવશ્યકતા
પ્રો. અવતાર સિંઘ ........ ૩૧
અનુસૂચિત જાતિ-જનજાતિમાં શિક્ષણનું પ્રમાણ
એસ. શ્રીનિવાસ રાવ ........ ૩૫
ઉચ્ચશિક્ષણની બદલાતી દિશાઓ
ડૉ. ઋચા એન. શાહ ........ ૩૭
ગુજરાતમાં સાક્ષરતા અને જિલ્લાવાર વિષમતાઓ
રાણા લગ્ધીરસિંહ કનકસિંહ ........ ૪૧
ગુજરાતમાં 'શૈક્ષણિક પ્રવાસન'ની સુવર્ણ તક
મિત્તલ રાજગોર ........ ૪૬
આદિવાસી સમુદાયમાં મહિલા શિક્ષણ : સમસ્યાઓ અને ઉકેલો
વિપુલકુમાર સી. રામાણી ........ ૪૯
રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીની ગુજરાત મુલાકાત
અહેવાલ : પ્રવિણ ઘમંડે ........ ૫૪
સાબરમતી આશ્રમનું આર્કાઇવ્ઝ અને સંશોધન કેન્દ્ર - એક દૃષ્ટિપાત
જિતેન્દ્ર વી. શાહ ........ ૫૮
"શિક્ષણની દશા અને દિશા" - એક તથ્ય
ડૉ. કાંતિભાઈ મુંજપરા ........ ૬૦
સર્વ શિક્ષા અભિયાન મિશન દ્વારા શિક્ષણમાં આવેલ પરિવર્તનનો અભ્યાસ
ડૉ. બાદરભાઈ વાચ. કુરેશી ........ ૬૩
આપ જાણો છો ? સર્વ માટે શિક્ષણ : વિકાસ આંક ........ ૭૦

### ટાઈટલ

| | | | | |
|---|---|---|---|---|
| ● | આવરણ ડિઝાઇન | : | – | ૧ |
| ● | પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ કચ્છના ધોરડોમાં કરેલું સંબોધન | : | ફોટો સ્ટોરી | ૨ |
| ● | જ્ઞાન વિશ્વમાં ભારતને ડોકિયું કરાવશે 'જ્ઞાન' નેટવર્ક | : | વિકાસગાથા | ૩ |
| ● | પ્રકાશન વિભાગના ગુજરાતી પુસ્તકો | : | – | ૪ |

**છૂટક નકલ : રૂ. ૨૦-૦૦, વાર્ષિક લવાજમ : રૂ. ૧૦૦-૦૦, બે વર્ષ : રૂ. ૧૮૦-૦૦, ત્રણ વર્ષ : રૂ. ૨૫૦-૦૦**
**લવાજમની રકમ "S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦ Yojana (Guj.)"ના નામે મનીઓર્ડર/ચેક/બેંક ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલી શકાશે.**

આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.


યોજનામાં પ્રગટ થતાં લેખોમાંના મંતવ્યો લેખકોના પોતાનાં છે. તેની સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

યોજના

# તંત્રીલેખ

## શૈક્ષણિક વ્યવસ્થા બદલો, પરિવર્તનનો પવન ફૂંકો

**"શિક્ષણ સૌથી શક્તિશાળી શસ્ત્ર છે, જેને તમે દુનિયામાં પરિવર્તનનો પવન ફૂંકવા ઉપયોગ કરી શકો છો. - નેલ્સન મંડેલા**




દક્ષિણ આફ્રિકાના ગાંધીવાદી નેતા નેલ્સન મંડેલાનું ઉપરોક્ત કથન શિક્ષણનું મહત્ત્વ યથાર્થ રીતે સૂચવે છે અને આ વાત આપણા દેશમાં વધારે સાચી છે. યુવાન લોકશાહી રાષ્ટ્ર તરીકે ભારતમાં શૈક્ષણિક ક્ષેત્રની કૂદકેને ભૂસકે વૃદ્ધિ થઈ છે. શૈક્ષણિક વૃદ્ધિને પૂરતું મહત્ત્વ પ્રદાન કરવામાં દેશના સ્થાપકોની દીર્ઘદ્રષ્ટિના મીઠા ફળ એક રાષ્ટ્ર તરીકે ચાખવા મળ્યાં છે. ઐતિહાસિક રીતે જોઈએ તો ભારતમાં શિક્ષણ મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવતું હતું. પ્રાચીન ભારતમાં બ્રાહ્મણ વર્ગ જ્ઞાન મેળવવા અભ્યાસ કરતો હતો, જ્યારે ક્ષત્રિયો અને વૈશ્યો યુદ્ધ કે વેપારનું કૌશલ્ય સંપાદિત કરવા જેવા ચોક્કસ હેતુસર શિક્ષણ મેળવતા હતા. પ્રાચિન શૈક્ષણિક વ્યવસ્થાઓ આજીવિકાલક્ષી હતી. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ભારત અન્ય દેશોના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ અભ્યાસનું કેન્દ્ર ગણાતું હતું. વિદેશી વિદ્યાર્થીઓ વિવિધ શાખાઓનું જ્ઞાન મેળવવા ભારત આવતા હતા. તેમાં નાલંદા સૌથી મોટા કેન્દ્રોનું એક હતું, જ્યાં જ્ઞાનની તમામ શાખાઓનો અભ્યાસ થતો હતો અને તેના સુવર્ણકાળમાં એકસાથે ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓ રહીને વિદ્યાભ્યાસ કરતા હતા.

સ્વતંત્રતા મળ્યાં પછી નીતિનિર્માતાઓએ બ્રિટિશરોએ વિકસાવેલી ભદ્ર વર્ગ માટેની શૈક્ષણિક વ્યવસ્થાને સામૂહિક આધાર ધરાવતી વ્યવસ્થામાં પરિવર્તિત કરી હતી, જેનો પાયો સમાનતા અને સામાજિક ન્યાય હતો. વર્ષ ૨૦૦૯માં શિક્ષણના અધિકારને બનાવીને શિક્ષણને મૂળભૂત અધિકાર બનાવવામાં આવ્યો હતો અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ જાહેર કરવામાં આવી હતી. તેના પરિણામે નીતિનિર્માતાઓએ સર્વ શિક્ષા અભિયાન અને મધ્યાહ્ન ભોજન યોજના જેવા પગલાં લઈને શિક્ષણને સાર્વત્રિક બનાવવાનો પ્રયાસ કર્યો હતો.

અત્યારે ભારત આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રમાં જ સ્થાન ધરાવતો દેશ નથી, પણ મોટી સંખ્યામાં યોગ્ય અને શિક્ષિત માનવ સંસાધન ધરાવતું રાષ્ટ્ર પણ છે. અતિ શિક્ષિત, ટેક્નોસેવી અને વૈજ્ઞાનિક રીતે તાલીમબદ્ધ ભારતીય નાગરિકો વિશ્વના દરેક ખૂણામાં વિવિધ રોજગારીમાં સંકળાયેલા છે, જે ભારત માટે ગર્વની બાબત છે. આપણે વર્ષોથી એક નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે, જે સાક્ષરતાના દરમાં વધારો છે. સ્વતંત્રતા મળી ત્યારે ભારતમાં સાક્ષરતા ફક્ત ૧૨ ટકા હતી. અત્યારે વર્ષ ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ આપણી સાક્ષરતાનો દર ૭૪.૪ ટકા છે. ૯૩.૯૧ ટકા સાથે કેરળ અને ૯૧.૫૮ ટકા સાથે મિઝોરમ ટોચ પર છે અને અન્ય રાજ્યોને વધુ ઊંચાઈ હાંસલ કરવા પ્રોત્સાહન આપે છે.


આપણો દેશ આ સફરમાં અનેક ઉતાર-ચઢાવમાંથી પસાર થયો છે. શિક્ષણ મેળવવું હજુ પણ ઘણા લોકો માટે સ્વપ્ન છે, ખાસ કરીને અંતરિયાળ અને ગ્રામીણ વિસ્તારોમાં, જ્યાં શાળાનું કોઈ બિલ્ડિંગ નથી કે વરસાદ કે હિમવર્ષા દરમિયાન શાળાએ પહોંચવાની કોઈ શક્યતા નથી. આદિવાસીઓ, વંચિતો, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓને સમાન શિક્ષણની સુલભતા નીતિનિર્માતાઓ માટે મુખ્ય ચિંતાજનક બાબત છે અને તેમને રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયામાં સહભાગી બનાવવાના પ્રયાસો ચાલુ છે. દુર્ગમ શાળાઓમાં સલામતિની ચિંતા પણ છે, કારણ કે ગ્રામીણ વિસ્તારોમાં છોકરીઓ માટે શૌચાલયની ઊણપ છે, જેના પરિણામે અધવચ્ચે શાળા છોડવાનો દર ચિંતાજનક રીતે ઊંચો છે. જ્યારે શિક્ષણ માટે આયોજન કરવામાં આવે છે ત્યારે વિશેષ જરૂરિયાતો ધરાવતા બાળકોની ઉપેક્ષા કરવામાં આવે છે. આ સમસ્યાને ઓળખવામાં આવી છે અને સરકાર સમાજના આ વર્ગોની સર્વસમાવેશક વૃદ્ધિને પ્રાથમિકતા આપીને કેટલીક પહેલ પર કાર્ય કરે છે. ટેક્નોલૉજીનો ઉપયોગ જ્ઞાન, સ્વયંમ અને નેશનલ ડિજિટલ લાઇબ્રેરી જેવા કેટલાંક કાર્યક્રમો મારફતે શિક્ષણની ઉત્તમ સુલભતા પ્રદાન કરવા માટે થાય છે. ઇનબિલ્ટ નિરિક્ષણ અને અસરકારક આકારણી વ્યવસ્થાઓ, ઉચ્ચ શાળાઓ અને કોલેજના શિક્ષણનું વેપારીકરણ જેવા મુદ્દાઓ પર પણ તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે.

જો કે શિક્ષણમાં તેજી અને સારી કામગીરી કરવાની ઇચ્છા મૂંઝવણયુક્ત સ્થિતિ તરફ દોરી ગઈ છે, જેમાં સારામાં સારો દેખાવ કરવા માટે વિદ્યાર્થીઓ પરના ભારણમાં પુષ્કળ વધારો થયો છે. બાળકને યાંત્રિક શૈક્ષણિક વ્યવસ્થાની પ્રોડક્ટ તરીકે જોવામાં આવે છે એટલે વ્યક્તિગત વૃદ્ધિ અને જીવન કૌશલ્યના વિકાસને નજરઅંદાજ કરવામાં આવે છે. હકીકતમાં આવી શૈક્ષણિક વ્યવસ્થામાંથી બહાર આવતી વ્યક્તિઓ પોતાના માટે વિચારી શકતી નથી કે સ્વતંત્રપણે કોઈ નિર્ણય લઈ શકતી નથી. શિક્ષણ વ્યવસ્થામાં સુધારો કરવાની જરૂર છે અને જીવન કૌશલ્યના તાલીમ કાર્યક્રમ સાથે શાળાના અભ્યાસક્રમને સંવર્ધિત કરીને સમાજના પડકારો અસરકારક રીતે ઝીલવા બાળકને સક્ષમ બનાવવાની જરૂર છે. વર્ષ ૨૦૧૨માં સીબીએસઈએ ૧૦થી ૧૮ વર્ષ વચ્ચેની વય ધરાવતા કિશોર બાળકોને લક્ષ્યાંક બનાવીને સતત અને વિસ્તૃત મૂલ્યાંકનના ભાગરૂપે જીવન કૌશલ્ય તાલીમ કાર્યક્રમ પ્રસ્તુત કર્યો છે. સર્વ શિક્ષા અભિયાન (એસએસએ)નો લક્ષ્યાંક પ્રાથમિક શાળામાં ઊંચા ધોરણમાં અભ્યાસ કરતી છોકરીઓને જીવન સંબંધિત કૌશલ્યની તાલીમ પ્રદાન કરવાનો છે. દેશના નાગરિક તરીકે બાળકના સર્વાંગી વિકાસ માટે મૂલ્ય આધારિત શિક્ષણ પણ જરૂરી બની ગયું છે, જેને શાળા અને કોલેજ સ્તરે મૂલ્યની સ્થાપના, પોષણ અને વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને હાંસલ કરી શકાશે.

ભારતે આઝાદી પછી શૈક્ષણિક ક્ષેત્રમાં ઘણી લાંબી સફર ખેડી છે, ત્યારે સરકારનું ધ્યાન સતત આત્મવિશ્વાસ ધરાવતા નાગરિકોનું નિર્માણ કરવા અને શિક્ષણના મુખ્ય હેતુ એટલે રાષ્ટ્રનિર્માણ અને આપણી ભવિષ્યની પેઢીઓને ઘડવા સક્ષમ બનાવવા પર કેન્દ્રિત છે.

# ભારતમાં મહિલાઓ અને કન્યાઓ માટે શિક્ષણના માળખાગત મુદ્દાઓ

વિમલા રામચંદ્રન




*શિક્ષણમાં મહિલાઓ અને કન્યાઓની ભાગીદારી સંદર્ભે હજુ વધુ કહી શકાય તેમ છે અને હજુ વધુ મુદ્દાઓની યાદી તૈયાર કરી શકાય તેમ છે. વાસ્તવમાં છેલ્લા ૫૦ વર્ષોમાં શિક્ષણ સંબંધે સંખ્યાબંધ પંચો અને સમિતિઓની રચના કરવામાં આવી અને તેમણે ઘણા બધા મુદ્દાઓ તરફ ધ્યાન દોર્યું, ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી અને ઘણી રણનીતિઓની યાદી તૈયાર કરવામાં આવી પરંતુ આ પંચો-સમિતિઓનો અમલ કેમ થયો નથી તેનો પડઘો પાડવામાં આવે તો મને સમજાયું છે કે આપણે સૌ પ્રથમ તો કેટલાક બિનવિવાદી બાબતો કે સિદ્ધાંતો પ્રત્યે એકમત-સહમત થવું પડશે. જો તેમનું પાલન થાય તો તેમાંની અન્ય સામગ્રીઓના ઉપયોગ માટેની તકો ઊંચી રહેલી છે.*

હવે એ ખૂબ સારી રીતે પ્રસ્થાપિત થઇ ગયું છે કે શિક્ષણક્ષેત્રે લૈંગિક સમાનતા અને પાયાના શિક્ષણમાં છોકરીઓનો વધુ ઉમેરો થયો તેમાં એકબીજાને સાંકળતા ત્રણ અંતર્ગત મુદ્દાઓની સૌથી વધુ અસર થયેલી છે જેમાં - પ્રણાલિકાગત, સામગ્રી અને શિક્ષણ તથા અર્થતંત્ર, સમાજ અને સંસ્કૃતિની પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે. આ મુદ્દાઓની હાલમાં પુનરોચ્ચારની જરૂર નથી, કેમ કે આ અભિગમ એ મુખ્ય પ્રવાહ પૃથક્કરણનો એક અભિન્ન અંગ બની ગયો છે.

સામાન્ય રીતે સર્વત્ર એ હકીકતનો સ્વીકાર કરાયો છે કે લિંગભેદ કે જાતિને એક શ્રેણી તરીકે - વિશાળ સામાજિક, પ્રાદેશિક અને સ્થળ સંદર્ભ તરીકે જોવાની જરૂર છે. ભારત એ વિવિધતાઓથી ભરપૂર સમૃદ્ધ ભૂમિ છે અને એ એક એવો પણ દેશ છે કે જ્યાં ખૂબ તીવ્ર વિષમતાઓ છે. સામાજિક-આર્થિક અસમાનતાની આંતરપ્રક્રિયા અને જાતિ સંબંધો એક એવી જટિલ જાળ સર્જે છે કે છોકરીઓની શાળામાં જવાની ક્ષમતાને અવરોધે છે. જો કે આર્થિક અસમાનતાઓ અને સામાજિક વિષમતાઓ ચોક્કસપણે મહત્ત્વના છે તેમ છતાં સંખ્યાબંધ સંશોધકો એવી દલીલ કરે છે કે સાંસ્કૃતિક માન્યતાઓ અને પ્રથાઓ અને પ્રાદેશિક લાક્ષણિકતાઓ પણ ખૂબ મહત્ત્વની ભૂમિકા નિભાવે છે.

ભારતમાં તેથી ગરીબાઈની આંતરિક જાળ, સામાજિક અસમાનતાઓ તથા જાતિ સંબંધોને સમજવાનું મહત્ત્વનું છે. દેશના અલગ અલગ પ્રદેશોમાં ત્રણ અલગ અલગ આંતરિક ભેદભાવ એવા છે કે જે એકબીજા ઉપર હાવી થઈ જાય છે તો ક્યારેક એકબીજામાં ગોઠવાઈ જાય છે. તેને સમજવું અને તેનું નિરાકરણ એ આજનો સૌથી મોટો પડકાર છે. આ સંદર્ભમાં નીચે જણાવ્યા મુજબ વિચારવાની જરૂર છે :

- શાળા પ્રવેશમાં અને હાજરીમાં ગ્રામીણ - શહેરો વચ્ચેનો તફાવત અને ભણતર પૂર્ણ કરવાનું પ્રમાણ પુરુષ-સ્ત્રી તફાવત કરતાં વધારે છે.
- પછાત અને વિકસિત વિસ્તારો - પ્રાદેશિક તફાવત જાતિ અને સામાજિક જૂથના મતભેદો કરતાં વધારે છે.
- ખૂબ જ ગરીબ પરિવારો (ગરીબી રેખાની નીચે) અને ઉચ્ચ ચોથા ભાગના લોકો વચ્ચેની અસમાનતા જાતિ, સામાજિક અને પ્રાદેશિક તફાવતો કરતાં વધારે છે.
- સામાજિક જૂથો વચ્ચેના તફાવતો - ખાસ કરીને આદિવાસી સમાજ, મુસ્લિમ અને અનુસૂચિત જાતિઓમાં

- ખાસ ચોક્કસ પેટાજૂથ એક તરફ અને સવર્ણજાતિઓ - ખ્રિસ્તીઓ અને અન્ય ધર્મો વચ્ચે ઊંચો છે.
- કોમ - કોમ વચ્ચેના તફાવતો કોમની અંદરના તફાવતો- મતભેદો કરતાં ખૂબ જ ગંભીર છે. દાખલા તરીકે કેટલીક જાતિઓમાં સાક્ષરતાનો દરજ્જો બીજા કરતાં સારો છે અને કેટલાક દલિત જૂથોમાં અન્યો કરતાં ઘણું સારું છે.

૧૯૯૦ના દાયકાઓમાં શિક્ષણમાં જાતિઓની ઓછી સંખ્યાઓ અંગેનાં મોટાભાગના પૃથ્થકરણોમાં એ બાબતનો ઉલ્લેખ જોવા મળતો હતો કે શાળાઓની જોગવાઈ (માંગ - પુરવઠો) અને માંગણી એટલે કે એવા પરિવારો કે જેઓ પોતાના સંતાનોને ખાસ કરીને છોકરીઓને શાળાએ મોકલવા માટે તૈયાર છે કે કેમ. આમ છતાં વર્ષો વિતતા ગયા તેમ સમજાતું ગયું કે શિક્ષણ માટે પુરવઠો અને માંગને અલગ કરી શકાય નહીં. જ્યાં શાળાઓ ખૂબ જ નજીક હતી અને જ્યાં શાળાઓ નિયમિત હતી અને ચાલતી હતી ત્યાં તેની માંગ એટલે કે બાળકોને તેમાં દાખલ કરવાની માંગ વધતી હતી. (રેખા વઝીર, ૨૦૦૦). તેનાથી વિરુદ્ધ જ્યાં શાળાઓ બરાબર ચાલતી નહોતી, મતભેદો હતા અને જ્યાં ભણતર બરાબર નહોતું અને સમાજને પોતાની દીકરીઓને જે શાળાઓ સલામત ન જણાઈ ત્યાં માંગમાં ઘટાડો જોવા મળ્યો હતો. એટલે કે એ શાળાઓમાં બાળકોની સંખ્યા અપૂરતી હતી. એક એવી માન્યતા અને ઓળખ છે કે સારી રીતે ચાલતી શાળાઓની ઉપલબ્ધતા એ પરિવારોને તે શાળાઓમાં પોતાના બાળકોને મોકલવા પ્રેરિત કરે છે (રામચંદ્રન એટઆલ, (સ્નેક્સ એન્ડ લેડર) ૨૦૦૪, સુબ્રમણ્યમ ૨૦૦૨, પ્રોબ ૧૯૯૯). શાળાઓમાં શું થઈ રહ્યું છે તેના પરના સંશોધનો અને તેના પરિબળો બહાર આવ્યા ત્યારે એવું જોવા મળ્યું કે શિક્ષકો અને બાળકોનું વર્તન અને અભ્યાસ સામાજિક જૂથોને અસર કરે છે અને જે બાળકો શાળાએ જવા તૈયાર હોય છે. રોબર્ટ જેન્કીન્સ ૨૦૦૫, ગીથા નામ્બીસન ૧૯૯૬, ૨૦૦૦ અને ૨૦૦૧, વિમલા રામચંદ્રન અને તારામોતી નારોએમ ૨૦૧૩). બિનસરકારી સંસ્થાઓ - એનજીઓનો અનુભવ જેમ કે એમવી ફાઉન્ડેશન નામની એનજીઓનો અનુભવ એવો હતો કે વર્ગખંડમાં ભણાવવાની પદ્ધતિ, શિક્ષક-સંચાલકની વર્તણૂક અને પૂર્વગ્રહ તથા અભ્યાસક્રમો એવા હતા કે જે સામાજિક ભેદભાવ પૂર્વગ્રહોને પોષે તેવા હતા. (એનસીએફ પોઝિશન પેપર ૩.૨ એનસીઈઆરટી ૨૦૦૫, વિમલા રામચંદ્રન ૨૦૦૪).

૧૯૯૦ના ૨૪ વર્ષ પછી થાઈલેન્ડના જોમેટીનમાં મળેલી ઈએફએ પરિષદમાં એ બાબતને ઓળખ મળી કે શૈક્ષણિક સફળતામાં લિંગભેદ કે જાતિઓની ઓછી સંખ્યા સૂચક હતી. જે નીચેના કોષ્ટક પરથી ફલિત થાય છે.

**કોષ્ટક-૧ : સાક્ષરતા દરમાં શ્રેણી અસમાનતાઓ**

| | **વસ્તી ગણતરી ૨૦૦૧** | **વસ્તી ગણતરી ૨૦૧૨** |
|---|---|---|
| ગ્રામીણ મહિલાઓ અ.જ.જા | ૩૨.૪ | ૪૬.૯ |
| ગ્રામીણ મહિલાઓ અ.જા | ૩૭.૪ | ૫૨.૬ |
| તમામ ગ્રામીણ મહિલાઓ | ૪૬.૧૩ | ૫૭.૯ |
| ગ્રામીણ મહિલાઓ બિન અજા-અજજા | ૫૦.૨ | ૬૧.૧ |
| ગ્રામીણ પુરુષો અ.જ.જા | ૫૭.૪ | ૬૬.૮ |
| શહેરી મહિલા અ.જા. | ૫૭.૫ | ૬૮.૬ |
| શહેરી મહિલા અ.જ.જા. | ૫૯.૯ | ૭૦.૩ |
| ગ્રામીણ પુરુષ અ.જા. | ૫૩.૭ | ૭૨.૬ |
| તમામ ગ્રામીણ પુરુષ | ૭૦.૭ | ૭૭.૧ |
| તમામ શહેરી મહિલાઓ | ૭૨.૮૬ | ૭૯.૧ |
| ગ્રામીણ પુરુષ બિન અજા-અજજા | ૭૪.૩ | ૭૯.૯ |
| શહેરી મહિલા બિન અજા-અજજા | ૭૫.૫ | ૮૧.૦ |
| શહેરી પુરુષ અજજા | ૭૭.૮ | ૮૩.૨ |
| શહેરી પુરુષ અજા | ૭૭.૯ | ૮૩.૩ |
| તમામ શહેરી પુરુષ | ૮૬.૨૭ | ૮૮.૮ |
| શહેરી પુરુષ બિન અજા-જજા | ૮૭.૬ | ૮૯.૭ |

**સ્રોત :** એડોપ્ટેડ બાય વિમલા રામચંદ્રન ફ્રોમ મેરી લાલ એન્ડ શ્રીનિવાસન રાવ ૨૦૧૧

## કોષ્ટક-૨ : શાળાઓમાંથી ઊઠી જવાના દરમાં અસમાનતા ૨૦૧૦-૧૧

| પ્રાથમિક વર્ગો ૧થી ૫ | | એલીમેન્ટરી વર્ગો ૧થી ૮ | | માધ્યમિક વર્ગો ૧થી ૧૦ | |
|---|---|---|---|---|---|
| અનુસૂચિત જનજાતિ છોકરાઓ | ૩૭.૨ | અનુસૂચિત જનજાતિ કન્યાઓ | ૫૫.૪ | અનુસૂચિત જનજાતિ કન્યાઓ | ૭૧.૩ |
| અનુસૂચિત જનજાતિ કન્યાઓ | ૩૩.૯ | અનુસૂચિત જનજાતિ છોકરાઓ | ૫૪.૭ | અનુસૂચિત જનજાતિ છોકરાઓ | ૭૦.૬ |
| અનુસૂચિત જાતિ છોકરાઓ | ૨૯.૮ | અનુસૂચિત જાતિના છોકરાઓ | ૪૬.૭ | અનુસૂચિત જાતિના છોકરાઓ | ૫૭.૪ |
| તમામ છોકરાઓ | ૨૮.૭ | તમામ છોકરીઓ | ૪૧ | અનુસૂચિત જાતિની છોકરીઓ | ૫૪.૧ |
| તમામ છોકરીઓ | ૨૫.૧ | તમામ છોકરાઓ | ૪૦.૩ | તમામ છોકરાઓ | ૫૦.૪ |
| અનુસૂચિત જાતિની છોકરીઓ | ૨૩.૫ | અનુસૂચિત જાતિની છોકરીઓ | ૩૯ | તમામ છોકરીઓ | ૪૭.૯ |

**સ્રોત :** એસઈએસ, જીઓઆઈ ૨૦૧૨

લૈંગિક અને શિક્ષણની ગૂંચ ઉકેલવી કાંઈ એટલું સહેલું નથી. અસમાનતાઓના પડ ચઢવા અને જાતિ-સમાજની સમાનતાનો વધતો વ્યાપ જોતા શાળાઓમાં પ્રવેશ અને સંક્રમણના નિશ્ચિત નિર્દેશોથી આગળ વધીને બાળકોને શાળાઓમાં કેવો અનુભવ થાય છે તેના ઉંડાણમાં જવાની જરૂર છે. ઓજારો કે માપદંડો કે જે શિક્ષણમાં લૈંગિક સમાનતા તરફ આગળ વધીને લૈંગિક અંતર - પ્રગતિને માપવાનું સાધન છે તેમાંથી વર્તમાન શિક્ષણ પદ્ધતિ દ્વારા સમાજમાં જન્મજાત અસમાનતાના ઢાંચાને સમજવામાં અને તેના વધતા જતા વ્યાપને સમજવામાં કોઈ વધારે પ્રકાશ ફેંકતા નથી. શિક્ષણમાં લૈંગિક અને સામાજિક ભાગીદારી ઉપર અંકુશ મુકવા તરફ આવીએ તો એક એવા માળખાની જરૂર છે કે વિજાતીય લૈંગિક વાસ્તવિકતા અને ગુણાત્મક બિનલાભદાયી બાબતોને ઝડપી શકે, તેના ઉપર અંકુશ મુકી શકે. ભારતમાં લૈંગિક બાબત સામાજિક અને સંસ્થાકીય માળખામાં જડિત એક જટિલતા છે. તેથી શિક્ષણમાં સામાજિક, આર્થિક અને ચોક્કસ અસમાનતાઓમાં લૈંગિક અસમાનતાને એક વિશાળ છબીના રૂપમાં એક તરફ જોવાની જરૂર છે તો બીજી તરફ વર્તમાન શાળા પદ્ધતિને પણ જોવાની જરૂર છે.

**ભારતમાં આપણે શું કરી શકીએ ? અર્થપૂર્ણ પહોંચવાનો માર્ગ :**

જ્યારે સૌ કોઈ એ બાબતે સહમત થાય છે કે શાળાઓની સંખ્યા વધારવાની જરૂર છે, આંતરમાળખાકીય સુવિધામાં ઉમેરો થવો જોઈએ, વૈશ્વિક પ્રવેશ અને વધુ સારું પીટીઆર હોવાની આવશ્યકતા ઉપર ભાર મુકવામાં આવે છે ત્યારે આપણે વર્ગખંડમાં વાસ્તવમાં શું ભણાવવામાં આવે છે અને શું થાય છે તે મુદ્દાને ધ્યાનમાં લેવાનું ચૂકી જઈએ છીએ. અર્થપૂર્ણ પહોંચવાનો માર્ગ માત્ર શાળેય શિક્ષણ પદ્ધતિમાં માત્ર ભાગ લેનારની માત્ર ભૌતિક હાજરીની જોગવાઈ પૂરતો નથી પરંતુ વધુ મહત્ત્વનું એ છે કે ગુણવત્તાયુક્ત શિક્ષણ પદ્ધતિમાં તમામ બાળકોને એકસરખી તકો મળે તે પણ છે. અર્થપૂર્ણ પહોંચવાનો માર્ગ કે અભિગમ શિક્ષણ આપવાની પદ્ધતિના તમામ પગલાંમાં હોવો જોઈએ જેમ કે બાળકને શાળામાં લાવવાના પગલાંથી લઈને કે પછી બાળકોને શાળામાં લઈ જવાની બાબતો સાથે સંકળાયેલ હોવું જોઈએ. એકવાર એ બાબતની ખાતરી થઇ જાય કે સામાજિક જૂથના તમામ બાળકો માટે શાળાઓ ઉપલબ્ધ છે અને બાળક એકવાર શાળાએ પહોંચી ગયાની ખાતરી થાય તે પછી તે કે તેણીને શિખવાનું અને તેની વૃદ્ધિ માટેનું તે સલામત સ્વર્ગ સમાન બની જાય છે. અને કોઈને અલગ પાડવામાં આવતા હોતા નથી. અર્થપૂર્ણ પહોંચવાનો માર્ગ કે અભિગમમાં શિક્ષકોનો ઉમેરો થાય છે અને આ એ જ શિક્ષકો છે કે જે શિખવાની વિવિધ શૈલીઓને તૈયાર કરવામાં મદદરૂપ નિવડે છે અને આ એ જ શિક્ષકો છે કે જેઓ શિક્ષણની ગતિને બરકરાર રાખવા માટે જેમને એક હળવો ધક્કો મારવાની જરૂર છે તેવા બાળકો તરફ ખાસ ધ્યાન આપી શકે તેમ છે. અને સૌથી વધુ મહત્ત્વનું એ છે કે અર્થપૂર્ણ પહોંચવાનો માર્ગ કે અભિગમ એ પણ છે કે વર્ગખંડમાં સુરક્ષિત લૈંગિક જગ્યા પૂરી પાડે કે જ્યાં તેઓ શોધે અને સામાજિક જૂથના કોઈપણ સભ્ય હાંસીને પાત્ર ઠરવાની બીક વગર કે ભેદભાવ વગર પોતાની ઓળખને પોતાની ક્ષમતા મુજબ આકાર આપી ઘડતર કરી શકે.

અર્થપૂર્ણ પહોંચવાનો માર્ગ કે અભિગમ ડ્રોપઆઉટ રેશિયો (શાળામાંથી અધવચ્ચે ઉઠી જતાં બાળકોનો દર)ને ઘટાડી શકે છે. શિક્ષણના વિવિધ સ્તરોની

વચ્ચે સરળતાથી બાળકોને લઈ જઈ શકે, ઉચ્ચકક્ષાનું શિખવાડી શકે અને તેમાં સૌથી મહત્વનું એ છે કે તે તમામ બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ મેળવવા સૌને એક સમાન મંચ પૂરું પાડી શકે ત્યારે જ તેને અર્થપૂર્ણ અભિગમ કહી શકાય.

**શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે સલામત અને બિનભેદભાવયુક્ત વાતાવરણ :**

એમ કહેવાય છે કે શાળા એ જ્યાં આપણે રહીએ છીએ તે સમાજનું સૂક્ષ્મદર્શન છે. ઘણી વખત સમાજમાં આંતરિક વ્યક્તિત્વ અને આંતરજૂથને કારણે શાળામાં તેનું પ્રતિબિંબ પડતું હોય છે. શિક્ષકો, જો તેઓ યોગ્ય રીતે સંવેદનશીલ ના હોય, તાલીમબદ્ધ ના હોય તો તેઓ શાળામાં માત્ર વર્તણૂક પદ્ધતિ અને પૂર્વગ્રહોને ફેલાવવાનું કામ કરશે. શાળામાં ભેદભાવ માટે શૈક્ષણિક વહીવટદારો કે સંચાલકો અને રાજકારણીઓ આ બહાનાને આગળ ધરતા હોય છે. આપણે આ અંગે એવા દેશો પાસેથી શિખવાનું છે કે જેમણે આ વર્તણૂક પ્રથાનો સફળતાપૂર્વક મુકાબલો કર્યો છે અને એવો આગ્રહ રાખ્યો છે કે શાળાઓ અને અન્ય પ્રજાના નાણાંથી ચાલતી સંસ્થાઓએ બંધારણીય અધિકારો - હક્કો અને જોગવાઈઓનું પાલન કરવું જોઈએ. ભારતના બંધારણમાં સમાનતાનો અધિકાર અને ભેદભાવ સામે લડવાનો અધિકાર આપવામાં આવ્યો છે ત્યારે શિક્ષકો અને તમામ શૈક્ષણિક વહીવટદારોએ શાળામાં બિનભેદભાવયુક્ત એટલે કે સમાનતાનું વાતાવરણ સર્જાય તે જોવાની તેમની પ્રથમદર્શી ફરજ છે. શિક્ષકો અને આચાર્યોએ જાતિ, ધર્મ, લૈંગિક, ક્ષમતા અથવા આર્થિક દરજ્જા પ્રમાણે ભેદભાવ રાખવાની કોઈ સ્વતંત્રતા નથી.

ભારતના બંધારણને એક માર્ગદર્શિકાના રૂપમાં લઈને શિક્ષકો, વહીવટદારો-સંચાલકો, સમાજના આગેવાનો વગેરેને એવું કહેવાની જરૂર છે કે સમાનતાના અધિકાર અને ભેદભાવ સામે લડવાના અધિકારનો ભંગ થવાથી તેની સામે કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે. જેઓ શાળા શિક્ષણની સાથે જોડાયેલા છે તે તમામને વર્તણૂક અંગેની બિનસંવાદકીય પદ્ધતિઓ એટલે કે તેમાં સમાધાનની કોઈ શક્યતા નથી તેવી બાબતોથી તેમને માહિતગાર કરવા જોઈએ. આ બાબતને લેખિતમાં તૈયાર કરીને તમામ શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં તમામના ધ્યાને પડે તે રીતે મુકવું જોઈએ. તેની સાથે સાથે બાળકો અને તેમાં પણ છોકરાઓને એવી પ્રવૃત્તિઓમાં જોડવા જોઈએ કે જેઓ વિવિધતાને સમજી શકે, તેનો આદર કરી શકે, મતભેદોને માન આપે અને બીજા બાળકો પ્રત્યે તથા છોકરીઓ પ્રત્યે વર્તણૂકના શાળાકીય ધોરણો તૈયાર કરી શકે. બાળકોને ચારેબાજુ ધ્યાન રાખે તેવા એક બાજ પક્ષીની જેમ તૈયાર કરવામાં આવે તો તેઓ શિક્ષકો, સંચાલકો અને સ્થાનિક નેતાઓ પર મતભેદ કે અસમાનતાના મામલે નૈતિક દબાણ લાવવાનું શક્ય બનાવી શકશે.

આજે જે જોવા મળે છે તે મુજબ શિક્ષકોની તાલીમ અને માર્ગદર્શન માત્ર વહીવટીય જરૂરિયાત અને વિષય જ્ઞાન પુરતી જ બની ગઈ છે. એવા પણ પુરાવા છે અને એવું જોવામાં આવ્યું છે કે શિક્ષકોમાં તાલીમનો થાક વધતો જાય છે. સમાનાર્થી જોઈએ તો ટૂંકાગાળાના તાલીમ કાર્યક્રમો વિષય જ્ઞાન અને શિક્ષણશાસ્ત્રના મુદ્દાઓને મદદ કરવામાં ઉપયોગી નિવડી શકે તેમ નથી. એક એવો વૈકલ્પિક મંચ કે તખ્તો તૈયાર કરવાની જરૂર છે કે જ્યાં શિક્ષકો અને સમાજના આગેવાનો એક થઈને આવે, એકબીજા સાથે સંવાદ કરે અને તેમાં એવું નક્કી કરે કે શાળાઓમાં કોઈપણ પ્રકારનો ભેદભાવ ના હોય તેવું વાતાવરણ સર્જે જે કવાયત ખૂબ જ ઉપયોગી નિવડશે. મૂળભૂત જોઈએ તો જે બાબતની જરૂર છે તે એ છે કે આપણે શાળાઓમાં આચરવામાં આવતા ભેદભાવ પ્રત્યે અત્યંત ગંભીરતાથી જોવાનું છે અને તેને નેસ્તાનાબૂદ કરવાના છેક છેલ્લી ઘડી સુધીના પ્રયાસો કરવા પડશે. તે માટે કોઈ ટૂંકો માર્ગ નથી અને સરકાર અને નાગરિક સમાજ સંસ્થાઓએ આ બાબતને ગંભીરતાથી લેવાની જરૂર છે. તેને તે સંદર્ભમાં જોવાની જરૂર છે.

મારા પાઠ્યપુસ્તકમાં હું શિખ્યો કે તેમાં માત્ર પુરુષો જ રાજાઓ અને સૈનિકો છે. અને જ્યારે મેં પુસ્તક વાંચ્યું ત્યારે મને જાણવા મળ્યું કે તેમાં જાણીતી રાણીઓ રાજ કરતી હતી અને દુશ્મનો સામે લડાઈ પણ લડી હતી.

મને મારા પાઠ્યપુસ્તકમાં શિખવાડવામાં આવ્યું કે માત્ર પુરુષો જ તબીબ હોય છે. જ્યારે હું તબીબ પાસે ગયો ત્યારે જોયું કે તે તબીબ એક મહિલા હતી. મને મારા પાઠ્યપુસ્તકમાં શિખવાડવામાં આવ્યું કે મારા દેશમાં માત્ર પુરુષો જ ખેતીવાડી કરે છે, ટ્રેનમાં મુસાફરી દરમ્યાન જોયું કે ખેતરોમાં મહિલાઓ પણ કામ કરે છે. મને શિખવા મળ્યું કે મને જોઈને શિખવાનું ઘણું મળ્યું.

છેલ્લા બે દાયકા કરતાં વધુ સમયથી આપણા પાઠ્યપુસ્તકો અશિષ્ટ અને જટિલ તથા પૂર્વગ્રહયુક્ત અને એક જ પ્રકારના હોવાનો ઉહાપોહ મચાવવામાં આવ્યો અને પાઠ્યપુસ્તકોના શુદ્ધિકરણ માટે માંગણીઓ કરવામાં આવી પરંતુ હકીકત એ છે કે પાઠ્યપુસ્તકોમાં લૈંગિક અસમાનતા અને સામાજિક ધર્મગુરુઓનો પ્રભાવ કે વર્ચસ્વ રહ્યું છે. પારંપરિક અભિગમ એ છે કે પુરુત્વ શું છે, સ્ત્રીત્વ શું છે અને જાતિ આધારિત વ્યવસાયોનો આગ્રહ અને ચિત્રરેખાઓમાંથી મળતી પ્રેરણાઓ, કહેવતો અને દાખલાઓ પાઠ્યપુસ્તકોમાંથી દૂર કરવા જોઈએ. ગ્રામીણ - શહેરી એક

જ પ્રકારનાને પ્રોત્સાહન આપવામાં આવતું નથી પરંતુ શહેરોને ગ્રામીણ કરતાં વધુ મહત્ત્વ આપવામાં આવે છે અને બિન આદિજાતિઓને આદિજાતિ કરતાં ઉંચા દર્શાવવામાં આવે છે. જુદા જુદા વિષયોમાં મોટાભાગના દાખલાઓ શહેરી કેન્દ્રીયકૃત જોવા મળે છે. પુરુષોને નાયકો અને નેતાઓ તરીકે અને મહિલાઓને હંમેશાં કાળજી લેનાર તથા ઘર સાચવનારીઓ તરીકે દર્શાવવામાં આવે છે. આ વાસ્તવિકતાનો ચિતાર આપીને એનસીએફ ૨૦૦૫ જૂથ દ્વારા એવી દલીલ કરવામાં આવી કે શિક્ષણ એ આ વ્યવસ્થાનો એક અભિન્ન અંગ છે કે જે બાળકોના જીવનને સંચાલિત કરે છે. આમ આ પ્રકારના ઉદ્દેશ્યો-હેતુઓને પ્રાપ્ત કરવા માટે અને સમાન નાગરિકત્વ માટે ખાસ અભ્યાસક્રમો અને શિક્ષણશાસ્ત્રની રણનીતિઓ વિકસાવવી પડશે કે બાળકોને અને ખાસ કરીને છોકરીઓને તેમના થતાં નુકસાન કે હાનિ ઉપર જીત મેળવી શકે અને તેમના હક્કો તથા તેમની પસંદગીનો ઉપયોગ કરી શકે. હેતુ એ છે કે તેમાંથી વાસ્તવિક સમાનતા સિદ્ધ કરી શકાય કે મેળવી શકાય અને માત્ર ઔપચારિક સમાનતા નહીં. વાસ્તવમાં આપણને અસમાનતાના ઉપાયની જરૂર છે જેમ કે સામાજિક રીતે તરછોડાયેલા શીખનારાઓની સાથે ખાસ અને સારી વર્તણૂક રાખવી જેથી તેઓ તેમાંથી સમાનતા મેળવવાની શક્તિ પ્રાપ્ત કરી શકે.

આ લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે શિક્ષણકારો અને અભ્યાસક્રમો તૈયાર કરે છે, પાઠ્યપુસ્તકો લખે છે, શિક્ષકોને તાલીમ આપે છે અને શાળાઓનું નિરીક્ષણ કરે છે તેમણે સમાનતા માટે વાસ્તવિક અને યોગ્ય અભિગમ અપનાવવો પડશે. આ સંદર્ભે એ બાબતની ચિંતા પણ હોવી જોઈએ કે માત્ર સમાનતાનો ઉપચાર કે ઉપાય જ નહીં પણ સમાનતા શેમાંથી ઉદ્‌ભવે તેની પણ ચિંતા હોવી જોઈએ. અભ્યાસક્રમો અને પાઠ્યપુસ્તકો એકમાત્ર એવા વાહકો કે સાધનો હોઈ શકે કે જે બાજ પક્ષી જેવી ચપળતા અને ન્યાયિક મૂલ્યોને ફેલાવી શકે છે અને તે વિવિધતા અને તફાવતોને સન્માન આપી શકે છે એટલું જ નહીં પણ તે ભેદભાવ સામે રક્ષણ પણ આપી શકે છે. છોકરાઓને બીજાને માન-સન્માન આપવાનું શિખવાડવાની જરૂર છે અને કોઈ ના કહે તો તેને સન્માન આપે. જાતિય સતામણી (એક રીતે જોઇએ તો છેડતી)ની સંસ્કૃતિ કે કુપ્રથાનો સામનો કરવા માટે તે આવશ્યક છે. એ જ રીતે પુરુષત્વ શું છે તેવા સવાલો કરવાની જરૂર છે. આ પ્રકારનો અભિગમ શિક્ષણકારોને છોકરીઓ અને છોકરાઓ વચ્ચેનો લૈંગિક ભેદ ઓળખવામાં મદદ કરશે તેને દૂર કરશે અને તેની પાછળની ધારણાઓ ચકાસવાની ક્ષમતા કેળવશે. તેમાંથી થતી હાનિઓનું મૂલ્યાંકન કરશે એક એવો અલગ ઉપાય વિકસાવશે કે જેનાથી થતી ક્ષતિઓના માળખાને તોડી નાખશે. છોકરીઓને પણ લૈંગિક સમાજમાં પરિશુદ્ધ કરવામાં આવે છે જે જાતિ, કોમ અને સમાજ પ્રમાણે અલગ પડે છે. જે શહેર - ગ્રામીણને વિભાજીત કરે છે. તેના પરિણામે વૈવિધ્યપૂર્ણ આકાંક્ષાઓ, ક્ષમતાઓનું સર્જન થશે અને એક પ્રકારનો વિશ્વાસ પેદા થશે. સમાનતા તરફના આ અભિગમને કારણે મતભેદોને દૂર કરશે અને શિખનારને [1]અસુવિધાઓ કે હાનિ ઉપર અંકુશ મેળવવામાં મદદરૂપ નિવડશે, તેમનામાં રહેલી વિવિધ ક્ષમતાઓનું મૂલ્ય કરશે અને તેમને પરિપૂર્ણતા માટે તૈયાર કરશે.

**ઉપસંહાર :**

શિક્ષણમાં મહિલાઓ અને છોકરીઓની ભાગીદારી સંદર્ભે હજુ વધુ કહી શકાય તેમ છે અને હજુ વધુ મુદ્દાઓની યાદી તૈયાર કરી શકાય તેમ છે. વાસ્તવમાં છેલ્લા ૫૦ વર્ષોમાં શિક્ષણ સંબંધે સંખ્યાબંધ પંચો અને સમિતિઓની રચના કરવામાં આવી અને તેમણે ઘણા બધા મુદ્દાઓ તરફ ધ્યાન દોર્યું, ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી અને ઘણી રણનીતિઓની યાદી તૈયાર કરવામાં આવી પરંતુ આ પંચો-સમિતિઓનો અમલ કેમ થયો નથી તેનો પડઘો પાડવામાં આવે તો મને સમજાયું છે કે આપણે સૌ પ્રથમ તો કેટલાક બિનવિવાદી બાબતો કે સિદ્ધાંતો પ્રત્યે એકમત-સહમત થવું પડશે. જો તેમનું પાલન થાય તો તેમાંની અન્ય સામગ્રીઓના ઉપયોગ માટેની તકો ઊંચી રહેલી છે. આ બાબતને મનમાં રાખીને મેં માત્ર ત્રણ બાબતો પ્રત્યે જ ધ્યાન કેન્દ્રિત કર્યું છે : શિક્ષણનું અર્થપૂર્ણ અભિગમ, બિનભેદભાવ (સમાનતા) અને જ્ઞાનના નિર્માણમાં લૈંગિક ભેદભાવની નાબૂદી. જો આપણે આ ત્રણ બાબતોને આગળ ધપાવીશું તો આપણે કદાચ મહાન લૈંગિક સમાનતા અને સામાજિક ન્યાય તરફ આગળ વધી શકીશું.

**લેખિકા પ્રાથમિક શિક્ષણ તેમજ કન્યાઓના શિક્ષણ અને મહિલા સશક્તિકરણ અંગે કાર્યરત છે. મહિલા સામાન્ય પ્રોજેક્ટની રચના વખતે તેઓ શરૂઆતથી જોડાયેલા છે. ૧૯૮૮-૯૩ના ગાળા દરમ્યાન તેઓ પ્રથમ પ્રોજેક્ટ ડાયરેક્ટર પદે હતા.**

[1] આ વિષય એનસીઈઆરટી રિપોર્ટ ૩.૨ નેશનલ ક્યુરીકુલમ ફ્રેમવર્ક ૨૦૦૫, શિક્ષણમાં લૈંગિક બાબતો, નવી દિલ્હી ૨૦૦૫માંથી લેવામાં આવ્યો છે. શિક્ષણમાં લૈંગિક ભેદભાવ સંદર્ભે પ્રસિદ્ધ અભ્યાસલક્ષી લેખમાંથી સાભાર છે. પ્રકાશન વિભાગ, માહિતી અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હી ૨૦૧૪.

# શિક્ષણનું બદલાતું સ્વરૂપ અને તેના પડકારો

જિતેન્દ્ર નાગપાલ




*"શિક્ષણ વિકલ્પો ઊભા કરે છે, લોકોને તેમના માટેના વિકલ્પો વિશે જાગૃત કરે છે અને તેમના વિકલ્પોનો ઉપયોગ કરવા સક્ષમ બનાવે છે." આ વ્યાપક વિભાવનાને ધ્યાનમાં રાખીને શાળાઓ શિક્ષણની પદ્ધતિ બદલી રહી છે, ટેકનોલોજી અપનાવે છે, વધુ પડકારજનક અને રસપ્રદ અભ્યાસક્રમો વિકસાવે છે, જે વિદ્યાર્થીઓના અભિગમો, વર્તણૂંકો અને કૌશલ્યોને ખીલવે છે. અગાઉ વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવા હકીકતલક્ષી માહિતી ચકાસવામાં આવતી હતી, જેમાં મોટા ભાગે વિદ્યાર્થીઓ ગોખણપટ્ટી કરતા હતા અને કોઈપણ વિષય કે મુદ્દાને સમજતા નહોતા. તેઓ કોઈ સિદ્ધાંતનો અભ્યાસ કરતા હતા, પણ વ્યવહારિક રીતે સમજતા નહોતા. પણ હવે આકારણી અને મૂલ્યાંકનમાં સૈદ્ધાંતિક અને વ્યવહારિક એમ બંને પ્રકારનો અભ્યાસ જરૂરી બની ગયો છે. આ રીતે વિદ્યાર્થીઓના મૂલ્યાંકનની પદ્ધતિમાં ધરમૂળથી ફેરફાર થઈ રહ્યો છે.*

શિક્ષણનો અર્થ દરેક વ્યક્તિ પોતાની રીતે કરે છે. સૌથી સામાન્ય પણ વ્યાપક રીતે શિક્ષણને આ રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે - શાળામાં નિયમિત હાજરી આપવી, શૈક્ષણિક અભ્યાસક્રમ શીખવો, સારાં ગુણ મેળવવા, ઔપચારિક ડિગ્રી મેળવવી, જે છેવટે વ્યક્તિને પગભર થવા અને ઈજનેર, ડૉક્ટર, વેપારી વગેરે તરીકે ઉત્પાદકીય કાર્ય કરવા સક્ષમ બનાવે છે. શિક્ષણ થકી વ્યક્તિ સફળતા હાંસલ કરે છે. વર્ષોથી શિક્ષણની પરિભાષા બદલાતી રહી છે. આ પરિવર્તનને સુપ્રસિદ્ધ અંગ્રેજી લેખક માર્ક ટ્વેઇને સરસ શબ્દોમાં વ્યક્ત કર્યો છે - ''મારા શિક્ષણમાં મારી શાળાએ ક્યારેય હસ્તક્ષેપ કર્યો નથી કે મેં કરવા દીધો નથી.''

તેમનું કથન વિરોધાભાસી લાગે છે. પણ તેમના કહેવાનો અર્થ એ છે કે શાળામાં અભ્યાસ અને વ્યવહારિક જીવન માટેનું શિક્ષણ અલગ બાબત છે. શાળાઓ વાંચતા-લખતા શીખવાડે તેવી અપેક્ષા હવે રાખવામાં આવતી નથી. અત્યારે કોઈ પણ સારી શાળા તેમના વિદ્યાર્થીઓને પર્ફોર્મન્સના સંદર્ભમાં વિકાસ કૌશલ્યો માટેની તકો પ્રદાન કરી, તેમનામાં રહેલી વિવિધ પ્રતિભાઓને ખીલવી, વધુ ઉપયોગી નિર્ણય લેવા સક્ષમ બનાવી, પડકારો ઝીલવા સક્ષમ બનાવી અને સશક્ત બનાવી હરિફ શાળાઓથી અનોખી કે વિશિષ્ટ હોવાનું ગૌરવ લે છે.

''શિક્ષણ વિકલ્પો ઊભા કરે છે, લોકોને તેમના માટેના વિકલ્પો વિશે જાગૃત કરે છે અને તેમના વિકલ્પોનો ઉપયોગ કરવા સક્ષમ બનાવે છે.'' આ વ્યાપક વિભાવનાને ધ્યાનમાં રાખીને શાળાઓ શિક્ષણની પદ્ધતિ બદલી રહી છે, ટેકનોલોજી અપનાવે છે, વધુ પડકારજનક અને રસપ્રદ અભ્યાસક્રમો વિકસાવે છે, જે વિદ્યાર્થીઓના અભિગમો, વર્તણૂંકો અને કૌશલ્યોને ખીલવે છે. અગાઉ વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવા હકીકતલક્ષી માહિતી ચકાસવામાં આવતી હતી, જેમાં મોટા ભાગે વિદ્યાર્થીઓ ગોખણપટ્ટી કરતા હતા અને કોઈપણ વિષય કે મુદ્દાને સમજતા નહોતા. તેઓ કોઈ સિદ્ધાંતનો અભ્યાસ કરતા હતા, પણ વ્યવહારિક રીતે સમજતા નહોતા. પણ હવે આકારણી અને મૂલ્યાંકનમાં સૈદ્ધાંતિક અને વ્યવહારિક એમ બંને પ્રકારનો અભ્યાસ જરૂરી બની ગયો છે. આ રીતે વિદ્યાર્થીઓના મૂલ્યાંકનની પદ્ધતિમાં ધરમૂળથી ફેરફાર થઈ રહ્યો છે.

શૈક્ષણિક વ્યવસ્થાનું વિસ્તરણ થયું હોવાથી કોઈ પણ વ્યક્તિએ ધ્યાનમાં રાખવું જોઈએ કે વિદ્યાર્થીઓ પણ બદલાઈ

રહ્યાં છે. આજના વિદ્યાર્થીઓ 'કોરા કાગળ' જેવા નથી, જેઓ સંપૂર્ણપણે શિક્ષકના જ્ઞાન અને પાઠ્યપુસ્તકો પર આધારિત હોય છે. શાળાઓ હવે જ્ઞાનના મંદિર રહ્યાં નથી અને તેઓ ઈન્ટરનેટની મજબૂત સ્પર્ધાનો સામનો કરી રહી છે. અત્યારે વિદ્યાર્થી પાસે માહિતી પુષ્કળ છે અને જ્યારે શિક્ષક તેમને આવી માહિતી આપે છે, ત્યારે તેઓ તેમાં કોઈ નવીનતા અનુભવતા નથી અને તેમને રસ પડતો નથી. શિક્ષણને હવે માહિતી અને જ્ઞાનના કેન્દ્રને બદલે જીવનપયોગી કૌશલ્ય કેન્દ્ર ગણવું જોઈએ. જયારે બાળકો કિશોરવસ્થામાં પ્રવેશ કરે છે અને પ્રાથમિક શાળામાંથી માધ્યમિક શાળામાં પ્રવેશ કરે છે, ત્યારે આ વાત વધારે યથાર્થ છે.

કિશોરાવસ્થા બાળપણમાંથી તરુણાવસ્થામાં સંક્રમણનો ગાળો છે. કોઈ પણ વ્યક્તિ માટે કિશોરાવસ્થાની મુખ્ય બે પ્રાથમિકતા હોય છે - વ્યક્તિગત ઓળખ વિકસાવવી અને સંબંધો વિકસાવવા સક્ષમ બનવું. કિશોરાવસ્થામાં ઓળખ બનાવવામાં વ્યક્તિનો પોતાની રીતે વિકાસ સંકળાયેલો છે. જન્મથી લઈને કિશોરાવસ્થા સુધી વ્યક્તિત્વના વિવિધ પાસાં એકત્ર થાય છે. તેમાં માતાપિતા, મિત્રો, પ્રભાવશાળી શિક્ષકો કે અન્ય પુખ્તો, હરિફ જૂથો, સામાજિક વર્ગ, ઐતિહાસિક પ્રથાઓ, જાતિ કે ધાર્મિક જૂથો, જાતિગત ઓળખ વગેરે સાથેની ઓળખ સામેલ છે. કિશોરાવસ્થામાં આ તમામ પ્રકારની અસર સંકલિત થાય છે અને તેમાંથી એક સ્થિર ચરિત્રનું નિર્માણ થાય છે, જે પુખ્ત જીવન દરમિયાન વ્યક્તિની મૂળભૂત ઓળખ બની જાય છે.

આ તબક્કામાં વ્યક્તિમાં શારીરિક ફેરફારો ઉદ્ભવે છે, જેમ કે ઊંચાઈ અને દેખાવ બદલાય છે. આ અવસ્થામાં ખાસ કરીને વ્યક્તિનો જાતિય વિકાસ થાય છે, જે જાતિય આવેગો જન્મે છે અને તેમાંથી નવા પ્રકારની સમસ્યાઓ ઊભી થાય છે. આ તબક્કામાં વ્યક્તિને તેમના કાર્યના પરિણામોની સમજણ આપવી અતિ જરૂરી છે અને તેમના ભવિષ્યનું આયોજન કરવું મહત્ત્વપૂર્ણ છે.

વ્યક્તિ આ અવસ્થામાં "હું કોણ છું?", "હું ક્યાં ફિટ છું?", "ભવિષ્યમાં હું શું બનીશ ?" જેવા પ્રશ્નોનો વિચાર કરે છે. પછી વ્યક્તિ પોતાની ઓળખ વિકસાવવા પોતાના જીવન સાથે સંબંધિત વિવિધ પાસાંઓમાં ફેરફાર કરે છે, કામગીરીમાં પરિવર્તન કરે છે, વર્તણૂક બદલે છે. તે નસીબની વાત છે કે આ વિકાસ અને સમજણ યૌવન સાથે સંબંધિત લાગણીઓ સાથે થાય છે, કારણ કે તે કુદરતી આવેગ, તીવ્ર લાગણીઓ અને સાથી જૂથમાં નવા સામાજિક દબાણો સામે ટકી રહેવા સક્ષમ બનાવે છે. સાથી જૂથો કિશોરાવસ્થાની શરૂઆતમાં અતિ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે વિકાસલક્ષી કામગીરી અલગતા-વ્યક્તિગત વિકાસ તરીકે જાણીતી છે, જે માટે તરૂણને તેના માતા કે પિતાથી અલગ થવું અને પછી વ્યક્તિગત ઓળખ વિકસાવવી જરૂરી છે.

અત્યારે દુનિયાની ૨૦ ટકા વસતિ અને ભારતની આશરે ૨૫ ટકા વસતિ ૧૦થી ૧૯ વર્ષની વયજૂથની કિશોરાવસ્થામાં છે. તેમને અતિ વિશેષ અને વિશિષ્ટ જરૂરિયાતો છે, જેને લાંબો સમય નજરઅંદાજ નહીં કરી શકાય. તેમની જરૂરિયાતો પૂર્ણ કરવાથી દેશના સામાજિક-આર્થિક વિકાસમાં જ પ્રદાન નહીં અપાય, પણ સામાજિક સંવાદિતા, જાતિગત અસમાનતા અને વસતિજન્ય સ્થિરતા જેવા અન્ય સામાજિક ચિંતાઓને પણ દૂર કરી શકાશે.

આ વર્ષો ખરેખર રચનાત્મકતા, આદર્શવાદ, આશાવાદ અને સાહસિક જુસ્સાના હોય છે. પણ સાથે સાથે પ્રયોગ કરવાના અને જોખમ ખેડવાના પણ હોય છે, જેમાં સાથીદારોનું નકારાત્મક દબાણ હોય છે, મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ઉતાવળિયા નિર્ણય લેવાની શક્યતા હોય છે, ખાસ કરીને પોતાના શરીર અને પોતાની જાતિયતા સંબંધિત. કિશોરવસ્થામાં પસાર થતી વ્યક્તિ આ પડકારોનો સામનો કેવી રીતે કરશે તેનો આધાર તેમની આસપાસના વાતાવરણ પર હોય છે. એટલે કિશોરાવસ્થા વ્યક્તિના જીવનનો મહત્ત્વપૂર્ણ વળાંક છે, ક્ષમતા અને સંભવિતતા વધવાનો ગાળો છે, પણ સાથે સાથે અસુરક્ષાનો કાળ પણ છે. તેમાં જરાં પણ નબળાઈ વ્યક્તિને ગેરમાર્ગે દોરી શકે છે.

શાળાઓ ઘરની બહાર એવી જગ્યાએ છે, જ્યાં બાળકો નવી જાણકારી મેળવી શકે છે અને ઉત્પાદકીય અને સક્ષમ નાગરિકો બનવાની કુશળતા હાંસલ કરી શકે છે. અહીં બાળકની પોતાના સમુદાયોમાં સામેલ થવાની, સમૂહમાં ભળવાની અને તેને સહાય કરવાની કળા વિકસી શકે છે. સ્વાસ્થ્યને સંવર્ધન આપતી શાળા એવું સ્થાન છે, જ્યાં શિક્ષણ અને સ્વાસ્થ્યના કાર્યક્રમો "ખુશી અને આનંદી" વાતાવરણ ઊભું કરે છે, જે શિક્ષણ અને સહભાગિતામાં વિવિધતાને પ્રોત્સાહન આપે છે. શું બાળકોને આ પ્રકારનું વાતાવરણ મેળવવાનો અધિકાર નથી ?

મોટા ભાગની સરકારી શાળાઓમાં કાઉન્સેલર કે સામાજિક કાર્યકર્તા હોતા નથી, છતાં શાળાઓને તેમના

વિદ્યાર્થીઓની માનસિક સ્વાસ્થ્ય સાથે સંબંધિત મુદ્દાઓને ઉકેલવાનું કહેવાયું છે. ઉપરાંત તોફાન અને શાળામાં હિંસાના વધતા જતાં કિસ્સાને સ્વીકારવાની અને શાળાના કેમ્પસમાં માનસિક યાતનાને પ્રતિસાદ આપવાની જરૂર છે.

ગત દાયકામાં શાળામાં માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ આવી છે, જેથી શાળામાં તોફાન, જાતિય સતામણી, ગુંડાગીરી, નશીલા દ્રવ્યોનું સેવન, ભેદભાવ અને સ્વસ્થ શિસ્ત જેવા મુદ્દાઓ પર ધ્યાન આપી શકાય. આધુનિક શિક્ષણ સલાહકાર આ સમસ્યાઓને વહેલાસર ઓળખી જાય છે અને તાત્કાલિક શૈક્ષણિક અને વર્તણૂંક લક્ષ્યાંકોને હાંસલ કરવા મદદ કરવા વ્યક્તિગત અને વ્યવસ્થાકીય સ્તરે હસ્તક્ષેપ કરે છે તેમજ બાળકોના સંપૂર્ણ વ્યક્તિત્વમાં લાંબાગાળાના નકારાત્મક પરિણામોનું નિવારણ કરે છે.

**ભારતમાં બાલ્ય અને કિશોરાવસ્થાની માનસિક સ્વાસ્થ્યની સમસ્યા**

આઈસીએમઆર સ્ટડી (૨૦૦૫) મુજબ, બાળક અને કિશોરાવસ્થામાં માનસિક સ્વાસ્થ્ય સંબંધિત વિકારો ૧૨થી ૧૪ ટકા છે. ટેબલ ૧ દર્શાવે છે કે ૦થી ૫ વર્ષની વયજૂથમાં મહત્તમ બાળકો (૩૩ ટકા) અતિ સક્રિયતાની સમસ્યાથી પીડાતા હતા. ૬થી ૧૧ વર્ષના વયજૂથમાં સામાન્ય નિદાનો આ હતાઃ અતિ ઉન્માદ, અતિ સક્રિયતા અને વર્તણૂંક સંબંધિત વિકારો. ૧૨થી ૧૬ વર્ષની વયજૂથમાં સામાન્ય સમસ્યાઓ આ હતીઃ અતિ ઉન્માદ અને વર્તણૂંક સંબંધિત સમસ્યાઓ. પુરુષોમાં માનસિક અને વર્તણૂંક સંબંધિત સમસ્યાઓ નોંધપાત્ર રીતે વધારે હતી, જ્યારે સ્ત્રી બાળકોમાં અતિ ઉન્માદના કેસ વધારે હતા. ૦થી ૫ વર્ષની વયજૂથના ૨૨ ટકા બાળકોમાં, ૬થી ૧૧ વર્ષની વયજૂથના ૧૯ ટકા બાળકોમાં અને ૧૨થી ૧૬ વર્ષની વયજૂથના ૬ ટકા બાળકોમાં હળવી માનસિક મંદતા જોવા મળી હતી. આ પ્રમાણ તો માનસિક ચિકિત્સકના ક્લિનિક્સ કે બાળક માર્ગદર્શન કેન્દ્રોની મુલાકાત લેતા બાળકોમાંથી જાણવા મળ્યું છે.

**ટેબલ ૧ઃ એક્સિસ ૧ નિદાન ત્રણ વયજૂથમાં**

| ક્રમ | નિદાન | ૦-૫ વર્ષ (નંબર ૧૮૮) | | ૬-૧૧ વર્ષ (નંબર ૬૩૨) | | ૧૨-૧૬ વર્ષ (નંબર ૧૦૧૫) | |
|---|---|---|---|---|---|---|---|
| | | નંબર | ટકાવારી | નંબર | ટકાવારી | નંબર | ટકાવારી |
| ૧. | માનસિક | ૪ | ૨.૧ | ૪૫ | ૭.૧ | ૪૧૨ | ૪૦.૬ |
| ૨. | અતિ ઉન્માદ | ૩ | ૧.૬ | ૧૪૨ | ૨૨.૫ | ૨૭૪ | ૨૭.૦ |
| ૩. | વર્તણૂંક વિકાસ | ૧૨ | ૬.૪ | ૮૩ | ૧૩.૧ | ૭૨ | ૭.૧ |
| ૪. | બાળપણમાં લાગણીજન્ય સમસ્યા અને અન્ય વિકાર | ૮ | ૪.૩ | ૩૯ | ૬.૨ | ૫૦ | ૪.૯ |
| ૫. | બાળપણમાં અતિ સક્રિયતાની સમસ્યા | ૬૨ | ૩૩.૦ | ૯૨ | ૧૪.૬ | ૯ | ૦.૯ |
| ૬. | પેશાબ પર અનિયંત્રણ | ૩ | ૧.૬ | ૩૯ | ૬.૨ | ૧૯ | ૧.૯ |
| ૭. | તોતડું બોલવું અને જીભ અચકાવી | ૫ | ૨.૭ | ૩૩ | ૫.૨ | ૨૫ | ૨.૫ |
| ૮. | ઊંઘની વિશેષ સમસ્યા | ૨ | ૧.૧ | ૮ | ૧.૩ | ૧૪ | ૧.૪ |
| ૯. | માથાનો દુઃખાવો, ચિંતા | ૦ | ૦ | ૧૨ | ૧.૯ | ૧૦ | ૧.૦ |
| ૧૦. | શૈક્ષણિક સમસ્યા (અભ્યાસમાં પાછળ રહેવું) | ૧ | ૦.૫ | ૪૬ | ૭.૩ | ૨૦ | ૨.૦ |
| ૧૧. | અનુકૂલન પ્રતિક્રિયા | ૩ | ૧.૬ | ૫ | ૦.૮ | ૧૦ | ૧.૦ |
| ૧૨. | અન્ય | ૧૦ | ૫.૩૨ | ૩૦ | ૪.૭ | ૫૦ | ૪.૯ |
| ૧૩. | એક્સિસ ૧માં કોઈ માનસિક નિદાન નહીં | ૭૫ | ૩૯.૯ | ૫૮ | ૯.૨ | ૫૦ | ૪.૯ |

આ વધતી જતી સમસ્યાઓનું સમાધાન કરવા અને વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યની જરૂરિયાતો પૂર્ણ કરવા સ્વાસ્થ્યને શૈક્ષણિક અભ્યાસમાં સામેલ કરવું પડશે અને શાળાઓને સ્વાસ્થ્ય સંવર્ધનનું માળખું અપનાવવું પડશે. સ્વાસ્થ્યને સંવર્ધન આપતી શાળાને નીચે મુજબ વર્ણવી શકાય છે :

- જીવવા, શીખવા અને કામ કરવા સ્વસ્થ સેટિંગ તરીકે પોતાની ક્ષમતા સતત વધારતી સંસ્થા.
- તે સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરે અને મૃત્યુ, રોગ અને વિકલાંગતાના મહત્ત્વપૂર્ણ કારણો રજૂ કરી શાળાના બાળકો, સ્ટાફ, પરિવાર અને સમુદાયને પોતાની સારસંભાળ લેવામાં મદદ કરે.
- વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને અસરકર્તા સંજોગો પર માહિતીપ્રદ નિર્ણયો લે અને સ્વાસ્થ્યનું સંવર્ધન થાય તેવી સ્થિતિ ઊભી કરે. (ડબલ્યુએચઓ-૨૦૦૮)


**શાળાના સ્વાસ્થ્ય કાર્યક્રમના ઘટકો**

– શાળાનું સલામત વાતાવરણ.
– ક્રમિક સ્વાસ્થ્ય શિક્ષણ અભ્યાસક્રમ.
– ક્રમિક શારીરિક શિક્ષણ અભ્યાસક્રમ.
– પોષક દ્રવ્યોની સેવા આપતો કાર્યક્રમ.
– સામાજિક સ્વાસ્થ્ય સેવા કાર્યક્રમ.
– સલાહ, માનસિક અને સામાજિક સેવાઓ.
– પરિવાર અને સમુદાયને સાંકળતી પ્રવૃત્તિઓનું સંકલન.
– સ્ટાફ સ્વાસ્થ્ય સંવર્ધન નીતિ.

**શાળાઓમાં માનસિક સ્વાસ્થ્યના હસ્તક્ષેપના પ્રકારો**

૧. માનસિક સ્વાસ્થ્યને પ્રોત્સાહન : જાગૃતિ અને મજબૂતિ વધારવા.
૨. સાર્વત્રિક અને પસંદગીનું નિવારણઃ જોખમ અને નબળાઈ સાથે સંબંધિત પરિબળો ઘટાડવા અને સંરક્ષણાત્મક પરિબળોનું નિર્માણ કરવું.
૩. નિવારણ અને વ્યૂહરચનાઓનો પ્રાથમિક હસ્તક્ષેપ - સમસ્યાની વહેલા સંકેતો ધરાવતા લોકો માટે શાળાઓમાં માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમો માટે માળખું

**શાળાઓમાં માનસિક આરોગ્ય કાર્યક્રમનો ચાર્ટ**



ચાર મારફતે સ્તર ૧ પ્રાથમિક, દ્વિતિયક અને તૃતિયક નિવારણ પ્રયાસો બની શકે છે. પ્રાથમિક નિવારણ અને સ્વાસ્થ્ય સંવર્ધન (સ્તર ૧ અને ૨) હસ્તક્ષેપો સાથે સ્વસ્થ અને અસ્વસ્થ સ્થિતિઓના કારણોને લક્ષ્યાંક બનાવે છે, જેથી સ્વસ્થ વર્તણૂંકને પ્રોત્સાહન આપી શકાય અને સમસ્યાને ઊગતી ડામી શકાય. દ્વિતિયક નિવારણ (સ્તર ૩) સમસ્યા શરૂ થતા ઊંચું જોખમ ધરાવતા લોકોનું સંરક્ષણ કરવા વધુ પસંદગીની વસતિને લક્ષ્યાંક બનાવે છે. તૃતિયક નિવારણ (સ્તર ૪) સમસ્યા ધરાવતા લોકોને લક્ષ્યાંક બનાવે છે, સમસ્યાનું નુકસાન ઘટાડે છે અને/અથવા ઉથલો આવતા અટકાવે છે.

**અમલીકરણ માટે મૂળભૂત માર્ગદર્શન**

શાળા આધારિત માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમો વાતાવરણ-કેન્દ્રિત કે બાળક-કેન્દ્રિત હોઈ શકે છે.

**૧. વાતાવરણ-કેન્દ્રિત અભિગમો**

આ અભિગમનો ઉદ્દેશ શાળાનું શૈક્ષણિક વાતાવરણ સુધારવાનો અને સ્વસ્થ શાળા કાર્યક્રમનો ઉપયોગ કરવા બાળકને તકો પ્રદાન કરવાનો છે. હકારાત્મક માનસિક સ્વાસ્થ્ય વાતાવરણમાં શાળામાં પસાર કરેલ સમય, રમતના મેદાનમાં પ્રવૃત્તિઓ, શાળાનું ભૌતિક માળખું અને વર્ગખંડમાં સુશોભન સામેલ છે. આ પ્રકારના કાર્યક્રમ સંકલન, આદાનપ્રદાન સુધારવા સહયોગાત્મક પ્રયાસ, સ્ટાફ, વિદ્યાર્થીઓ અને માતાપિતાઓ વચ્ચે સમજણ અને સન્માન પ્રદાન કરે છે, જે કાર્યક્રમને દિશા અને માલિકીની ભાવના આપે છે.

**૨. બાળક-કેન્દ્રિત અભિગમ**

બાળક-કેન્દ્રિત અભિગમમાં વ્યક્તિગત માનસિક સ્વાસ્થ્ય ચર્ચા અને ચોક્કસ સમસ્યા-કેન્દ્રિત મધ્યસ્થી તેમજ વધુ સામાન્ય વર્ગખંડ કાર્યક્રમો સામેલ છે, જેથી વિદ્યાર્થીઓની કુશળતા, સામાજિક સાથસહકાર અને સ્વમાનમાં સુધારો થાય.

યુવાન, દરેક દેશ, સમાજ અને સમુદાયને સશક્ત કરવા સુખાકારીના વાતાવરણને પ્રોત્સાહન આપવા કામ કરવું પડશે. જ્યારે કિશોર જ્ઞાન, વર્તણૂંકો, મૂલ્યો અને જીવન કૌશલ્યો મેળવે છે, ત્યારે તેઓ વિવિધ રીતે લાભ મેળવે છે. જીવન કૌશલ્યો કિશોરોને માહિતસભર નિર્ણય લેવા, સમસ્યાઓનું સમાધાન કરવા, મહત્ત્વપૂર્ણ અને રચનાત્મક રીતે વિચારવા, અસરકારક રીતે આદાનપ્રદાન કરવા, સ્વસ્થ સંબંધોનું નિર્માણ કરવા, અન્ય લોકો સાથે સહાનુભૂતિ દાખવવા અને સ્વસ્થ અને ઉત્પાદકીય રીતે તેમના જીવનનું વ્યવસ્થાપન કરવામાં મદદ કરે છે. આ પ્રકારનું જ્ઞાન અને કૌશલ્યો રોગ અને ઈજાને અવરોધતી અસરકારક વર્તણૂંક તરફ દોરી શકે છે, સ્વસ્થ સંબંધ વિકસાવી શકે છે અને યુવાનોને નેતૃત્વ માટે સક્ષમ બનાવી શકે છે. વધુ પ્રગતિશીલ શાળાઓ બાળકમાં સામાજિક અને લાગણીસભર સક્ષમતાઓ વિકસાવવામાં સક્રિય ભાગ લે છે. શાળાઓ સલામતિની જાળ તરીકે કામ કરી શકે છે, શૈક્ષણિક સંકટો સામે બાળકોનું સંરક્ષણ કરે છે, માનસિક અને શારીરિક સુખાકારી વિકસાવે છે. શાળા માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમો શિક્ષણ, માનસિક સુખાકારી અને માનસિક વિકારોના વ્યવસ્થાપનમાં સુધારો કરવા અસરકારક છે.

**સંદર્ભો**

શ્રીનાથ, એસ. ગિરિમાજી, એસ. સી. ગુરુરાજ, જી. શેષાદ્રી, એસ. સુબ્બાક્રિષ્ના, ડી. કે. ભોલા, પી. કુમાર, એન (૨૦૦૫). બેંગલોરના શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં બાળક અને પુખ્ત માનસિક સમસ્યાનો અભ્યાસ, ઈન્ડિયન જે મેડ રેસ ૧૨૨, જુલાઈ ૨૦૦૫, પાનું ૬૭-૭૯.

**લેખક એક્સપ્રેસ ઈન્ડિયાના નિયામક છે. હાલમાં તેઓ ઈન્ડિયન એસો. ફોર ચાઈલ્ડ એન્ડ એડોલેસન્ટ મેન્ટલ હેલ્પના પ્રમુખ છે. તેઓ ઈન્ડિયન સ્કૂલ કાઉન્સેલર્સ એન્ડ સ્કિલ્ડ પ્રોફેશનલ એસોસિએશનના અધ્યક્ષ છે.**

**સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો છો ? તો 'યોજના' જરૂર વાંચો.**

**આગામી આકર્ષણ**

**ફેબ્રુઆરી-૨૦૧૬**

**'આરોગ્ય'**

**'Health'**

# સ્વપ્રયાસ વડે શ્રેષ્ઠ શિક્ષણનું વરદાન આપશે ટેક્નોલૉજી

રાજારામ એસ. શર્મા



*ભારતના શિક્ષણજગતનું કદ અને તેના પ્રશ્નો એટલા વિરાટ અને સંકુલ છે કે પરંપરાગત ભણતર પ્રક્રિયામાં ટેક્નોલૉજીનો ઉપયોગ કેટલી માત્રામાં દાખલ કરવો તે વિચારવું પડે. ટેક્નોલૉજીના યોગ્ય પ્રકારની પસંદગી પણ કરવી થોડી અઘરી છે. પશ્ચિમમાં સફળ થયેલી ટેક્નોલૉજી સીધેસીધી ભારતમાં લાગુ કરો તો કદાચ પરિણામ ન પણ મળે. વિકસિત દેશોમાં પણ યોગ્ય પસંદગીના અભાવે ટેક્નોલૉજીનો ઉપયોગ સફળ થયો ન હોય તેવા દાખલા મોજુદ છે. શાળા, શિક્ષક અને વિદ્યાર્થીની ક્ષમતા અને પ્રકૃતિદત પ્રતિભાને ધ્યાનમાં રાખી પસંદગી કરો તો ટેક્નોલૉજી ફાયદો કરાવે.*

અવનવી ટેક્નોલૉજી સાથે જોડાવાની લોકોમાં ઝડપભેર વધતી જતી ઈચ્છાએ જ્ઞાનગ્રહણની પદ્ધતિ બદલી નાખી છે. દૈનિક જિંદગીના દરેક કામકાજમાં ટેક્નોલૉજીનો ઉપયોગ ફૂલેફાલે તેવો પ્રવાહ ખાસ જૂનો તો નથી, પરંતુ તેને લોકપસંદ કેમ મળી તેના કારણો તપાસવા જેવા તો છે. અત્યાર સુધી માહિતી અને જ્ઞાનની દુનિયામાં ડોકિયું કરવાની એક જ બારી હતી પુસ્તક. મોટાભાગે શ્વેતશ્યામ એટલે સફેદ કાગળમાં કાળા અક્ષરે જ્ઞાન સંગ્રહિત થતું હતું. ધીમેધીમે તેમાં રંગ પુરાયા, છબી પણ રંગીન છપાતી થઈ, સિનેમાના પડદે રંગીન ફિલ્મ આવી, પરંતુ ટેક્નોલૉજીએ વ્યક્તિગત પસંદગીના દ્વાર ખોલી આપ્યા તે મહત્ત્વનું છે.

અગાઉ પુસ્તક છાપવા માટે પ્રિન્ટિંગ પ્રેસને કહેવું પડતું, તેની પાસે ઉપલબ્ધ મશીનરીના આધારે પુસ્તકનું કદ, દેખાવ અને રંગપૂર્ણ સંભવ બનતી. આજે કોઈપણ લેખક ઘેરબેઠા ફોન્ટ નક્કી કરવાથી માંડી પ્રત્યેક પાનાનો દેખાવ જાતે બનાવી શકે છે. તમારી કલાત્મક કલ્પના પ્રમાણે પુસ્તક તૈયાર કરી કલર લેઝર પ્રિન્ટર વડે તેનો વાસ્તવિક નમૂનો છાપી કોઈને બતાવી શકો છો અથવા તેની સોફ્ટ કોપીને ઈન્ટરનેટ વડે મોકલી શકો છો. પર્વતની ટોચ ઉપર પહોંચી સેલ્ફી માત્ર એક ક્લિક વડે હજારો મિત્રોના સેલફોન પર મોકલી શકાય છે. ઉત્તમ મેગેઝિનમાં છાપવા માટે લાયક હોય તેટલી બહેતરીન ક્વોલિટીના ફોટો સેલ્ફી વડે ખેંચાય છે. આ બધા લાભ આપતી ટેક્નોલૉજીનો ઉપયોગ સાવ નાના કદના સાધન એટલે કે સેલફોન વડે સંભવ બન્યો છે.

છેલ્લી વાત, ટેક્નોલૉજીના ઉપયોગમાં સરળતા મહત્ત્વનો મુદ્દો છે. સ્માર્ટફોન વાપરનાર ભણેલો-ગણેલો હોવો જરૂરી નથી. આધુનિક ઉપકરણમાં એટલી બધી સગવડ હોય છે કે નાની ઉંમરના લોકો બહુ ઝડપથી તેનો ઉપયોગ કરતા શીખી જાય છે. ડિઝાઈન અને નાનું કદ રાખવા માટે અપાર સંશોધન મોટાપાયે થતા રહે છે. સ્ક્રીન ઉપર લીસોટા પડતા રોકવા માટે ગોરીલા ગ્લાસની શોધ તેનું ઉત્તમ ઉદાહરણ છે. ટેક્નોલૉજી સુલભ બની છે, તેની પાછળ થતો ખર્ચ સૌ કોઈને પોષાય તે સપાટીએ રખાય છે.

માનવજિંદગીમાં મોટાપાયે પ્રવેશ કરી ચૂકેલી ટેક્નોલૉજીનો ઉપયોગ શાળા-કૉલેજના ભણતરમાં કેટલો કરવો તે બાબત હવે ચર્ચાની એરણે ચડી છે. વર્ગખંડમાં બાળકોને ટેક્નોલૉજીના માધ્યમથી ભણતર અપાય તો રસપ્રદ બનશે. સાથોસાથ શિક્ષક અને શાળાનું કૌશલ્ય દીપી ઊઠશે તેવી આદર્શ ધારણા સર્વત્ર રખાય છે. ટેક્નોલૉજીના આધારે ભણતર આપવાના લાભાલાભ આપણે આગળ જોઈશું પણ મૂળ એવી ધારણા તો રાખીએ કે શાળા, શિક્ષક અને વિદ્યાર્થીનો દેખાવ આપણે સુધારીશું.

બાળક માટે શાળાભ્યાસના વર્ષ એક જાતનું મૂડીરોકાણ છે. ચોપડીના પાઠ

ભણતી વખતે બાળકે જિંદગીના ગણિત, વિજ્ઞાન અને ઈતિહાસ, ભૂગોળના પાઠ ભણી તેની સમજણ કેળવવાની હોય છે. બાળકમાં પડેલી પ્રકૃતિદત પ્રતિભાને નિખારવાનું કામ શાળામાં થાય છે. હવે જો બાળકનું વ્યક્તિત્વ ખીલવવા માટે જો ટેક્નોલૉજીની મદદ મળતી હોય તો ખોટું શું છે.

વિકાસશીલ દેશોનું શિક્ષણજગત જેમ જેમ આર્થિક શક્તિ વધે તેમ તેમ ટેક્નોલૉજીના ઉપયોગ તરફ ઢળતું જાય છે. જ્યાં પૂરતી શાળા કે શિક્ષકો ન હોય, જ્યાં બધા બાળકો શાળામાં જતા નથી તેવા સમાજમાં ટેક્નોલૉજી ખર્ચ કરતા નવી શાળા ખોલવાનું રોકાણ અગ્રતા ભોગવે તે સ્વાભાવિક છે, પરંતુ ટેક્નોલૉજીને લીધે શૈક્ષણિક કાર્યક્ષમતા વધતી હોવાની સમજણ બધે પહોંચી છે અને જ્યાં ટેક્નોલૉજી વડે ભણતર રસપ્રદ બન્યું ત્યાં ડ્રોપ આઉટ રેશિયો ઘટ્યો હોવાના પ્રમાણ મળ્યા છે.

શિક્ષણનો ફેલાવો કરવા માટે ભારતે મુકેલી દોટમાં વિરોધાભાસ એવો સર્જાયો છે કે પ્રાથમિક શાળા ખોલવા પાછળ જેટલું ધ્યાન અપાયું તેટલો ખર્ચ ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થા મજબૂત કરવા પાછળ થયો નથી. પ્રખર તેજસ્વી કેટલાક ભણીગણી આગળ નીકળી જાય તેનો મતલબ એવો નથી કે ઉચ્ચ શિક્ષણમાં બધું બરાબર છે. મોટાભાગના વિદ્યાર્થીને ઉચ્ચ શિક્ષણ પોષાતું નથી અને તે લઈ શકે છે તેમાં સંશોધનપ્રિયતા અને સર્જનાત્મક અભિગમનો અભાવ છે. પ્રાદેશિક ભાષામાં અભ્યાસ કરતા બાળકોની સંખ્યા ઘટતા સાંસ્કૃતિક ઓળખ ઘટે તેવો ભય ઊભો થયો છે.

ભારતના શિક્ષણજગતનું કદ અને તેના પ્રશ્નો એટલા વિરાટ અને સંકુલ છે કે પરંપરાગત ભણતર પ્રક્રિયામાં ટેક્નોલૉજીનો ઉપયોગ કેટલી માત્રામાં દાખલ કરવો તે વિચારવું પડે. ટેક્નોલૉજીના યોગ્ય પ્રકારની પસંદગી પણ કરવી થોડી અઘરી છે. પશ્ચિમમાં સફળ થયેલી ટેક્નોલૉજી સીધેસીધી ભારતમાં લાગુ કરો તો કદાચ પરિણામ ન પણ મળે. વિકસિત દેશોમાં પણ યોગ્ય પસંદગીના અભાવે ટેક્નોલૉજીનો ઉપયોગ સફળ થયો ન હોય તેવા દાખલા મોજુદ છે. શાળા, શિક્ષક અને વિદ્યાર્થીની ક્ષમતા અને પ્રકૃતિદત પ્રતિભાને ધ્યાનમાં રાખી પસંદગી કરો તો ટેક્નોલૉજી ફાયદો કરાવે.

વિશ્વમાં સૌથી વિરાટ શાળા માળખું ધરાવતા ભારતમાં લગભગ પ્રત્યેક પરિવારને તેમના ઘર આસપાસ શાળા મળી રહે છે. શાળાની સંખ્યા માતબર છે પણ બધી શાળામાં પુસ્તકાલયની સગવડ ઊભી થઈ રહી નથી ત્યારે ટેક્નોલૉજી આ મર્યાદા દૂર કરી શકે. વેબપોર્ટલ ઉપર ડિજિટલ લાયબ્રેરી ઉપલબ્ધ છે. હાલ વિકિપિડિયા જેવો ડિજિટલ જ્ઞાનકોષ ખૂબ જાણીતો બન્યો છે પણ ભારતની દરેક ભાષામાં પોતપોતાના જ્ઞાનકોષ વેબસાઈટ ઉપર મુકાવા લાગ્યા છે. શિક્ષણમાં ટેક્નોલૉજીનો ઉપયોગ થાય તો ડિજિટલ જ્ઞાનકોષ વડે પુસ્તકાલયની મર્યાદા પ્રત્યેક શાળા દૂર કરી શકે છે. શાળા કક્ષાના ભણતર માટે રાષ્ટ્રીય કક્ષાની ઉત્તમ સામગ્રી http:/nroer.gov.in ઉપર ઉપલબ્ધ છે. ખડગપુરની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી દ્વારા નેશનલ ડિજિટલ લાયબ્રેરીનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે તો શૈક્ષણિક હેતુ માટે 'ઈ-જ્ઞાનકોષ' પોર્ટલ ખૂબ સમૃદ્ધ છે.

ઓનલાઈન અભ્યાસક્રમ ઉપલબ્ધ બનતા શિક્ષણની નવી દિશા ખુલી છે. નેશનલ મિશન ફોર એજ્યુકેશન થ્રો આઈ.સી.ટી. દ્વારા ઈજનેરી તથા અન્ય વિદ્યાશાખા માટે ઓનલાઈન અભ્યાસક્રમ શરૂ કરવાની કામગીરી શરૂ થઈ ચૂકી છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા 'ઈ-પીજી પાઠશાલા' પોર્ટલ વડે અનુસ્નાતક અને તેનાથી આગળની કક્ષાના ભણતર માટે અભ્યાસક્રમનું ઘડતર કરવામાં આવી રહ્યું છે.

ઉત્તમ શિક્ષકોની અછત નિવારવા માટે ઓનલાઈન અભ્યાસક્રમ અને તેનું શિક્ષણ મોટો સહારો બની શકે તેમ છે. શાળા શિક્ષણમાં ગુણવત્તાનો પ્રશ્ન પણ હલ થઈ શકે તેમ છે, કારણ કે તમામ સ્તરે શિક્ષકોની તાલીમ વ્યવસ્થા ખૂબ પાંગળી છે. ડિજિટલ પ્લેટફોર્મ ઉપર વિદ્યાર્થી જાતે ભણી શકે તેવી સામગ્રી ઉપલબ્ધ કરાવીને તમામ બાળકોને ઉત્તમ ભણતરનો અવસર પ્રદાન કરવાની તક ટેક્નોલૉજીએ પૂરી પાડી છે.

સ્વપ્રયાસ વડે શ્રેષ્ઠ શિક્ષણની તક આપતા ઓનલાઈન અભ્યાસક્રમની સામગ્રી ઉપર રહેલા બૌદ્ધિક અધિકારનો કાનૂની મુદ્દો પણ ઉકેલી નાખવામાં આવ્યો છે. મહદ્અંશે અંગ્રેજીમાં તૈયાર થતી સામગ્રીનો ખપ બહુ ઓછા વિદ્યાર્થીને પડે છે, કારણ કે મોટો વિદ્યાર્થીગણ તો ભારતીય ભાષાઓમાં શિક્ષણ લેતો હોય છે. પરિણામે શ્રેષ્ઠ રીતે લખાયેલા મૂળ અંગ્રેજી ઓનલાઈન અભ્યાસક્રમની સામગ્રી અનુવાદ પામીને સ્થાનિક ભાષાઓમાં પણ પોર્ટલ ઉપર ઉપલબ્ધ બને તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. અનુવાદ ખર્ચ આ કામમાં વિઘ્ન બને નહીં તે માટે ડિપાર્ટમેન્ટ ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલૉજી દ્વારા અનેક સોફ્ટવેર તૈયાર કરી શિક્ષણ સંસ્થાઓને અપાયા છે.

ડિજિટલ પ્લેટફોર્મની ઉપલબ્ધિમાં સર્વ પ્રકારના વિદ્યાર્થીઓમાં બિલકુલ અસમાનતા જન્મે નહીં તેનું સરકાર ધ્યાન રાખી રહી છે. પરંતુ સમાજનો દરેક વર્ગ તેમની અનેક સમસ્યાનો ઉકેલ ડિજિટલ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ બનતો જાય છે તેનાથી વાકેફ બનવી જોઈએ. દેશની આર્થિક પ્રગતિ માટે જ્ઞાન અને સેવાની દરેક પ્રવૃત્તિમાં ખરા હૃદયની જનભાગીદારી હવે અનિવાર્ય બની છે, કારણ કે તકલીફને તિલાંજલિ આપવા ટેક્નોલૉજી હાજર છે.

**લેખક સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ એજ્યુકેશન ટેક્નોલૉજી એન.સી.ઈ. આર.ટી. નવી દિલ્હીમાં સંયુક્ત નિદેશક છે.**

# શિક્ષણ એટલે મૂલ્ય અને જ્ઞાન આધારિત સમાજનો વિકાસ

જે. એસ. રાજપૂત



*શિક્ષણનો અંતિમ ઉદ્દેશ એક વિસ્તૃત અર્થસભર સંદેશમાં આવી જાય છેઃ શિક્ષણ માનવીય મૂલ્યો સભર અને ચેતનવંતુ હોવું જોઈએ ! જ્યારે સ્વામી વિવેકાનંદે જણાવ્યું છે કે, 'શિક્ષણ મનુષ્યમાં રહેલી સંપૂર્ણતાની અભિવ્યક્તિ છે,' ત્યારે તેઓ માનવીય જીવન, તેના લક્ષ્યાંકો, ઉદ્દેશો, પ્રક્રિયા અને ઉત્પાદનની સમગ્રતાને વ્યક્ત કરે છે. તેમણે બહુ થોડા શબ્દોમાં જે વાત કરી છે, તેને હાલના સમયમાં કહેવાતી કથિત મહાન સમજૂતિઓ પણ વ્યક્ત કરી શકતી નથી. રવીન્દ્રનાથ ઠાકુરે શિક્ષણને મનુષ્ય અને સંસ્કૃતિના સંગમનું માધ્યમ ગણાવ્યું છે. તેમણે કહ્યું છે કે, "સર્વોચ્ચ શિક્ષણ ફક્ત માહિતી જ આપતું નથી, પણ તમામ જીવો સાથે સંવાદિતા સાથે જીવવાનું શીખવે છે."*

જો જ્ઞાન ફક્ત માહિતી બનીને રહી જાય અને તેમાંથી વિવેક ન ખીલે, તો માનવજાત પાસે અસ્તિત્વ બચાવવાનો કોઈ માર્ગ નથી, પણ જો આપણે જ્ઞાનમાંથી સમજણ વિકસાવીએ તો આપણે આપણું અસ્તિત્વ જ ટકાવી નહીં શકીએ, પણ સાથે સાથે વધુ ને વધુ શ્રેષ્ઠ જીવન મેળવી શકીશું.

- જી.બી. શૉ

તમામ જીવો વચ્ચે એકમાત્ર માનવજાતને જ પોતાનું જીવન સુધારવા અને જ્ઞાન અને શાણપણ મેળવવા વિચાર કરવા, સ્વપ્ન સેવવા, નક્કર સ્વરૂપ આપવા, વિકસાવવા, રચના કરવા, સુધારવા, ઉપયોગ કરવા અને સાતત્યપૂર્ણ પ્રયાસ કરવાના વિશિષ્ટ અને સ્વાભાવિક આશીર્વાદ મળ્યાં છે. જેમ જેમ માનવ સંસ્કૃતિનો વિકાસ થયો છે, તેમ તેમ પ્રાપ્ત આગળની પેઢીને વધુ જવાબદાર બનાવવા અનુભવો અને સમજણને હસ્તાંતરિત કરવાની જરૂરિયાત સમજાઈ છે. તે પ્રમાણે દરેક સંસ્કૃતિમાં તેમની યુવા પેઢીને 'શિક્ષિત' કરવાની પદ્ધતિઓ શોધાઈ હતી. પરંપરાઓ પેપર અને પેન્સિલ વિના ફક્ત મૌખિક રીતે એક પેઢીમાંથી બીજી પેઢીને જે રીતે હસ્તાંતરિત થઈ છે તે થોડું વિચિત્ર લાગી શકે છે ! ઈતિહાસના હાલના તબક્કે જ્ઞાનની રચના, નિર્માણ, પ્રસાર, વિસ્તરણ અને તેના ઉપયોગની પ્રક્રિયા શિક્ષણ અને સંશોધન હેઠળ સામેલ છે. તે ઈન્ફોર્મેશન ટેક્નોલૉજીના આદાનપ્રદાન, વિનિમય, ટેકનિકલ સહાય અન સુધારાવધારા સાથે મજબૂત થઈ છે, જે માનવીય પહેલોનું જ પરિણામ છે. હજુ ૫૦ વર્ષ અગાઉ મોટાભાગના લોકો આઇ-પેડ, લેપટોપ, કમ્પ્યૂટરની કલ્પના પણ કરી શકતાં નહોતા. સંચિત જ્ઞાન, માનવજાતની સમજણ અને તેના શાણપણથી જે કંઈ લાભ થયા છે તે માનવ કલ્યાણને પોતાના જીવનનો એકમાત્ર ઉદ્દેશ માનતા મનુષ્યોની પ્રતિબદ્ધતાના પ્રયાસોનું જ પરિણામ છે. જેમ જેમ વિવિધ સ્થળો અને સંજોગોમાં જ્ઞાનમાં વધારો થઈ રહ્યો છે અને માનવીય અવરજવરમાં વધારો થયો છે, તેમ તેમ જ્ઞાનની સાર્વત્રિકતાનો લાભ અનુભવાઈ રહ્યો છે. અત્યારે માનવજાત કુદરતી બળોને સમજે છે. આપણે પૃથ્વી પર અસ્તિત્વ ધરાવતા સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કેવી રીતે કરવો તે પણ જાણીએ છીએ. આપણે એ પણ સમજીએ છીએ કે સંપૂર્ણ માનવજાતનું ભવિષ્ય એકબીજા સાથે જોડાયેલું છે. આપણે આપણું અસ્તિત્વ જાળવવા અને ભવિષ્યની પેઢીઓને સુખી અને સમૃદ્ધ બનાવવા માનવજાતની શાશ્વત એકતાના મૂલ્યને પણ અનુભવીએ છીએ. ભારતીય

સંસ્કૃતિના મૂળમાં વસુધૈવ કુટુંબકમની ભાવના રહેલી છે.

ઇતિહાસ સાક્ષી છે કે જે જ્ઞાન અને સમજણ આપણા પૂર્વજોએ મેળવ્યું તેનો ઉપયોગ દુનિયાને નકારાત્મક બનાવવા માટે વધારે થયો છે. જેમ જેમ ગતિશીલતા અને અવરજવર વધી હતી, તેમ તેમ સંસ્થાનવાદ, ગુલામીપ્રથા, રંગભેદ અને આ જ પ્રકારની અમાનવીય પ્રવૃત્તિઓમાં વધારો થયો હતો. જ્યારે માણસે અણુશક્તિ સંપાદિત કરી ત્યારે હિરોશિમા અને નાગાસાકીની કરૂણાંતિકા સર્જાઈ હતી. અત્યારે આપણે કટ્ટરવાદ અને સાયબર હુમલાના ડરથી પીડાઈએ છીએ ! આપણે જાણીએ છીએ કુદરતી સંસાધનો મર્યાદિત પ્રમાણમાં છે અને અન્ય કોઈ ગ્રહ પર માનવજીવનનું અસ્તિત્વ નથી તેમ છતાં વૈશ્વિક કુદરતી સ્ત્રોતોનું મોટા પાયે શોષણ થઈ રહ્યું છે. જ્યારે આપણા માનવીય વિવેક પર લોભ-લાલચ કબજો જમાવે છે, ત્યારે હિંસાને મોકળું મેદાન મળી જાય છે. માનવજાત અભૂતપૂર્વ અને સંપૂર્ણ નિર્દયતાપૂર્વક કુદરતની સાથે ખેલ ખેલી રહી છે. તેની અસર છેવાડાના માનવી સુધી થઈ છે. અત્યારે સામાન્ય માણસને પૂરતું પાણી મળતું નથી, નદીઓ સૂકાઈ ગઈ છે, શ્વાસ લેવા માટે પ્રદૂષિત હવા મળે છે. સ્વાસ્થ્ય સંરક્ષણ અને તબીબીશાસ્ત્રમાં ઘણી પ્રગતિ થઈ છે, પણ માનવજાતે ભૌતિક સુખસમૃદ્ધિ માટે મૂકેલી દોટના પરિણામે સ્વાસ્થ્ય પર થયેલી નુકસાનકારક અસરોનું પ્રમાણ વધારે છે. અત્યારે પૃથ્વીનું અસ્તિત્વ જોખમમાં હોવાની ચિંતા સમગ્ર દુનિયા કરે છે અને તેના નિવારણ માટે મોટી મોટી સમજૂતિઓ કરે છે. પણ હકીકતમાં તેના પરની અસરકારક વ્યૂહરચનાનો અમલ કરવાનું સાહસ કરવાની ક્ષમતા દુનિયાના એક પણ નેતા પાસે નથી. અહીં પ્રશ્ન એ થાય છે કે આટલું જાણવા છતાં આપણે શા માટે આપણા જ રહેઠાણ પૃથ્વી ગ્રહને બગાડીએ છીએ ? શા માટે આપણી હવાને પ્રદૂષિત કરીએ છીએ ? અને શા માટે આપણી દુનિયાને અસુરક્ષિત બનાવીએ છીએ ?

આ પ્રશ્નો માટે શોધ શાશ્વત હોઈ શકે છે ! વેદમાં આ તમામ સમસ્યાઓનું સમાધાન સૂચવવામાં આવ્યું છે. જેઓ વેદ અને વેદાંતથી પરિચિત નથી તેમના માટે પ્લેટોનો સંદેશ ઉપયોગી નીવડશે. 'રિપબ્લિક પ્લેટો'માં જણાવવામાં આવ્યું છે કે 'સારું જીવન ચોક્કસ પ્રકારના કાર્યો કરવાને બદલે ચોક્કસ લાક્ષણિકતા ધરાવતી વ્યક્તિ' બનવામાં છે. પ્લેટોએ આ પ્રશ્નનો જવાબ 'મારે શું બનવું જોઈએ ?'થી લઈને 'મારે કયા પ્રકારની વ્યક્તિ બનવું જોઈએ ?' તે પ્રશ્નમાંથી મળ્યો હતો. અહીં શિક્ષણ અને શિક્ષકની વાત છે. શિક્ષક નિર્દોષ બાળકને ચરિત્રવાન વ્યક્તિ બનાવવાનો પાયો નાંખે છે. શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને માનવતાથી લઈને દિવ્યતાનો પંથ પ્રદર્શિત કરે છે. જો આ ઉદ્દેશ હાંસલ કરી શકાય તો સત્ય, અહિંસા અને શાંતિના મૂલ્યોનું શાસન સમગ્ર વિશ્વમાં સ્થાપિત થશે ! પછી પ્રેમ અને ભાઈચારાની સુવાસ આપમેળે પ્રસરશે. શિક્ષણની ખરી તાકાત શિક્ષક છે, જે એક તરફ પોતાની ભૂમિકા સમજે છે અને બીજી તરફ રાષ્ટ્રનિર્માણ માટે ભાવિ પેઢીને ઘડે છે. શિક્ષકની જવાબદારી ફક્ત અભ્યાસક્રમો પૂર્ણ કરવાની નથી, પણ સમાજપયોગી નાગરિકનું ઘડતર કરવાની છે.

શિક્ષણના મૂલ્યોને સૌથી વધુ અસર વૈશ્વિક ભૌતિકવાદી પ્રવાહોએ કરી છે. તેના પગલે શૈક્ષણિક વ્યવસ્થા અને શિક્ષક બંનેના મૂલ્યો બદલાઈ ગયા છે. હકીકતમાં શિક્ષણ હંમેશા માનવજાતની આશાનું કિરણ બની રહેશે. જ્ઞાન અને તે માટેની ઝંખના જરૂરી છે, પણ ફક્ત તે પર્યાપ્ત નથી. માનવજાતે પોતાનું અસ્તિત્વ બચાવવા શાણપણ અને વિવેક આવશ્યક છે. આપણને માનવજાતના અસ્તિત્વ પર જોખમ વધી રહ્યું હોવાના સંકેતો મળી રહ્યાં છે, પણ આપણે તેની અવગણના કરીએ છીએ. મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે, પૃથ્વી પાસે દરેકની ભૂખ સંતોષવા પર્યાપ્ત માલસામાન છે, પણ દરેકના લોભને સંતોષવાની ક્ષમતા નથી. આ શબ્દો મારફતે તેમણે માનવજાતના સંપૂર્ણ ભવિષ્યનો સાર સૂચવ્યો હતો. તેમાં માનવ-કુદરત વચ્ચેના સંબંધની સંવેદનશીલતા અને પારસ્પરિકતા સંકળાયેલી છે. વળી ગાંધીજી ચેતવણી પણ આપે છે કે કુદરતી સંસાધનોનું શોષણ આપણે પૃથ્વીના અંત તરફ દોરી જશે. જ્યારે ભારતીય ફિલસૂફીમાં અપરિગ્રહની પરિકલ્પનાનો જન્મ થયો હતો ત્યારે તેણે માનવજાત અને પૃથ્વી બંનેના સંસાધનોનો વિવેકયુક્ત ઉપયોગ કરવાનો બોધ આપ્યો હતો. અત્યારે આપણે પૃથ્વી સંમેલન, આબોહવા સમિટ અને નિયમિત સમયાંતરે તેના જેવા જ સંમેલનો વિશે સાંભળીએ છીએ. પણ આ સંમેલનોનો કોઈ અર્થ સરતો નથી. તેનું નક્કર પરિણામ મળતું નથી. બધા મૂલ્યોના ધોવાણની વાતો કરે છે, તમામ નેતાઓ જાણે છે કે માનવજાતના અસ્તિત્વ પર દરરોજ ખતરો વધી રહ્યો છે. પણ આ સમસ્યાનું લાંબાગાળે અસરકારક સમાધાન ફક્ત શિક્ષણમાં સમાયેલું છે - શાળાના શિક્ષણ, કૉલેજ અને ઉચ્ચતર શિક્ષણ. તેમાં મૂલ્યોનું આરોપણ કરવા

પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

અન્ય સંસ્કૃતિઓ અગાઉ ભારતીય પરંપરામાં પૃથ્વી પર જીવનને સમજવાનો, તેનું જ્ઞાન મેળવવાનો પ્રયાસ થયો હતો. આ જ્ઞાન મેળવવાના પ્રયાસમાં જ પૃથ્વીની રચનાનો ઉદ્દેશ અને તેના મૂળભૂત તત્ત્વોની સમજણ વિકસી હતી. તેના પરિણામે આધ્યાત્મિકતાની ફિલસૂફી અને પદ્ધતિનો વિકાસ થયો હતો. સંપૂર્ણ વિશ્વમાં ભારતીય ફિલસૂફીનો ડંકો વાગ્યો હતો અને ભૌતિક જીવન તેમજ તેની મર્યાદાનો વિકાસ થયો હતો. યોગ્ય વર્તણૂંક, અન્ય જીવો પ્રત્યે કરૂણા અને તેમનું મહત્ત્વ સમજાયું હતું. ભારતીય શાસ્ત્ર વિસ્તૃતપણે સમજાવે છે કે માનવજાત અને પ્રકૃતિ વચ્ચેનો સંબંધ શા માટે અને કેવી રીતે જળવાઈ રહેવો જોઈએ. તેમાં મનુષ્યની કુદરત પ્રત્યે જવાબદારી પણ જણાવવામાં આવી છે. વ્યાપકપણે સ્વીકૃત ડેલોરસ પંચના રિપોર્ટ (યુનેસ્કો, ૧૯૯૬)માં શિક્ષણના વિઝનમાં સાત ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી હતી, જેનો સામનો માનવજાત અત્યારે કરે છે :

- વૈશ્વિક અને સ્થાનિક
- સાર્વત્રિક અને વ્યક્તિગત
- પરંપરા અને આધુનિકતા
- લાંબાગાળાની અને ટૂંકાગાળાની વિચારણા
- તકની સ્પર્ધા અને સમાનતા
- જ્ઞાનનો વિસ્ફોટ અને તેને સમજવાની ક્ષમતા
- આધ્યાત્મિકતા અને ભૌતિકતા

આ ચિંતાજનક પરિબળોના પરિણામોને કેટલાંક ક્ષેત્રોમાં તાત્કાલિક સુધારવાની જરૂર છે. એક તરફ ગ્લોબલ વોર્મિંગની સમસ્યા છે, તો બીજી તરફ હિંસા, કટ્ટરવાદ અને આતંકવાદની સમસ્યાઓ વકરી રહી છે. આ તમામ સમસ્યાઓનું સમાધાન કર્યા વિના માનવજાત વિકાસ અને પ્રગતિ ન કરી શકે. ઉપરાંત દરેક રાષ્ટ્ર વ્યવહારિક રીતે આર્થિક કટોકટીનો સામનો કરે છે. વિકાસશીલ દેશો આર્થિક સહાય, ટેકનિકલ પદ્ધતિઓમાં અને ટેક્નોલૉજિકલ પ્રગતિ સાધવા વિકસિત દેશો પાસેથી મદદ મેળવવા આતુર છે. આ પ્રકારની મદદ મફત મળતી નથી અને ઘણી વખત જે તે દેશને તેની સંસ્કૃતિ, પરંપરા અને વિચારધારા સાથે સમાધાન કરવું પડે છે. આ તમામ બાબતો 'નૈતિક કટોકટી' તરફ દોરી જાય છે અને તેનો સામનો અત્યારે દરેક દેશ કરી રહ્યો છે.

**'માનવતાસભર' વ્યક્તિનું નિર્માણ**

દરેક સંસ્કૃતિ અને દરેક ધર્મની પોતાની પરંપરાઓ, પ્રથાઓ, રીતભાત હોય છે, જે લોકોને એક તાંતણે બાંધે છે અને સામૂહિક જીવનની રચના કરે છે. આ રીતે વર્તણૂંક અને માનવીય સમાજના નીતિનિયમો બને છે. દરેક જગ્યાએ લોકો એક યા બીજા ધર્મ કે સંપ્રદાયને અનુસરે છે. જેમ જેમ ગતિશીલતા અને અવરજવર વધી રહી છે, તેમ તેમ સમુદાયો ઝડપથી વિકસી રહ્યાં છે, જેમાં વિવિધ ધર્મો, સંપ્રદાયો અને સંસ્કૃતિઓના અનુયાયીઓ એક સાથે રહે છે અને હળીમળીને કામ કરે છે. વર્ષ ૨૦૦૧માં અમેરિકામાં ૯ સપ્ટેમ્બરે વર્લ્ડ ટ્રેડ સેન્ટરના ટ્વિન ટાવરને ઉડાવી દેવામાં આવ્યાં હતાં. આપણે આ આતંકવાદી હુમલા વિશે જાણીએ છીએ, પણ બહુ ઓછાને ખબર હશે કે ટ્વિન ટાવરમાં આશરે ૬૦ દેશના યુવાનો અને યુવતીઓ કામ કરતાં હતાં. તેમની સંસ્કૃતિ, રીતરિવાજ, સામાજિક સ્થિતિ અને ઉછેર એકબીજાથી સંપૂર્ણપણે જુદી સ્થિતિ અને સંજોગોમાં થયો હતો, પણ તેઓ ભવિષ્યની દુનિયાને ઘડવા માટે એકબીજા સાથે રહેવાનું શીખ્યાં હતાં. વળી તેમણે દર્શાવ્યું હતું કે પ્રગતિ અને વિકાસના પંથે હાથમાં હાથ મિલાવીને આગળ વધવા લોકોએ એકબીજાની સાથે હળીમળીને કામ કરવું પડશે. જો માનવજાતને એકતા અને સમાનતાની અનુભૂતિ થાય અને દરેક વ્યક્તિ આ ભાવનાને આત્મસાત કરે તો માનવસમાજની પ્રગતિમાં સંસ્કૃતિ, ધર્મ અને ભાષાઓ અવરોધરૂપ બનતા નથી. કોઈપણ વ્યક્તિના જીવનમાં બાલ્યાવસ્થા, કિશોરવસ્થા અને યુવાવસ્થા તેના માનસિક ઘડતરનો ગાળો છે અને આ પ્રક્રિયામાં જ તેના મનમાંથી અસરકારક રીતે તમામ ભેદભાવો દૂર થાય છે.

કોઈપણ દેશે તેના શિક્ષણનું માળખું કેવું બનાવવું જોઈએ અને તેનો અમલ કેવી રીતે કરવો જોઈએ ? અત્યારે તમામ દેશ સ્વીકારે છે કે દરેક દેશના શિક્ષણના માળખાના મૂળિયા તેના સંસ્કૃતિમાં હોવા જોઈએ અને શિક્ષણનો ઉદ્દેશ માનવજાતની પ્રગતિ હોવો જોઈએ. ભારતનો પોતાનો અનુભવ છે કે વિદેશી મૂળિયા ધરાવતી શૈક્ષણિક પદ્ધતિઓથી દેશની ખરા અર્થમાં પ્રગતિ ન થઈ શકે. અંગ્રેજોએ શાસનના નીચલા સ્તરમાં તેમને ઉપયોગી થાય તેવા કારકૂનો પેદા કરવા ભારતમાં શૈક્ષણિક પદ્ધતિ બનાવી હતી. આઝાદી મળ્યાં પછી ભારતની સ્વતંત્ર સરકારે આ પદ્ધતિ જાળવી રાખી હતી. હકીકતમાં અંગ્રેજોએ ભેટ ધરેલા શૈક્ષણિક માળખાનો સંબંધ આપણી સંસ્કૃતિ, આપણા ઇતિહાસ અને આપણી પરંપરાઓ સાથે નહોતો. હકીકતમાં કેટલાંક શાશ્વત માનવીય મૂલ્યો છે, કેટલીક સંસ્કૃતિઓ અને પરંપરાઓ છે, જે લોકોને પ્રેરણા અને પ્રોત્સાહન

આપે છે. આ મૂલ્યો અને પરંપરા જ ભારતીય ઉપખંડમાં વિવિધતામાં એકતાની મહેંક ફેલાવે છે, તમામ ધર્મો અને પ્રદેશને એક તાંતણે બાંધે છે. એટલે આ મૂલ્યો અને પરંપરાનું જતન પારસ્પરિક આદાનપ્રદાન મારફતે થવું જોઈએ. વિવિધ સંસ્કૃતિ, ધર્મ અને પરંપરાનું આદાનપ્રદાન જ એકબીજાના મૂલ્યોને સમજવામાં, તેનો પ્રસાર કરવામાં, એકબીજા વચ્ચેના સંબંધોને ગાઢ બનાવવામાં અને નવો ઓપ આપવામાં મદદ કરે છે. આ માટે અને માનવીય જીવનને શ્રેષ્ઠ બનાવવા અત્યારે સૌથી મહત્ત્વપૂર્ણ પરિબળ એક જ છે : શિક્ષણ.

શિક્ષણનો અંતિમ ઉદ્દેશ એક વિસ્તૃત અર્થસભર સંદેશમાં આવી જાય છેઃ શિક્ષણ માનવીય મૂલ્યો સભર અને ચેતનવંતુ હોવું જોઈએ ! જ્યારે સ્વામી વિવેકાનંદે જણાવ્યું છે કે, 'શિક્ષણ મનુષ્યમાં રહેલી સંપૂર્ણતાની અભિવ્યક્તિ છે,' ત્યારે તેઓ માનવીય જીવન, તેના લક્ષ્યાંકો, ઉદ્દેશો, પ્રક્રિયા અને ઉત્પાદનની સમગ્રતાને વ્યક્ત કરે છે. તેમણે બહુ થોડા શબ્દોમાં જે વાત કરી છે, તેને હાલના સમયમાં કહેવાતી કથિત મહાન સમજૂતિઓ પણ વ્યક્ત કરી શકતી નથી. રવીન્દ્રનાથ ઠાકુરે શિક્ષણને મનુષ્ય અને સંસ્કૃતિના સંગમનું માધ્યમ ગણાવ્યું છે. તેમણે કહ્યું છે કે, ''સર્વોચ્ચ શિક્ષણ ફક્ત માહિતી જ આપતું નથી, પણ તમામ જીવો સાથે સંવાદિતા સાથે જીવવાનું શીખવે છે.'' મહાત્મા ગાંધીએ વર્ષ ૧૯૦૯માં 'હિંદ સ્વરાજ' નામનું પુસ્તક લખ્યું હતું અને તેમાં તેમણે શિક્ષણ વિશે જણાવ્યું હતું કે, ''તે માણસે જ સાચું શિક્ષણ મેળવ્યું છે, જેનું શરીર તેના પોતાના વશમાં છે, જેનું શરીર શાંતિથી અને સરળતાપૂર્વક સુપરત કરેલું કામ કરી શકે છે. તે માણસે જ સાચી કેળવણી મેળવી છે, જેની બુદ્ધિ શુદ્ધ, શાંતિ અને ન્યાયી છે. તેણે જ સાચું શિક્ષણ મેળવ્યું છે, જેનું મન કુદરતના કાયદાને સ્વીકારે છે અને જેની ઇન્દ્રિયો તેના પોતાના વશમાં છે, જેના મનમાં શુદ્ધ ભાવનાઓ છે, જેને નીચ કાર્યો પ્રત્યે ધૃણા છે અને જે બીજાને પોતાના સમાન માને છે. આવો માણસ જ ખરા અર્થમાં શિક્ષિત છે. તે જ કુદરતનો શ્રેષ્ઠ ઉપયોગ કરશે અને કુદરત તેના વડે તેના ઉત્તમ કાર્યો પાર પાડશે.''

સમગ્ર વિશ્વમાં આ પ્રકારના શિક્ષણની પદ્ધતિ વિકસાવવા પ્રયાસ ચાલુ છે અને આ પ્રયાસો જ સંસ્કૃતિના વિકાસનો સારો સંકેત છે. હક્સલીએ શિક્ષણની ઉત્કૃષ્ટતાના પરિણામનો સંકેત આપતાં કહ્યું છે કે, ''સુસભ્ય વ્યક્તિત્વ જ ઉત્ક્રાંતિનું શ્રેષ્ઠ પરિણામ છે.'' તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ''માનવીય પ્રકૃતિ અને તેની સંભવિતતાઓનું સંશોધન હજુ શરૂ જ થયું છે. હજુ વણખેડાયેલી અનેક શક્યતાઓથી સભર નવી દુનિયા તેના કોલંબસની રાહ જુએ છે.'' ડૉ. રાધાકૃષ્નને વિસ્તૃત શિક્ષણની સંપૂર્ણતા આ શબ્દોમાં વ્યક્ત કરી હતી : ''શિક્ષણની અંતિમ નિપજ મુક્ત રચનાત્મક માણસ હોવો જોઈએ, જે ઐતિહાસિક સ્થિતિ સંજોગો અને કુદરતના વિપરિત પરિબળો સામે લડી શકે છે.''

હાલના વૈશ્વિકરણના, સંવર્ધિત કનેક્ટિવિટીના, સાંસ્કૃતિક આદાન-પ્રદાનના અને પારસ્પરિક આર્થિક નિર્ભરતાના યુગમાં કોઈ પણ વ્યક્તિ કહી શકે કે અત્યારે દુનિયા જ્ઞાનરૂપી મૂડી પ્રત્યે પૂરતી સભાન નથી અને નાણાકીય સ્ત્રોતો પેદા કરવા પર જ ધ્યાન કેન્દ્રિત કરે છે, પણ જે પોતાની આ મૂડીનું સંવર્ધન કરશે તે જ વ્યક્તિ પ્રગતિ કરશે. અત્યારે દુનિયા કુદરતે આપેલા સંસાધનોનો વિવેકસભર ઉપયોગ કરવાની સમજણ ધરાવતી નથી અને તેના પગલે ઉત્તરાખંડ જેવી કુદરતી આપત્તિઓ સર્જાય છે. મુંબઈ અને ચેન્નાઈમાં જળપ્રલય પણ માનવીય અવિવેકનું પરિણામ છે. દિલ્હીની હવામાં પ્રદૂષણ બાળકો સહિત તમામ નાગરિકો માટે ખતરનાક સ્તરે પહોંચી ગયું છે. તમામ પક્ષો આ વાત જાણે છે અને તેની ચિંતા કરે છે. પણ તેમાં ઘટાડો કરવાની દિશામાં અસરકારક પગલાં લેવા કોઈ તૈયાર નથી. એટલે આપણે આવા વિકાસને મૂલ્યવિહિન કહીએ છીએ, જે કુદરતી જળ સ્ત્રોતો, નદીઓનો નાશ કરે છે અને તેમાં આપણે આપણી ગંગામૈયાને પણ બાકાત રાખી નથી !

આ મૂલ્યોનું આ ધોવાણ છે, જે મનુષ્યની સંપૂર્ણ પ્રજાતિના અસ્તિત્વ માટે ખતરનાક નથી ? દુર્ભાગ્ય એ છે કે ભારત સહિત આખી દુનિયા સાક્ષરતાનો દર વધારવા અને પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણની મોટી સિદ્ધિઓ વધારવા પ્રયાસરત છે, ત્યારે આવી સ્થિતિ ઊભી થઈ રહી છે. આ સ્થિતિ શિક્ષણની પદ્ધતિને સુધારવાની અને તેના સંપૂર્ણતાના ઉદ્દેશને હાંસલ કરવાની તાતી જરૂરિયાત સૂચવે છે. નેલ્સન મંડેલાએ ટૂંકમાં આ વાતને સારી રીતે વ્યક્ત કરી છેઃ ''તમારે દુનિયામાં પરિવર્તન ફૂંકવો હોય તો શિક્ષણ સૌથી અસરકારક માધ્યમ છે.'' દુનિયામાં પરિવર્તનનો પવન ફૂંકવા શિક્ષણ તન અને મનના વિકાસનું માધ્યમ બનવું જોઈએ તેમજ વ્યક્તિમાં હકારાત્મક જુસ્સો પ્રેરિત કરે તેવું હોવું જોઈએ. વ્યક્તિત્વના સંપૂર્ણ વિકાસ માટે પારિવારિક, સામુદાયિક અને શૈક્ષણિક સ્તરે પહેલ જરૂરી છે.

### સાત સામાજિક પાપ

ભારતનો સ્વતંત્રતા સંગ્રામ ઘણી રીતે વિશિષ્ટ છે, જેમાં મહાત્મા ગાંધીની હાજરી અને તેમની સત્યમાં દૃઢ શ્રદ્ધા ઊડીને આંખે વળગે તેવું પાસું છે. તેમણે એક જ વાક્યમાં તેમના જીવનકહનને વ્યક્ત કર્યું હતું : "મારું જીવન એ જ મારો સંદેશ." તેમણે પોતાના જીવન મારફતે કરોડો ભારતીયોને મૂલ્ય-આધારિત જીવનની પ્રેરણા આપી હતી, જરૂરિયાતમંદોની સેવા કરવાની ભાવના જગાવી હતી, દેશ અને દેશવાસીઓ માટે સર્વસ્વ ત્યાગ કરવા તૈયાર રહેવાનો જુસ્સો જગાવ્યો હતો. તે દિવસોમાં સાક્ષરતા ઓછી હતી અને સંચારના સાધનો ટાંચા હતા તેમજ પ્રિન્ટ મીડિયાની હાજરી પાંખી હતી. એટલે કોઈ પણ વ્યક્તિને આશ્ચર્ય થાય કે તે દિવસોમાં ગાંધીવાદી વિચારો અને મૂલ્યોનો પ્રસાર દેશના દરેક ખૂણામાં કેવી રીતે થયો હશે ! હકીકતમાં તે સમયે ગાંધીજીના વિચારો ફેલાવવામાં શાળાના શિક્ષકોએ બહુ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમણે ખાદીના ઉપયોગના ફાયદા જણાવ્યા અને તેનો પ્રસાર કર્યો, અપરિગ્રહનું મહત્ત્વ સમજાવ્યું હતું અને તેના દ્વારા કોઈ પણ વ્યક્તિને પોતાની જરૂરિયાતો મર્યાદિત રાખવાની શીખ આપી હતી. મહાત્મા ગાંધી મહાન દીર્ઘદૃષ્ટા હતા અને સમાજને મૂલ્યોના ધોવાણના શું પરિણામ ભોગવવું પડશે તે જોઈ શકતા હતા. તેમણે વર્ષ ૧૯૨૫માં યંગ ઇન્ડિયામાં સાત સામાજિક પાપ વિશે જણાવ્યું હતું, જે નીચે મુજબ છે :

– નૈતિકતા વિનાનો વેપાર
– ચરિત્ર વિનાનું શિક્ષણ
– વિવેક વિના આનંદ
– સિદ્ધાંતો વિના રાજકારણ
– માનવતા વિનાનો સમાજ
– મહેનત વિના સંપત્તિ
– સેવા વિનાની પૂજા.

આ સાત પાપ દરેક દેશના આયોજકો અને અમલકર્તાઓ માટે દીવાદાંડી સમાન છે. ભારતે સમજવાની જરૂર છે કે જ્યાં સુધી તે મૂલ્ય-આધારિત સમાજનું નિર્માણ કરવાની દિશામાં હરણફાળ નહીં ભરે, ત્યાં સુધી તેનું સમગ્ર વિશ્વનું આધ્યાત્મિક નેતૃત્વ કરવાનું સ્વપ્ન પૂર્ણ નહીં થાય. ઉપરોક્ત સાત પાપને સાત વ્યક્તિગત કાર્ય મુદ્દામાં ફેરવવાથી ચમત્કાર થશે! એક વખત, ગંભીર પહેલો અને પ્રયાસો મારફતે લોકો શિક્ષિત થાય છે અને આ સૂચકાંકો પર આધારિત જીવન જીવવા સમજાવી શકાશે, કાર્યસ્થળે કામ કરવાના નવા પરિમાણો વિકસે છે તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં વાતાવરણ પણ સુધરે છે. દરેક વ્યક્તિ, દરેક વ્યાવસાયિક, દરેક માતાપિતા ભારતમાં પરિવર્તનનો પવન ફૂંકવા પોતાની ભૂમિકા સમજે તે દિશામાં પ્રયાસો કરીએ. ચાલો, દરરોજ દરેક વ્યક્તિને એવું વિચારવા પ્રેરિત કરીએ કે મેં આજે બીજા લોકો માટે શું કર્યું, મેં આજે મારા સમુદાય અને મારા દેશ માટે શું કર્યું અને આજે મેં કઈ ભૂલો કરી છે. આ રીતે જ વ્યક્તિગત સુધારો થશે અને નાગરિકોમાં નેતૃત્વના ગુણો ખીલશે. અરે, દરેક વ્યક્તિ બીજા વ્યક્તિ માટે આદર્શ બની શકશે. તે ઘરથી લઈને શાળા અને કાર્યસ્થળ તેમ દરેક જગ્યાએ રચનાત્મક અને અર્થસભર વાતાવરણ ઊભું કરશે. ચાલો શિક્ષણને દરેક વ્યક્તિના વ્યક્તિત્વને ખીલવે તેવું વાતાવરણ ઊભું કરવામાં સહાય બનાવીએ.

**સંદર્ભ :**


૧. લર્નિંગઃ ધ ટ્રેઝર વિધિન, યુનેસ્કો પબ્લિશિંગ, પેરિસ, ૧૯૯૬
૨. સેવન સોશિયલ સિન્સ, જે એસ રાજપૂત, એલાઇડ પબ્લિશર્સ, નવી દિલ્હી, ૨૦૧૪
૩. પ્લેટો - રીપબ્લિક, વર્ડ્ઝવર્થ ક્લાસિક્સ ઓફ વર્લ્ડ લિટરેચર, લંડન, ૧૯૮૭
૪. ઇન્સ્ટિટ્યૂશનલ લીડરશિપ એન્ડ એકેડેમિક એક્સલન્સ, જે એસ રાજપૂત, ભાવનગર યુનિવર્સિટી, ૨૦૧૫
૫. એજ્યુકેશન શુડ એઇમ ફોર સોશિયલ કોહેસન, રીલિજિયસ એમિટી, જે એસ રાજપૂત, ન્યૂ ઇન્ડિયન એક્સપ્રેસ, નવેમ્બર ૦૧, ૨૦૧૫
૬. યંગ ઇન્ડિયા, ઓક્ટોબર ૨૨, ૧૯૨૫
૭. પ્રુડેન્સ ઇન પ્રિઝમ, એજેકીલ ઇસ્સાક માલેકર, ૨૦૧૫, વિવિડ એક્સપ્રેશન્સ પબ્લિશર્સ, નોઇડા



**પદ્મશ્રી એવોર્ડ વિજેતા લેખક શ્રી જે. એસ. રાજપૂત શાળાકીય તથા શિક્ષકલક્ષી શિક્ષણ અને સંસ્થાકીય વહીવટમાં સુધારા અંગે આપેલ યોગદાન માટે જાણીતા છે. તેઓએ રાષ્ટ્રીય ટીચર્સ એજ્યુકેશન કાઉન્સિલના અધ્યક્ષપદે તેમજ NCERTના નિયામક તરીકે કામગીરી કરેલ છે.**



**યોજના વાંચો**
**યોજના વંચાવો**
**યોજના વસાવો**

# ભારતમાં સર્વસમાવેશક શિક્ષણ, તેનું મહત્ત્વ અને ભવિષ્યનો માર્ગ

ડૉ. અનુપ્રિયા ચઢા



*સર્વસમાવેશક શિક્ષણ એટલે તમામ વિદ્યાર્થીઓને શિક્ષણ વ્યવસ્થામાં સમાવી લેવા. પરંતુ તેનો અર્થ એવો થતો નથી કે એક જ વર્ગમાં અગાઉથી નક્કી કરેલા અભ્યાસક્રમમાં તમામ વિદ્યાર્થીઓને એકસરખું શિક્ષણ આપવું. હકીકતમાં માહિતી મેળવવી એ સક્રિય છે, નિષ્ક્રિય નહીં. તેમાં વિદ્યાર્થીના વ્યક્તિત્વમાં ફેરફાર સંકળાયેલો છે અને આ માટે વિદ્યાર્થીની સહભાગિતા જરૂરી છે. સર્વસમાવેશક વર્ગમાં વિવિધ પ્રવૃત્તિઓ એકસાથે હાથ ધરવામાં આવશે. એટલે શિક્ષણ આપવાની હાલની શિક્ષક-કેન્દ્રિત પ્રક્રિયાને બદલે વિદ્યાર્થી-કેન્દ્રિત બનાવવી જોઈએ. વિદ્યાર્થીઓ "સક્રિય સંશોધકો" તરીકે વિકસવા જોઈએ અને આ માટે વિદ્યાર્થીઓને નવું નવું વિચારતા પ્રેરિત કરવા એ અતિ ઉપયોગી વ્યૂહરચના છે.*

સર્વસમાવેશક શિક્ષણ ચોક્કસ જરૂરિયાતો સાથે વિશેષ સમસ્યાઓનો સામનો કરતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક જરૂરિયાતો પૂર્ણ કરવા માટેનો અભિગમ છે. તેનો અર્થ એ થયો કે સપોર્ટ સેવાઓના યોગ્ય નેટવર્ક સાથે સામાન્ય પ્રાથમિક જોગવાઈઓ, શાળાઓ અને સામુદાયિક શિક્ષણની સુવિધાઓની સુલભતા મારફતે વિકલાંગતા ધરાવતા કે સામાન્ય એમ તમામ વિદ્યાર્થીઓ એકસાથે શિક્ષણ મેળવી શકે છે. આ પ્રકારની સુલભતા પરિવર્તનક્ષમ શૈક્ષણિક વ્યવસ્થામાં જ શક્ય છે, જે વિવિધ પ્રકારના વિદ્યાર્થીઓની જરૂરિયાતોને સમજે છે અને આ જરૂરિયાતો પૂર્ણ કરવા તેની સાથે અનુકૂલન સાધીને અપનાવી લે છે. એટલે સર્વસમાવેશક શિક્ષણ શૈક્ષણિક વ્યવસ્થાઓ, તેના મૂલ્યો, માહિતી વ્યવસ્થાઓ અને કાર્યસંસ્કૃતિઓ, પ્રક્રિયાઓ અને માળખાના તમામ સ્તરમાં સર્વસમાવેશક નીતિઓ અને પદ્ધતિઓ મારફતે શારીરિક, સંવેદનશીલ, બૌદ્ધિક કે પારિસ્થિતિક વિકલાંગતા ધરાવતા હોય તેવા વિદ્યાર્થીઓ સહિત તમામ વિદ્યાર્થીઓ માટે મૂળભૂત માનવીય અને નાગરિક અધિકારો હાંસલ કરવાનું માધ્યમ છે. શાળા શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું (એનસીઈઆરટી, ૨૦૦૫) સામગ્રી, રજૂઆત અને વ્યવહારિક પદ્ધતિઓમાં યોગ્ય સુધારા કરીને, શિક્ષકોને તૈયાર કરીને અને શિક્ષણને અનુરૂપ મૂલ્યાંકન પદ્ધતિઓ વિકસાવી વિશેષ શૈક્ષણિક જરૂરિયાતો ધરાવતા વિદ્યાર્થીઓ માટે સર્વસમાવેશક શાળાઓની ભલામણ કરે છે.

**વર્તમાન શિક્ષણ વ્યવસ્થાની ચકાસણી**

આ ઉદ્દેશને ધ્યાનમાં રાખીને વધુ સર્વસમાવેશક શૈક્ષણિક વ્યવસ્થા ઊભી કરવા, તેને પ્રોત્સાહન આપે તેવી પદ્ધતિઓ ચકાસવી અને અપનાવવી મહત્ત્વપૂર્ણ છે. અત્યારે શૈક્ષણિક પદ્ધતિને સંપૂર્ણ વ્યક્તિત્વ ખીલવવાની પ્રક્રિયા તરીકે નહીં, પણ એક ઉત્પાદન તરીકે જોવામાં આવે છે, જેમાં શૈક્ષણિક વર્ષના અંતે રિપોર્ટ, માર્કશીટ કે ડિગ્રી એનાયત કરવામાં આવે છે. અત્યારે શૈક્ષણિક વ્યવસ્થાના સંપૂર્ણ ઉદ્દેશનો ફેરવિચાર કરવાની તાતી જરૂર છે, જેથી વિદ્યાર્થીઓ વૈશ્વિક રીતે જવાબદાર નાગરિક બની શકે અને તેમનું સંપૂર્ણ વ્યક્તિત્વ ખીલે. જ્યારે બાળકો શાળાઓમાં કશું શીખવામાં નિષ્ફળ નિવડે છે, ત્યારે તેમનામાં ખામી છે અને તેમને સુધારવાની જરૂર છે તેવું માનવામાં આવે છે. પણ જ્યારે ધીમે ધીમે સમાજમાં કશી ગરબડ દેખાય ત્યારે શૈક્ષણિક વ્યવસ્થાનો વિચાર કરવાની અને તેને સુધારવા આત્મમંથન કરવાની જરૂર હોય છે.

સર્વસમાવેશક શિક્ષણના આ અર્થઘટનમાં પડકાર એ છે કે આપણે સર્વસમાવેશક શાળાઓ ઊભી કરવી પડશે, જેમાં

- દરેક વિદ્યાર્થીનો સ્વીકાર કરવામાં આવે છે અને તેમને સાથસહકાર આપવામાં આવે છે.
- શાળાના સહાભ્યાસીઓ અને અન્ય સભ્યો એકબીજાનો સ્વીકાર કરે છે
- દરેક વિદ્યાર્થીઓની જરૂરિયાતો સંતોષાય છે.



સામાન્ય રીતે પરંપરાગત વર્ગમાં પુખ્ત વ્યક્તિઓ અભ્યાસ સંબંધિત તમામ નિર્ણયો લે છે, શૈક્ષણિક પ્રવૃત્તિઓ નક્કી કરે છે અને વિદ્યાર્થીઓ ભણશે તેવી અપેક્ષા રાખે છે. તેઓ વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન સરળ અને ઝડપથી કરવા એક પેપર કાઢે છે અને વિદ્યાર્થીઓ તેના જવાબ આપે છે. ઘણી વખત તેનું સ્વરૂપ શિક્ષકના સ્વરૂપ કે વિદ્યાર્થીના વર્કશીટ્સ હોય છે. આ પ્રકારના વર્ગમાં વિદ્યાર્થીઓ જહાજ હોય છે, જેનું સુકાન શિક્ષકોના હાથમાં હોય છે. શિક્ષકો જરૂરી માહિતી સાથે આ જહાજને દોરે છે. બીજી તરફ સર્વસમાવેશક વર્ગોમાં એવું વાતાવરણ હોય છે જેમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ શાળાની અંદર વિદ્યાર્થીઓના સમુદાયને સાથસહકાર અને માર્ગદર્શન પ્રદાન કરે છે, જ્યાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ અભ્યાસક્રમ ચકાસે છે અને તેમાં વિવિધ ક્ષમતા ધરાવતા સહાભ્યાસીઓના પ્રદાનમાંથી ફાયદો થાય છે. સર્વસમાવેશક અભિગમ ધરાવતા શિક્ષકો પાઠ્યપુસ્તકની બહાર વ્યહારિક કૌશલ્ય પર ધ્યાન કેન્દ્રિત કરે છે તેમજ સાથસહકારયુક્ત શિક્ષણ, સંપૂર્ણ ભાષા, ચોક્કસ થીમ આધારિત સૂચન, મહત્ત્વપૂર્ણ વિચાર, સમસ્યાનું સમાધાન અને અધિકૃત આકારણી માટે વલણ અખત્યાર કરે છે.

વૈવિધ્યપૂર્ણ જરૂરિયાતો ચોક્કસ પડકારજનક છે. પણ સાથે સાથે તે શિક્ષણ અને સામાજિક સંબંધોનો સંવર્ધિત કરવાની તક પ્રદાન કરે છેઃ તેમાં વ્યક્તિગત સમસ્યાને બદલે વ્યવસ્થા અને સંસ્થા માટે શિક્ષણના સૈદ્ધાંતિક પડકારો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. આ પડકારનો સામનો કરવાનો અર્થ વ્યવસ્થાઓ અને શાળાઓમાં સુધારા અને વર્ગની પ્રવૃત્તિનું પુનર્ગઠન છે, જેથી તમામ વિદ્યાર્થીઓ તકો ઝડપી શકે છે અને તમામ શિક્ષકો તેમને તકનો ઉપયોગ કરવા સક્ષમ બનાવી શકે. જો સર્વસમાવેશક શિક્ષણ તમામ માટે શિક્ષણ સુલભ કરવાના લક્ષ્યાંકને ખરેખર આગળ ધપાવી શકે, તો નવી માંગો, પડકારો, મુશ્કેલીઓ, દ્વિધાઓ અને ચિંતાઓને ધ્યાનમાં લેવી પડશે.

શાળાઓને વિશ્વ સમુદાયના યુવાન નાગરિકો તૈયાર કરવા સામાજિક અનુભવ પ્રદાન કરતા મુખ્ય ક્ષેત્ર તરીકે ગણવી જોઈએ. આ બાબતને ધ્યાનમાં રાખીએ તો સર્વસમાવેશકતા વધુ સહિષ્ણુ, સુસભ્ય અને વૈવિધ્યપૂર્ણ વિશ્વ સમુદાય ઊભા કરવાનું ચોક્કસ સમાધાન જણાય છે. શાળાઓ તેમની કાર્યસંસ્કૃતિના પરિણામો અને તે કાર્યસંસ્કૃતિને બદલવાના માધ્યમ તરીકે જટિલ અને વિપરિત જવાબદારીઓ ધરાવે છે. આ કારણે સર્વસમાવેશક શિક્ષણ માટેની કોઈ પણ હિલચાલ માટે સ્થાનિક સમુદાયની ભાગીદારી આવશ્યક છે. વિદ્યાર્થીઓની વિવિધતા જ શિક્ષણ માટે સારો એવો સ્રોત છે. બાળકો માટે સહાભ્યાસીઓ સાથે શિક્ષણ અને સહાભ્યાસીનો સહયોગ તેમના શિક્ષણ મેળવવાના સમયગાળામાં સ્રોત તરીકે કામ કરે છે. તમામ વિદ્યાર્થીઓના માતાપિતા તેમના બાળકો વિશે સારી જાણકારી ધરાવતા હોય છે અને આ જાણકારી ખામી ધરાવતા કેટલાંક બાળકો માટે ખાસ ઉપયોગી બની શકે છે. એટલે તમામ સમુદાયોની અંદર અભ્યાસ કરવાની તકો હોય છે, જેનો શિક્ષણ માટે ઉપયોગ થઈ શકશે.

**આગળનો માર્ગ**

જ્યારે સર્વસમાવેશક અતિ આકર્ષક ફિલસૂફી છે, ત્યારે શૈક્ષણિક ક્ષેત્ર સાથે સંકળાયેલ કોઈ પણ વ્યક્તિ એક વાત સાથે વધતાઓછા અંશે સંમત છે કે દરેક શાળા અને દરેક શિક્ષકની સર્વસમાવેશકતા માટેની પદ્ધતિ નોંધપાત્ર રીતે અલગ હોય છે. ચોક્કસ, ''બધાને એક લાકડીએ હંકારી ન શકાય'' તેમ છતાં શિક્ષણની કેટલીક ચોક્કસ વ્યૂહરચનાઓ હોય છે, જે સાધારણ શૈક્ષણિક વર્ગોની અંદર તમામ વિદ્યાર્થીઓની વિશિષ્ટ શૈક્ષણિક, સામાજિક અને સૂચના સંબંધિત જરૂરિયાતો પૂર્ણ કરે છે. આ વ્યૂહરચનાઓ જરૂરી છે, જેથી આદર્શ વર્ગમાં વૈચારિક અને મૂલ્યપ્રધાન વલણથી સર્વસમાવેશકતાનો ઉદ્દેશ પાર પડે.

**સર્વસમાવેશકતામાં વિવિધતા માટે જોગવાઈ હોવી જોઈએ**

સર્વસમાવેશકતાની સફળતા

વર્ગશિક્ષકોના હાથમાં હોય છે, જેઓ શૈક્ષણિક પરિવર્તન અને શાળા સુધારા માટે મહત્ત્વપૂર્ણ માધ્યમ છે. તેઓ શૈક્ષણિક વાસ્તવિકતાઓની અંદર બનાવવામાં આવેલી નીતિઓનો અમલ કરે છે. આ માટે વર્તણૂંકમાં પરિવર્તનની જરૂર છે, જેમાં મતભેદો હોવા છતાં સમુદાયના તમામ સભ્યોનું મૂલ્ય હોય છે. શિક્ષકોએ દઢપણે માનવું જોઈએ કે તમામ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે છે અને તેમણે વિવિધ ક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓની સફળતા માટે યોજના બનાવવી જોઈએ. શિક્ષકો વર્ગમાં વિવિધ ક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓને સ્વીકારે, માન્યતા આપે અને તેમની આંતરિક શક્તિને ખીલવવા પ્રયાસ કરે તે જરૂરી છે એટલે તેમણે વિવિધ ક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓનો સ્વીકાર કરીને ભાગીદારી અને સમાનતાને પ્રોત્સાહન આપવું જોઈએ.

એટલે સર્વસમાવેશક વર્ગમાં અસરકારક શિક્ષણ માટે એવી શૈક્ષણિક પદ્ધતિઓની જરૂર છે, જે વિવિધ પૃષ્ઠભૂમિઓ, જરૂરિયાતો અને ક્ષમતાઓ ધરાવતા વિવિધ વિદ્યાર્થીઓને સમાવી શકે. મારી દૃષ્ટિએ આ પદ્ધતિ વર્ગમાં ત્રણ મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોને સંબોધે છે :

- શૈક્ષણિક સંદર્ભ
- શૈક્ષણિક સામગ્રી
- શિક્ષણ વિદ્યાર્થી પ્રક્રિયા.

**શૈક્ષણિક સંદર્ભ**

જો સર્વસમાવેશકતાને સહભાગિતા વધારવાની અને વિદ્યાર્થીઓની સહભાગિતા અને શિક્ષણના અવરોધો દૂર કરવાની કે ઘટાડવાની દ્વિમાર્ગીય પ્રક્રિયા ગણવામાં આવે, તો શિક્ષણના સંદર્ભનું આયોજન મહત્ત્વપૂર્ણ પાસું છે. તેમાં અભ્યાસના વાતાવરણમાં સુધારો એટલે કે ભૌતિક ગોઠવણો, મહત્ત્વપૂર્ણ સ્થાનોમાં રેલિંગ મૂકવા જેવા રૂમમાં સુધારાવધારા, વ્હીલચેરની સુલભતા માટે ફ્લોર સ્પેસની પુનઃગોઠવણી વગેરે સામેલ છે, પણ મુખ્ય પ્રવાહની શાળાઓમાં પ્રવર્તમાન કડક અકાદમિક અભિગમમાંથી સ્થળાંતરણ સંકળાયેલ છે, જેમાં શૈક્ષણિક કામગીરીનું મૂલ્યાંકન અતિ મહત્ત્વપૂર્ણ પરિબળ છે. સર્વસમાવેશક સેટિંગમાં સમુદાયની ઉચ્ચ ભાવના અને વિશ્વાસ સંકળાયેલ છે, કારણ કે વિવિધ વયજૂથના બાળકો સ્પર્ધાત્મકને બદલે સહકારના વાતાવરણમાં એકસાથે કામ કરે છે. આ માટે તમામ વિદ્યાર્થીઓ માટે પ્રસ્તુત અભ્યાસ સામગ્રીઓ અને અનુભવો સાથે કાળજીપૂર્વક આયોજિત કરેલ વાતાવરણ આવશ્યક છે.

સામાન્ય શિક્ષણ એ માન્યતાને સ્વીકારે તે મહત્ત્વપૂર્ણ છે કે સામાજિક કૌશલ્ય અને સહાભ્યાસીઓ સાથેનો સંબંધ શૈક્ષણિક સિદ્ધિઓ જેટલો જ મહત્ત્વપૂર્ણ છે. મુખ્ય પ્રવાહની શાળાઓમાં એકબીજાને સાથસહકાર આપતા વિદ્યાર્થીઓના જૂથો મારફતે વિશ્વાસનું વાતાવરણ વધારવા અને સહાભ્યાસીઓ સાથેના આદાનપ્રદાન સંબધો વધારવા માટે વ્યૂહાત્મક શૈક્ષણિક પદ્ધતિઓ અતિ સફળ પુરવાર થઈ છે. વિદ્યાર્થીઓ એકબીજાને સામગ્રી સમજાવવામાં મદદરૂપ થતા નથી, પણ અનુભવો વહેંચે છે, જે એકથી વધારે પાસાં અને પારસ્પરિક સાથસહકાર પ્રદાન કરે છે. જોડીઓની જેમ જૂથો પણ અલગ હોઈ શકે છે, એટલે કે મિશ્ર વિકલાંગતા ધરાવતા બે કે વધારે જૂથોમાં કામ કરતા વિદ્યાર્થીઓની જોડી તરીકે જૂથોને અલગ પાડી શકાશે, જેમાં દરેક સભ્યને ચોક્કસ ભૂમિકા સુપરત કરવામાં આવે છે.



ઉદાહરણ તરીકે ટાઇમ કીપર, પ્રેઝન્ટર વગેરે. એટલે વર્ગમાં સાથસહકારના વાતાવરણમાં વિદ્યાર્થીઓ એકબીજાને સાથસહકાર આપે છે અને એકબીજાના કૌશલ્યને સંવર્ધિત કરવામાં મદદ કરે છે. તેઓ એકબીજા વચ્ચે ગળાકાપ સ્પર્ધા કરતા નથી અને એકબીજાને પાછળ પાડવાનો પ્રયાસ કરતા નથી.

**શિક્ષણની સામગ્રી**

ગુણવત્તાયુક્ત સૂચનાઓનો ઉદ્દેશ વાસ્તવિક કરતાં આદર્શ વધારે છે, કારણ કે શિક્ષકો અસરકારક સૂચના પ્રદાન કરવા મથામણ કરી રહ્યાં છે. અત્યાર સુધી શિક્ષણ મુખ્યત્વે સરેરાશના માપદંડ પર આધારિત છે, જેનો અર્થ એ થયો કે જ્યારે કેટલાંક વિદ્યાર્થીઓ શિક્ષણનું સ્તર જાળવી શકતા નથી, ત્યારે અન્ય વિદ્યાર્થીઓ શિક્ષણ "વધારે પડતું સરળ" અને કંટાળાજનક માને છે. વર્ગોમાં વિવિધ જરૂરિયાતો પૂર્ણ કરવા વ્યક્તિગત વિદ્યાર્થીઓની શીખવાની વિશિષ્ટ જરૂરિયાતના આધારે જુદી જુદી સૂચનાઓનું આયોજન કરવું જોઈએ. અલગ-અલગ વર્ગો વિવિધ તૈયારીનું સ્તર ચકાસવા બનાવેલા વિવિધ વિકલ્પો ઓફર કરે છે, જે માટે નીચેની સુવિધાઓ પ્રદાન કરે છે :

- અભ્યાસક્રમને સમજવા-ચકાસવા વિદ્યાર્થીઓને વિવિધ વિકલ્પો પ્રદાન કરવા.

- વિવિધ પ્રવૃત્તિઓ, જેની મારફતે વિદ્યાર્થીઓ માહિતી અને વિચારો સમજી શકે અને તેને ''ધારણ'' કરી શકે.
- વિકલ્પો, જેની મારફતે વિદ્યાર્થીઓને શું શીખવું છે તે પ્રદર્શિત કરે છે (ઉદાહરણ તરીકે લેખિત/મૌખિક/ અથવા વૈકલ્પિક સંવર્ધિત સંચાર વ્યવસ્થાનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓના પ્રતિસાદ પ્રેરિત રૂપરેખાના આધારે શીખવાની શૈલી પસંદ કરવી).



વર્ગમાં વિદ્યાર્થીઓની શિક્ષણની વિવિધ જરૂરિયાતો પૂર્ણ કરવા એક નિશ્ચિત પાઠથી અલગ પડતી સૂચના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને શિક્ષણના ઉદ્દેશો અને સૂચનાની ગતિ જેવા પરિબળો સાથે અનુકૂળતા ધરાવતા શિક્ષકો પ્રદાન કરવા જોઈએ. પરિકલ્પના-કેન્દ્રિત અને સિદ્ધાંત-સંચાલિત ઉપયોગની કામગીરીનું વિશ્લેષણ કરતી સૂચના (જરૂરી અનુકૂળતાઓ સાથે દરેક વ્યક્તિગત પગલું કે કૌશલ્ય) વિકલાંગતા ધરાવતા બાળકોને જ લાભદાયક નથી, પણ વર્ગોમાં સ્થાપિત ઉદ્દેશો હાંસલ કરવા અન્ય વિદ્યાર્થીઓને પણ ઉપયોગી છે.

**શિક્ષક અને શિક્ષણની પ્રક્રિયાઓ**

સર્વસમાવેશક શિક્ષણ એટલે તમામ વિદ્યાર્થીઓને શિક્ષણ વ્યવસ્થામાં સમાવી લેવા. પરંતુ તેનો અર્થ એવો થતો નથી કે એક જ વર્ગમાં અગાઉથી નક્કી કરેલા અભ્યાસક્રમમાં તમામ વિદ્યાર્થીઓને એકસરખું શિક્ષણ આપવું. હકીકતમાં માહિતી મેળવવી એ સક્રિય છે, નિષ્ક્રિય નહીં. તેમાં વિદ્યાર્થીના વ્યક્તિત્વમાં ફેરફાર સંકળાયેલો છે અને આ માટે વિદ્યાર્થીની સહભાગિતા જરૂરી છે. સર્વસમાવેશક વર્ગમાં વિવિધ પ્રવૃત્તિઓ એકસાથે હાથ ધરવામાં આવશે. એટલે શિક્ષણ આપવાની હાલની શિક્ષક-કેન્દ્રિત પ્રક્રિયાને બદલે વિદ્યાર્થી-કેન્દ્રિત બનાવવી જોઈએ. વિદ્યાર્થીઓ ''સક્રિય સંશોધકો'' તરીકે વિકસવા જોઈએ અને આ માટે વિદ્યાર્થીઓને નવું નવું વિચારતા પ્રેરિત કરવા એ અતિ ઉપયોગી વ્યૂહરચના છે.

આ વ્યૂહરચનાનો ઉપયોગ કરવા શિક્ષક તમામ વિદ્યાર્થીઓને પ્રસ્તુત અનુભવ પ્રદાન કરે, શિક્ષણના સંશોધન મારફતે નિયમો અને સિદ્ધાંતોના વિશ્લેષણમાં સહકાર આપે તે જરૂરી છે. આ બાબતને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય શિક્ષણ, સંશોધન અને તાલીમ પરિષદ (એનસીઈઆરટી)એ તાજેતરમાં અભ્યાસક્રમ સ્વીકાર્યતા, સર્વસમાવેશક શિક્ષણ પર ઉત્કૃષ્ટ સામગ્રી તૈયાર કરી છે અને સર્વસમાવેશક વર્ગોમાં વિકલાંગતા ધરાવતા બાળકો માટે મૂલ્યાંકનને કેવી રીતે અનુકૂળ બનાવવું તેના પર ઉત્કૃષ્ટ સામગ્રી તૈયાર કરી છે. આ સામગ્રી તે અભિગમ પર આધારિત છે, જેમાં શિક્ષક વર્ગમાં તમામ બાળકોને અર્થસભર શૈક્ષણિક અનુભવો પ્રદાન કરે છે અને સરળ ભાષાનો ઉપયોગ કરે છે તેમજ તમામ બાળકોમાં મૂલ્યનું આરોપણ થાય તેવા વિચારો વ્યક્ત કરે છે. આ સામગ્રી અનેક ઉદાહરણોને સમાવે છે, જે સર્વસમાવેશક વર્ગોમાં હાલની શિક્ષણ વ્યવસ્થામાં કેવી રીતે ફેરફાર કરવો તે પ્રદર્શિત કરે છે અને વિદ્યાર્થીઓને સ્વતંત્ર રીતે શીખવાની કળામાં માહેર બનાવે છે તેમજ શૈક્ષણિક પ્રક્રિયામાં સક્રિય ભાગીદાર બનાવવા તૈયાર કરે છે. સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત મુખ્ય પ્રવાહના ૧.૫૮ લાખ શિક્ષકોને આ સામગ્રી પર તાલીમ આપીને તૈયાર કરવામાં આવ્યાં છે.

**ભવિષ્યનું કદમ : શિક્ષક ક્ષમતા સંવર્ધન**


સર્વસમાવેશક શિક્ષણના વિકાસમાં શિક્ષકોના મૂલ્યો, વર્તણૂંકો, વ્યાવસાયિક કુશળતા અને માહિતીમાં સતત ફેરફાર જ સામેલ નથી, પણ તેની સાથે તેમની તાલીમ અને સાથસહકાર માટે જવાબદાર મૂલ્યો પણ સંકળાયેલા છે. આ સમસ્યાનું સમાધાન કરવા 'મૂળભૂત ફેરફાર', વ્યાવસાયિક વિકાસના સતત અને સુસંગત કાર્યક્રમ સંકળાયેલા છે. આ પરિવર્તન માટે મુખ્યત્વે શિક્ષક જવાબદાર હોવાથી જરૂરી ક્ષમતાની નિર્માણ અને સર્વસમાવેશક શિક્ષણને વાસ્તવિક બનાવવા કાળજીપૂર્વકનું આયોજન આવશ્યક છે.

શિક્ષકો શિક્ષણ પ્રત્યે વધારેને વધારે વિદ્યાર્થી કેન્દ્રિત અભિગમ અપનાવી શકે છે, તેમ છતાં શિક્ષણની પદ્ધતિ અને શિક્ષકોને શિક્ષણ આપવામાં અપનાવવામાં આવતી પદ્ધતિ તે પ્રતિબદ્ધતાથી વિપરીત હોઈ શકે છે અને શિક્ષકોના તાલીમદાતા આ બાબતે અસંમત હોઈ શકે છે. શિક્ષકોના ઘણા શૈક્ષણિક અભ્યાસક્રમોમાં સર્વસમાવેશકતાને વધારાનું મોડ્યુલ ગણવામાં આવે છે, જે સામાન્ય રીતે ખામીઓ ધરાવતા વિદ્યાર્થીઓ કે વિશેષ શૈક્ષણિક જરૂરિયાતો ધરાવતા વિદ્યાર્થીઓ સાથે સંકળાયેલી હોય છે. એટલે લિંગ, વંશ, ભાષાકીય ભેદભાવોની સમસ્યાઓનો ચૂપચાપ ઈનકાર કરવામાં આવે છે. એટલે હાલના પડકારને પહોંચી વળવા ગતિશીલ 'સર્વસમાવેશક શૈક્ષણિક અભ્યાસક્રમ' માટેનો માર્ગ મોકળો કરવા સાધારણ અને વિશેષ શૈક્ષણિક અભ્યાસક્રમોને તાત્કાલિક પ્રતિબિંબિત કરવાની અને તેના પર મનોમંથન કરવાની જરૂર છે.

સતત અને વિસ્તૃત મૂલ્યાંકન (સીસીઈ)નો નવો અભિગમ આ દિશામાં હકારાત્મક કદમ છે. સીસીઈનો સંદર્ભ વિદ્યાર્થીઓના શાળા-આધારિત મૂલ્યાંકનની વ્યવસ્થા સાથે છે, જે વિદ્યાર્થીઓના વિકાસના તમામ પાસાંને આવરી લે છે. તે બે ઉદ્દેશ પર ભાર મૂકે છે. આ ઉદ્દેશ બાળકની શૈક્ષણિક પ્રક્રિયાના તમામ પાસાંના મૂલ્યાંકન અને આકારણીમાં સાતત્યતા સાથે છે. વિદ્યાર્થીઓના વિકાસ અને તેમની વૃદ્ધિના ઓળખાયેલા પાસાંનું મૂલ્યાંકન સતત પ્રગતિ છે, નહીં કે ચોક્કસ સમયગાળા પછી વાર્ષિક કે અર્ધવાર્ષિક ચકાસણી. બીજો શબ્દ 'વિસ્તૃત'નો અર્થ એ છે કે આ પ્રક્રિયા વિદ્યાર્થીઓની વૃદ્ધિ અને તેમના વિકાસની કેળવણી અને બિનકેળવણી એમ બંને પાસાંને આવરી લે છે.

એટલે સર્વસમાવેશક વાતાવરણમાં શૈક્ષણિક દષ્ટિકોણ વાજબી હોય અને શિક્ષણની વિવિધ પદ્ધતિનો ઉપયોગ કરીને તમામ વિદ્યાર્થીઓની સર્વસમાવેશકતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે ત્યારે તમામ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનો લક્ષ્યાંક હાંસલ થશે. તેમાં શિક્ષણ સાથે સંબંધિત પ્રશ્નો, સંશોધન, સાથસહકાર ધરાવતા શિક્ષણ, વ્યક્તિગત અપેક્ષાઓ અને ગંભીર વિચારસરણી મારફતે પ્રદાન કરવામાં આવતા શિક્ષણ આ તમામને ''શ્રેષ્ઠ પદ્ધતિઓ'' હેઠળ આવરી લેવામાં આવે છે. શાળામાં દરેક બાળકને તેની અભ્યાસની જરૂરિયાતને અનુરૂપ અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો અને શૈક્ષણિક સામગ્રીની સમાન સુલભતા પ્રદાન થવી જોઈએ.

**લેખક શિક્ષણના અધિકાર અને સર્વ શિક્ષા અભિયાન માટેના રાષ્ટ્રીય ફોરમમાં મુખ્ય સલાહકાર છે. તેઓએ કેટલાક પુસ્તકો પણ લખેલા છે.**




**Subscription Rates of Yojana (English, Hindi), Kurukshetra (English, Hindi) & Aajkal**

| | |
|---|---|
| Single Copy | Rs. 10.00 |
| 1 Year | Rs. 100.00 |
| 2 Years | Rs. 180.00 |
| 3 Years | Rs. 250.00 |

: Address :
**Business Manager (Journals)**
Publications Division, Ministry of Information & Broadcasting,
Room No. 48-53, Soochna Bhawan, CGO Complex, Lodhi Road, New Delhi - 110 003
Tel. : (011) 24367260/5609/5610

Subscription amount may be sent through
**Money Order / Demand Draft / Cheque / Postal Order**


**Demand Draft / Cheque should be in favour of**
ADG (In-charge), Publications Division, Ministry of I & B, Payable at New Delhi

આગામી આકર્ષણ
**ફેબ્રુઆરી ૨૦૧૬**

**"આરોગ્ય"**
**"Health"**

# ગુણવત્તાસભર શિક્ષણનો દૃષ્ટિકોણ

કિરણ ભાટી




*એ બાબતમાં કોઈ ઈન્કાર ન કરી શકે કે કૌશલ્ય વિકાસને બાળકના જીવનમાં કે શાળાના અભ્યાસક્રમમાં સ્થાન ન હોવું જોઈએ. તેને અવશ્ય સ્થાન મળવું જોઈએ, પરંતુ તેનો પ્રકાર અને તેની ભૂમિકા જુદી હોવી જોઈએ. ઉદાહરણ તરીકે બાળકના જીવનમાં શિક્ષણ પ્રાપ્ત કરવાની પ્રક્રિયામાં જીવન કૌશલ્ય ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. અન્ય બિનશૈક્ષણિક કે બિનજ્ઞાનાત્મક કૌશલ્ય પણ બાળકના શૈક્ષણિક વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પરંતુ ખરી સમસ્યા ત્યાં ઉત્પન્ન થાય છે જ્યારે શાળાકીય શિક્ષણના સ્તરે જ અમુક બાળકો માટે જીવન કૌશલ્ય અને અમુક બાળકો માટે વ્યાવસાયિક કૌશલ્યની શિક્ષણનીતિમાં ભલામણ કરવામાં આવે છે.*

છેલ્લાં થોડાં વર્ષોથી શાળામાં અપાતા શિક્ષણની ગુણવત્તા અંગે અને ખાસ કરીને સરકારી શાળાઓમાં અપાતાં શિક્ષણની ગુણવત્તા અંગે ચિંતાની લાગણી વધી રહી છે. તમામ સર્વેક્ષણોમાં પછી તે ASERનો અહેવાલ હોય કે NCERTનો રાષ્ટ્રીય એચિવમેન્ટ સર્વે હોય કે પછી PISOની આંતરરાષ્ટ્રીય કસોટી હોય શાળામાં બાળકોના શિક્ષણનું સ્તર હોવું જોઈએ તેના કરતાં નીચું જણાયું છે. પછી તે વાંચનની ક્ષમતા હોય કે ગણિતની ક્ષમતા હોય. આ સર્વેક્ષણના ચિંતાજનક તારણોથી ખૂબ જ તાકીદની ચર્ચા શરૂ થઈ છે કે જેથી શિક્ષણની ગુણવત્તા ઘટવાના કારણો શોધી શકાય અને આ સમસ્યાનો સંભવિત ઉકેલ પ્રાપ્ત કરી શકાય.

શિક્ષણને લગતા જરૂરી મુદ્દાઓની સાથે સાથે શાળામાં શિક્ષણના કથળતા જતા સ્તર માટે શાળા સંચાલનનો મુદ્દો પણ મહત્ત્વપૂર્ણ પરિબળ તરીકે ઉભરીને બહાર આવ્યો છે. આ ઉપરાંત પરીક્ષાઓની પદ્ધતિઓ, શિક્ષણના પ્રમાણની વૈદ્યતા અને મૂલ્યાંકનના પરિબળોના પ્રકારો વગેરે સામે પણ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

જો કે સંશોધન આધારિત પુરાવાઓના અભાવે જુદા જુદા અભિગમોની હિમાયતો વચ્ચે તીવ્ર મતભેદો પ્રવર્તે છે અને સર્વ સંમતિના કોઈ ચિહ્નો જણાતા નથી. શિક્ષણ વિશેની આ ઉગ્ર ચર્ચામાં શિક્ષણ વિશેના મૂળ ઉદ્દેશથી દૂર ભટકી જવાનો મુખ્ય ભય સેવાય છે અને તે છે શિક્ષણ. બાળક અને રાષ્ટ્ર પ્રત્યેના દૃષ્ટિકોણથી શું આપણે ધાર્યા પરિણામો પ્રાપ્ત કરવા માટે અતિ આવશ્યક પ્રક્રિયાને છોડી રહ્યા છીએ ? શું આપણે સંસ્થાકીય પરિબળોને સાંકળવાની ઉપેક્ષા કરીને તેની ઇચ્છનિયતા કે ટકાઉપણાની ચિંતા કર્યા વગર ખોટી ઉતાવળ કરી રહ્યા છીએ ? શું આપણે શિક્ષણના મૂળ ધ્યેયને ભૂલીને તેને બદલે અર્થતંત્ર કે બજાર દ્વારા સંચાલિત પરિબળોથી દોરવાઈ રહ્યા છીએ ?

નવી શિક્ષણનીતિના ઘડતરની પૂર્વ સંધ્યાએ આપણે આ બધા વિવાદાસ્પદ મુદ્દાઓથી એક કદમ પાછળ જઈને શિક્ષણ માટે આપણો વાસ્તવિક દૃષ્ટિકોણ શું છે ? અને અત્યારે આપણે ક્યાં ઊભા છીએ તે વિચારવાની આપણી પાસે શ્રેષ્ઠ તક છે. આપણે અહીં વ્યાપક ધ્યેય અને દૃષ્ટિકોણ સામેના ત્રણ મુખ્ય અંતરાયો વિશે ચર્ચા કરીશું.

**શિક્ષણનું કૌશલ્ય**

પ્રથમ પરિબળ શિક્ષણને રોજગાર અને આવક વૃદ્ધિના માપદંડથી સામાજિક અને આર્થિક પ્રગતિ માટે સારી તકના સ્વરૂપમાં જુએ છે જ્યારે બીજું પરિબળ શિક્ષણ દ્વારા મળતાં સંખ્યાત્મક લાભોથી ખૂબ જ આગળ જઈને વ્યક્તિના જીવનમાં ગુણાત્મક સુધારનો ઉલ્લેખ કરે છે. આ બંને દલીલો મહત્ત્વપૂર્ણ હોવા અંગે બહુ ઓછો મતભેદ હોવા છતાં તાજેતરના વર્ષોમાં ભૌતિક મૂલ્યોને વધુ મહત્ત્વ આપવાનું જોવા મળી રહ્યું છે. ખાસ કરીને સરકારી શાળાઓમાં ભણતા ગરીબ બાળકોને તેની રેન્જ વધારવા માટે દબાણ આપવામાં આવે છે જ્યારે આંતરિક મૂલ્યો ઉપર ખૂબ જ ઓછું ધ્યાન અપાય છે. વર્તમાન સંજોગોમાં શાળાકીય શિક્ષણમાં કૌશલ્ય વિકાસ ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાનું વલણ જોવા મળી રહ્યું છે. આ પ્રકારનું વલણ કમનસીબે શ્રમ બજાર માટે ઝડપભેર યુવાનો તૈયાર કરવાને પ્રાધાન્ય આપે છે, પરંતુ તેનાથી વ્યક્તિને તેના સંપૂર્ણ વિકાસની તક યોગ્ય રીતે મળતી નથી.

શિક્ષણ અને અભ્યાસના પ્રારંભિક તબક્કે જ કૌશલ્ય પ્રાપ્ત કરવાના વર્તમાન વલણથી જે તે વ્યક્તિ શિખવાની અને વિકાસ પામવાની તક તો ગુમાવે જ છે, પરંતુ તેનાથી વ્યક્તિને શિક્ષણ નહીં, પરંતુ કૌશલ્ય વિકાસ આધારિત ઓછી કમાણીવાળા રોજગારમાં જીવનભર રહેવું પડે છે. આમ શિક્ષણના પ્રારંભિક તબક્કે કૌશલ્ય પ્રાપ્ત કરવાનું વલણ ખૂબ સંકુચિત અને ટૂંકો દૃષ્ટિકોણ છે. જે થોડી વ્યક્તિઓના ટૂંકાગાળાના હિતને સંતોષે છે. આ ઉપરાંત તે એ વાસ્તવિકતાનો પણ અનાદર કરે છે જેમાં પાયાના સ્તરના શિક્ષણને ખૂબ જ જરૂરી ગણવામાં આવ્યું છે. આપણા દેશમાં પ્રાથમિક શિક્ષણનું સ્તર હજુ પણ વૈશ્વિકીકરણની કક્ષાથી હજારો કોષ દૂર છે ત્યારે તેમાં કૌશલ્ય ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાથી તમામને ગુણવત્તાસભર શિક્ષણનું પ્રાથમિક ધ્યેય ચૂકી જવાય છે.

એ બાબતમાં કોઈ ઈન્કાર ન કરી શકે કે કૌશલ્ય વિકાસને બાળકના જીવનમાં કે શાળાના અભ્યાસક્રમમાં સ્થાન ન હોવું જોઈએ. તેને અવશ્ય સ્થાન મળવું જોઈએ, પરંતુ તેનો પ્રકાર અને તેની ભૂમિકા જુદી હોવી જોઈએ. ઉદાહરણ તરીકે બાળકના જીવનમાં શિક્ષણ પ્રાપ્ત કરવાની પ્રક્રિયામાં જીવન કૌશલ્ય ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. અન્ય બિનશૈક્ષણિક કે બિનજ્ઞાનાત્મક કૌશલ્ય પણ બાળકના શૈક્ષણિક વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પરંતુ ખરી સમસ્યા ત્યાં ઉત્પન્ન થાય છે જ્યારે શાળાકીય શિક્ષણના સ્તરે જ અમુક બાળકો માટે જીવન કૌશલ્ય અને અમુક બાળકો માટે વ્યાવસાયિક કૌશલ્યની શિક્ષણનીતિમાં ભલામણ કરવામાં આવે છે. આમ કરવાથી બાળકને તકની ગુણવત્તામાં બંધારણીય અધિકારથી વંચિત કરવાની સાથે તે લાંબાગાળે દેશના આર્થિક વિકાસના હેતુ માટે પણ સાર્થક નિવડતી નથી.

**વૈજ્ઞાનિક સ્વભાવ અથવા સામાજિક વિજ્ઞાન પરિપ્રેક્ષ્ય**

એ વાતનો સમગ્ર વિશ્વમાં સ્વીકાર થયેલો છે કે રાષ્ટ્રના ભાવિ વિકાસમાં ભૂમિકા ભજવવા માટે બાળકને તૈયાર કરવામાં શિક્ષણની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. એમાં કોઈ શંકા નથી કે શિક્ષણની ભૂમિકામાં અનેક પાસાંઓનો સમાવેશ થાય છે અને તેમાં સતત વૃદ્ધિ થતી રહે છે, પરંતુ કોઈપણ વ્યક્તિના શૈક્ષણિક વિકાસ સ્તંભમાં બંધારણમાં કરાયેલી જોગવાઈ મુજબ નાગરિક તરીકેના મૂલ્યો ખૂબ જ પાયાની ભૂમિકા ભજવે છે.

આ મૂલ્યોમાં લોકશાહી, સામાજિક ન્યાય અને સમાનતાનો સમાવેશ થાય છે. જેનો એક વયસ્ક વ્યક્તિના જીવનમાં દુરોગામી પ્રભાવ પડે છે. અત્યંત વિકસિત સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમ દ્વારા અપાયેલું શિક્ષણ આ રીતે વ્યક્તિના અંગત અને વ્યાવસાયિક જીવનમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કમનસીબે વર્તમાન સમયમાં ચાલતાં ચિંતનમાં શિક્ષણની ગુણવત્તા વિજ્ઞાન પ્રત્યેના અભિગમના ચશ્માંથી જોવામાં આવે છે અને સામાજિક વિજ્ઞાનના મૂલ્યોની તેમાં ઉપેક્ષા થાય છે. વિજ્ઞાન અને ગણિતના વધુ સારા શિક્ષણની ચોક્કસ જરૂર છે, પરંતુ તેની સામે સામાજિક વિજ્ઞાન શિખવવાની શ્રેષ્ઠ પદ્ધતિનો સમન્વય કરવો પણ ખૂબ જ જરૂરી છે. સામાજિક વિજ્ઞાનની ઉપેક્ષા સામાજિક વિજ્ઞાન શિક્ષણના પાયામાં જે મૂળભૂત કાર્ય કરે છે તે મહત્ત્વપૂર્ણ જાણકારી, ઐતિહાસિક સમીક્ષા અને માળખાકીય પૃથક્કરણ જેવા મહત્ત્વપૂર્ણ પાસાંઓને ચૂકી જવાય છે. આમ, જેમ વિજ્ઞાન અને ગણિત શિક્ષણના મહત્ત્વના પાસાં છે તેમ સામાજિક વિજ્ઞાન પણ

વ્યક્તિના શિક્ષણના વિકાસમાં મહત્ત્વપૂર્ણ પરિબળ છે.

આ રીતે શિક્ષણને વધુ ગુણવત્તાસભર બનાવવાના અભિગમમાં નવી નીતિનું માળખું તૈયાર કરતી વખતે જ્ઞાનના બંને પાસાંઓ વચ્ચે સંતુલન સાધવું ખૂબ જ જરૂરી છે.

**સંસ્થા નિર્માણ અથવા ઝડપી ઉકેલ**

શિક્ષણમાં ગુણવત્તાની જાળવણી કે સુધારણામાં નિષ્ફળતાનો મોટો ફાળો અમલીકરણની નિષ્ફળતાનો છે જે ખરેખર તો શિક્ષણ આપતી સરકારી સંસ્થાઓની નિષ્ફળતા સાથે સંબંધિત છે. તેમાં જાહેર શૈક્ષણિક ક્ષેત્રની અંદર સંસ્થાઓના કામકાજને લગતા તમામ પાસાંઓનો સમાવેશ થઈ જાય છે. જેમાં ભરતી, આયોજન અને નિરીક્ષણને લગતી સંચાલન પદ્ધતિના નિયમો, સંસ્થાઓ વચ્ચે સંકલન, સંવાદ અને સત્તાના માળખાને લગતી પરસ્પરની બાબતો તેમજ સરકારી સંસ્થાઓ અને બિનસરકારી કર્મશીલો વચ્ચેના વ્યાપક સંસ્થાકીય સંબંધોનો પણ સમાવેશ થાય છે. આ તમામ પાસાઓ વચ્ચેના સંકલનનો અભાવ શાળાઓથી લઈને શિક્ષણના ટોચના માળખા સુધીની તમામ સંસ્થાઓને અસર પહોંચાડે છે અને વર્તમાન શિક્ષણની કટોકટીમાં તેનો મહત્ત્વપૂર્ણ ફાળો છે.

કટોકટી શબ્દનો અહીં પ્રયોગ એટલા માટે કરવામાં આવ્યો છે કે તે એક ખતરાની ઘંટડી છે અને તેનાથી થનારા નુકશાનની આપણે ઉપેક્ષા કરી શકીએ નહીં. કમનસીબે આ ખામીઓનો ઉકેલ શોધવાને બદલે અને મજબૂત અને ટકાઉ સંસ્થાઓ ઊભી કરવાને બદલે સંસ્થાકીય ઉણપનો ડોળ કરવામાં આવે છે. સમાજમાં એક સામાન્ય ધારણા એવી પણ પ્રવર્તે છે કે સરકારી માળખાકીય સંસ્થાઓ હંમેશાં બિનકાર્યક્ષમ અને ભ્રષ્ટ હોય છે. ટૂંકમાં કહીએ તો સંસ્થાકીય કે વહીવટને લગતા પ્રશ્નો કે જે સુધારણા માટે કે તેને પુનઃ ચેતનવંતા બનાવવા માટેના મુખ્ય અંતરાયો છે. તેને દૂર કરવા માટે બહુ ઓછા ગંભીર પ્રયાસો થયા છે. તેને બદલે ઝડપી ઉકેલ આપતાં અને ખાસ કરીને ટેક્નોલૉજી આધારિત 'ક્વીક ફિક્સ' ઉપાયો અજમાવવામાં આવે છે. જેમાં આ સંસ્થાઓ અથવા તેના માળખામાં ટેક્નોલૉજીની જરૂર છે કે કેમ તેની સમજણનો પણ સ્પષ્ટ અભાવ હોય છે. ઉદાહરણ તરીકે આઈસીટી ઉપર દેવાતો ભાર દેશના મોટાભાગના વિસ્તારો કે જ્યાં કમ્પ્યૂટરનું શિક્ષણ કે ગણિતને લગતી પાયાની સુવિધાઓ નથી હોતી ત્યાં આઈસીટી તદ્દન અવાસ્તવિક છે.

આવી ઘણી બધી શાળાઓમાં અપાયેલા કમ્પ્યૂટરો કાં તો બગડી જવાના ડરથી અથવા તો વીજળી નહીં હોવાના કારણે ઓરડાની અંદર બંધ પડ્યા છે. ઘણા સ્થળે શાળાના શિક્ષકો શાળાનું વીજળીનું બિલ પોતાના ખિસ્સામાંથી ભરતા હોય છે કેમ કે શાળાના નિયમિત ખર્ચમાં વીજળી બિલનો સમાવેશ થતો હોતો નથી. આ જ રીતે શિક્ષકોની ભરતી કે તેના કામનાં પ્રકારના સંકલનના અભાવે કમ્પ્યૂટર શિખવવાનો શિક્ષકનો ઉત્સાહ પણ અત્યંત ઠંડો હોય છે. આમ શિક્ષણની પદ્ધતિથી લઈને શિક્ષકોની ઓછી સંખ્યા સહિત સંસ્થાઓની પરિસ્થિતિ શિક્ષકોને તાલીમ વગેરે અનેક પરિબળો લાંબાગાળાના પરિણામો હાંસલ કરવામાં નિષ્ફળ રહે છે. શિક્ષકની જવાબદારી નિર્ધારિત કરવાના મુદ્દાને પણ સમગ્ર પદ્ધતિની જવાબદારીથી અલગ રીતે અથવા શાળા કક્ષાએ સ્વાયત્તતા જેવા મુદ્દાઓથી અલગ રીતે વિચારી શકાય નહીં.

અન્ય સંસ્થાકીય પરિમાણો જેમ કે નિરીક્ષણ, આયોજન અને નીતિ નિર્ધારણ તે અમલીકરણના પાસા સાથે સીધો સંબંધ હોવા છતાં ગુણવત્તાસભર શિક્ષણની ચર્ચામાં કે ક્યાંય જોવા મળતાં નથી. વિકેન્દ્રીકરણ હવે એક મહત્ત્વનું ધ્યેય હોવા છતાં વાસ્તવમાં સમગ્ર પદ્ધતિમાં વિકેન્દ્રીય આયોજનને સ્થાન મળ્યું હોવાનું ક્યાંય જણાતું નથી. સ્કૂલ ડેવલપમેન્ટ પ્લાનને બદલે ડીઆઈએસઈ ફોરમેટથી ઉચ્ચકક્ષાએ રાજ્યનું આયોજન ઘડવામાં આવે છે તેમાં સ્થાનિક કક્ષાની માહિતી બહુ ઓછી હોય છે. જિલ્લાઓ અને શાળાઓમાં સંસાધનોની વહેંચણી મરજી મુજબ કરવામાં આવે છે, જેમાં યોજના અને જરૂરિયાતની સંપૂર્ણ ઉપેક્ષા હોય છે. નિરીક્ષકો દ્વારા પ્રાપ્ત કરાતી માહિતી આયોજકો અને નીતિ-નિર્ધારકો દ્વારા ઉપયોગમાં લેવાતી નથી તેવી જ રીતે નિરીક્ષણ પદ્ધતિ આયોજન અને નીતિમાં તેમનો અભિપ્રાય આપતી નથી. એકત્રિત માહિતીમાં અંદાજની પદ્ધતિ, એકત્રીકરણની પ્રક્રિયા, માહિતીનો પ્રસાર અને વ્યવસ્થાપન વગેરે પ્રકારની અનેક ખામીઓ જોવા મળે છે. તેના કારણે એક તરફ ખૂબ જ વધુ પ્રમાણમાં માહિતી એકત્રિત થાય છે તો બીજી તરફ

સમયસરની વાસ્તવિક માહિતીનો અભાવ હોય છે.

આમ જે માહિતી એકત્રિત કરવામાં આવી છે તેનો ઉપયોગ ક્યાં કરવો તે પણ સ્પષ્ટ થઈ શકતું નથી. માહિતીનું એકત્રીકરણ અને તેના પ્રસાર સાથે માહિતીના ઉપયોગના સામંજસ્યથી તેની કાર્યક્ષમતામાં વૃદ્ધિ કરી શકાય છે. આ ઉપરાંત સ્થાનિક કક્ષાએ ઉત્પન્ન માહિતી પદ્ધતિ અને સક્ષમ વિકેન્દ્રીત નિરીક્ષણ, આયોજન અને અમલીકરણ વગેરેથી સ્થાનિક સંચાલકો, શિક્ષકો અને સમુદાયોમાં શાળા અને શિક્ષણની પદ્ધતિ અંગે હાલમાં છે તેના કરતાં વધુ સારી માલિકીની ભાવના ઉત્પન્ન થાય છે.


વિકેન્દ્રીકરણ જેવા સામુદાયિક પાસાંઓ શિક્ષણના દૃષ્ટિકોણમાં લાંબા સમયથી અભિન્ન હિસ્સો હોવા છતાં આ દિશામાં ધ્યેય પ્રાપ્ત કરવા માટે જરૂરી ગંભીરતાનો અભાવ જણાય છે. તેના પરિણામે મોટે ભાગે વિકેન્દ્રીકરણ ભુલાઈ ગયું છે અથવા તો અગાઉના માળખામાં માળખાકીય ઉણપનો એક હિસ્સો બનીને રહી ગયું છે. જ્યાં સુધી સમગ્ર પદ્ધતિ તેને જરૂરી એવું ધ્યાન આપીને નાણાં અને માનવ સંસાધનનું રોકાણ નહીં કરે અને તેના કાર્યને સુગમ નહીં બનાવે તો એસ.એમ.સી.ની પણ અન્ય માળખા જેવી જ હાલત થવાની શક્યતા છે.

**ઉપસંહાર**

અંતમાં કહીએ તો સંસ્થાઓનું નિર્માણ એ અત્યંત લાંબી પ્રક્રિયા છે અને તેના માટે સ્પષ્ટ દૃષ્ટિ અને ધ્યેય પ્રત્યે સમર્પિત સક્ષમતા ખૂબ જ જરૂરી છે. તેને ટૂંકાગાળાના ધ્યેય દ્વારા પ્રાપ્ત કરી શકાય નહીં. તેના માટે સમગ્ર પદ્ધતિનો પાયો મજબૂત બનાવવાની જરૂર છે અને તેને લાંબાગાળાની સુધારણા માટે ટકાઉ બનાવવાની જરૂર છે. જો આપણે આ રોકાણ માટે સક્ષમ બનીશું નહીં તો આપણે આપણી વધુ એક પેઢીને શૈક્ષણિક તકો અને વિકાસના હાંસિયામાં ઉભેલી જોઈ શકીશું.

દેશમાં જ્યારે નવી શિક્ષણનીતિ બહાર આવવાની તૈયારી છે ત્યારે આ નવી નીતિના ઘડવૈયાઓએ શિક્ષણ માટે તેમનો દૃષ્ટિકોણ શું છે તેમની પોતાની જાતને યાદ અપાવવી પડશે અને શિક્ષણનીતિનું માળખું શૈક્ષણિક સંસ્થાઓને વધુ નબળી માટે કેવી રીતે સંકલન સાધશે તે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

**લેખક પૉલીસી રિસર્ચ સેન્ટર ખાતે વરિષ્ઠ ફેલો છે. અને હાલમાં શિક્ષણમાં સંસ્થાકીય કામગીરી અંગે સંશોધન કાર્ય કરે છે. અગાઉ તેઓ શિક્ષણના અધિકાર માટે રાષ્ટ્રીય કો-ઓર્ડિનેટર સાથે હતાં.**




**Subscription Rates of Yojana (English, Hindi), Kurukshetra (English, Hindi) & Aajkal**

| | |
|---|---|
| Single Copy | Rs. 10.00 |
| 1 Year | Rs. 100.00 |
| 2 Years | Rs. 180.00 |
| 3 Years | Rs. 250.00 |

: Address :
**Business Manager (Journals)**
Publications Division, Ministry of Information & Broadcasting,
Room No. 48-53, Soochna Bhawan, CGO Complex, Lodhi Road, New Delhi - 110 003
Tel. : (011) 24367260/5609/5610

Subscription amount may be sent through
**Money Order / Demand Draft / Cheque / Postal Order**

**Demand Draft / Cheque should be in favour of**
ADG (In-charge), Publications Division, Ministry of I & B, Payable at New Delhi

આગામી આકર્ષણ
**ફેબ્રુઆરી ૨૦૧૬**

**"આરોગ્ય"**
**"Health"**

# શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓનાં મૂલ્યાંકનની સારી પદ્ધતિની આવશ્યકતા

પ્રો. અવતાર સિંઘ



*હાલની પદ્ધતિને મૂળમાંથી સુધારવા સંખ્યાબંધ પહેલ કરવામાં આવી છે, પણ આ પગલાં, જેની ખરેખર જરૂરિયાત વર્તાય છે એની સામે ઉણાં ઉતરે છે. મર્યાદિત હેતુ સારતી હાલની પરીક્ષા પદ્ધતિના સ્થાને એક સારી મૂલ્યાંકન પદ્ધતિ અમલી બનાવવા પ્રયાસો કરાયા છે. શૈક્ષણિક પદ્ધતિ ઘડવા દરમિયાન સંખ્યાબંધ સીમાચિહ્નરૂપ પગલાં ભરાયાં છે. જેવાં કે, શિક્ષણ અંગેનું રાષ્ટ્રીય પંચ-૧૯૬૮, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૧૯૮૬ અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું-૨૦૦૫. આ પ્રત્યેક પગલાંએ દેશની એકંદર શિક્ષણ પદ્ધતિ સુધારવામાં તથા ભણતરને સુધારવામાં મૂલ્યાંકનને એક શક્તિશાળી સાધન બનાવવામાં વિસ્તૃત ફાળો આપ્યો છે. શિક્ષણની આધારશિલા - એના પાયાને વધુ સુદઢ કરવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખી ઉચ્ચતર શિક્ષણ ક્ષેત્ર કરતાં શાળા શિક્ષણના ક્ષેત્રમાં વધુ સુધારા દાખલ કરાયા છે.*

આપણામાંના મોટાભાગના લોકો આકારણી, મૂલ્યાંકન અને પરીક્ષા - આ ત્રણેય શબ્દોથી માહિતગાર છે, પણ એની વચ્ચે શો તફાવત રહેલો છે એ જાણવાનો પ્રયાસ આપણે ભાગ્યે જ કરીએ છીએ. આપણે આ શબ્દોનો, વિદ્યાર્થીઓને પરીક્ષામાં માર્ક આવવાની તેમજ એમનું વર્ગો અને વિભાગોમાં વર્ગીકરણ કરવાની પ્રક્રિયામાં એકબીજાની અદલાબદલીમાં ઉપયોગ કરીએ છીએ અને વિદ્યાર્થીઓને પ્રમાણિત કરવામાં અને એમને બઢતી આપવા માટે એનો ઉપયોગ કરીએ છીએ. આ એક જરૂરી દૂષણ જેવું છે. સૌથી તેજસ્વી વિદ્યાર્થીઓ પણ પરીક્ષાઓમાં સમાયેલી સંદિગ્ધતા, અનિશ્ચિતતા અને અવિશ્વસનિયતાને કારણે એનાથી ડરે છે. આ પરિબળોનો આરંભ પરીક્ષા માટે પ્રશ્નપત્રો ઘડવાથી શરૂ થાય છે. પ્રશ્નપત્રોની વ્યવસ્થા, એનો વહીવટ, જવાબોનું માર્કિંગ, ટેબ્યુલેશન અને છેવટે વિદ્યાર્થીઓને માર્ક-ગુણ આપવા સુધી એનો પ્રભાવ વર્તાય છે. આ પરીક્ષાઓમાં ઘણી ક્ષતિઓ રહેલી છે. આ પરીક્ષાઓનો વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં, રેન્ક આપવામાં તેમજ બઢતી આપવામાં થાય છે. પરીક્ષાઓ વિદ્યાર્થીઓની કારકિર્દી બનાવી શકે છે અથવા એને બરબાદ કરી શકે છે. પરીક્ષાના છબરડાં-એનાં માઠા પરિણામોનાં ઉદાહરણ નીચે આપ્યાં છે :

- બોર્ડની એક પરીક્ષામાં એક વિદ્યાર્થી સવાલોના જવાબ લખવાના બદલે પ્રશ્નોના વાક્યો જ ફરીથી લખી નાખે છે. આમ છતાં એ ૧૨મા ધોરણમાં વિજ્ઞાનના વિષયમાં ૭૦ માંથી ૩૨ માર્ક મેળવે છે.
- એક પરીક્ષામાં એક વિદ્યાર્થી જે સવાલોના જવાબો એ જાણતો હતો એ જવાબો લખી નાખે છે. જોકે એમાંના ગણ્યાગાંઠ્યા સવાલો જ પરીક્ષામાં પૂછાયા હતા. આ વિદ્યાર્થી સોશિયલ સાયન્સિસના ૧૦મા ધોરણના પેપરમાં ૧૦૦ માંથી ૭૮ માર્ક મેળવે છે.
- 'નિટ'ના એક વિદ્યાર્થીને એક સેમેસ્ટરમાં એક વિષયમાં નાપાસ જાહેર કરવામાં આવે છે. આથી એ આત્મહત્યા કરી લે છે. આ વિષયની પરીક્ષાઓના પેપરનું જ્યારે પુનઃ મૂલ્યાંકન - ચકાસણી થાય છે ત્યારે એને ૫૦ માંથી ૪૮ માર્ક મળે છે. માર્ક આપવામાં ભૂલને કારણે એક તેજસ્વી વિદ્યાર્થીની મૂલ્યવાન જિંદગી ટૂંકાઈ જાય છે.

ઉપરનાં છબરડામાંથી પ્રથમ બે છબરડા બોર્ડની પરીક્ષાઓના સંશોધન દરમ્યાન બહાર આવ્યા હતા જ્યારે ત્રીજો છબરડાનો હેવાલ તાજેતરમાં એક રાષ્ટ્રીય દૈનિકમાં હતો.

આકારણી અને મૂલ્યાંકન બંને વધુ

ચોક્કસ શબ્દો છે જેનું ધ્યાન જ્ઞાન-વિદ્યા-ભણતરના પરિણામ, ભણતરની મુશ્કેલીઓના નિદાન તેમજ ભણતર સુધારવા માટે આ મુશ્કેલીઓના ઉપાય ઉપર કેન્દ્રિત છે. ઉદાહરણ જોઈએ તો, બાળકના વ્યક્તિત્વના સમગ્ર વિકાસ તેમજ એને ઉપલા વર્ગમાં બઢતી આપવા અગાઉ ઈચ્છિત સપાટી સુધી એનું શિક્ષણ વધારવા માટે એકધારા અને સર્વગ્રાહી મૂલ્યાંકનનો વિચાર નજર સમક્ષ રખાય છે. શિક્ષણ મેળવવાના હકના ૨૦૦૯ના કાયદાની - આરટીઈ એક્ટ ૨૦૦૯ મુખ્ય બાબત આ જ હતી. આ કાયદો તમામ ભાવકો (૬ થી ૧૪ વર્ષનાં)નું આઠમા ધોરણ સુધીનું પ્રાથમિક શિક્ષણ સરળતાથી પૂરું થાય એ સુનિશ્ચિત કરે છે અને આઠમા ધોરણ સુધી કોઈ વિદ્યાર્થીને નાપાસ ન કરવામાં આવે કે પછી કોઈપણ ધોરણમાં એને રોકી ન રાખવામાં આવે એવી કાયદેસરની જોગવાઈ કરવામાં આવી છે. ઈચ્છનીય શૈક્ષણિક ધોરણોની જાળવણી કરવાની સાથોસાથ કાયદાનો ઉપરનો ઉદ્દેશ પાર પડે એ સીસીઈની વ્યવસ્થા ઊભી કરાઈ છે. પરંતુ સીસીઈના સમગ્ર ઉદ્દેશ એની કલ્પના શિક્ષણ સમજ્યા નહોતા તેમજ એના અમલના સમયગાળા દરમ્યાન એના અમલનું કોઈ એજન્સીને ધ્યાન નહોતું રાખ્યું. મોનિટરિંગ નહોતું કર્યું.

વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો માટે આ કાયદો ઘડાયાથી સુખદ પરિસ્થિતિનું નિર્માણ થયું હતું અને એનાં પરિણામે વિદ્યાર્થીઓ વાંચન, લેખન, ગણિત વિષયક જાણકારી અને અન્ય પાયાનું કૌશલ્ય મેળવ્યા વગર એમનું આઠમા ધોરણ સુધીનું પ્રાથમિક શિક્ષણ પૂરું કરે છે.

જોકે શાળા શિક્ષણના વિવિધ તબક્કે એનસીઈઆરટી દ્વારા હાથ ધરાયેલી નેશનલ એચીવમેન્ટ સર્વે - મોજણીઓના પરિણામોએ સૂચવ્યું છે એ મુજબ, શિક્ષણની ગુણવત્તા ઉપર માઠી અસર થઈ છે.

**કોઠો-૧**

**આઠમા ધોરણના વિદ્યાર્થીઓના વિવિધ વિષયોમાં માર્કની રાષ્ટ્રીય સરેરાશની ટકાવારી**

| વિષયો | ભાષા | ગણિત | વિજ્ઞાન | સોશિયલ સાયન્સ |
|---|---|---|---|---|
| **સાયકલ-૨** | ૫૬.૨૭ | ૪૧.૩૦ | ૩૭.૭૮ | ૪૪.૧૫ |
| **સાયકલ-૩** | ૪૬.૨૦ | ૩.૨૮ | ૩૬.૩૭ | ૩૮.૩૪ |

સંદર્ભ : એનસીઈઆરટીની નેશનલ એચીવમેન્ટ સર્વે સાયકલ-૨ (૨૦૦૬-૦૮) અને સાયકલ-૩ (૨૦૧૧-૧૩).

**વર્તમાન ચિત્ર**

હાલની પદ્ધતિને મૂળમાંથી સુધારવા સંખ્યાબંધ પહેલ કરવામાં આવી છે, પણ આ પગલાં, જેની ખરેખર જરૂરિયાત વર્તાય છે એની સામે ઉણાં ઉતરે છે. મર્યાદિત હેતુ સારતી હાલની પરીક્ષા પદ્ધતિના સ્થાને એક સારી મૂલ્યાંકન પદ્ધતિ અમલી બનાવવા પ્રયાસો કરાયા છે. શૈક્ષણિક પદ્ધતિ ઘડવા દરમિયાન સંખ્યાબંધ સીમાચિહ્નરૂપ પગલાં ભરાયાં છે. જેવાં કે, શિક્ષણ અંગેનું રાષ્ટ્રીય પંચ-૧૯૬૮, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૧૯૮૬ અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું-૨૦૦૫. આ પ્રત્યેક પગલાંએ દેશની એકંદર શિક્ષણ પદ્ધતિ સુધારવામાં તથા ભણતરને સુધારવામાં મૂલ્યાંકનને એક શક્તિશાળી સાધન બનાવવામાં વિસ્તૃત ફાળો આપ્યો છે. કમનસીબે રાષ્ટ્રીય પંચ નીતિ વગેરેની ગણીગાંઠી ભલામણોનો અત્યાર સુધીમાં અમલ થઈ શક્યો છે અને આપણે શિક્ષણક્ષેત્રે, વર્ષોથી જે કરતાં આવ્યા છે એ જ આજે પણ કરી રહ્યા છીએ. શિક્ષણની આધારશિલા - એના પાયાને વધુ સુદૃઢ કરવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખી ઉચ્ચતર શિક્ષણ ક્ષેત્ર કરતાં શાળા શિક્ષણનાં ક્ષેત્રમાં વધુ સુધારા દાખલ કરાયા છે.

શાળા ક્ષેત્ર અથવા તો ઉચ્ચતર શિક્ષણ ક્ષેત્રમાં શિક્ષણની ગુણવત્તા આજે એક પ્રશ્નરૂપ બની છે. આપણે SSA, RMSA અથવા RUSA મારફત જે કોઈ પગલાં ભર્યાં છે એ કદાચ ઈચ્છીત પરિણામો જ આપે એવી સંભાવના છે. આનાં ૩ કારણો છે : (૧) આ કાર્યક્રમોનો સમય અધકચરો થયો છે. અને (૨) શિક્ષણ પદ્ધતિનું વિસ્તરણ થયું છે. (૩) તમામ સ્તરે શિક્ષકોની ભારે તંગી છે. શિક્ષણના વિસ્તરણ પાછળ રાજકીય કારણો વધુ પ્રમાણમાં રહેલાં છે, પણ શિક્ષકોની નબળી ગુણવત્તા આપણી હાલની પરીક્ષા પદ્ધતિનું પરિણામ છે. આજે આપણા દેશમાં ૧૫ લાખથી વધુ શાળાઓ, ૩૫૦૦૦ ડિગ્રી કૉલેજો, ૪૫૦૦ ટેક્નિકલ સંસ્થાઓ અને આશરે ૬૬૦ યુનિવર્સિટીઓ વગેરે છે. આ ઉપરાંત ૪૦થી વધુ શાળા શિક્ષણ બોર્ડ પણ છે, જે વિદ્યાર્થીઓને પાસ અથવા નાપાસ જાહેર કરવા માટે માત્ર પરીક્ષાઓનું જ આયોજન કરે છે. પરીક્ષાઓ લેવા ઉપરાંત, બોર્ડ શિક્ષણ પદ્ધતિ - ભણતર ઉપર ધ્યાન કેન્દ્રિત કરે, વધુ સારી ભૂમિકા ભજવી શકે એમ છે.

આમ એક વ્યાપક વિશાળ શિક્ષણ પદ્ધતિ અસ્તિત્વ ધરાવે છે. જેમાં, પરીક્ષાઓ શિક્ષણકાર્ય-ભણતરની પ્રક્રિયાને માર્ગદર્શન પૂરું પાડે છે. શિક્ષણકાર્ય અને વિદ્યાર્થીઓની કસોટી જ કામગીરીનો એક જ સિક્કાની બે બાજુઓની જેમ યોગ્ય સમન્વય કરવાની આવશ્યકતા છે.

**ફેરફારની જરૂર**

આપણે વિદ્યાર્થીઓનું માપ કાઢવામાં તેમજ એમનાં મૂલ્યાંકનમાં ક્લાસિકલ ટેસ્ટ થીયરી (સીટીટી)નો ઉપયોગ કરીએ છીએ, જે કેટલીક મૂળભૂત મર્યાદાઓ ધરાવે છે. એ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવાથી વધારે કોઈપણ હેતુ સારતી નથી. કસોટી-ચકાસણીની આધુનિક પદ્ધતિઓ કોઈક નિશ્ચિત સમયગાળામાં કસોટી-ચકાસણી પદ્ધતિ તેમજ શિક્ષણ વ્યવસ્થાને સુધારી શકે એવો અવકાશ વધુ છે. આઈટમ રિસ્પોન્સ થીયરી (આઈઆરટી)નો ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ એસેસમેન્ટ (વિદ્યાર્થીઓના આંતરરાષ્ટ્રીય મૂલ્યાંકન)ના કાર્યક્રમ, (પીઆઈએસએ), ટ્રેન્ડ્ઝ ઈન મેથેમેટિક્સ એન્ડ સાયન્સ સ્ટડિઝ (ગણિતશાસ્ત્ર અને વિજ્ઞાન અભ્યાસના વલણ) કાર્યક્રમ (ટીઆઈએમ એસએસ) અને આંતરરાષ્ટ્રીય વાંચન સાક્ષરતાની પ્રગતિમાં ઉપયોગ થઈ રહ્યો છે. આઈઆરટીના પાંચ લાભ છે : (૧) કસોટીની મુશ્કેલી છતાં એ વિદ્યાર્થીઓની શક્તિઓનું સાચું મૂલ્યાંકન કરે છે. (૨) વિદ્યાર્થીઓની શક્તિ માપવાના વધુ મુદ્દા આવરી લેવા એ બહુવિધ કસોટીઓ હાથ ધરે છે. (૩) પ્રત્યેક બાબત-વિચારની મજબૂત બાબતો અને નબળાઈઓને ઓળખી કાઢે છે. (૪) શિક્ષણ પદ્ધતિ સુધરી રહી છે કે કેમ એનો ક્યાસ કાઢવા માટે વિદ્યાર્થીઓની સાચી સિદ્ધિઓની વધુ લાંબા સમય સુધી સરખામણી કરે છે. આ સંબંધમાં લેવાયેલી બે મહત્ત્વની પહેલ નીચે મુજબ છે :

(૧) ભારતે દેશનાં બે રાજ્યો - હિમાચલ પ્રદેશ અને તામિલનાડુમાં પ્રાયોગિક ધોરણે PISA (વિદ્યાર્થીઓનાં મૂલ્યાંકનનો આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ અમલી બનાવીને PISA ૨૦૦૯ અને ૨૦૧૦-૧૧માં ભાગ લીધો હતો. એની પાછળનો ઉદ્દેશ સમગ્ર પ્રક્રિયામાં ભાગ લઈ એને સમજવાનો હતો તેમજ આપણા વિદ્યાર્થીઓ, કોઈ એક ચોક્કસ અભ્યાસક્રમ સાથે નહીં સંકળાયેલા તથા ૧૬ વર્ષની ઉંમરના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી પૂછાયેલા સવાલોના જવાબો કેવી રીતે આપે છે એ જોવાનો હતો. આ અભ્યાસમાં વિશ્વના ૭૪ દેશોએ ભાગ લીધો હતો અને આપણા રાજ્યોનો ક્રમ, છેક તળિયેથી ગણતાં, કિરઘિસ્તાન પછીનો રહ્યો હતો. આ પરિણામો ધારણા મુજબનાં હતાં અને એનો યોગ્ય રીતે સ્વીકાર કરી લઈ એને આવા વધુ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોમાં ભાગ લેવાની શરૂઆત હવે અપનાવવાની જરૂર હતી. વિદ્યાર્થીઓ કોઈપણ બાબતનું પૃથક્કરણ કરી એના ઉપરથી યોગ્ય નિષ્કર્ષ તારવી એનો અસરકારક ફેલાવો કરવાનું તથા આ કૌશલ્યનો પુખ્તવયના જીવનમાં અજમાવવાનું શીખ્યા છે કે કેમ એમાં PISA અત્યંત પ્રભાવશાળી-ઉપયોગી થયો છે. વિશ્વના ઘણા દેશો PISAની ૨૦૦૦ની પ્રથમ સાયકલથી આ કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા છે અને એમની નબળી કામગીરી અંતે તો એમની શાળાઓ તેમજ એકંદર શિક્ષણ પદ્ધતિની સુધારણા માટેનું એક શક્તિશાળી સાધન પુરવાર થયું છે. આમાં બ્રાઝિલનો કિસ્સો ટાંકવા લાયક છે. જેની ૨૦૦૦ની સાલમાંની કામગીરી આપણાં બે રાજ્યો જેવી જ હતી. પણ બ્રાઝિલે એ પછી પણ PISAના કાર્યક્રમમાં ભાગ લેવાનું ચાલુ રાખ્યું. જેના પરિણામે એ એની કામગીરીમાં સુધારો લાવી શક્યું હતું. આ હકીકત નીચેના કોઠા ઉપરથી છતી થાય છે.

**કોઠો-૨**

**'પીસા'માં સરેરાશ સ્કોર - ગુણ/માર્કની સાયકલ**

| ક્ષેત્ર-વિષય | બ્રાઝિલ | તામિલનાડુ | હિમાચલ પ્રદેશ | ઓઈસીડી સરેરાશ* |
|---|---|---|---|---|
| વાચન | ૪૧૨ | ૩૩૫ | ૩૧૪ | ૪૯૩ |
| ગણિતશાસ્ત્ર | ૩૮૬ | ૩૫૦ | ૩૩૮ | ૪૯૬ |
| વિજ્ઞાન | ૪૦૫ | ૩૪૭ | ૩૨૬ | ૫૦૧ |

*આ સરેરાશ સ્કેલ ગુણ ૦ થી ૭૦૦ પોઈન્ટના સ્કેલ ઉપર આધારિત છે.

(૨)રાષ્ટ્રીય સ્તરે એનસીઈઆરટીએ દેશભરમાં બાળકોનાં ભણતરની સપાટીનું નમૂનાના ધોરણે મૂલ્યાંકન હાથ ધરવાનો આરંભ કર્યો છે. SSA હેઠળ વિદ્યાર્થીઓની શિક્ષણ સંબંધમાં પ્રગતિનું માપ કાઢવા પ્રારંભિક - મધ્યસત્ર અને અંતિમ તબક્કાના શિક્ષણના અભ્યાસ હાથ ધરવામાં આવ્યા હતા. ક્રમશઃ આ મૂલ્યાંકન કે તારણોને આગળ ધપાવી અંતિમ તબક્કાના અભ્યાસમાં અને એથી આગળના સ્તરે આઈઆરટી મોડેલ અપનાવાયા. આ અભ્યાસો હવે ત્રણ

મહત્ત્વની જાણકારી પૂરી પાડે છે : (૧) પ્રત્યેક વિષયમાં આઈટમવાર કામગીરી (૨) પ્રત્યેક વિષયમાં પ્રવર્તમાન 'ગ્રેડ' બાબતો/ખોટા ખ્યાલોની ભાળ કાઢવી (૩) એકંદર શિક્ષણ પદ્ધતિમાં સુધારો થઈ રહ્યો છે કે કેમ એ શોધી કાઢવાનો એકંદર સિસ્ટેમેટિક ક્વોલિટી ઈન્ડેક્ષ આ એક લગભગ નિયમિત પ્રવૃત્તિ બની છે અને સાયકલ-૪ અંતર્ગત કામગીરી ચાલુ છે. આ પહેલને વધુ સુદૃઢ કરવાની તથા શિક્ષણ પદ્ધતિની સુધારણા માટે પ્રાપ્ય વિપુલ પ્રમાણમાંના ડેટા (સંબંધિત માહિતી)નો ઉપયોગ કરવાની આવશ્યકતા છે. આ સાહસ-પ્રવૃત્તિમાં રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશો સક્રિય ભાગીદાર છે અને એમણે રાજ્યવાર આવા જ અભ્યાસોની પહેલ કરી છે. રાજ્યોને આ સંબંધમાં એનસીઈઆરટી દ્વારા સહાયક ટેકો પૂરો પાડવામાં આવી રહ્યો છે.

**ભવિષ્યનો માર્ગ**

આપણી જરૂરિયાત ત્રણ વિશાળ ક્ષેત્રોને આવરી લેતી મૂલ્યાંકન પદ્ધતિનો અસરકારક અમલ કરવાની છે.

(૧) શાળાના શરૂઆતના તબક્કામાં ભાષા (કોઈપણ ભાષા) શીખવી અને તેનો ઉપયોગ સૌથી મહત્ત્વની બાબત છે. વાંચવાની, લખવાની અને બોલવાની શક્તિઓને વિકસાવવાની તેમજ એનું મૂલ્યાંકન કરવાની આવશ્યકતા છે તેમજ એને સુધારવી પણ જરૂરી છે, નહીં તો આ ત્રણ બાબતો વિદ્યાર્થીને અધૂરા અભ્યાસે શાળા છોડી દેવા, પરીક્ષામાં નાપાસ થવામાં તથા ભણતરમાં રસ ગુમાવી દેવામાં સહાયક બને છે. આવી જ પરિસ્થિતિ ગણિતશાસ્ત્રના વિષયમાં પ્રવર્તે છે. આ બે વિષયોમાં સમજણ અને રસ-રૂચિ સામાન્ય રીતે કારકિર્દીમાં સફળ થવા સાથે ઘણો ગાઢ સંબંધ ધરાવે છે. આથી પ્રાથમિક તબક્કે મૂલ્યાંકન, નિદાન અને ઉપચાર શૈક્ષણિક પદ્ધતિની સુધારણામાં ઘણો મોટો ફાળો આપે છે. આ જ પ્રમાણે શિક્ષણ બોર્ડોમાં અભ્યાસક્રમો, પ્રશ્નપત્રનું માળખું વગેરે સંબંધમાં તુલના કરવાની વ્યવસ્થા સ્થાપવાની જરૂર છે. વિદ્યાર્થીની સિદ્ધિનો વધુ સારો ચિતાર મેળવવા માટે બોર્ડોએ શાળામાંના મૂલ્યાંકનનો બાહ્ય મૂલ્યાંકન સાથે સમન્વય કરવો જોઈએ.

(૨) વિભિન્ન પ્રકારની પરીક્ષા પદ્ધતિઓ ધરાવતી કૉલેજો, યુનિવર્સિટીઓ અને અન્ય સંસ્થાઓની સંખ્યા ઘણી મોટી છે, પણ આ સંસ્થાઓમાં ભાગ્યે જ સારી મૂલ્યાંકન પદ્ધતિ નજરે પડે છે. શૈક્ષણિક પદ્ધતિનું પરિણામ એકંદરે જોતાં ઘણી નબળી ગુણવત્તા દર્શાવે છે. આ બાબત 'બ્રિક્સ'ની (બ્રાઝિલ-રશિયા-ભારત-ચીન-દક્ષિણ આફ્રિકા) અને તાજેતરની મોજણી ઉપરથી છતી થાય છે. આ મોજણી મુજબ, ૧૫ શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાઓમાં ભારતની એક પણ સંસ્થાનો સમાવેશ નહોતો થયો. શ્રેષ્ઠ ૨૦૦ સંસ્થાઓની યાદીમાં બેંગ્લોરની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સિસનો ક્રમ ૧૬મો હતો. વિદ્યાર્થી યુનિવર્સિટીમાંથી ડિગ્રી મેળવવાનો અભ્યાસ પૂરો કરે ત્યારે એને જે સર્ટિફિકેટ અપાય એમાં અથવા તો એના પોર્ટફોલિઓમાં વિદ્યાર્થીએ અભ્યાસ દરમ્યાન ખરેખર શું સિદ્ધ કર્યું છે - એણે કઈ સિદ્ધિઓ મેળવી છે એ પ્રતિબિંબિત થવું જરૂરી છે. અને આ માટે આંતરિક મૂલ્યાંકન, ટ્યુટોરિયલ્સ, પ્રેઝન્ટેશન, પ્રોજેક્ટો અને બાહ્ય મૂલ્યાંકન સાથેની એક સર્વગ્રાહી સિસ્ટમ ઘડી કાઢવાની આવશ્યકતા છે. યુજીસીએ તાજેતરમાં આ સિસ્ટમની અંતર્ગત ફેરફાર સુધારા-વધારાને શક્ય બનાવવા તેમજ સિસ્ટમની ગુણવત્તા સુધારવા એક ક્રેડિટ-ગ્રેડ સિસ્ટમની પહેલ કરી છે.

(૩) તમામ પ્રયોગો-અખતરાઓ, શોધખોળ અને સુધારણા પછી પણ શિક્ષણ પદ્ધતિનું આરોગ્ય સુધર્યું છે કે પછી એની હાલત વધુ કથળી ગઈ છે એની આપણને જાણ કરે એવી કોઈપણ 'આરોગ્ય ચકાસણી' (હેલ્થચેક)ની વ્યવસ્થા વિકસી નથી. શું નવી પેઢી વધુ જ્ઞાની અને કુશળ છે ? ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં પ્રવેશ માટેની પરીક્ષાઓનું સંચાલન કરનારી ઘણી સંસ્થાઓ કાર્યરત છે.

ઉપર ચર્ચેલી વિવિધ બાબતો હાથ ધરવા - એનો ઉકેલ લાવવા, આપણા દેશમાં અમેરિકામાં કાર્યરત પ્રિન્સટન ન્યૂજર્સીમાંની 'એજ્યુકેશન ટેસ્ટિંગ સર્વિસ' એટલે કે શિક્ષણ ચકાસણીની સેવાની જરૂર છે, જેણે વધારામાં સમાંતર સંશોધન અભ્યાસો હાથ ધરવા જોઈએ. એનવીઈ-૧૯૮૬ દ્વારા એક રાષ્ટ્રીય મૂલ્યાંકન સંગઠન સ્થાપવાની ભલામણ થઈ હતી, પણ આ અંગે આજ સુધી માત્ર ચર્ચાઓ જ થઈ છે.

**લેખક એનસીઈઆરટીના શૈક્ષણિક માપ અને મૂલ્યાંકન વિભાગ તથા અખિલ ભારત શૈક્ષણિક સર્વે અને ડેટા પ્રોસેસિંગ વિભાગના ભૂતપૂર્વ વડા છે, જેમણે પરીક્ષા પદ્ધતિની સુધારણા સંબંધમાં વિસ્તૃત કામગીરી બજાવી છે. તેઓ હાલમાં રાજ્યોમાંની આશ્રમશાળાઓના શિક્ષણની ગુણવત્તામાં સુધારણા સાથે સંકળાયેલા છે.**

# અનુસૂચિત જાતિ-જનજાતિમાં શિક્ષણનું પ્રમાણ

**એસ. શ્રીનિવાસ રાવ**



*અનુસૂચિત જાતિ-જનજાતિના બાળકોને શિક્ષણની પહોંચ વધે તે માટે વિવિધ કાયદાઓ અમલી બનાવાયા છે. ઓપરેશન બ્લેકબોર્ડ, રાષ્ટ્રીય સાક્ષરતા મિશન, જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ અને સર્વ શિક્ષા અભિયાન - જેવા કાર્યક્રમો દ્વારા શિક્ષણ તરફ તેઓનો રસ વધે તેવા પ્રયાસો કરવામાં આવે છે. આ જાતિઓના બાળકો શાળાએ પહોંચી શકે તે માટે શાળાઓ પણ નજીકના અંતરે રાખવામાં આવે છે. આમ છતાં જોઈએ તેટલો પ્રતિસાદ નથી મળતો. આ ઉપરાંત અન્ય બાળકો તથા શિક્ષકો દ્વારા કરવામાં આવતા ભેદભાવથી આ અસમાનતા વધતી જાય છે અને પરિણામે બાળકો શાળાથી દૂર ભાગે છે.*

શિક્ષણ એ એક એવું માધ્યમ કે સાધન છે કે જેના દ્વારા વ્યક્તિ કે સમૂહ આપણા દેશ જેવા આધુનિક સમાજ સાથે કદમ મિલાવી શકે છે. સમાજના પુનઃ નિર્માણમાં પણ શિક્ષણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ભારતીય સમાજ વિવિધ જાતિના સમૂહોનો બનેલો છે અને પ્રાથમિક રીતે જાતિઓના આધારે અસમાનતાનું નિર્માણ પુનઃ પુનઃ થતું રહે છે. કેટલીક જ્ઞાતિઓ વિશિષ્ટ સામાજિક તથા આર્થિક દરજ્જો, રાજકીય હિસ્સેદારી અને શૈક્ષણિક તકોની દૃષ્ટિએ વિશેષ અધિકાર ભોગવે છે તો કેટલીક જ્ઞાતિઓ આનાથી વંચિત રહે છે. અનુસૂચિત જાતિઓ જેવી કેટલીક જાતિઓ છે જેઓ સામાજિક સરહદો કે ગ્રામીણ સમાજનો હિસ્સો પણ નહોતો ગણાતો. એ જ રીતે અનુસૂચિત જનજાતિ વર્ગ પણ સામાજિક રીતે વંચિત હતો. તેઓ સમાજના મુખ્ય પ્રવાહથી દૂર, પર્વતીય કે દુર્ગમ વિસ્તારોમાં રહેતા. તેમની વિશિષ્ટ સંસ્કૃતિ, રીતરિવાજ, ધર્મ, ભાષા અને જીવન જીવવાની પદ્ધતિ આ બધું અલગ પ્રકારનું હતું.

તેઓ જંગલમાં કુદરતના સાનિધ્યમાં વસતા હતા. આ રીતે ભૌગોલિક અલગપણાને લીધે વિકાસશીલ સમાજની સરખામણીએ સામાજિક, આર્થિક, રાજકીય, શૈક્ષણિક સ્તર પણ તેઓનું અસમાન રહેતું. આના પરિણામે અનુસૂચિત જાતિ-જનજાતિઓ ઘણા દાયકાઓ સુધી સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત રહી, પરંતુ આપણને સ્વતંત્રતા મળી એ પછી લોકતાંત્રિક સમાજમાં બધી જાતિ-જ્ઞાતિને એક સમાન અધિકાર અપાવવાની ઝુંબેશ શરૂ થયા બાદ શિક્ષણ સહિત દરેક સામાજિક જીવનમાં આ જાતિના લોકોની ભાગીદારી વધી. આમ છતાં અન્ય સામાજિક જૂથોની સરખામણીએ સમાજમાં આ જાતિઓને સમાવિષ્ટ કરવાનું પ્રમાણ અલગ અલગ રહ્યું છે.

કેટલીક બાબતોમાં આ જૂથોએ શૈક્ષણિક રીતે વિકાસ સાધ્યો છે છતાં શૈક્ષણિક, વિકાસલક્ષી અને સામાજિક પ્રક્રિયામાં તેઓ હાંસિયામાં જ ધકેલાઈ જતા હોય છે. એક એવું ક્ષેત્ર છે - શિક્ષણના બધા સ્તરમાં તેઓની હાજરી - જેમાં આ જૂથનો નોંધપાત્ર વિકાસ - યોગદાન રહ્યું છે. પ્રાથમિક શિક્ષણથી માંડી સુગ્રથિત અને વિધિસરના શિક્ષણના પ્રથમ પ્રવેશ પોઇન્ટમાં તેઓની હાજરી નોંધપાત્ર રહે છે. પરંતુ પાંચમા ધોરણમાં આવતા આ સંખ્યા ઘટતી જાય છે. ઉદાહરણ તરીકે રાષ્ટ્રીય શૈક્ષણિક આયોજન અને વહીવટ યુનિવર્સિટીના 'સર્વ માટે શિક્ષણ, ગુણવત્તા અને સમાનતા તરફ પ્રગતિ' રિપોર્ટ-૨૦૧૪માં જણાવ્યા મુજબ ૨૦૦૦-૦૧ અને ૨૦૧૩-૧૪ના સમયગાળા દરમ્યાન અનુસૂચિત જાતિના બાળકોથી, પ્રાથમિક શિક્ષણમાં હાજરીનું પ્રમાણ ૨૧૩ લાખથી વધીને ૨૬૩ લાખ થયું હતું. જે પણ એક દાયકામાં ૨૪ ટકાનો વધારો દર્શાવે છે. એ જ રીતે અનુસૂચિત જનજાતિના બાળકોની હાજરીનું પ્રમાણ આ ગાળામાં ૧૦૦ લાખથી વધીને ૧૪૭ લાખ થયું હતું જે ૩૩.૬ ટકાનો વધારો દર્શાવે છે.

ઉચ્ચ પ્રાથમિક સ્તરે પણ અનુસૂચિત જાતિ અને જનજાતિના બાળકોનું પ્રમાણ આ દાયકામાં નોંધપાત્ર રીતે વધ્યું હતું. સમગ્ર પ્રાથમિક શિક્ષણમાં અનુસૂચિત જાતિનો કુલ હાજરીનો રેશિયો આ ગાળામાં ૮૯.૮થી વધીને ૧૦૭.૭ થયો હતો. જ્યારે જનજાતિની ટકાવારી ૮૮થી વધીને ૧૦૫.૫૨ થઈ હતી. અત્રે એ નોંધવું જરૂરી છે કે કુલ રેશિયો ૧૦૦ ટકાને વટાવી જવાનું કારણ જે તે ધોરણમાં ઓછી કે વધુ વયનાં બાળકોની હાજરી હતું.

એક રસપ્રદ બાબત એ છે કે રિપોર્ટમાં કુલ હાજરી પ્રમાણ (GER)માં બાળકીઓની હાજરીની સરખામણી દર્શાવવામાં નથી આવી. આનો અર્થ એ થાય છે કે અનુસૂચિત જાતિ-જનજાતિના વાલીઓ અને તેમનો સમાજ પણ પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક સ્તરે તેમના બાળકો (બાળક અને બાળકીઓ) શિક્ષણ મેળવે તે માટે આતુર છે. આમ છતાં અનુસૂચિત જનજાતિમાં વિદ્યાર્થીઓની હાજરીમાં ૨.૫ ટકાનો ઘટાડો અને કન્યાઓની હાજરીમાં આ દાયકામાં ૨૯.૪ ટકાનો વધારો નોંધાયો હતો. આ એક આવકારદાયક વિકાસ કહી શકાય.

આ બંને જાતિઓમાં પ્રાથમિક શિક્ષણમાં હાજરીનું પ્રમાણ સારું છે પરંતુ પ્રાથમિક સ્તરે શાળા છોડી જવાનું પ્રમાણ ચિંતાજનક છે. બંને કેટેગરીમાં શાળા છોડવાની સરેરાશ ટકાવારી ૨૦૦૮-૦૯માં ૪૨.૩ હતી. પ્રાથમિક શિક્ષણના અમુક સ્તર સુધી પહોંચ્યા બાદ ૫૦ ટકા જેટલા બાળકો શાળા છોડીને જતા રહે છે. કોઈ વિવેચકો એવો દાવો કરે છે કે આ વલણમાં હવે ઘટાડો નોંધાયો છે. પરંતુ આવી દલીલો કે તર્ક દ્વારા પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવાની સિદ્ધિને કોઈ મદદ નહીં મળે. દેશના બધાં બાળકોને પાયાનું શિક્ષણ મળી રહે એવા આપણા દાવામાં આ આંકડા અડચણરૂપ તો છે જ.

બાળકોનું શાળા છોડી જવાનું પ્રમાણ શિક્ષણના ઉચ્ચ સ્તરમાં વધતું જાય છે. આનો મતલબ એ થાય છે કે શાળામાં દાખલ થવું એ બાળકો અને તેના વાલીઓ માટે સુખદ હતું પરંતુ શાળાનું શિક્ષણ સતત મેળવવું અને અમુક સ્તર સુધી ટકી રહેવું એ તેઓ માટે બહુ આનંદની બાબત નથી. આવાં બાળકો અર્ધશિક્ષિત રહે છે અને શિક્ષણની દૃષ્ટિએ વંચિત કે અર્ધશિક્ષિત વર્ગમાં જ રહે છે. હકીકતમાં અન્ય સામાજિક જૂથો વિશાળ અને ખુલ્લાં શિક્ષિત રોજગાર બજારમાં વિવિધ તકોનો લાભ લેવા દોટ મૂકે છે ત્યારે એવા સમયે અનુસૂચિત જાતિ-જનજાતિના લોકોની સ્થિતિ વધુ દયનીય બને છે. આથી આ વંચિત લોકો શિક્ષિત થવામાં પણ પાછળ રહી જતાં અસમાનતા વધતી જાય છે.

**પડકારો**

અનુસૂચિત જાતિ-જનજાતિના બાળકોને શિક્ષણની પહોંચ વધે તે માટે વિવિધ કાયદાઓ અમલી બનાવાયા છે. ઓપરેશન બ્લેકબોર્ડ, રાષ્ટ્રીય સાક્ષરતા મિશન, જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ અને સર્વ શિક્ષા અભિયાન - જેવા કાર્યક્રમો દ્વારા શિક્ષણ તરફ તેઓનો રસ વધે તેવા પ્રયાસો કરવામાં આવે છે. આ જાતિઓના બાળકો શાળાએ પહોંચી શકે તે માટે શાળાઓ પણ નજીકના અંતરે રાખવામાં આવે છે. આમ છતાં જોઈએ તેટલો પ્રતિસાદ નથી મળતો. આ ઉપરાંત અન્ય બાળકો તથા શિક્ષકો દ્વારા કરવામાં આવતા ભેદભાવથી આ અસમાનતા વધતી જાય છે અને પરિણામે બાળકો શાળાથી દૂર ભાગે છે. અભ્યાસમાં એમ પણ જણાવાયું છે કે શિક્ષકો આ કોમના બાળકોને ઓછી બુદ્ધિવાળા કે અયોગ્ય ગણે છે. કેટલાક સંશોધકોના મતે દલિત અને આદિજાતિના બાળકો શિક્ષણમાં નબળા, અસ્વચ્છ અને અસંસ્કૃત છે જેથી તેઓ ભણવા માટે યોગ્ય નથી. અભ્યાસોમાં એવું પણ પ્રસ્થાપિત થયું છે કે અસ્પૃશ્યતાનો ખ્યાલ તેમજ સામાજિક-ભૌગોલિક રીતે અલગતાપણું એ કેવળ સમાજની દેન નથી પરંતુ શાળામાંથી પણ એ આવેલ છે. અને આ ચિત્ર માત્ર ગ્રામ વિસ્તારોમાં નથી. શહેરી વિસ્તારોમાં પણ એ બાળકો પ્રત્યે ભેદભાવ દાખવવામાં આવે છે.

બાળકો શાળા છોડીને જતાં ન રહે તે માટે સરકાર, શાળાઓ અને સમાજે એ ધ્યાન રાખવું રહેશે કે તેઓને શાળામાં પ્રેમાળ, આવકારદાયક અને એકસમાન વાતાવરણ મળી રહે. જો શાળા તેઓને આકર્ષણનું કેન્દ્ર નહીં રહે તો તેઓ દૂર ભાગશે. શિક્ષણમાં તેઓની ભાગીદારી ઘટતાં અસમાનતા વધતી જશે. બાળકોની શાળામાં કેવળ હાજરી વધે તેનાથી આગળ વિચારવાની જરૂર છે. એક વખત જો શાળા તેઓ માટે હૂંફ આપતી, માયાળુ જગ્યા બની જશે તો તેઓ શાળા-શિક્ષણથી દૂર નહીં ભાગે.

એ પણ નોંધપાત્ર બાબતે છે કે અનુસૂચિત જાતિ-જનજાતિના લોકો હવે વધુને વધુ પ્રમાણમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા લાગ્યા છે, અને અગાઉની સરખામણીએ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા લાગ્યા છે. દેશનો સમગ્ર વિકાસ ત્યારે જ શક્ય બને જ્યારે બધા વર્ગના લોકોને આવરી લેતી કુશળ, શિક્ષિત માનવશક્તિ મળે.

આમ છતાં એક મહત્ત્વનો પડકાર બાકી રહ્યો છે કે અનુસૂચિત જાતિ-જનજાતિઓમાં મોટી સંખ્યામાં બાળકીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. તેઓને શાળા સુધી પહોંચતી કરવા વિશેષ પ્રયાસ કરવાની જરૂર છે. છોકરાઓની સરખામણીએ કન્યાઓ શિક્ષણની દૃષ્ટિએ બમણી કે ત્રણ ગણી પાછળ છે. જાતિભેદ, સામાજિક વર્ગની દૃષ્ટિએ તેઓ શોષિત છે જ, તેમાં પણ શિક્ષણથી વંચિત હોવું એ તેમની વિટંબણામાં વધારો કરે છે. આથી પરિવર્તનની કોઈપણ પ્રક્રિયા સંભાળપૂર્વક આગળ વધારવાની જરૂર છે જેથી કરીને તેની સંયુક્ત અસર પડે. દલિત અને આદિજાતિના બાળકો માટે શાળાએ એવું માધ્યમ બનવું પડશે, જેથી તેઓ અન્ય વર્ગોની સાથે ઊભા રહી શકે. શાળા અને સમાજને વધુને વધુ સમાવેશક (ઇન્ક્લુઝીવ) ન્યાયી અને સમાન બનવાની જરૂર છે. જેથી ભારતીય સમાજ સાચી રીતે એવો દાવો કરી શકે તે એક એવો લોકતાંત્રિક સમાજ છે જ્યાં બધા નાગરિકો સમાન છે.

**લેખકશ્રી નવી દિલ્હી ખાતેની જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી ખાતે ઝાકિર હુસેન સેન્ટર ફોર એજ્યુકેશનલ સ્ટડીઝમાં એસોસિએટ પ્રોફેસર છે.**

# ઉચ્ચશિક્ષણની બદલાતી દિશાઓ

ડૉ. ઋચા એન. શાહ



*ટેક્નોલૉજી સંક્રમણના આ યુગમાં દરેક ક્ષેત્રમાં પરિવર્તનો જોવા મળે છે. વિશ્વ માહિતી સંચારની ક્રાંતિનો અનુભવ કરી રહ્યું છે. એવા સમયે શિક્ષણ ક્ષેત્ર પણ ટેક્નોલૉજીની અસરથી બાકાત નથી. શિક્ષણના દરેક તબક્કે ટેક્નોલૉજીનો ભરપૂર ઉપયોગ થઈ રહ્યો છે અને સમાજ તેના ફાયદા અને ગેરફાયદાનો સાક્ષી બની રહ્યો છે. ઈન્ટરનેટ અને મોબાઈલનો ઉપયોગ જે હદે વધી રહ્યો છે તે જોતા એવું લાગે છે કે શિક્ષણના પરિમાણો ધરમૂળથી બદલવા પડશે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ કરતા ઉચ્ચશિક્ષણમાં આ ફેરફાર વધુ જલ્દી અને તીવ્રપણે અનુભવાઈ રહ્યો છે.*

ટેક્નોલૉજી સંક્રમણના આ યુગમાં દરેક ક્ષેત્રમાં પરિવર્તનો જોવા મળે છે. વિશ્વ માહિતી સંચારની ક્રાંતિનો અનુભવ કરી રહ્યું છે. એવા સમયે શિક્ષણ ક્ષેત્ર પણ ટેક્નોલૉજીની અસરથી બાકાત નથી. શિક્ષણના દરેક તબક્કે ટેક્નોલૉજીનો ભરપૂર ઉપયોગ થઈ રહ્યો છે અને સમાજ તેના ફાયદા અને ગેરફાયદાનો સાક્ષી બની રહ્યો છે. ઈન્ટરનેટ અને મોબાઈલનો ઉપયોગ જે હદે વધી રહ્યો છે તે જોતા એવું લાગે છે કે શિક્ષણના પરિમાણો ધરમૂળથી બદલવા પડશે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ કરતા ઉચ્ચશિક્ષણમાં આ ફેરફાર વધુ જલ્દી અને તીવ્રપણે અનુભવાઈ રહ્યો છે.

**ટેક્નોલૉજી સંક્રમણ પહેલાનું ઉચ્ચ શિક્ષણનું સ્વરૂપ**

**વિદ્યાર્થીનો દૃષ્ટિકોણ :** વધુ નહિ પણ આજથી માત્ર પચીસ વરસ પહેલાની ઉચ્ચશિક્ષણની વાત કરીએ તો પરિસ્થિતિ તદ્દન જુદી હતી. વિદ્યાર્થીઓએ અભ્યાસ માટે વધુ ને વધુ પુસ્તકોનો ઉપયોગ કરવો પડતો. કૉલેજોની અને યુનિવર્સિટીની લાયબ્રેરીનો વધુ માત્રામાં ઉપયોગ થતો. વિદ્યાર્થી માટે અધ્યાપકો પણ ખૂબ મહત્ત્વના રહેતા, તેમના જ્ઞાનનો વિદ્યાર્થીઓ પૂરતી માત્રામાં ઉપયોગ કરી શકતા. એથી વધુ ઊંડા અભ્યાસ માટે પુસ્તકો અને સિનિયર વિદ્યાર્થીઓ પાસેથી મેળવેલી નોંધનો ઉપયોગ થતો. જેના કારણે વિદ્યાર્થીઓનો અન્ય વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સાથેનો સંબંધ જળવાયેલો રહેતો. વિદ્યાર્થીઓએ કૉલેજમાં નિયમિત હાજરી આપી હોય કે ના આપી હોય તેની અસર પરિણામો પર વરતાતી. વરસનો મોટાભાગનો સમય અભ્યાસ પાછળ ખર્ચાતો. શિક્ષણ માત્ર જરૂરિયાત ના બની રહેતા જ્ઞાનની શોધનો સાચો માર્ગ બનતું. જો કે કેટલીક અર્થહીન પ્રવૃત્તિઓ પાછળ ખૂબ સમય, શક્તિ અને નાણાંનો વ્યય થતો. બહુ ઓછા યુવક-યુવતીઓ ઉચ્ચ શિક્ષણ માટે સમય ફાળવી શકતા. ચીલાચાલુ અભ્યાસ ઉપરાંતની પ્રવૃત્તિ ભાગ્યે જ શક્ય બનતી. પણ છતાં જેઓ ઉચ્ચશિક્ષણ મેળવે તેમને તેનો ફાયદો જરૂર મળતો. સમાજમાં ઉચ્ચશિક્ષણ પામેલ વિદ્યાર્થીઓનું એક સન્માનભર્યું સ્થાન રહેતું. તેમને મળતા કારકિર્દીલક્ષી અને વ્યવસાયલક્ષી લાભો આકર્ષણનું કેન્દ્ર બનતા.

**અધ્યાપકોનો દૃષ્ટિકોણ :** અધ્યાપકોની આગવી મહત્તા રહેતી. વિદ્યાર્થીના જીવન પર અધ્યાપકો પ્રભાવ પાડી શકતા. પરીક્ષા દરમિયાન અધ્યાપકોનું કામ વધુ રહેતું અને મૂલ્યાંકનનું કામ પણ સમય માંગી લે તેવું હતું. વિદ્યાર્થીઓ પાસે વધુ વિકલ્પો ન હોવાથી અધ્યાપકોએ સતત સુસજ્જ રહેવું પડતું. અધ્યાપકોનો એકમાત્ર ઉદ્દેશ જ્ઞાનના વિસ્તારનો રહેતો. માત્ર નિયત અભ્યાસક્રમને વળગી રહેવાને બદલે

સમકાલીન બાબતોનું જ્ઞાન પણ અધ્યાપક માટે જરૂરી બની રહેતું. પરીક્ષાકાર્યમાં રોકાયેલા અધ્યાપકો પાસે ગેરરીતિ અને એ રીતે આર્થિક લાભના પુષ્કળ વિકલ્પો રહેતા. એવા સમયે અધ્યાપક પાસે સામાજિક જવાબદારી અને નૈતિકતાના મૂલ્યો જાળવવાની અપેક્ષા રાખવામાં આવતી. એક શ્રેષ્ઠ અધ્યાપક સાબિત થવા પ્રયત્નશીલ રહેવું પડતું. વિદ્યાર્થીની જ્ઞાનપિપાસા સંતોષવાની જ નહિ પણ તેને પ્રજ્વલિત કરવાની જવાબદારી પણ અધ્યાપકને શિરે રહેતી.

**ઉચ્ચશિક્ષણનું આજનું વલણ**

**વિદ્યાર્થીનો દૃષ્ટિકોણ :** આજે પરિસ્થિતિ બદલાઈ છે. વિદ્યાર્થી વધુ ને વધુ પરિક્ષાલક્ષી બનતો જાય છે. વિદ્યાર્થી પાસે પરિક્ષાલક્ષી વાંચન સામગ્રી મેળવવાના અનેક માધ્યમો છે. અધ્યાપકોનું મહત્ત્વ ઘટતું જાય છે અને ઈન્ટરનેટનો ઉપયોગ વધતો જાય છે. ગૂગલ જેવા સર્ચ એન્જિન પર માગો તે માહિતી આંગળીના ટેરવે ગણતરીની ક્ષણોમાં જ ઉપલબ્ધ છે. ટેક્નોલૉજી ક્રાંતિના આ યુગમાં વિદ્યાર્થી માટે મોબાઈલ અને કોમ્પ્યુટર તથા ઈન્ટરનેટ જેવા સાધનો મેળવવાનું અને તેનો ઉપયોગ કરવાનું ખૂબ સરળ અને સસ્તું છે. ટાઈમટેબલ અને એસાઈનમેન્ટ મેઈલ દ્વારા જ મોકલવાનું અને મેળવવાનું સરળ બનતું જાય છે. વિદ્યાર્થીની કૉલેજમાં હાજરી ઘટતી જાય છે, કારણ કે કૉલેજમાં જવાથી કોઈ ફાયદો થશે તેવું તેમને લાગતું નથી. ટેક્નોલૉજીના ઉપયોગ માટે ઘણીવાર અધ્યાપકો કરતા વિદ્યાર્થીઓની ક્ષમતા વધુ હોય છે. વિદ્યાર્થીઓના શબ્દોમાં કહીએ તો અધ્યાપકો આઉટડેટેડ થતા જાય છે. અનેક યુનિવર્સિટીઓએ વિવિધ ઓન-લાઈન અભ્યાસક્રમો શરૂ કર્યા છે. આવા કોર્સ વ્યવસાયલક્ષી કારકિર્દીના ઘડતર માટે મહત્ત્વના પુરવાર થયા છે. ચીલાચાલુ ભણતર કરતા આવા અભ્યાસક્રમો દ્વારા વિદ્યાર્થીની જ્ઞાનની શાખાઓ વિસ્તાર પામે છે. પરીક્ષા સમયે ગેરરીતિની પ્રવૃત્તિઓએ માઝા મૂકી છે. અવનવા ફોટોકોપી મશીનમાં માઈક્રો કોપી કાઢવાનું અને પરીક્ષામાં તેનો ઉપયોગ કરવાનું પ્રમાણ વધતું જાય છે. વિદ્યાર્થીઓ પાસે જ્ઞાન ઓછું અને માહિતી વધુ હોય છે, અધ્યાપકોની ક્ષમતાનો તેઓ પૂરતો ફાયદો લઈ શકતા નથી. માહિતી સહજસાધ્ય હોવાને લીધે ઈતર પ્રવૃત્તિઓ માટે વિદ્યાર્થીઓ પાસે પુષ્કળ સમય અને શક્તિ હોય છે. આમ માત્ર અભ્યાસને બદલે વિવિધ આનુષંગિક પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ રસ લેતા થયા છે. અભ્યાસની સાથે જ અર્થોપાર્જનની પ્રવૃત્તિ પણ શક્ય હોવાથી ઉચ્ચશિક્ષણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો થયો છે. પરિણામે સમાજમાં ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ માટે કોઈ ખાસ સન્માનનીય સ્થાન હોય તેવું જોવા મળતું નથી. શિક્ષણનું પ્રમાણ ચોક્કસ વધ્યું છે પણ તેની મહત્તા ઘટી છે. કારણ કે વધુ ઉચ્ચશિક્ષણને કારણે બધા વિદ્યાર્થીઓ સારી રીતે કમાતા થાય તેવું જરૂરી નથી.

**અધ્યાપકનો દૃષ્ટિકોણ :** અધ્યાપક માટે પણ આ પરિસ્થિતિ કપરા ચઢાણ જેવી છે. સમકાલીન જ્ઞાન અને માહિતીની સુસજ્જતા માટે તેમણે સતત પ્રયત્નશીલ રહેવું પડે છે. નવી પેઢી સાથે તાલ મેળવવાનું કામ વધુ ને વધુ અઘરું બનતું જાય છે. ગમે તેટલા ઉચ્ચ અભ્યાસ પછી પણ અર્થોપાર્જનની અનિશ્ચિતતાને કારણે વિદ્યાર્થીઓ અભ્યાસ પ્રત્યે નીરસ બન્યા છે. તેમની અભ્યાસરૂચિ જાળવી રાખવા માટે અધ્યાપકોએ રોજ નવા વિકલ્પો અને પદ્ધતિઓ રજુ કરતા રહેવું પડે છે. કોમ્પ્યુટર અને ઈન્ટરનેટના જ્ઞાન વગરનો અધ્યાપક વિષયલક્ષી જ્ઞાન ગમે તેટલું હોય તો પણ અભણ જેવો થઈ રહે છે. પ્રશ્નપત્રો બનાવવા, વિદ્યાર્થીઓ માટે સરળ વાંચનસામગ્રી બનાવવી, મૂલ્યાંકન કરવું, પરિણામો તૈયાર કરવા, દરેક તબક્કે કોમ્પ્યુટર અને ઈન્ટરનેટનું જ્ઞાન જરૂરી બને રહે છે. એસાઈનમેન્ટ આપવા, પ્રાયોગિક પરીક્ષાઓના આયોજન કરવા, તેની જાણ વિદ્યાર્થીઓને કરવી વગેરે પ્રવૃત્તિઓ આ જ્ઞાન વગર શક્ય નથી. આમ બીજા શબ્દોમાં કહીએ તો અધ્યાપકોએ અપડેટેડ રહેવા માટે નવેસરથી ભણવું પડે છે.

**ઉચ્ચશિક્ષણમાં આવેલા બદલાવો**

જૂની શિક્ષણ પદ્ધતિને સંદર્ભે જોવા જઈએ તો ઉચ્ચશિક્ષણમાં અનેક ફેરફારો જોવા મળે છે અને એમ પણ પરિવર્તનથી જ સુધારા આવતા હોય છે, આથી આવું પરિવર્તન આવકાર્ય પણ છે. પણ, એ માટે આપણે સતત નવી માહિતી અને નવી પદ્ધતિઓથી પરિચિત રહેવું પડે છે. એડમિશનથી માંડીને કોન્વોકેશન - તમામ તબક્કે યુનિવર્સિટી અને કૉલેજો દ્વારા ટેક્નોલૉજીનો ઉપયોગ થઈ રહ્યો છે. ઓનલાઈન ફોર્મ ભરવા, અભ્યાસક્રમ વેબસાઈટ પર મુકવો, એડમિશન લિસ્ટ સાઈટ પર મુકવા, એડમિશન અંગેની જાણ વોટ્સ એપ પર કરવી, બેંક સાથે મસલત કરી ફીના નાણા ઓનલાઈન મંગાવવા, વિષય પસંદગીની વિધિ ઓનલાઈન કરવી, અભ્યાસનું સમય પત્રક સાઈટ પર મુકવું, વર્ગો શરૂ થવાની માહિતી વોટ્સ એપ પર મોકલવી, વર્ગમાં હાજરી અંગેની માહિતી, એસાઈનમેન્ટની માહિતી, અભ્યાસને લગતી વાંચન સામગ્રી મોકલવી, પરીક્ષાના ફોર્મ ભરવા, પરીક્ષાની ફી સ્વીકારવી, પરીક્ષાનું સમયપત્રક મોકલવું, પરીક્ષા કેન્દ્રની જાણ કરવી, પરિણામો જાહેર કરવા જેવા તમામ કાર્યો ઇન્ફોર્મેશન ટેક્નોલૉજીના ઉપયોગથી જ થઈ રહ્યા છે. આવા કાર્યો પાછળ ખર્ચાતા નાણા અને સમય ખૂબ બચી રહ્યા છે. વહીવટી કર્મચારીઓની

સંખ્યા ઘટી રહી છે. વહીવટી કાર્યો જેવા કે વિદ્યાર્થીઓનો મસ્ટર રોલ બનાવવો, ફીની યાદી બનાવવી, સ્ટાફના પગાર બીલો બનાવવા, પરીક્ષાનું આયોજન કરવું, પરિણામો તૈયાર કરવા, માર્કશીટ બનાવવી, સર્ટિફિકેટ બનાવવા જેવા કાર્યો પણ કોમ્પ્યુટર અને ઈન્ટરનેટની મદદથી જ થાય છે. આ ઉપરાંત અધ્યાપકો અને વિદ્યાર્થીઓ પણ ટેક્નોલૉજીનો ઉપયોગ બહોળા પ્રમાણમાં કરી રહ્યા છે. વિદ્યાર્થીઓનું એક વોટ્સ એપ ગ્રૂપ બનાવીને અભ્યાસ કે કૉલેજને લગતી માહિતી એમાં શેર કરવાનું પ્રમાણ વધી રહ્યું છે. આમ સમગ્ર શિક્ષણ જગત ટેક્નોલૉજીમય બની ગયું છે એમ કહેવું પણ ખોટું નથી.

**ઉચ્ચશિક્ષણ જગતમાં આવી રહેલા બદલાવના કારણો**

પહેલા જ લખ્યું તેમ શિક્ષણ જગતના પરિમાણો ધરમૂળથી બદલાઈ રહ્યા છે. અનેક ફેરફારોનો સ્વીકાર યુનિવર્સિટી, કૉલેજો, અધ્યાપકો, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને મહદ્અંશે વાલીઓ પણ કરી રહ્યા છે.

- વાલીઓમાં જાગૃતિ અને શિક્ષણનું વધી રહેલું પ્રમાણ એ બહુ મહત્ત્વનું કારણ ગણી શકાય.
- કોમ્પ્યુટર, સ્માર્ટ ફોન, આઈપેડ, ઈન્ટરનેટ કનેક્શન, પેનડ્રાઈવ જેવા સાધનો ખૂબ સરળતાથી અને ઓછી કિંમતે પ્રાપ્ય છે આથી દરેક વર્ગના લોકોને તેનો ઉપયોગ કરવાનું પોસાય તેવું છે.
- વાઈફાઈ જેવી સુવિધા ઉપલબ્ધ થતા એક સંસ્થાના તમામ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો બહુ નજીવા ખર્ચે ઈન્ટરનેટનો ઉપયોગ કરી શકે છે.
- કોમ્પ્યુટર અને ઈન્ટરનેટનું જ્ઞાન આપતી સંસ્થાઓ મોટા પ્રમાણમાં અને ઓછા ખર્ચે મળી રહે છે.
- વિદ્યાર્થીઓ પ્રાથમિક શાળાથી જ કોમ્પ્યુટરના જ્ઞાનને એક વિષય તરીકે શીખી રહ્યા છે.
- કોમ્પ્યુટરનો અભ્યાસ એક ઉત્તમ કારકિર્દી માટે પણ ખૂબ જરૂરી છે, એવું કહેવાય છે કે આ જમાનામાં જેને કોમ્પ્યુટર કે ઈન્ટરનેટ વાપરતા નથી આવડતું તેવા લોકો ગમે તેટલું ભણ્યા હોય તો પણ અભણ જેવા જ છે.
- યુનિવર્સિટી, કૉલેજ કે બીજી કોઈ પણ શૈક્ષણિક સંસ્થા કોમ્પ્યુટર અને ઈન્ટરનેટના ઉપયોગથી સમય અને નાણાનો ખોટો વ્યય અટકાવી કરકસરના ભાગ તરીકે ટેક્નોલૉજીને ઉપયોગમાં લઈ શકે છે.
- યુનિવર્સિટી દ્વારા તમામ માહિતી સંચાર અને જાહેરાતો ઈન્ટરનેટ પર એટલે કે વેબસાઈટ દ્વારા જ કરવામાં આવતી હોવાથી કૉલેજો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓને તેનો ઉપયોગ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.
- કોમ્પ્યુટરનું જ્ઞાન અધ્યાપકો માટે ફરજિયાત થતું જાય છે. CCC કે CCC+ જેવી પરિક્ષાઓ અધ્યાપકો માટે તેમની કારકિર્દી ઘડવા જરૂરી બનતી જાય છે.
- આજની પેઢી સાથે કદમ મિલાવવા માટે પણ અધ્યાપકો, કર્મચારીઓ અને વાલીઓએ ટેક્નોલૉજીથી પરિચિત થતા રહેવું પડે છે.

**ઉચ્ચશિક્ષણમાં ટેક્નોલૉજીના ઉપયોગથી થતા ફાયદા**

ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે આપણું યુવા ધન ટેક્નોલૉજીનો સાક્ષાત્કાર કરી રહ્યું છે. આ તબક્કે ઉચ્ચ શિક્ષણમાં ટેક્નોલૉજીના ઉપયોગથી થતા ફાયદા જાણવા જરૂરી બની જાય છે.

- ટેક્નોલૉજીના ઉપયોગથી આધુનિકતાનો અનુભવ થાય છે. જે વિકસતા વિશ્વ સાથે તાલમેલ મેળવવા માટે ખૂબ જરૂરી છે.
- વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને અંદરો અંદર અને એકબીજા સાથે જોડાયેલા રાખવામાં ટેક્નોલૉજી મહત્ત્વનો ભાગ ભજવે છે.
- વહીવટી કાર્યો ખૂબ ઝડપથી, ઓછા કર્મચારીઓની મદદ લઈને કરકસરપૂર્વક કરી શકાય છે. આમ સમય અને નાણાંનો દુર્વ્યય થતો અટકે છે.
- સંસ્થા અને અન્ય વચ્ચેનું માહિતી સંચારનું કાર્ય ટેક્નોલૉજીના ઉપયોગથી ઝડપી અને સરળ બને છે. કોઈપણ માહિતી ગણતરીની ક્ષણોમાં અનેક ઉપયોગકર્તાઓ સુધી ઓછા ખર્ચે પહોંચાડી શકાય છે.
- વિદ્યાર્થીઓને અભ્યાસને લગતી માહિતી માટે કોઈ બીજા પર આધાર રાખવો પડતો નથી, અને જરૂરી તમામ અભ્યાસ સામગ્રી ઈન્ટરનેટ પર આંગળીને ટેરવે ઉપલબ્ધ બને છે.
- મોટાભાગના કાર્યો મશીનથી થતા હોવાથી વહીવટી ભૂલોનું પ્રમાણ મહદ્અંશે ઘટાડી શકાય છે. અને કાર્યો વધુ ચોકસાઈથી પાર પડે છે.
- માનવીય મર્યાદાઓ જેવી કે માંદગી, મુડ, સામાજિક જવાબદારીઓ, શારીરિક ક્ષમતા, સંબધોની શરમ આ તમામને ટેક્નોલૉજીના ઉપયોગથી નિવારી શકાય છે.
- પરીક્ષાકાર્ય અને મૂલ્યાંકન કાર્ય તેમ જ પરિણામોમાં ગેરરીતિનું પ્રમાણ ઘટાડી શકાય છે.
- મૂલ્યાંકન અને પરિણામો તૈયાર કરવાનું કાર્ય ઝડપથી થતું હોવાથી વિદ્યાર્થીઓને બીજી યુનિવર્સિટીમાં કે બીજા રાજ્યોમાં, કે પરદેશ આગળ અભ્યાસ માટે જવું હોય ત્યારે ઓછી મુશ્કેલીનો સામનો કરવો પડે છે.
- અધ્યાપકો તેમની વહીવટી માહિતી

માટે, આર્થિક લાભોની ગણતરી માટે, રજાઓના આયોજન માટે જરૂરી માહિતી અને તેને લગતી ગણતરી જાણી શકે છે.

- કૉલેજો માટે તમામ અધ્યાપકો અને વિદ્યાર્થીઓને મોકલવા માટેની માહિતી કે જાહેરાત ઝડપથી મોટા સમુદાયને પહોંચાડી શકાય છે.
- પેપરવર્ક ખૂબ ઘટી જતા અને મોટા ભાગના કાર્યો સોફ્ટ કોપીમાં થતા કાગળનો વપરાશ ઘટાડી શકાય છે, જે અંતે પર્યાવરણ માટે ફાયદાકારક છે.

**ઉચ્ચશિક્ષણમાં ટેક્નોલૉજીના ઉપયોગથી થતા ગેરફાયદા**

- ચાણક્ય કહે છે કે કોઈપણ વસ્તુનો અતિરેક ઝેર છે. આજના યુગમાં ઉચ્ચ શિક્ષણક્ષેત્રે ટેક્નોલૉજીના ઉપયોગનો જે હદે અતિરેક થઈ રહ્યો છે તે જોતા ચાણક્ય સાચા પડતા હોય તેવું લાગે છે.
- જે અધ્યાપકો કે કર્મચારીઓ કોમ્પ્યુટર કે ઈન્ટરનેટનો ઉપયોગ કરવા અસક્ષમ છે તેમની માટે ટકી રહેવું એ લોઢાના ચણા ચાવવા જેવું છે.
- ગરીબ વિદ્યાર્થીઓ કે જે કોમ્પ્યુટર વસાવી શકતા નથી તેમને પણ રોજેરોજ નવી નવી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.
- આજનું યુવાધન ટેક્નોલૉજીના અતિ ઉપયોગને લીધે તેના લાભો મેળવવાને બદલે ગેરલાભો મેળવી રહ્યું છે.
- વિદ્યાર્થીઓ આખો દિવસ સ્માર્ટફોન, ટેબ્લેટ કે લેપટોપ લઇ ફેસબુક, વોટ્સ એપ, ટ્વીટર જેવી પ્રવૃત્તિઓમાં અઢળક સમયનો બગાડ કરે છે.
- જુદી જુદી વેબસાઈટ પર ફિલ્મો જોવી, ગીતો સાંભળવા, અશ્લીલ વીડિયો ક્લિપ્સ જોવી જેવી પ્રવૃત્તિઓએ માઝા મૂકી છે.
- અભ્યાસમાં વધુ ઊંડા ઉતારવા માટે અધ્યાપકો કે પુસ્તકોના ઉપયોગનું પ્રમાણ ઘટ્યું છે અને એ રીતે લાયબ્રેરી અને અધ્યાપકોની વિષયલક્ષી સુસજ્જતાની મહત્તા ઘટી છે.
- ચાલુ કૉલેજે મોબાઈલનો ઉપયોગ પ્રતિબંધિત હોવા છતાં બેરોકટોક વિદ્યાર્થીઓ મોબાઈલ લઈને જ કૉલેજે આવે છે અને ચાલુ વર્ગ દરમિયાન અધ્યાપકના વ્યાખ્યાન પર ધ્યાન આપવાને બદલે અધ્યાપકની નજર ચૂકવીને વોટ્સ એપ ચેટિંગ, ફેસબુક જેવી પ્રવૃત્તિઓ કર્યા કરે છે જે અભ્યાસ માટે હાનિકારક છે.
- મશીનની ખરાબીને કારણે ક્યારેક સમયની બચત થવાને બદલે કામ વધુ મુશ્કેલ અને લાંબુ બની જાય છે.
- મશીનમાં તકનિકી ખરાબી કે કોઈ નાનકડી માનાવભૂલને કારણે પરિણામો અને માર્કશીટમાં ખૂબ મોટા છબરડા થવાના કિસ્સા ઓછા નથી.

**પરિસ્થિતિમાં સુધારા અંગેના સૂચનો**

આધુનિક ઈલેક્ટ્રોનિક સાધનોના અમર્યાદ ઉપયોગને લીધે ઉચ્ચશિક્ષણ મેળવી રહેલા યુવક-યુવતીઓનું ભાવિ અંધકારમય બની રહ્યું છે. આ પરિસ્થિતિ નિવારવા અને આવા સાધનોના યોગ્ય ઉપયોગ અંગેની સભાનતા યુવાનોમાં લાવી શકાય તે માટે વાલીઓ, અધ્યાપકો અને સંસ્થાઓએ પ્રયત્નશીલ બનવું જ પડે. કેટલાક સુધારાલક્ષી પગલાં નીચે મુજબ નોંધી શકાય.

- સહુથી વધુ અપેક્ષા વાલીઓ પાસે રાખવામાં આવે છે. આધુનિક ઈલેક્ટ્રોનિક સાધનો સંતાનોના હાથમાં આપતા પહેલા તેના ઉપયોગની ગંભીરતા તેમને સમજાવવાની વાલીઓની ફરજ છે.
- વાંચન, રમતગમત જેવી પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓનો રસ વધે તે માટે વાલીઓ, અધ્યાપકો અને સંસ્થાઓએ પ્રયત્નશીલ રહેવું જોઈએ.
- કૉલેજ કેમ્પસમાં મોબાઈલના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ હોવો જોઈએ અને એ નિયમનું ચુસ્ત પાલન થવું જોઈએ.
- વાલીઓએ નિયમિતપણે થોડો સમય તેમના યુવાન સંતાનો સાથે વિતાવવો જોઈએ. અને આવી વાતચીત દરમિયાન સંતાનોની વિવિધ પ્રવૃત્તિઓ અંગે માહિતગાર રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ.
- કૉલેજમાં વિદ્યાર્થીઓના રસ અને રુચિ અનુસાર તેઓ ભાગ લઈ શકે તેવી પ્રવૃત્તિઓના આયોજનો થવા જોઈએ.
- અધ્યાપકોએ જ જુદી જુદી માહિતી અને વિષયલક્ષી જ્ઞાન મેળવવા માટે કોમ્પ્યુટર અને ઈન્ટરનેટનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે અંગેની ચર્ચા વર્ગખંડમાં કરવી જોઈએ.
- કૉલેજના કેમ્પસ તરફથી જ્યારે વાઈફાઈ સુવિધા પૂરી પાડવામાં આવતી હોય ત્યારે તેના પર સોશિયલ મીડિયા સાઈટ્સનો ઉપયોગ ના કરી શકાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
- લાયબ્રેરીમાં સમકાલીન વિષયોને સમાવી લેતા હોય તેવા પુસ્તકો અને મેગેઝીન્સ અને જર્નલ્સ વસાવવા જોઈએ, અને તેનો વિદ્યાર્થીઓ સુધી સકારાત્મક પ્રચાર કરવો જોઈએ.

**લેખિકા પી.ડી. પંડ્યા મહિલા કોમર્સ કૉલેજ, ઘોડાસર, અમદાવાદમાં અધ્યાપક છે.**

# ગુજરાતમાં સાક્ષરતા અને જિલ્લાવાર વિષમતાઓ

**રાણા લગ્ધીરસિંહ કનકસિંહ**



*ભારતમાં ૧૯૪૭થી વિવિધ પ્રકારનું સર્વ શિક્ષા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ચોથા ભાગથી વધુ વસ્તી નિરક્ષર છે. જે સહુને શિક્ષણ આપવામાં સરકારે બનાવેલા કાયદાઓ યોજનાઓ અને પ્રોત્સાહનલક્ષી કાર્યક્રમો કેટલાક અંશે સાર્થક થઈ શક્યા તે દર્શાવે છે. છ દાયકાના સમયગાળામાં નિરક્ષરતા નિવારવા માટે દેશમાં ઘણા પ્રયાસો થયા છે. પરંતુ હજુ પણ ઘણું કરવાનું બાકી છે. આગળના છ દાયકાની ખામીઓ નિવારીને યોગ્ય આયોજન અને પ્રામાણિકતાપૂર્વકના પ્રયાસો થશે તો ચોક્કસપણે દેશ પરથી નિરક્ષરતાનું કલંક મિટાવી શકીશું અને સહુને શિક્ષણ પ્રાપ્ય બનશે.*

નવી સદીના દ્વારે ઊભા આપણા માનવ સમાજ માટે શિક્ષણનો અર્થ શો ? માનવ જાતિનું ભાવિ શિક્ષણ પર કઈ રીતે આધારિત છે તેની સમજ મેળવવા વીતેલી સદી પર નજર નાખવા કોશિશ કરીએ. ભારતની જ વાત કરીએ તો દેશ ઉપનિષદ્ કાળ કે તે પહેલેથી સુ-સ્થાપિત શિક્ષણ વ્યવસ્થાની લાંબી પરંપરા ધરાવે છે. આપણા પ્રાચીન ગ્રંથોમાં આપણે શિક્ષણ તીર્થોનો ઉલ્લેખ મેળવીએ છીએ. નાલંદા, તક્ષશિલા અને વિક્રમ શિલ્પ ખાતે આવેલા દંતકથારૂપ વિશ્વ વિદ્યાલયો માત્ર ધાર્મિક શિક્ષણ માટે જ નહીં પરંતુ વિજ્ઞાન, ખગોળવિદ્યા, તબીબી વિજ્ઞાન અને દર્શનશાસ્ત્ર સહિતના વ્યવહારુ વિષયોના પણ શિક્ષણ કેન્દ્ર હતાં. મિથિલા અને નાદીયા ન્યાય અને દર્શનશાસ્ત્રના અભ્યાસના મોટા કેન્દ્રો બની રહ્યા હતાં. મધ્યકાળમાં પણ ઉચ્ચ શૈક્ષણિક માપદંડો મુજબ શિક્ષણ આપતા મકતાબ અને મદ્રેસાઓનો ઉલ્લેખ જોવા મળે છે. દિલ્હી, જૌનપુર અને સિંધ જેવા સ્થાનો જાણીતા વિદ્યાકેન્દ્રો હતાં.

શિક્ષણ ફક્ત કોઈપણ રાષ્ટ્રના લોકોનું જીવન ધોરણ જ સુધારતું નથી પણ તે પ્રગતિની તકો પણ પૂરી પાડે છે. વ્યક્તિગત વિકાસ અને પ્રગતિની એટલી તકો અશિક્ષિત વ્યક્તિને પ્રાપ્ત થતી નથી, જેટલી એક શિક્ષિત વ્યક્તિને ઉપલબ્ધ થાય છે. તદ્ઉપરાંત શિક્ષણ મેળવવાથી દરેક વ્યક્તિના જીવન ધોરણમાં ચોક્કસ સુધારો થાય છે. શિક્ષણથી પ્રજાને આજના ઝડપી માહિતી યુગમાં પ્રગતિના અનેક લાભો પ્રાપ્ત થાય છે. જે દેશ વિશ્વનો સૌથી વધુ વસ્તીવાળો દેશ થવાનો હોય ત્યાંથી નિરક્ષરતા જડમૂળથી નાબૂદ કરવી સહેલી પણ નથી. તેના માટે આપણે બધા એક મળી પ્રયત્નો કરવા રહ્યા.

**ગુજરાત રાજ્યમાં સાક્ષરતા**

આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ અને સાક્ષરતા વચ્ચે ગાઢ સબંધ જોવા મળે છે. કોઈપણ રાષ્ટ્રના ઝડપી આર્થિક વિકાસ માટે શિક્ષણ અગત્યનું પરિબળ છે. કોઈપણ રાષ્ટ્ર કે પ્રદેશના ભાવિ વિકાસનો આધાર જે તે રાષ્ટ્ર કે પ્રદેશના શૈક્ષણિક સ્તર પર રહેલો છે. અને તેનું મૂલ્યાંકન કરવા માટે સાક્ષરતા, સાક્ષરતા પ્રમાણ જેવા માપદંડો નક્કી કરવામાં આવેલ છે. પ્રસ્તુત લેખમાં ભારતની વસ્તી ગણતરી ૨૦૧૧ના તાજેતરમાં જાહેર કરવામાં આવેલ અંતિમ આંકડાઓનો આધાર તરીકે લઈને ગુજરાત રાજ્યની કુલ સાક્ષરતા, સાક્ષરતા પ્રમાણ, પુરુષ-સ્ત્રી સાક્ષરતા વલણોનું વિશ્લેષણ કરવામાં આવેલ છે. તદુપરાંત ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં

વલણોને તપાસવાનો પણ પ્રયત્ન કરેલ છે.

ગુજરાત રાજ્યના સાક્ષરતા પ્રમાણ અને સાક્ષરતા દરની વિગત કોષ્ટક-૧ મુજબ છે.

**કોષ્ટક-૧**

**ગુજરાત રાજયમાં સાક્ષરતાનું પ્રમાણ અને સાક્ષરતા દર**

| વર્ષ | ગુજરાત | |
|---|---|---|
| | સાક્ષર વસ્તી (કરોડ) | સાક્ષરતા દર |
| ૧૯૬૧ | ૦.૬૩ | ૩૯.૩૩ |
| ૧૯૭૧ | ૦.૯૬ | ૪૫.૨૨ |
| ૧૯૮૧ | ૧.૪૯ | ૫૩.૩૦ |
| ૧૯૯૧ | ૨.૧૧ | ૬૧.૨૯ |
| ૨૦૦૧ | ૨.૯૮ | ૬૯.૧૪ |
| ૨૦૧૧ | ૪.૧૧ | ૭૮.૦૩ |

**પ્રાપ્તિસ્થાન : સેન્સસ ઓફ ઈન્ડિયા ૨૦૧૧**

કોષ્ટક-૧ પરથી જણાય છે કે ગુજરાત રાજ્યની સાક્ષર વસ્તીમાં ૧.૧૩ કરોડનો વધારો થયેલ છે. ૨૦૦૧-૨૦૧૧ના દાયકા દરમ્યાન ભારતમાં સાક્ષરતાના પ્રમાણમાં ૮.૨. ટકાની વૃદ્ધિ નોંધાયેલ છે. જ્યારે ગુજરાતમાં કુલ સાક્ષરતાના પ્રમાણમાં ૮.૮૯ ટકાની વૃદ્ધિ જોવા મળેલ છે. જે દર્શાવે છે કે સમગ્ર રાષ્ટ્રની સરખામણીમાં ગુજરાત રાજય સાક્ષર વસ્તીના પ્રમાણમાં વિશેષ વૃદ્ધિ જોવા મળેલ છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે સમગ્ર ભારતની સરખામણીએ ગુજરાત રાજ્યનો સાક્ષરતા દર વધુ છે.

૨૦૦૧ની વસ્તી ગણતરી અનુસાર ગુજરાતમાં કુલ સાક્ષરોની સંખ્યા ૨,૯૮,૦૦,૦૦૦ હતી તે વધીને ૨૦૧૧ના અંતે ૪,૧૦,૯૩,૩૫૮ જેટલી થઈ છે. ગુજરાતનો સાક્ષરતા દર જે ૨૦૦૧માં ૬૯.૧૪ ટકાનો હતો તે વધીને ૭૮.૦૩ ટકા થયો છે. એટલે કે તેમાં ૮.૮૯ ટકાનો વધારો થયો છે. જે રાષ્ટ્રીય વૃદ્ધિ દર ૮.૨ ટકા કરતા વધારે છે.

- **ગુજરાત રાજયમાં પુરુષ-સ્ત્રી સાક્ષરતા દર વચ્ચેનો તફાવત.**

ગુજરાત રાજયમાં પુરુષ-સ્ત્રી સાક્ષરતા દર વચ્ચેના તફાવતની વાત કરીએ તો આઝાદી સમયથી જ ગુજરાતમાં પુરુષ-સ્ત્રી સાક્ષરતા દર વચ્ચે મોટો તફાવત જોવા મળે છે. જેની વિગત નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક-૨**

**ગુજરાત રાજયમાં પુરુષ-સ્ત્રી સાક્ષરતા દર વચ્ચેનો તફાવત.**

| વર્ષ | ગુજરાત | | |
|---|---|---|---|
| | પુરુષ સાક્ષરતા દર (ટકા) | સ્ત્રી સાક્ષરતા દર (ટકા) | પુરુષ-સ્ત્રી સાક્ષરતાના દર વચ્ચેનો તફાવત |
| ૧૯૬૧ | ૫૩.૦૦ | ૨૪.૭૩ | ૨૮.૨૭ |
| ૧૯૭૧ | ૫૮.૧૬ | ૩૧.૩૨ | ૨૬.૮૪ |
| ૧૯૮૧ | ૬૬.૩૬ | ૩૯.૪૨ | ૨૬.૯૪ |
| ૧૯૯૧ | ૭૩.૧૩ | ૪૮.૬૪ | ૨૪.૪૯ |
| ૨૦૦૧ | ૭૯.૬૬ | ૫૭.૮૦ | ૨૧.૮૬ |
| ૨૦૧૧ | ૮૫.૭૫ | ૬૯.૬૮ | ૧૬.૦૭ |

**પ્રાપ્તિસ્થાન : સેન્સસ ઓફ ઈન્ડિયા ૨૦૧૧**

ગુજરાતમાં વર્ષ ૧૯૬૧માં પુરુષ સાક્ષરતા દર ૫૩.૦૦ ટકા હતો જ્યારે સ્ત્રી સાક્ષરતા દર માત્ર ૨૪.૭૩ ટકા હતો. આ બન્ને વચ્ચે ૨૮.૨૭ ટકા જેટલો તફાવત હતો જે ૧૯૭૧ દરમ્યાન ૨૬.૮૪ ટકા થયો હતો. વર્ષ ૨૦૦૧માં પુરુષ સાક્ષરતા દર વધીને ૭૯.૬૬ ટકા થયો હતો જ્યારે સ્ત્રી સાક્ષરતા દર વધીને ૫૭.૮૦ ટકા થયો હતો અને આ બન્ને વચ્ચેનો તફાવત ઘટીને ૨૧.૮૬ ટકા થયો હતો.

ગુજરાતમાં સ્ત્રી સાક્ષરતા દરમાં ૨૦૦૧-૨૦૧૧ના ગાળા દરમ્યાન ૧૧.૮૮ ટકાનો જ્યારે પુરુષ સાક્ષરતા દરમાં ૬.૦૯ ટકાનો વધારો થયેલ છે. જે સમગ્ર દેશના વૃદ્ધિ દર કરતા વધુ છે. તેમ છતાં આયોજન પંચ દ્વારા નિર્ધારિત લક્ષ્યાંક સિદ્ધ કરવામાં આપણે નિષ્ફળ રહ્યા છીએ. એ હકીકતનો સ્વીકાર કરવો રહ્યો. જો કે ગુજરાત રાજ્યમાં પણ આ સમયગાળા દરમ્યાન પુરુષ-સ્ત્રી સાક્ષરતા દર વચ્ચેનો તફાવત ૨૧.૮૬થી ઘટીને ૧૬.૦૭ ટકા થયો છે. આ બાબત સ્ત્રી સાક્ષરતાના વધતા પ્રમાણમાં નિર્દેશ કરે છે.

**ગુજરાતનું જિલ્લાવાર વિશ્લેષણ**

ભારત અને ગુજરાતના સાક્ષરતા પ્રમાણ તથા સાક્ષરતા દર સબંધી આંકડાઓ તપાસ્યા પછી ગુજરાત રાજયના ૨૬ જિલ્લાઓના આંકડાઓનું વિશ્લેષણ કરી ગુજરાતમાં સાક્ષરતાની સ્થિતિ સબંધી માહિતી પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરેલ છે. (જુઓ કોષ્ટક-૩)

કોષ્ટક-૩

ગુજરાતનું જિલ્લાવાર સાક્ષરતા દર દર્શાવતું કોષ્ટક.

| જિલ્લાનું નામ | સાક્ષરતા પ્રમાણ ટકા | જિલ્લાનું નામ | સાક્ષરતા પ્રમાણ ટકા |
|---|---|---|---|
| સુરત | ૮૫.૫૩ | પોરબંદર | ૭૫.૭૮ |
| અમદાવાદ | ૮૫.૩૧ | ભાવનગર | ૭૫.૫૨ |
| આણંદ | ૮૪.૩૭ | ડાંગ | ૭૫.૧૬ |
| ગાંધીનગર | ૮૪.૧૬ | અમરેલી | ૭૪.૨૫ |
| નવસારી | ૮૩.૮૮ | જામનગર | ૭૩.૬૫ |
| મહેસાણા | ૮૩.૬૧ | નર્મદા | ૭૨.૩૧ |
| ખેડા | ૮૨.૬૫ | પાટણ | ૭૨.૩૦ |
| ભરૂચ | ૮૧.૫૧ | સુરેન્દ્રનગર | ૭૨.૩૧ |
| રાજકોટ | ૮૦.૯૧ | પંચમહાલ | ૭૦.૯૯ |
| વડોદરા | ૭૮.૯૨ | કચ્છ | ૭૦.૫૯ |
| વલસાડ | ૭૮.૫૫ | તાપી | ૬૮.૨૬ |
| જૂનાગઢ | ૭૫.૮૦ | બનાસકાંઠા | ૬૫.૩૨ |
| સાબરકાંઠા | ૭૫.૭૯ | દાહોદ | ૫૮.૮૨ |

**પ્રાપ્તિસ્થાન : સેન્સસ ઓફ ઈન્ડિયા ૨૦૧૧**

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે ગુજરાતના ૨૬ પૈકી ૧૧ જિલ્લાઓનો સાક્ષરતા દર સમગ્ર રાજ્યના સરેરાશ દર ૭૮.૦૩ ટકા કરતા વધુ છે. જ્યારે ૧૫ જિલ્લાઓનો સાક્ષરતા દર રાજ્યના સરેરાશ સાક્ષરતા દર ૭૮.૦૩ ટકા કરતા ઓછો છે. ઊંચો સાક્ષરતા દર ધરાવતા જિલ્લા મહદ્અંશે દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં આવેલ છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના મોટાભાગના જિલ્લાઓનો સાક્ષરતા દર રાજ્યના સરેરાશ દર કરતા નીચો જોવા મળે છે. દાહોદ, તાપી, પંચમહાલ, નર્મદા, ડાંગ, સાબરકાંઠા જેવા આદિવાસી બહુમતી વસ્તી ધરાવતા જિલ્લા તેમજ કચ્છ, સુરેન્દ્રનગર, ભાવનગર, પોરબંદર, જૂનાગઢ જેવા બક્ષીપંચ જ્ઞાતિની બહુમતી વસ્તી ધરાવતા જિલ્લાઓનો સાક્ષરતા દર રાજ્યના સરેરાશ દર (૭૮.૦૩) કરતા નીચો જોવા મળે છે.

**ગુજરાતમાં જિલ્લાવાર પુરુષ અને સ્ત્રી સાક્ષરતા દર :**

પુરુષ અને સ્ત્રી સાક્ષરતા દર પણ શિક્ષણને લગતા અગત્યના માપદંડ છે. ગુજરાત રાજ્યમાં ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ પુરુષ સાક્ષરતા દર ૮૫.૭૫ ટકા અને સ્ત્રી સાક્ષરતા દર ૬૯.૬૮ ટકા જેટલા છે જે સમગ્ર દેશના પુરુષ-સ્ત્રી સાક્ષરતા દરની સરખામણીમાં વધુ છે. ગુજરાતમાં આ દર ૨૦૦૧ દરમ્યાન અનુક્રમે ૭૯.૬૬ અને ૫૭.૮૦ ટકા હતો. ૨૦૦૧-૨૦૧૧ દરમ્યાન પુરુષ અને સ્ત્રી સાક્ષરતા દર વચ્ચેનો તફાવત ૨૧.૮૬થી ઘટીને ૧૬.૦૭ થયો છે. ગુજરાતના વિવિધ જિલ્લાઓના પુરુષ સાક્ષરતા દરનો અભ્યાસથી જાણવા મળે છે કે રાજ્યના ૨૬ જિલ્લાઓ પૈકી ૧૦ જિલ્લાનો પુરુષ સાક્ષરતા દર રાજ્યના સરેરાશ દર કરતા વધુ છે. જ્યારે ૧૬ જિલ્લાનો દર રાજ્યના સરેરાશ દર કરતા નીચો છે. (જુઓ કોષ્ટક-૪)

**કોષ્ટક-૪**

**ગુજરાતમાં જિલ્લાવાર સરેરાશ પુરુષ સાક્ષરતા દર દર્શાવતું કોષ્ટક**

| જિલ્લાનું નામ | પુરુષ સાક્ષરતા દર | જિલ્લાનું નામ | પુરુષ સાક્ષરતા દર |
|---|---|---|---|
| ગાંધીનગર | ૯૨.૦૧ | જૂનાગઢ | ૮૪.૩૮ |
| આણંદ | ૯૧.૮૨ | પોરબંદર | ૮૩.૪૫ |
| મહેસાણા | ૯૧.૩૯ | ડાંગ | ૮૩.૦૬ |
| ખેડા | ૯૧.૩૧ | પાટણ | ૮૨.૯૦ |
| અમદાવાદ | ૯૦.૭૪ | પંચમહાલ | ૮૨.૫૧ |
| સુરત | ૮૯.૫૬ | અમરેલી | ૮૨.૨૧ |
| નવસારી | ૮૮.૭૫ | સુરેન્દ્રનગર | ૮૨.૧૧ |
| ભરૂચ | ૮૭.૪૫ | જામનગર | ૮૧.૫૦ |
| રાજકોટ | ૮૭.૦૭ | નર્મદા | ૮૧.૧૯ |
| સાબરકાંઠા | ૮૬.૪૪ | કચ્છ | ૭૯.૪૦ |
| વડોદરા | ૮૫.૩૯ | બનાસકાંઠા | ૭૮.૪૦ |
| વલસાડ | ૮૪.૫૫ | તાપી | ૭૫.૪૪ |
| ભાવનગર | ૮૪.૩૯ | દાહોદ | ૭૦.૦૧ |

**પ્રાપ્તિસ્થાન : સેન્સસ ઓફ ઈન્ડિયા ૨૦૧૧**

ગુજરાતમાં જિલ્લા વાર સરેરાશ પુરુષ સાક્ષરતા દરનું વિશ્લેષણ કરતા સ્પષ્ટ થાય છે કે ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ સૌથી વધુ પુરુષ સાક્ષરતા દર ધરાવતા જિલ્લામાં ગાંધીનગરમાં ૯૨.૦૧ ટકા, આણંદમાં ૯૧.૮૨ ટકા, મહેસાણામાં ૯૧.૩૯ ટકા, ખેડામાં ૯૧.૩૧ ટકા, અમદાવાદમાં ૯૦.૭૪ ટકા, સુરતમાં ૮૯.૫૬ ટકા, નવસારીમાં ૮૮.૭૫ ટકા, ભરૂચમાં ૮૭.૪૫ ટકા, રાજકોટમાં ૮૭.૦૭ ટકા અને સાબરકાંઠામાં ૮૬.૪૪ ટકા છે. જે જિલ્લાઓ સરેરાશ પુરુષ સાક્ષરતા દર ૮૫.૭૫ ટકા કરતાં વધુ સાક્ષરતા દર ધરાવે છે.

જ્યારે વડોદરામાં ૮૫.૩૯ ટકા, વલસાડમાં ૮૪.૫૫ ટકા, ભાવનગરમાં ૮૪.૩૯ ટકા, જૂનાગઢમાં ૮૪.૩૮ ટકા, પોરબંદરમાં ૮૩.૪૫ ટકા, ડાંગમાં ૮૩.૦૬ ટકા, પાટણમાં ૮૨.૯૦ ટકા, પંચમહાલમાં ૮૨.૫૧ ટકા, અમરેલીમાં ૮૨.૨૧ ટકા, સુરેન્દ્રનગરમાં ૮૨.૧૧ ટકા, જામનગરમાં ૮૧.૫૦ ટકા, નર્મદામાં ૮૧.૧૯ ટકા, કચ્છમાં ૭૯.૪૦ ટકા, બનાસકાંઠામાં ૭૮.૧૫ ટકા, તાપીમાં ૭૫.૪૪ ટકા અને દાહોદમાં ૭૦.૦૧ ટકાએ જિલ્લાઓમાં સરેરાશ પુરુષ સાક્ષરતા દર ૮૫.૭૫ કરતાં ઓછો પુરુષ સાક્ષરતા દર ધરાવતા જિલ્લાઓ છે. (જુઓ કોષ્ટક-૫)

**કોષ્ટક-૫**

**ગુજરાતમાં જિલ્લાવાર સરેરાશ સ્ત્રી સાક્ષરતા દર દર્શાવતું કોષ્ટક.**

| જિલ્લાનું નામ | સ્ત્રી સાક્ષરતા દર | જિલ્લાનું નામ | સ્ત્રી સાક્ષરતા દર |
|---|---|---|---|
| સુરત | ૮૦.૩૭ | જૂનાગઢ | ૬૬.૮૬ |
| અમદાવાદ | ૭૯.૩૫ | અમરેલી | ૬૬.૦૯ |
| નવસારી | ૭૮.૮૩ | ભાવનગર | ૬૬.૦૮ |
| આણંદ | ૭૬.૩૬ | જામનગર | ૬૫.૩૩ |
| ગાંધીનગર | ૭૫.૭૬ | સાબરકાંઠા | ૬૪.૬૯ |
| મહેસાણા | ૭૫.૩૨ | નર્મદા | ૬૩.૦૯ |

| | | | |
|---|---|---|---|
| ભરૂચ | ૭૫.૦૯ | સુરેન્દ્રનગર | ૬૧.૪૫ |
| રાજકોટ | ૭૪.૪૩ | તાપી | ૬૧.૧૬ |
| ખેડા | ૭૩.૪૯ | પાટણ | ૬૧.૦૫ |
| વલસાડ | ૭૨.૦૯ | કચ્છ | ૬૦.૮૭ |
| વડોદરા | ૭૨.૦૩ | પંચમહાલ | ૫૮.૮૯ |
| પોરબંદર | ૬૭.૭૫ | બનાસકાંઠા | ૫૧.૭૫ |
| ડાંગ | ૬૭.૩૮ | દાહોદ | ૪૭.૬૫ |

**પ્રાપ્તિસ્થાન : સેન્સસ ઓફ ઈન્ડિયા ૨૦૧૧**

ગુજરાતમાં જિલ્લા વાર સરેરાશ સ્ત્રી સાક્ષરતા દરનું વિશ્લેષણ કરતા સ્પષ્ટ થાય છે કે, ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ સૌથી વધુ સ્ત્રી સાક્ષરતા દર ધરાવતા જિલ્લામાં સુરતમાં ૮૦.૩૭ ટકા, અમદાવાદમાં ૭૯.૩૫ ટકા, નવસારીમાં ૭૮.૮૩ ટકા, આણંદમાં ૭૬.૩૬ ટકા, ગાંધીનગરમાં ૭૫.૭૬ ટકા, મહેસાણામાં ૭૫.૩૨ ટકા, ભરૂચમાં ૭૫.૦૯ ટકા, રાજકોટમાં ૭૪.૪૩ ટકા, ખેડામાં ૭૩.૪૯ ટકા, વલસાડમાં ૭૨.૦૯ ટકા અને વડોદરામાં ૭૨.૦૩ ટકાએ જિલ્લાઓનો સારેરાશ સ્ત્રી સાક્ષરતા દર ૬૯.૬૮ ટકા કરતાં વધુ સ્ત્રી સાક્ષરતા દર ધરાવતા જિલ્લા છે.

જ્યારે પોરબંદરમાં ૬૭.૭૫ ટકા, ડાંગમાં ૬૭.૩૮ ટકા, જૂનાગઢમાં ૬૬.૮૬ ટકા, અમરેલીમાં ૬૬.૦૯ ટકા, ભાવનગરમાં ૬૬.૦૮ ટકા, જામનગરમાં ૬૫.૩૩ ટકા, સાબરકાંઠામાં ૬૪.૬૯ ટકા, નર્મદામાં ૬૩.૦૯ ટકા, સુરેન્દ્રનગરમાં ૬૧.૪૫ ટકા, તાપીમાં ૬૧.૧૬ ટકા, પાટણમાં ૬૧.૦૫ ટકા, કચ્છમાં ૬૦.૮૭ ટકા, પંચમહાલમાં ૫૮.૮૯ ટકા, બનાસકાંઠામાં ૫૧.૭૫ ટકા અને દાહોદમાં માત્ર ૪૭.૬૫ ટકા સ્ત્રી સાક્ષરતા દર જોવા મળે છે આ જિલ્લાઓ સરેરાશ સ્ત્રી સાક્ષરતા દર ૬૯.૬૮ ટકા કરતાં ઓછો સ્ત્રી સાક્ષરતા દર ધરાવતા જિલ્લા છે.

**તારણો :**

– ગુજરાત રાજ્યની સાક્ષરતા વસ્તીમાં ૧.૧૩ કરોડનો વધારો થયેલ છે. ૨૦૦૧-૨૦૧૧ દાયકા દરમ્યાન ભારતમાં સાક્ષરતાના પ્રમાણમાં ૮.૨ ટકાની વૃદ્ધિ નોંધાયેલ છે. જ્યારે ગુજરાતમાં કુલ સાક્ષરતાના પ્રમાણમાં ૮.૮૯ ટકાની વૃદ્ધિ જોવા મળેલ છે.
– ૨૦૦૧-૨૦૧૧ના દાયકા દરમ્યાન ગુજરાતમાં કુલ સાક્ષરતાના પ્રમાણમાં ૮.૮૯ ટકાની વૃદ્ધિ જોવા મળે છે. જે ૧૯૯૧-૨૦૦૧ (૭.૮૫)ની સરખામણીમાં વધુ છે.
– ભારતનો સરેરાશ સાક્ષરતા દર (૭૩.૦૦ ટકા) કરતા ગુજરાતનો સરેરાશ સાક્ષરતા દર (૭૮.૦૩ ટકા) ઊંચો છે.
– ગુજરાતમાં સૌથી વધુ સુરત જિલ્લામાં ૮૫.૫૩ ટકા સાક્ષરતા દર ધરાવે છે જ્યારે દાહોદ જિલ્લો સૌથી ઓછો ૫૮.૮૨ ટકા સાક્ષરતા દર ધરાવે છે.
– ગુજરાતમાં સ્ત્રી સાક્ષરતા દર ૫૭.૮૦ ટકાથી વધીને ૬૯.૬૮ ટકા થયો છે. એટલે કે તેમાં ૧૧.૮૮ ટકા વધારો થયો છે. તેની સામે પુરુષ સાક્ષરતા દર ૭૯.૬૬ ટકાથી વધીને ૮૫.૭૫ ટકા થયો છે. એટલે કે તેમાં ૬.૦૯ ટકા વધારો થયેલ છે.
– ગુજરાતમાં પુરુષ-સ્ત્રી સાક્ષરતાના દર વચ્ચેનો તફાવત ૨૦૦૧માં ૨૧.૮૬ ટકાથી ઘટીને ૨૦૧૧માં ૧૬.૦૭ ટકા જેટલો થયો છે. જે સમગ્ર દેશના વૃદ્ધિ દર કરતાં વધુ છે.

**ઉપસંહાર :**

ભારતમાં ૧૯૪૭થી વિવિધ પ્રકારનું સર્વ શિક્ષા અભિયાન છેડવામાં આવ્યું છે. આમ છતાં પણ ભારતમાં શિક્ષણનું પ્રમાણ ધારણા પ્રમાણે રહ્યું નથી. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ચોથા ભાગથી વધુ વસ્તી નિરક્ષર છે. જે સહુને શિક્ષણ આપવામાં સરકારે બનાવેલા કાયદાઓ યોજનાઓ અને પ્રોત્સાહનલક્ષી કાર્યક્રમો કેટલાક અંશે સાર્થક થઈ શક્યા તે દર્શાવે છે. છ દાયકાના સમયગાળામાં નિરક્ષરતા નિવારવા માટે દેશમાં ઘણા પ્રયાસો થયા છે. પરંતુ હજુ પણ ઘણું કરવાનું બાકી છે. આગળના છ દાયકાની ખામીઓ નિવારીને યોગ્ય આયોજન અને પ્રામાણિકતાપૂર્વકના પ્રયાસો થશે તો ચોક્કસપણે દેશ પરથી નિરક્ષરતાનું કલંક મિટાવી શકીશું અને સહુને શિક્ષણ પ્રાપ્ય બનશે.

**સંદર્ભ સૂચિ :**

૧. જયવંત ભટ્ટ, સહુના માટે શિક્ષણ દિવાસ્વપ્ન, યોજના, સપ્ટેમ્બર ૨૦૧૩
૨. પ્રીતિ જોષી, ભારત અને સાક્ષરતા યોજના, સપ્ટેમ્બર ૨૦૧૩
૩. ડૉ. વિજય એ. જોષી, ગુજરાતમાં સાક્ષરતા, અર્થસંકલન, નવેમ્બર ૨૦૧૩
૪. http://www.census2011.co.in

**લેખક શ્રી વી. જે. ઓઝા કોમર્સ કોલેજ, લખતરમાં અધ્યાપક છે.**

# ગુજરાતમાં 'શૈક્ષણિક પ્રવાસન'ની સુવર્ણ તક

મિત્તલ રાજગોર

ICCR

*સ્વતંત્ર ભારતના પ્રથમ શિક્ષણમંત્રી મૌલાના અબુલ કલામ આઝાદે વર્ષ ૧૯૫૦માં 'ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદ' (Indian Council for Cultural Relations)નો શિલાન્યાસ કર્યો અને જેનો મુખ્ય હેતુ ભારતની સાંસ્કૃતિક વિદેશ નીતિ અન્વયે નવા સકારાત્મક કાર્યક્રમ અને નીતિ નિર્માણ અને અનુસરણમાં ભાગીદાર થવું એમ છે. ભારતના સાંસ્કૃતિક આદાન-પ્રદાન તથા ભારતના અન્ય દેશો સાથેના રાજકીય સંબંધોનો વિકાસ અને પરસ્પર સાંસ્કૃતિક સમજણનો વિકાસ પરિણમે તે માટે તેમણે વિઝન સ્ટેટમેન્ટ આપ્યું. 'Taking India to the world, bringing the world to India.' આઈ.સી.સી.આર.ની ૨૪ શિષ્યવૃત્તિ યોજના થકી કુલ ૩૩૬૫ વિદેશી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો અવકાશ છે, જે અન્વયે ૧૦૦૦ માત્ર અફઘાનિસ્તાન અને ૯૦૦ આફ્રિકા માટે આરક્ષિત છે. આજે ૧૩૫ જેટલા અલ્પવિકસિત અને વિકાસશીલ આફ્રિકા, એશિયા, દક્ષિણ અને મધ્ય અમેરિકન દેશોના વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભાવિ ઘડતરનો શ્રેય ભારતને જાય છે.*

છેલ્લા એક દાયકામાં ગુજરાત મેડિકેશન અને મેડિકલ ટ્રીટમેન્ટ માટે વિશ્વના નકશા ઉપર જાણીતું બની ગયું, ત્યાં છેલ્લા અડધા દાયકાથી 'ખુશ્બુ ગુજરાત કી' થકી દેશી-વિદેશી સહેલાણીઓને આકર્ષવાની નેમ ગુજરાત પ્રવાસને ઉપાડી, મીડિયાના માધ્યમથી ગુજરાતના અનેક પ્રવાસન સ્થળો વિદેશીઓની નજરમાં વસવા લાગ્યા. આ ઘટનાની વચ્ચે વધુ એક ઉપલબ્ધી ગુજરાતે હાંસલ કરી, જેમાં ગુજરાત અને ગુજરાતીઓને એક મહત્ત્વના કારણસર વિદેશીઓને નોંતરવાની તક સાંપડી અને એ છે આપણા ઉચ્ચ શૈક્ષણિક જગતના વિદેશી અતિથિઓ. મેડિકલ, પ્રવાસન, રોકાણ, ઉદ્યોગ અને હવે ઉચ્ચ શિક્ષણ માટે પણ ગુજરાત સજ્જ રાજ્ય છે.


ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદના આઈ.સી.સી.આર.ના વિદેશ મંત્રાલય, ભારત સરકારના ગુજરાત પ્રદેશ અધિકારી શ્રી મકરંદ શુક્લાના જણાવ્યા મુજબ "ભારતમાં ૧૯૫૦થી કુલ ૧૬ આઈ.સી.સી.આર. સેન્ટર વિવિધ રાજ્ય-શહેરોમાં સ્થાપિત છે. ૯ ઑક્ટોબર, ૨૦૧૨ના રોજ શરૂ થયેલ ગુજરાત પ્રદેશ આઈ.સી.સી.આર. સેન્ટર આજે ભારતમાં પાંચમા ક્રમે છે, જે આજે ગુજરાતમાં ૫૯ દેશના કુલ ૬૭૦ વિદેશી વિદ્યાર્થીના શિક્ષણ સંચાલનનું (ટ્યૂશન ફી, માસિક શિષ્યવૃત્તિ, ઘરભાડા ભથ્થું/ હોસ્ટેલ ફી, સ્ટેશનરી ખર્ચ, મેડિકલ ખર્ચ) કામ કરે છે. ગુજરાતમાં રાજ્ય સંચાલિત લગભગ ૧૮ વિશ્વ વિદ્યાલયોમાંથી, ૧૩ વિશ્વ વિદ્યાલયોમાં વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

સ્વતંત્ર ભારતના પ્રથમ શિક્ષણમંત્રી મૌલાના અબુલ કલામ આઝાદે વર્ષ ૧૯૫૦માં 'ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદ' (Indian Council for Cultural Relations)નો શિલાન્યાસ કર્યો અને જેનો મુખ્ય હેતુ ભારતની સાંસ્કૃતિક વિદેશ નીતિ અન્વયે નવા સકારાત્મક કાર્યક્રમ અને નીતિ નિર્માણ અને અનુસરણમાં ભાગીદાર થવું એમ છે. ભારતના સાંસ્કૃતિક આદાન-પ્રદાન તથા ભારતના અન્ય દેશો સાથેના રાજકીય સંબંધોનો વિકાસ અને પરસ્પર સાંસ્કૃતિક સમજણનો વિકાસ પરિણમે તે માટે તેમણે વિઝન સ્ટેટમેન્ટ આપ્યું. 'Taking India to the world, bringing the world to India.' આઈ.સી.સી.આર.ની ૨૪ શિષ્યવૃત્તિ યોજના થકી કુલ ૩૩૬૫ વિદેશી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો અવકાશ છે, જે અન્વયે ૧૦૦૦ માત્ર અફઘાનિસ્તાન અને ૯૦૦ આફ્રિકા માટે આરક્ષિત છે. આજે ૧૩૫ જેટલા અલ્પવિકસિત અને

વિકાસશીલ આફ્રિકા, એશિયા, દક્ષિણ અને મધ્ય અમેરિકન દેશોના વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભાવિ ઘડતરનો શ્રેય ભારતને જાય છે. જેમાં સ્નાતકથી માંડીને વિદ્યા વાચસ્પતિ સુધીના અભ્યાસક્રમો માટે વિદેશી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે. પ્રત્યેક પ્રાદેશિક આઈ.સી.સી.આર. શૈક્ષણિક વિદેશી અતિથિના સંચાલન ઉપરાંત કલા પ્રદર્શન, સેમિનાર આયોજન અને તે પ્રદેશમાં વિદેશથી આવતા અને પરદેશ જતા પ્રાદેશિક કલાકારના લાયેઝનિંગની કામગીરી પણ કરે છે. હાલ, વિશ્વ નકશા પર આઈ.સી.સી.આર.ના ૩૫ સાંસ્કૃતિક કેન્દ્રો છે, જેમાં હવે પછી આગામી બેંગકોક, ટોકીયો, કુઆલાલમ્પુર, અબુધાબી, ઢાકા, દાર એ સલામ, યાંગોન, પેરિસ, વોશિંગ્ટન, હેનોઈ, લાગોસ, સિંગાપોર, કુવૈત અને રોમનો પણ સમાવેશ થશે. ક્યુબાના ભૂતપૂર્વ એમ્બેસેડર, આઈ.એફ.એસ અધિકારી સી. રાજશેખર હાલ દિલ્હી આઈ.સી.સી.આર. ખાતેના નવનિયુક્ત ડિરેક્ટર જનરલ છે. તાજેતરમાં ઈન્ડો આફ્રિકન સમિટ અન્વયે ભારતમાં જે ૪૬ દેશોના ડેલિગેશનને આવકારવામાં આવ્યું તેમનું સાંસ્કૃતિક સ્વાગત અને કલારંજન, સી. રાજશેખરના સફળ નેતૃત્વ હેઠળ ગુજરાતની પારૂલ યુનિવર્સિટી, વડોદરા ખાતે કરવામાં આવ્યું. જેમાં આફ્રિકાના યુગાન્ડા, ઘાના, ઝામ્બિયાનાં કલાકારોએ ગુજરાતના કલાકારો સાથે મળીને એક આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સમન્વયનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું. કાર્યક્રમના અંતે આ યુનિવર્સિટીના યુવા કુલપતિએ જણાવ્યું કે, “આ પ્રકારના સાંસ્કૃતિક સમન્વયો આપણને ઘણા આર્થિક વ્યવહારોના દ્વાર ખોલી આપી શકે તેમ છે. એક વિદેશી વિદ્યાર્થીનો સંતોષ તમને આવનારા સમયમાં સો નવા વિદ્યાર્થીઓ લાવી આપશે. આપણે આ માર્કેટિંગ અને ગ્લોબલાઈઝેશનના જમાનામાં આ બાબત સમજવી જ રહી.”

જામનગર આર્યુવેદ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા એક મહિલા શ્રી લંકન આઈ.સી.સી.આર. સ્કોલર, ડૉક્ટર સેનાની કહે છે કે, “અમે જ્યારે અમારા દેશ પાછા જઈશું, ત્યારે અમારી કારકિર્દી સાથે જોડાશે. ગુજરાતની માટીનું ઋણ, અમને અમારા સ્થાનિક રોકાણ દરમ્યાન જે તે ગુજરાતીઓની સાંપડેલ મદદ આજીવન સંબંધરૂપે જોડાશે. અમે માણેલ અને અનુભવેલ ગુજરાતની સંસ્કૃતિ જ્યારે જ્યારે ‘ઈન્ડિયા’નો ઉલ્લેખ થશે ત્યારે મન હૃદયમાં ધબકવા લાગશે અને આ જોડાણ ખરેખર “વસુધૈવ કુટુંબકમ્”ને સાર્થક કરશે.”

ગુજરાતના ઉચ્ચ શિક્ષણ જગતમાં આઈ.સી.સી.આર. સેન્ટર પૂર્વે વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા સ્વયં સંચાલિત રીતે, રાજ્ય સંચાલિત મહાવિદ્યાલયોમાં હતી પણ જૂજ ગુજરાતીઓની મોંઘેરી મૂડી શિક્ષણ પાછળ અન્ય રાજ્યો પાસે ન પહોંચતા ગુજરાતમાં જ રહે અને જેના થકી ગુજરાતના શિક્ષણ જગતને નવીનતમ અતિ આધુનિક માળખાકીય અને બૌધિક સુવિધાવાળો ‘નોલેજ કોરીડોર’ પૂરો પાડી શકાય એ આશયથી શિક્ષણના ખાનગીકરણનો વેગ વધ્યો. વિદેશી વિદ્યાર્થીઓના ગુજરાત વિષેના સુખદ, સલામતીપૂર્ણ, સંતોષકારક પ્રતિભાવથી પ્રેરાઈને તેમજ એ.આઈ.સી.ટી.ઈ. (યુ.જી.સી.)ના ધારાધોરણ મુજબ કોઈપણ વિદ્યાલયમાં કુલ સંખ્યાના ૧૫ ટકા સુપર ન્યુમરીક ક્વોટા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના દાખલા માટે આરક્ષિત હોવાથી હવે શિક્ષણના દરિયામાં વિદેશી વિદ્યાર્થીઓની ભરતી આવી છે. ખાનગી વિશ્વ વિદ્યાલયોએ પણ હવે વિદેશી વિદ્યાર્થીઓને શિક્ષણ પૂરું પાડવા માટે કમર કસી છે. આજે ગુજરાતમાં વિદેશ મંત્રાલય, ભારત સરકારની અપાતી




Budget growth seen in the graph in the consecutive years from 2012-13 till date.







Foreign students at Gujarat Governor house for certificate distribution ceremony-April, 2015. Cultural representation of ICCR empanelled Indian and African artists in Ahmadabad-Gujarat

શિષ્યવૃત્તિ સંખ્યા ૬૬૮ વિદ્યાર્થીઓની સરખામણીએ ૫૦૦ જેટલા સેલ્ફ ફાઈનાન્સ વિદેશી વિદ્યાર્થીઓ પણ ગુજરાતની વિવિધ ખાનગી વિશ્વ વિદ્યાલયોના અતિથિ છે.

છેલ્લા ત્રણ જ વર્ષમાં ગુજરાતમાં શિક્ષણ-સંસ્કૃતિ મારફતે કેન્દ્ર સરકારના ધરખમ બજેટ વિકાસને આ રીતે જોઈ શકાય.

ગુજરાતમાં પ્રત્યેક વિશ્વ વિદ્યાલયો જ્યાં વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે, ત્યાં ''આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી સલાહકાર''ની (International student advisor) નિમણૂંક યુનિવર્સિટી દ્વારા કરવામાં આવી છે. આ માનદ્ સેવા ઉચ્ચ પ્રશાસન અધિકારી અથવા સિનિયર પ્રોફેસર દ્વારા સંચાલિત હોય છે. આઈ.સી.સી.આર પ્રતિદિન તેમની સાથે સંકલનમાં રહી જે તે મહાવિદ્યાલયના વિદેશી વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં ભાગીદાર બને છે. શિક્ષણ જગતના અધ્યાપકોને રસ પડે તેવી બાબત એ છે કે, ''ઇન્ડિયન ચેર્સ ઈન અબ્રોડ'' અંતર્ગત જે તે ક્ષેત્ર વિષય નિષ્ણાત પ્રધ્યાપકોને આઈ.સી.સી.આર. વિદેશમાં તેમના જ્ઞાન પ્રદાન અર્થે મોકલી આપવાની નેમ ધરાવે છે. આ કાર્યક્રમ થકી ભારતના વિષય વૈવિધ્યનો પ્રસાર પ્રચાર વિશ્વભરમાં થાય છે અને જ્ઞાનના આદાનપ્રદાનની એક કડી જોડાય છે.

ટાન્ઝાનિયાના એક ડોક્ટરેટ સ્કોલર ડેવિડ સ્ટીફન જે હાલ જી.ટી.યુ. થકી ગાંધીનગરના ભાસ્કરાચાર્ય ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લીકેશનસ એન્ડ જીઓ ઈન્ફોમેટિક્સ કેમ્પસના વિદ્યાર્થી અતિથિ છે. તે જણાવે છે કે, હું ભારતનો શૈક્ષણિક, સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક અને તક મળે રાજકીય દૂત બનવા હંમેશ તત્પર રહીશ. આ દેશે મને ભણવાની તક આપી અને આ ગુજરાતીઓએ મને પરિવાર આપ્યો છે. ભારતમાં રહીને મને સંસ્કૃતિનું મહત્ત્વ સમજાયું છે અને શિક્ષણ અને સંસ્કૃતિ એ સંલગ્ન બાબતો છે. અહીં વિતાવેલ સમય મારા જીવનની અવિસ્મરણીય પળો હશે.

વિકાસના માર્ગમાં હંમેશાં પડકારો રહ્યા છે. આપણે જ્યારે શિક્ષણ ક્ષેત્રે એક નવીન પગરણ માંડી રહ્યા છીએ ત્યારે અનેક પડકારો પ્રત્યે આપણે હજી સજ્જ થવાનું બાકી છે. જેમ કે –

– ગુજરાતના વિશ્વ વિદ્યાલયોની પારદર્શક સંચાલન નીતિ
– ગુજરાતમા વિદેશી વિદ્યાર્થીઓના પ્રશ્નો માટે 'સિંગલ વિન્ડો વ્યવસ્થા'
– અંગ્રેજી ભાષામાં તાલીમ અને પ્રશિક્ષણ
– આંતરરાષ્ટ્રીય કક્ષાની માળખાગત સુવિધા (ખોરાક, રહેઠાણ, અભ્યાસકેન્દ્રો)
– વિદેશી વિદ્યાર્થીઓનું સ્થાનિક અનુકુલન (ઓરિએન્ટેશન/પરિચય)
– વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં વિદેશી વિદ્યાર્થીઓને ભાગીદાર થવા પ્રેરણા
– સમયાંતરે ભારતીય અને બિનભારતીય વિદ્યાર્થીઓ વચ્ચે સંવાદ સેતુ

**References:**

- www.iccr.gov.in
- www.iccr.gov.in / content / Ahmadabad
- www.gujaratuniversity.org.in

**લેખિકા માસ કોમ્યુનિકેશન ક્ષેત્રમાં રિસર્ચ ફેલો છે અને ગુજરાત યુનિવર્સિટી ખાતે પીએચ.ડી. કરે છે.**

**યોજના વાંચો**
**યોજના વંચાવો**
**યોજના વસાવો**

# આદિવાસી સમુદાયમાં મહિલા શિક્ષણ : સમસ્યાઓ અને ઉકેલો

વિપુલકુમાર સી. રામાણી



*આદિવાસી સમુદાયમાં સ્ત્રી શિક્ષણની સમસ્યાઓના ઉકેલ માટે વ્યક્તિગત, કૌટુંબિક, શાળાગત, સામુદાયિક અને રાજ્ય એમ બધા સ્તર પર સામૂહિક પ્રયાસો કરવા ખૂબ આવશ્યક છે જેવા કે શૈક્ષણિક યોજનાઓનો અસરકારક પ્રચાર-પ્રસાર, વાલીઓને શિક્ષણનું મહત્ત્વ સમજાવવું, સ્થળાંતરિત કુટુંબોની છોકરીઓ માટે ફરતી શાળા કે મોબાઇલ શાળા, વ્યવસાયમાં રોકાયેલી સ્ત્રીઓ માટે રાત્રી શાળા, કન્યાઓ માટે અલગથી ભૌતિક સુવિધાઓ ઊભી કરવી, કન્યાશાળા સ્થાપવા પ્રોત્સાહન આપવું, વ્યાવસાયિક શિક્ષણ અને તાલીમ, આદિવાસી કન્યાઓ માટે શિક્ષણ નીતિ ઘડવી, આદિવાસી વિદ્યાર્થિનીઓને દત્તક લેવી, વિદ્યાર્થિનીલક્ષી યોજનાનું આયોજન કરી પૂરતી નાણાકીય ફાળવણી, શિક્ષણના કાર્યક્રમોને પરિણામલક્ષી બનાવવા, હેલ્પ લાઇન શરૂ કરવી વગેરે પ્રકારના સકારાત્મક/ગુણાત્મક અસરકારક પ્રયત્નો કરવામાં આવશે તો ડ્રોપ આઉટ રેશિયો અને જેન્ડર ગેપ વચ્ચેનું અંતર ઘટશે અને આદિવાસી સ્ત્રીઓમાં સાક્ષરતા દરમાં ચોક્કસ વધારો થશે.*

આદિવાસી સમુદાયના લોકોને ભારતના 'મૂળ નિવાસી' તરીકે ઓળખવામાં આવે છે. આ સમુદાયને રાનીપરજ, કાળીપરજ, પહાડી, મૂળ વતની, આદિજાતિ, વનવાસી, જનજાતિ, આદિવાસી અને ભારતીય બંધારણ પ્રમાણે "અનુસૂચિત જનજાતિ (Scheduled Tribes-ST)" તરીકે ઓળખાવ્યા છે. વિશ્વ, ભારત અને ગુજરાતમાં આદિવાસી સમુદાયની અનેક જાતિઓ વસવાટ કરે છે. ભારતીય સમાજમાં આદિવાસી જાતિના લોકોને સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય રીતે પછાત ગણવામાં આવે છે. આ જાતિના લોકો મોટેભાગે દુર્ગમ જંગલો, પહાડો, નદીઓ જેવા કુદરતી વાતાવરણમા અલગ વસવાટ કરે છે. આ સમુદાયના લોકોનું સામાજિક-સાંસ્કૃતિક જીવન ભારતીય સમાજની અન્ય જાતિઓ/જ્ઞાતિઓ કરતાં ભિન્ન જોવા મળે છે. આ સમુદાયના લોકો શૈક્ષણિક રીતે અન્ય સમાજો કરતાં પછાત છે અને શિક્ષણ મેળવવા માટે અનેક પ્રકારની ગંભીર સમસ્યાઓથી ઘેરાયેલા છે.

ભારત અને ગુજરાતના આદિવાસીઓમાં શિક્ષણની શરૂઆત અન્ય સમાજની જેમ બ્રિટિશયુગ દરમિયાન થઈ હતી. બ્રિટિશ ઓફિશિયલ અને ખ્રિસ્તી મિશનરીઓના પ્રયત્નોથી આ સમુદાયમાં શિક્ષણનો પ્રચાર-પ્રસાર થયો. બંધારણ ઘડાયા બાદ પ્રથમ દશ વર્ષમાં દરેક બાળક ૧૪ વર્ષનું થાય ત્યાં સુધી ફરજિયાત અને મફત શિક્ષણ આપવા રાજ્ય પ્રયત્ન કરશે તેવું બંધારણની કલમ ૨૯, ૩૦, ૪૫, ૪૬ તથા રાજ્યના માર્ગદર્શક સિદ્ધાંતની કલમ ૪૫માં જણાવાયું છે. સમાન હક્ક, તકો અને અન્ય કાયદાકીય જોગવાઈઓના લીધે આદિવાસી લોકો ધીમે ધીમે શિક્ષિત બનવા લાગ્યા.

અન્ય સમાજો કરતાં આદિવાસી સ્ત્રીઓ લગ્ન અને કૌટુંબિક ક્ષેત્રે વધુ સ્વાતંત્ર્ય ભોગવે છે, તેમ છતાં વાસ્તવિકતા એ છે કે આદિવાસી સમુદાયમાં સ્ત્રીઓના શિક્ષણનું પ્રમાણ પુરુષો કરતાં ઘણું ઓછું છે. તેની પાછળના કારણોમાં ગરીબી, બેરોજગારી, અજ્ઞાનતા, નિરક્ષરતા, અંધશ્રદ્ધા વગેરે જવાબદાર છે. આ પરિસ્થિતિએ સ્ત્રી શિક્ષણની ગંભીર સમસ્યાઓને જન્મ આપ્યો છે જેવી કે શાળામાંથી છોકરીઓનું અધવચ્ચેથી (ડ્રોપ આઉટ) શિક્ષણ છોડવું, સ્ત્રીઓમાં નિરક્ષરતાનું ઊચું પ્રમાણ, રોજગારી માટે કુટુંબ સાથે સ્થળાંતર, સ્ત્રી-પુરુષ અસમાનતા, શૈક્ષણિક વાતાવરણનો અભાવ, યોગ્ય અને પૂરતી શૈક્ષણિક સુવિધાનો અભાવ, પાયાની

સુવિધાઓનો અભાવ, છોકરીઓના શિક્ષણ પ્રત્યે માતા-પિતાની અજાગૃતતા અને અસ્વીકૃતતા, સ્ત્રીઓમાં ઉચ્ચ શિક્ષણ પ્રત્યે ઉદાસીન વલણ, કૌટુંબિક-વ્યાવસાયિક કામમાં રોકાયેલી રાખવી વગેરે સમસ્યાઓ શૈક્ષણિક વિકાસમાં અવરોધક બને છે.

ગુજરાત રાજ્યની કુલ વસતિમાં આદિવાસી સમુદાયના લોકોની વસતિ ૮૯,૧૭,૧૭૪ છે, એટલે કે ૧૪.૭૫ ટકા વસતિ આદિવાસી સમુદાયની છે, જ્યારે ભારતમાં તેની વસતિ ૮.૬ ટકા છે. ગુજરાતમાં આદિવાસી સમુદાય રાજ્યની પૂર્વ પટ્ટીમાં વસવાટ કરે છે જે રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના ૧૮ ટકા વિસ્તાર ધરાવે છે. રાજ્યમાં ૨૫ આદિવાસી સમુદાયો અને તેમાં ૫ આદિમજૂથો વસવાટ કરે છે. શિક્ષણની વાત કરીએ તો ગુજરાતનો કુલ સાક્ષરતા દર ૭૮.૩૧ ટકા છે તેમાં આદિવાસીઓમાં ૬૨.૫૦ ટકા છે. જે પૈકી પુરુષોમાં ૭૧.૮૦ ટકા છે અને સ્ત્રીઓમાં ૫૩.૨૦ ટકા છે. જે સામાન્ય સાક્ષરતા દરની સરખામણીએ ૧૬.૫૦ ટકાનો તફાવત છે અને ૧૮.૬૦ ટકાનો જેન્ડર ગેપ છે. ભારતનો કુલ સાક્ષરતા દર ૭૪.૦૪ ટકા છે તેમાં આદિવાસીઓમાં ૬૩.૧૦ ટકા છે. જે પૈકી પુરુષોમાં ૭૧.૭૦ ટકા છે અને સ્ત્રીઓમાં ૫૪.૪૦ ટકા છે જેમાં ૧૭.૩૦ ટકાનો જેન્ડર ગેપ છે. શાળામાંથી આદિવાસી છોકરાઓ કરતાં છોકરીઓનું અધવચ્ચેથી શિક્ષણ છોડવાનું પ્રમાણ પણ ઘણું ઊંચું છે તેમજ સાક્ષરતા દરમાં આદિવાસી સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે જેન્ડર ગેપ પણ વધુ છે.(ભારતની વસ્તી ગણતરી ૨૦૧૧ )

આદિવાસી સમુદાયમાં સ્ત્રી શિક્ષણની સમસ્યાઓના ઉકેલ માટે વ્યક્તિગત, કૌટુંબિક, શાળાગત, સામુદાયિક અને રાજ્ય એમ બધા સ્તર પર સામૂહિક પ્રયાસો કરવા ખૂબ આવશ્યક છે જેવા કે શૈક્ષણિક યોજનાઓનો અસરકારક પ્રચાર-પ્રસાર, વાલીઓને શિક્ષણનું મહત્ત્વ સમજાવવું, સ્થળાંતરિત કુટુંબોની છોકરીઓ માટે ફરતી શાળા કે મોબાઈલ શાળા, વ્યવસાયમાં રોકાયેલી સ્ત્રીઓ માટે રાત્રી શાળા, કન્યાઓ માટે અલગથી ભૌતિક સુવિધાઓ ઊભી કરવી, કન્યાશાળા સ્થાપવા પ્રોત્સાહન આપવું, વ્યાવસાયિક શિક્ષણ અને તાલીમ, આદિવાસી કન્યાઓ માટે શિક્ષણ નીતિ ઘડવી, આદિવાસી વિદ્યાર્થિનીઓને દત્તક લેવી, વિદ્યાર્થિનીલક્ષી યોજનાનું આયોજન કરી પૂરતી નાણાકીય ફાળવણી, શિક્ષણના કાર્યક્રમોને પરિણામલક્ષી બનાવવા, હેલ્પ લાઇન શરૂ કરવી વગેરે પ્રકારના સકારાત્મક/ગુણાત્મક અસરકારક પ્રયત્નો કરવામાં આવશે તો ડ્રોપ આઉટ રેશિયો અને જેન્ડર ગેપ વચ્ચેનું અંતર ઘટશે અને આદિવાસી સ્ત્રીઓમાં સાક્ષરતા દરમાં ચોક્કસ વધારો થશે.

**આદિવાસી સમુદાયની સ્ત્રીઓની શૈક્ષણિક સ્થિતિ**

શિક્ષણ મેળવવું એ દરેક બાળકની પ્રાથમિક જરૂરિયાત અને મૂળભૂત અધિકાર છે. શિક્ષણ એ તમામ બાળકના સર્વાંગી વિકાસ માટે પાયાની બાબત છે. શિક્ષણ મેળવવું જેટલું ઉચ્ચ જ્ઞાતિના લોકો માટે જરૂરી છે તેટલું જ પછાત જાતિ/જ્ઞાતિઓના લોકો માટે તથા શિક્ષણ ઉપર જેટલો પુરુષોનો અધિકાર છે તેટલો જ સ્ત્રીઓ (આદિવાસી સ્ત્રીઓ)નો પણ અધિકાર છે. પરંતુ ભારત અને ગુજરાતમાં વાસ્તવિકતા કાંઈક જુદી છે. આઝાદીના ૬૭ વર્ષ પછી પણ ભારત અને ગુજરાતમાં સાક્ષરતા દર તથા આદિવાસી સ્ત્રી-પુરુષોમાં સાક્ષરતા દર વચ્ચે મોટી અસમાનતા છે, જે નીચેના કોષ્ટકોના આંકડાંઓ ઉપરથી ખયાલ આવે છે.

**કોષ્ટક નં ૧ - ભારત અને ગુજરાતમાં આદિવાસીઓમાં સાક્ષરતા દર (વર્ષવાર અને ટકાવારીમાં)**

| ક્રમ | વર્ષ | ભારતમાં સાક્ષરતા દર | આદિવાસીઓમાં સાક્ષરતા દર | ગુજરાતમાં સાક્ષરતા દર | આદિવાસીઓમાં સાક્ષરતા દર |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૯૬૧ | ૨૪.૦૦ | ૦૮.૫૩ | ૩૦.૪૫ | ૧૧.૬૯ |
| ૨. | ૧૯૭૧ | ૨૯.૪૫ | ૧૧.૩૦ | ૩૫.૭૯ | ૧૪.૧૨ |
| ૩. | ૧૯૮૧ | ૩૬.૨૩ | ૧૬.૩૫ | ૪૩.૭૦ | ૨૧.૧૪ |
| ૪. | ૧૯૯૧ | ૫૨.૨૧ | ૨૯.૬૦ | ૫૧.૧૫ | ૨૯.૧૪ |
| ૫. | ૨૦૦૧ | ૬૪.૮૪ | ૪૭.૧૦ | ૬૯.૧૪ | ૪૭.૭૪ |
| ૬. | ૨૦૧૧ | ૭૪.૦૪ | ૬૩.૧૦ | ૭૮.૩૧ | ૬૨.૫૦ |

**સ્ત્રોત : સેન્સસ ઓફ ઈન્ડિયા, ૧૯૬૧ થી ૨૦૧૧**

**કોષ્ટક નં. ૨ - ગુજરાત અને આદિવાસી સ્ત્રી-પુરૂષોનો શૈક્ષણિક વિકાસ તથા જેન્ડર ગેપ (વર્ષવાર)**

| ક્રમ | વર્ષ | કુલ | પુરુષ | સ્ત્રી | જેન્ડર ગેપ | કુલ | પુરુષ | સ્ત્રી | જેન્ડર ગેપ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૬૧ | ૩૦.૪૫ | ૪૧.૧૩ | ૧૯.૧૦ | ૨૨.૦૩ | ૧૧.૬૯ | ૧૯.૦૬ | ૦૪.૦૩ | ૧૫.૦૩ |
| ૨ | ૧૯૭૧ | ૩૫.૭૯ | ૪૬.૧૧ | ૨૪.૭૫ | ૨૧.૩૬ | ૧૪.૧૨ | ૨૧.૮૩ | ૦૬.૧૫ | ૧૫.૬૮ |
| ૩ | ૧૯૮૧ | ૪૩.૭૦ | ૫૪.૪૪ | ૩૨.૩૦ | ૨૨.૧૪ | ૨૧.૧૪ | ૩૦.૪૧ | ૧૧.૬૪ | ૧૮.૭૭ |
| ૪ | ૧૯૯૧ | ૫૧.૧૫ | ૬૦.૯૯ | ૪૦.૬૨ | ૨૦.૩૭ | ૨૯.૧૪ | ૩૯.૩૭ | ૧૯.૬૫ | ૧૯.૭૨ |
| ૫ | ૨૦૦૧ | ૬૯.૧૪ | ૭૯.૭૭ | ૫૭.૮૦ | ૨૧.૯૭ | ૪૭.૭૪ | ૫૯.૧૮ | ૩૬.૦૨ | ૨૩.૧૬ |
| ૬ | ૨૦૧૧ | ૭૮.૩૧ | ૮૫.૭૦ | ૬૯.૭૦ | ૧૬.૦૦ | ૬૨.૫૦ | ૭૧.૮૦ | ૫૩.૨૦ | ૧૮.૬૦ |

**સ્ત્રોત : સેન્સસ ઓફ ઈન્ડિયા, ૧૯૬૧ થી ૨૦૧૧**

**કોષ્ટક નં. ૩ - રાજયની અને આદિવાસીઓની વસતિ તથા સાક્ષરતાનું પ્રમાણ અને તફાવત**

| ક્રમ | વર્ષ | રાજયની કુલ વસતિ (લાખમાં) | આદિવાસીની કુલ વસતિ (લાખમાં) | રાજ્યની કુલ વસતિ સામે ટકાવારી | રાજયની સામાન્ય સાક્ષરતા (ટકામાં) | આદિવાસીઓમાં સાક્ષરતા (ટકામાં) | સામાન્ય સાક્ષરતા અને આદિવાસીઓમાં સાક્ષરતાનો તફાવત |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧૯૬૧ | ૨૦૬.૩૩ | ૨૭.૫૪ | ૧૩.૩૫ | ૩૦.૪૫ | ૧૧.૬૯ | ૧૮.૭૬ |
| ૨. | ૧૯૭૧ | ૨૬૬.૯૭ | ૩૭.૩૪ | ૧૩.૯૯ | ૩૫.૭૯ | ૧૪.૧૨ | ૨૧.૬૭ |
| ૩. | ૧૯૮૧ | ૩૪૦.૮૬ | ૪૮.૪૯ | ૧૪.૨૩ | ૪૩.૭૦ | ૨૧.૧૪ | ૨૨.૫૬ |
| ૪. | ૧૯૯૧ | ૪૧૩.૧૦ | ૬૧.૬૨ | ૧૪.૯૨ | ૫૧.૧૫ | ૨૯.૬૭ | ૨૧.૪૮ |
| ૫. | ૨૦૦૧ | ૫૦૬.૭૧ | ૭૪.૮૧ | ૧૪.૭૬ | ૬૯.૧૪ | ૪૭.૭૪ | ૨૧.૪૦ |
| ૬. | ૨૦૧૧ | ૬૦૪.૩૯ | ૮૯.૧૭ | ૧૪.૭૫ | ૭૮.૩૧ | ૬૨.૫૦ | ૧૫.૮૧ |

**સ્ત્રોત : સેન્સસ ઓફ ઈન્ડિયા, ૧૯૬૧ થી ૨૦૧૧**

ઉપરોક્ત કોષ્ટકના આકડાં પર નજર કરતાં જણાય છે કે ભારત અને ગુજરાતમાં સાક્ષરતા દર (શૈક્ષણિક વિકાસ)માં દરેક દાયકામાં ધીમો વધારો જોવા મળે છે.

**કોષ્ટક નં. ૪ - ગુજરાતના આદિવાસી સમુદાયમાં જિલ્લાવાર સ્ત્રી-પુરુષ સાક્ષરતા અને જેન્ડર ગેપ**

| ક્રમ | જિલ્લો | કુલ (ટકામાં) | પુરુષ (ટકામાં) | સ્ત્રી (ટકામાં) | જેન્ડર ગેપ (ટકામાં) |
|---|---|---|---|---|---|
| ૧. | કચ્છ | ૨૮.૩૦ | ૪૦.૦૫ | ૧૫.૩૦ | ૨૪.૭૫ |
| ૨. | બનાસકાંઠા | ૨૯.૯૧ | ૪૨.૨૮ | ૧૬.૬૮ | ૨૫.૬૦ |
| ૩. | પાટણ | ૫૨.૨૦ | ૬૭.૨૨ | ૩૫.૪૩ | ૩૧.૭૯ |
| ૪. | મહેસાણા | ૬૦.૯૧ | ૭૧.૧૪ | ૪૮.૬૦ | ૨૨.૫૪ |
| ૫. | સાબરકાંઠા | ૫૨.૮૩ | ૬૫.૮૭ | ૩૯.૮૨ | ૨૬.૦૫ |
| ૬. | ગાંધીનગર | ૭૧.૪૦ | ૭૯.૭૨ | ૬૧.૪૪ | ૧૮.૨૮ |
| ૭. | અમદાવાદ | ૫૬.૪૨ | ૬૬.૯૬ | ૪૪.૩૭ | ૨૨.૫૯ |
| ૮. | સુરેન્દ્રનગર | ૩૬.૮૬ | ૪૭.૮૨ | ૨૪.૮૮ | ૧૮.૯૪ |
| ૯. | રાજકોટ | ૬૪.૫૫ | ૭૧.૦૭ | ૫૭.૧૦ | ૧૩.૯૭ |
| ૧૦. | જામનગર | ૪૩.૦૫ | ૫૦.૪૫ | ૩૪.૭૨ | ૧૫.૭૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧. | પોરબંદર | ૩૦.૭૮ | ૩૬.૯૫ | ૨૪.૦૬ | ૧૨.૮૯ |
| ૧૨. | જૂનાગઢ | ૪૮.૮૫ | ૫૯.૩૦ | ૩૭.૫૨ | ૨૧.૭૮ |
| ૧૩. | અમરેલી | ૬૩.૨૮ | ૭૩.૨૬ | ૩૧.૪૯ | ૪૧.૭૭ |
| ૧૪. | ભાવનગર | ૬૨.૭૩ | ૭૩.૮૧ | ૪૯.૯૬ | ૨૩.૮૫ |
| ૧૫. | આણંદ | ૪૧.૮૮ | ૫૨.૮૧ | ૨૯.૫૭ | ૨૩.૨૪ |
| ૧૬. | ખેડા | ૪૪.૪૯ | ૫૬.૮૪ | ૩૦.૬૨ | ૨૬.૨૨ |
| ૧૭. | પંચમહાલ | ૪૪.૧૩ | ૫૮.૩૨ | ૨૯.૧૮ | ૨૯.૧૪ |
| ૧૮. | દાહોદ | ૩૭.૭૦ | ૫૦.૭૫ | ૨૪.૬૧ | ૨૬.૧૪ |
| ૧૯. | વડોદરા | ૩૮.૯૮ | ૫૧.૮૪ | ૨૫.૪૨ | ૨૬.૪૨ |
| ૨૦. | નર્મદા | ૫૩.૮૦ | ૬૭.૪૭ | ૩૯.૬૦ | ૨૭.૮૭ |
| ૨૧. | ભરૂચ | ૫૪.૩૪ | ૬૩.૬૮ | ૩૮.૮૧ | ૨૪.૮૭ |
| ૨૨. | સુરત | ૫૦.૦૯ | ૫૯.૩૧ | ૪૨.૨૭ | ૧૭.૦૪ |
| ૨૩. | ડાંગ | ૫૮.૦૯ | ૬૯.૩૫ | ૪૬.૮૧ | ૨૨.૫૪ |
| ૨૪. | નવસારી | ૬૧.૦૩ | ૭૦.૪૪ | ૫૧.૩૬ | ૧૯.૦૮ |
| ૨૫. | વલસાડ | ૫૪.૧૫ | ૬૪.૩૪ | ૪૪.૦૨ | ૨૦.૩૨ |
| ૨૬. | તાપી | ૫૨.૦૬ | ૪૨.૮૬ | ૫૧.૧૧ | +૮.૨૫ |

**સ્ત્રોત :** P.No. 30, Social Economic Review 2010-11, Gujarat State-Directorate of Economics & Statistic Governmenk of Gujarat, Gujarat, Feb.-2011

સ્ટેટસ્ટીક ઓફ સ્કૂલ એજ્યુકેશન ૨૦૧૦-૧૧ અહેવાલમાં જણાવ્યા મુજબ ભારતમાં આદિવાસી બાળકોમાં અધ્ધ વચ્ચેથી શિક્ષણ છોડવાનું પ્રમાણ (ડ્રોપ આઉટ રેશિયો) ૭૦.૯ ટકા છે જેમાં છોકરાઓમાં આ દર ૭૦.૬ ટકા છે અને છોકરીઓમાં ૭૧.૩ ટકા છે, જ્યારે ભારતની વસતિ ગણતરી ૨૦૧૧ પ્રમાણે ગુજરાતમાં આદિવાસી બાળકોમાં અધ્ધ વચ્ચેથી શિક્ષણ છોડવાનું પ્રમાણ ૭૭ ટકા છે. શાળામાંથી આદિવાસી છોકરાઓ કરતાં છોકરીઓનું અધવચ્ચેથી શિક્ષણ છોડવાનું પ્રમાણ પણ ઘણું ઊંચું છે તેમજ સાક્ષરતા દરમાં આદિવાસી સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે જેન્ડર ગેપ પણ વધુ છે.

**આદિવાસી સમુદાયની સ્ત્રીઓના શૈક્ષણિક પ્રશ્નો**

૧. ગરીબી, બેરોજગારી અને નિરક્ષરતા
૨. ઘરની નબળી આર્થિક સ્થિતિ
૩. રોજગારી માટે સ્થળાંતર
૪. સ્ત્રી-પુરુષને શિક્ષણ આપવામાં ભેદભાવ
૫. શૈક્ષણિક વાતાવરણનો અભાવ
૬. યોગ્ય અને પૂરતી શૈક્ષણિક સુવિધાનો અભાવ
૭. પાયાની (ભૌતિક)સુવિધાનો અભાવ
૮. વ્યાવસાયિક શિક્ષણ અને તાલીમનો અભાવ
૯. બોલીને કારણે ભાષાકીય મુશ્કેલી
૧૦. અંધશ્રધા અને અજ્ઞાનતા
૧૧. છોકરીઓના શિક્ષણ પ્રત્યે માતા-પિતાની અજાગૃતતા અને અસ્વીકૃતતા
૧૨. સ્ત્રીઓમાં ઉચ્ચશિક્ષણ પ્રત્યે ઉદાસીન વલણ
૧૩. કૌટુંબિક-વ્યાવસાયિક કામમાં રોકાયેલી રાખવી
૧૪. છોકરીઓમાં અધવચ્ચેથી શાળા છોડવાનું ઊંચું પ્રમાણ
૧૫. કન્યા શિક્ષણની ઉપેક્ષા
૧૬. ખેતીની સીઝનમાં ખેતમજૂરી
૧૭. શાળામાં અપૂરતો સ્ટાફ

**આદિવાસી સમુદાયની સ્ત્રીઓના શૈક્ષણિક પ્રશ્નોના ઉકેલો**

૧. શાળા-કૉલેજોના શિક્ષકો, શિક્ષણવિદો, સરકારી અધિકારી, સામાજિક કાર્યકરો વગેરેએ આદિવાસી સમુદાયના લોકોમાં રહેલી સ્ત્રીશિક્ષણ અંગેની ખોટી માન્યતાઓ દૂર કરવી અને સ્ત્રીશિક્ષણના મહત્ત્વને સમજાવવું.
૨. આદિવાસી વિસ્તારમાં સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ વધારવા સ્થાનિક મંડળો, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા શાળા-કૉલેજોએ જાગૃતિ રેલીઓ, સરઘસો, શેરી નાટકો અને ડોક્યુમેન્ટરી ફિલ્મો બતાવી સ્ત્રીશિક્ષણને ઉત્તેજન આપવું.
૩. આદિવાસી મહિલાઓને સમાજમાં શિક્ષણના મુખ્ય પ્રવાહમાં લાવવા

માટે આદિવાસી વિસ્તારમાં કાર્યરત સરકારી અધિકારી, સામાજિક કાર્યકરો, કર્મશીલો વગેરેએ સરકારશ્રીની વિવિધ યોજનાઓ, કાર્યક્રમો, શિક્ષણ સહાયો વગેરેની અસરકારક માહિતી પૂરી પાડવી.

૪. આદિવાસી વિસ્તારમાં સંકલિત ગ્રામ વિકાસ યોજના, રાષ્ટ્રીય ગ્રામ વિકાસ યોજના, સ્વરોજગારી માટે તાલીમ જેવા કાર્યક્રમોમાં સ્ત્રીશિક્ષણને જોડવું/દાખલ કરવું.

૫. સરકારશ્રીની અનેકવિધ યોજનાઓ જેવી કે મફત અને ફરજિયાત શિક્ષણ, ફી માફી, પુસ્તક અને યુનિફોર્મમાં આર્થિક સહાય, બસ પાસની સુવિધા, સાયકલ સહાય, શિષ્યવૃત્તિ, ફેલોશીપ, શાળા-કૉલેજોમાં અનામત જગ્યાઓ, છાત્રાલયો, આશ્રમશાળાઓ, મધ્યાહ્ન ભોજન યોજના વગેરે શૈક્ષિણક યોજનાઓનો આધુનિક ટેક્નોલૉજીના સાધનો જેવા કે રેડિયો, ટી.વી., ઈન્ટરનેટ વગેરેમાં જાહેરાત કરી અસરકારક પ્રચાર-પ્રસાર કરવો જોઈએ.

૬. શાળા-કૉલેજોના શિક્ષકો આદિવાસી વિદ્યાર્થિનીઓને શૈક્ષણિક હેતુસર દત્તક લે અને તેમની શૈક્ષણિક સમસ્યાઓને નિવારવા માર્ગદર્શક બને. સ્વાયત અને સ્વૈચ્છિક સંસ્થાઓને આદિવાસી છોકરીઓને દત્તક લેવા માટે પ્રોત્સાહિત કરવી જોઈએ.

૭. સ્થળાંતરિત કુટુંબોની છોકરીઓને ધ્યાનમાં રાખી ફરતી શાળા કે મોબાઈલ શાળા શરૂ કરવી.

૮. આદિવાસી સ્ત્રીઓમાં વ્યાવસાયિક કુશળતા અને ક્ષમતાવર્ધન માટે વિભિન્ન વ્યાવસાયિક અભ્યાસો તૈયાર કરવા અને શિક્ષણ આપવાની વ્યવસ્થાઓ ઊભી કરવી.

૯. શાળા-કૉલેજોમાં કન્યાઓ માટે જરૂરી તમામ ભૌતિક સુવિધાઓ જેવી કે શૌચાલય, પીવાનું પાણી, રમત-ગમતના સાધનો વગેરે કન્યાઓની સંખ્યાના પ્રમાણમાં અલગથી વ્યવસ્થાઓ હોવી જોઈએ.

૧૦. ઉચ્ચ શિક્ષણમાં આદિવાસી કન્યાઓની સંખ્યા વધારવા પ્રોત્સાહક યોજના અને કાર્યક્રમોનું ઘડતર કરવું.

૧૧. આદિવાસી વિસ્તારમાં કન્યાશાળા સ્થાપવા પ્રોત્સાહન આપવું.

૧૨. સર્વ શિક્ષા અભિયાન અને પ્રૌઢ શિક્ષણના કાર્યક્રમોને પરિણામલક્ષી બનાવવા જોઈએ.

૧૩. આદિવાસી કન્યાઓનું સાક્ષરતા દર સુધારવા આદિવાસી કન્યાઓ માટેની શિક્ષણ નીતિ ઘડવી અને અસરકારક અમલ કરાવવો.

૧૪. આદિવાસી વિસ્તારની કન્યાઓ માટે અવૈધિક શિક્ષણની જોગવાઈઓ કરવામાં આવે તો તેઓ શિક્ષણનો લાભ ચોક્કસથી મેળવી શકશે.

૧૫. આદિવાસી સમાજમાં ગુણવતાયુક્ત શિક્ષણની સુવિધાઓ બાળકોને મળે તે માટે ખાસ પગલાંઓ લઈ અંદાજપત્રીય જોગવાઈમાં વિદ્યાર્થીલક્ષી યોજનાનું આયોજન કરી પૂરતી નાણાકીય ફાળવણી કરવી જોઈએ.

૧૬. આદિવાસી સ્ત્રીઓના શૈક્ષણિક કાર્યક્રમોનું ઘડતર આદિવાસી શિક્ષિત અને તાલીમ પામેલ સ્ત્રીઓ દ્વારા થવું જોઈએ.

૧૭. આદિવાસી વિસ્તારમાં સ્ત્રીશિક્ષણના પ્રશ્નો જાણવા અને ઉકેલવા માટે હેલ્પ લાઈન શરૂ કરવી.

૧૮. પ્રાથમિક શાળામાં આદિવાસી બાળકો સમજી શકે તેવા માધ્યમમાં શિક્ષણ આપવું.

૧૯. શાળાઓની રજાઓનું સમયપત્રક આદિવાસી વિસ્તારની વ્યવસ્થાઓને અનુરૂપ બનાવવું.

૨૦. શાળામાં પૂરતા અને યોગ્ય સ્ટાફની ભરતી કરવી. (એક વર્ગ એક શિક્ષકની નીતિ અમલમાં મુકવી.)

૨૧. આદિવાસી બોલી (ભાષા)માં સાહિત્યનું નિર્માણ કરવું.

**ઉપસંહાર :**

વિજ્ઞાન અને ટેક્નોલૉજીના યુગમાં દરેક સમુદાયો શિક્ષણ દ્વારા પોતાનો સામાજિક, આર્થિક અને રાજકીય વિકાસ સાધી રહ્યા છે ત્યારે આદિવાસી સમુદાય અને આ સમુદાયની સ્ત્રીઓ શૈક્ષણિક વિકાસમાં ખૂબ જ પાછળ છે. આદિવાસી સમુદાયમાં પુરુષો કરતાં સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે તથા આદિવાસી સ્ત્રીઓમાં ડ્રોપ આઉટ રેશિયો અને જેન્ડર ગેપ હોવાથી આદિવાસી સ્ત્રીઓ શિક્ષણની ગંભીર પ્રકારની સમસ્યાઓથી ઘેરાયેલી છે. તેની પાછળ અનેક પ્રકારના કારણો અને પરિબળો જવાબદાર છે. આ સમસ્યાઓના કારણો અને પરિબળોને ગુણાત્મક કે સકારાત્મક ધોરણે ઉકેલવામાં આવે તો ચોક્કસપણે સ્ત્રી શિક્ષણનો વિકાસ થશે અને જો આદિવાસી સ્ત્રીઓ શિક્ષણ લેતી થશે તો તે નવીન વિચારસરણી અને સુધારાઓ, મૂળભૂત હકકો અને માનવ અધિકારો સમજી મેળવી શકશે, દરજ્જાઓ અને ભૂમિકાઓ પ્રત્યે જાગૃત થશે, નિર્ણયમાં ભાગીદાર બની અને નવીન તકો પ્રાપ્ત કરી કુટુંબ, સમુદાય અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપી શકવા શક્તિમાન બનશે. આમ, માત્ર શિક્ષણ જ આદિવાસી મહિલાના વિકાસમાં પાયાનો પથ્થર બની રહેશે.

**લેખકશ્રી ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતેના આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રમાં સંશોધન મદદનીશ તરીકે કાર્યરત છે.**

# રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીની ગુજરાત મુલાકાત

**અહેવાલ : પ્રવિણ ઘમંડે**



દેશના બંધારણીય વડા રાષ્ટ્રપતિની કોઇપણ રાજ્યની મુલાકાત ખૂબ જ મહત્વની બની રહે છે અને જ્યારે દેશના રાષ્ટ્રપતિ એ દેશના રાષ્ટ્રપિતાના રાજ્યની મુલાકાતે આવે ત્યારે તેનું ઓર મહત્ત્વ વધી જાય તે સ્વભાવિક છે. દેશના રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીએ ગાંધીના ગુજરાતની ત્રણ દિવસ મુલાકાત લઇને દેશને એક નવી રાહ ચીંધવાનો પ્રયાસ કર્યો હતો. ત્રણ દિવસના ભરચક કાર્યક્રમોમાં તેમણે અબોલ પશુઓના પશુદાણ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવાની સાથે સાથે ગાંધીજી દ્વારા સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના જાહેરજીવનમાં પદાર્પણ કરી રહેલા ભાવિ નાગરિકોને દિક્ષાંત પ્રવચન આપીને પ્રેરણા પૂરી પાડી હતી તો આઈઆઈએમ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં બાળવિજ્ઞાનીઓને પુરષ્કારો એનાયત કરીને દેશના સંખ્યાબંધ પાયાના પ્રશ્નોનો ઉકેલ ઇનોવેશન્સથી જ આવી શકશે એવો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ગુજરાતના આ પ્રવાસ દરમ્યાન રાષ્ટ્રપતિશ્રીએ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના પાવન દર્શન કરવાની સાથે સાથે જામનગર દ્વારિકા ખાતે દ્વારકાધિશના પણ દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

ગુજરાતમાં રાષ્ટ્રપતિશ્રીનો કાર્યક્રમ ૩૦ નવેમ્બરથી બે ડિસેમ્બર સુધીનો યોજાયો હતો. ત્રણ દિવસના આ ભરચક કાર્યક્રમની શરૂઆત તેમને ગાર્ડ ઓફ ઓનર આપીને કરવામાં આવી હતી. વિમાનીમથકે વાયુદળના ખાસ વિમાનમાં આવી પહોંચેલા રાષ્ટ્રપતિશ્રીનું ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલી, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને વિધાનસભાના અધ્યક્ષ શ્રી ગણપત વસાવા સહિત સિનિયર મંત્રીઓ, મુખ્ય સચિવ શ્રી જી. આર. અલોરિયા, પોલીસવડા શ્રી પી. સી. ઠાકુર, અમદાવાદના જિલ્લા કલેક્ટર શ્રી રાજકુમાર બેનિવાલ, મેયર શ્રીમતી મિનાક્ષીબેન વગેરેએ સ્વાગત કર્યું હતું.

ગુજરાત આગમનના પ્રથમ તબક્કે તેમણે ભારતની દૂધ ઉત્પાદન ડેરી અમૂલના એક કાર્યક્રમમાં હાજરી આપીને શરૂઆત કરી હતી. ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના કાપડીવાવ ગામ ખાતે પશુઓના દાણનું ઉત્પાદન કરવા માટે અમૂલ દ્વારા અતિઆધુનિક પ્લાન્ટ તૈયાર કરવામાં આવ્યું છે. કેટલ ફિડ પ્લાન્ટનું ઉદ્ઘાટન રાષ્ટ્રપતિ દ્વારા થયું હતું. આ પ્રસંગે તેમણે જાહેર કર્યું હતું કે ગુજરાતનો વિકાસ તેની ઉદ્યમી અને બુદ્ધિશાળી જનતાને આભારી છે. ભારતને આઝાદી મળ્યા બાદ ગાંધીના ગુજરાતે દરેક ક્ષેત્રમાં વિકાસ કર્યો છે. જેની પાછળ તેની ઉદ્યમી અને બુદ્ધિશાળી જનતાનો પુરષાર્થ રહેલો છે. ગુજરાતના વખાણ કરીને તેમણે એમ પણ કહ્યું કે ગુજરાત એક એવું રાજ્ય છે જેણે ઉદ્યોગોની સાથે સાથે કૃષિક્ષેત્રે પણ વિકાસનો તાલમેલ જાળવી રાખ્યો છે. દેશમાં કૃષિક્ષેત્રે સૌથી વધુ વૃદ્ધિદર ધરાવતા થોડાક જ રાજ્યોમાં ગુજરાતનો પણ સમાવેશ થાય છે એમ પણ તેમણે કહ્યું હતું. રાષ્ટ્રપતિશ્રીએ દેશની આઝાદીનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે દેશની આઝાદીની ચળવળમાં ગુજરાતનું ખૂબ મહત્ત્વનું યોગદાન રહેલું છે. આ રાજ્યની મુલાકાતે અવારનવાર આવવાનું થયું છે અને જ્યારે પણ આવ્યો છું તેમાં કોઈને કોઈ ક્ષેત્રે વિકાસ થયેલો જોવા મળ્યો છે.

રાષ્ટ્રપતિશ્રીએ અમૂલ દૂધનો ઉલ્લેખ કરીને કહ્યું કે ૧૯૪૬માં સ્થાપના બાદ દૂધના એક ટીપાંથી શરૂ કરી દૂધનાં પૂર સુધીની અમૂલની સફર પડકારરૂપ બની હતી. આજે અમૂલના ફીડ પ્લાન્ટ ઉદ્ઘાટનમાં હાજર રહેવાની બાબતને હું મારું સૌભાગ્ય ગણું છું એમ પણ તેમણે નમ્ર ભાવે જણાવ્યું હતું. છેલ્લા એક વર્ષમાં વૈશ્વિક ધોરણે ડેરીની બનાવટો તેમજ દૂધનાં ભાવમાં ખેડૂતો સંબંધમાં સમગ્ર વિશ્વમાં ૨૦થી ૫૦ ટકાનો ઘટાડો નોંધાયો છે તેમ છતાં અમૂલ ડેરી સાથે જોડાયેલા ખેડૂતોએ સહકારી ડેરીમાં પૂરા પાડેલા દૂધ માટે ઊંચા દામ મેળવ્યાં છે. અમૂલ સમગ્ર એશિયામાં પ્રવાહી દૂધની સૌથી વિશાળ બ્રાન્ડ છે. પશુ આહાર

પ્લાન્ટ સ્વયં સંચાલિત ઉત્પાદન તથા માલ સંગ્રહ વિભાગોની રચના અંગેનો સમગ્ર એશિયાનો પ્રથમ પ્લાન્ટ છે. ૨૪ એકરમાં ફેલાયેલા આ પ્લાન્ટની પશુ આહાર ઉત્પાદન ક્ષમતા પ્રતિ દિન એક હજાર મેટ્રિક ટનની છે.

આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ પણ રાષ્ટ્રપતિશ્રીની સાથે ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે સંબોધનમાં કહ્યું હતું કે ગુજરાત આજે સમગ્ર દેશમાં દૂધ ઉત્પાદનમાં મોખરે છે તેનું શ્રેય સહકારિતા દ્વારા ગ્રામીણ આર્થિક વિકાસ મોડેલના પ્રણેતા સરદાર વલ્લભભાઈ પટેલને ફાળે જાય છે. ગુજરાતમાં માથાદીઠ દૂધ ઉપલબ્ધી દરરોજના ૪૯૨ મિલિલીટર છે. જે સમગ્ર દેશની સરેરાશ ઉપલબ્ધિના દોઢ ગણાથી વધુ છે. દૂધ ઉત્પાદનનું રાજ્યના જીડીપીમાં પાંચ ટકાનું યોગદાન રહેલું છે. એટલું જ નહીં દૂધ ઉત્પાદન ક્ષેત્રે પશુપાલન વ્યવસાયમાં ૭૩ ટકા નારી શક્તિ જોડીને મહિલા શક્તિને મહત્ત્વ આપવામાં આવ્યું છે. દૂધ ઉત્પાદક મંડળીઓમાં ૪૧ ટકા અને મહિલા સભાસદોમાં ૧૪ ટકાનો વધારો થયો છે. મુખ્યમંત્રીએ ચાલુ નાણાકીય વર્ષમાં દર દસ ગામદીઠ એક પશુ ચિકિત્સાલય બનાવવાનો સંકલ્પ રાષ્ટ્રપતિશ્રીની હાજરીમાં વ્યક્ત કર્યો હતો. અમૂલના આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

**આઈઆઈએમ-એ ખાતે સંબોધન**

અમદાવાદ ખાતે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એટલે કે આઈઆઈએમ-એ મેનેજમેન્ટ શિક્ષણ ક્ષેત્રની એક જાણીતી જગવિખ્યાત સંસ્થા છે. આ સંસ્થા દ્વારા નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન ચલાવવામાં આવે છે. જે દેશભરમાં ફરીને બાળકો અને વિદ્યાર્થીઓ દ્વારા કોઈ નવતર શોધ કરવામાં આવી હોય તેની માહિતી મેળવીને તેમને પ્રોત્સાહિત કરે છે. આ સંસ્થા દ્વારા દેશભરમાંથી ૩૧ એવા તેજસ્વી અને નવી શોધ કરનાર બાળવિજ્ઞાનીઓ શોધી કાઢવામાં આવ્યા હતા કે જેમણે ખેતી સહિતના વિવિધ ક્ષેત્રો માટે કંઈક નવું સંશોધન કર્યું હતું. રાષ્ટ્રપતિશ્રી દ્વારા આ ૩૧ તેજસ્વી બાળકોને પુરસ્કારો એનાયત કરીને તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આઈઆઈએમ અમદાવાદ ખાતેના આ કાર્યક્રમ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ ઈગ્નાઈટ એવોર્ડ ૨૦૧૫ પ્રસંગે રાષ્ટ્રપતિશ્રીએ પ્રેરક ઉદ્‌બોધનમાં કહ્યું હતું કે આપણો દેશ હાલમાં ઘણા પાયાના પ્રશ્નો સામે ઝઝૂમી રહ્યો છે. જેને ઈનોવેશન્સ એટલે કે નવતર ઉપાયો અને નવતર સંશોધનોથી હલ કરી શકાશે. રાષ્ટ્રપતિશ્રીએ પૂર્વ રાષ્ટ્રપતિના નામથી અપાતા ઈગ્નાઈટ એવોર્ડ અંગે પોતાના વક્તવ્યમાં એમ પણ કહ્યું હતું કે ઈનોવેશન ગ્રાસરૂટ લેવલ પર થવા જોઈએ. અને આજે દેશમાં અનેક પાયાના પ્રશ્નો છે ત્યારે નવતર સંશોધનો અનિવાર્ય છે. સમાજને વધુને વધુ ફાયદો થાય તે જરૂરી છે. કોઈપણ નવતર સંશોધન એ ઉચ્ચ શિક્ષણમાં હોય તો ઉદ્યોગ સાથે તેને જોડીને સામાન્ય લોકોને કઈ રીતે ઉપયોગી નિવડે તે અંગે વિચારણા કરવી જરૂરી છે કેમ કે ઈનોવેશન્સને બજાર સુધી લઈ જવા માટે ઉદ્યોગોની મદદ લેવી જ પડશે અને તે માટે તેમણે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓને પણ પ્રોત્સાહિત કરવા માટે ભલામણ કરી હતી. આ કાર્યક્રમમાં જુદા જુદા ૪૧ ઈનોવેટિવ પ્રોજેક્ટ રજૂ થયા હતા. જેમાં સાત વર્ષના એક બાળકે એક સાથે પાંચ વ્યક્તિઓને સમાવી શકાય એવી છત્રીનું સંશોધન જોઈને રાષ્ટ્રપતિશ્રી પ્રભાવિત થયા હતા. આ સંસ્થા દ્વારા દર વર્ષે દેશભરની શાળાના બાળકોના ટેલેન્ટ અને ક્રિએટિવ આઈડિયાઝને બહાર લાવવા માટે સ્પર્ધા યોજાય છે. આ વર્ષે ૧૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની હજારો શાળાઓમાંથી ૨૮ હજાર અરજીઓ આવી હતી, જેમાંથી ૪૧ પ્રોજેક્ટને પસંદ કરાયા હતા અને આઈઆઈએમ ખાતે પ્રદર્શનમાં મુકાયા હતા. રાષ્ટ્રપતિશ્રીએ આ પ્રદર્શન નિહાળ્યું હતું. પસંદગી પામેલા બાળકોને અને તેમના માતાપિતાને પણ મળ્યા હતા.

**ગાંધીઆશ્રમમાં સંબોધન**

રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીએ ગાંધી આશ્રમની મુલાકાત વખતે હૃદયકુંજમાં ગાંધીજીના વિશાળ ફોટા પર સુતરની આંટી ચઢાવીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી એટલું જ નહીં મેસેજ બુકમાં તેમણે મહાત્મા ગાંધી વિશેના પોતાના ઉમદા વિચારોનો ઉલ્લેખ કર્યો હતો. વાસ્તવમાં ગાંધી આશ્રમમાં તેમણે ઉપસ્થિત લોકોને પણ ટૂંકુ પરંતુ પ્રેરક સંબોધન કરીને લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છતા અભિયાનને આગળ વધાવવાની સાથે સાથે દેશમાં ખરી ગંદકી સડકો પર નહીં પરંતુ આપણા મનમાં છે એવી વાત કરીને સડકોની ગંદકી દૂર કરવાની વાત કરી હતી. ગુજરાતના પ્રવાસના બીજા દિવસે સવારે તેમણે સાબરમતી ગાંધી આશ્રમ ખાતે વિસ્તૃત માહિતી મેળવીને ગાંધીજીના વારસાની જાળવણી તથા સંશોધન માટેના કેન્દ્રનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલી અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. રાષ્ટ્રપતિશ્રીએ આશ્રમમાં



ઉપસ્થિત અગ્રણી નાગરિકોના સમૂહને સંબોધન કરતાં કહ્યું હતું કે પોતાનો મત પકડી રાખવાનું જક્કીપણું સમાજને વિભાજીત કરે છે. આપણે વડાપ્રધાનશ્રીના સ્વચ્છ ભારત મિશનને સફળ બનાવવાનો પ્રયાસ કરવો જોઇએ. અલબત્ત, આ ચળવળ એક શરૂઆતના પગલાં તરીકે જોવાવી જોઇએ તે જે છેવટે લોકોના મન પણ સાફ કરે અને ગાંધીજીનાં સ્વપ્નનું ભારત સાકાર થાય.

**વિઝિટ બુકમાં રાષ્ટ્રપતિએ લખ્યું કે...**

રાષ્ટ્રપતિએ ગાંધી આશ્રમની મુલાકાત વખતે વિઝિટર્સ બુકમાં પોતાના સ્વહસ્તે સંદેશો લખ્યો હતો કે આ પવિત્ર સ્થળની દરેક મુલાકાત ભારતીય નાગરિકને દમન અને અન્યાયથી મુક્ત કરવાના ગાંધીજીના સ્વપ્નને સાકાર કરવાની મને આશા આપે છે અને નિર્ધાર કરાવે છે. આ સંદેશા બાદ તેમણે પોતાના હસ્તાક્ષર પણ કર્યા હતા.

**ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રેરક સંબોધન**

ગૂજરાત વિદ્યાપીઠના ૬૨મા પદવીદાન સમારોહમાં રાષ્ટ્રપતિશ્રીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે ભારતમાં સારી ગુણવત્તાસભર ઉચ્ચ શિક્ષણ સંસ્થાના અભાવે આપણા સ્કોલર વિદ્યાર્થીઓને વધુમાં વધુ સંખ્યામાં વિદેશ જવાની ફરજ પડે છે.પરંતુ તેની સરખામણીએ રશિયા, જાપાન અને ચીન સહિતના વિકસિત દેશોમાંથી ખૂબ જ ઓછી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભણવા માટે ભારતમાં આવે છે. તેમણે ઉમેર્યું હતું કે દેશમાં ઉચ્ચ શિક્ષણ અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે. ગૂજરાત વિદ્યાપીઠના પ્રાણજીવન છાત્રાલયના પ્રાંગણમાં યોજાયેલા પદવીદાન સમારોહમાં પોતાના દીક્ષાંત



પ્રવચન દરમ્યાન રાષ્ટ્રપતિશ્રીએ ગૂજરાત વિદ્યાપીઠનો પરંપરાગત પહેરવેશ સફેદ ટોપી-ખેસ અને થેલો ધારણ કરી કરેલા પોતાના સંબોધનમાં કહ્યું હતું કે ભારતમાં ઉચ્ચ શિક્ષણની સ્થિતિ જોઇએ તેટલી સારી કહી શકાય તેમ નથી. તેનું કારણ એ છે કે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના અભાવે આપણા વિદ્યાર્થીઓ વધારેને વધારે સંખ્યામાં ભણવા માટે વિદેશમાં જાય છે. આ અંગેના એક અહેવાલને ટાંકીને તેમણે ઉમેર્યું હતું કે ભારતમાંથી ઉચ્ચ શિક્ષણ માટે વિદેશ જનારા વિદ્યાર્થીઓની સરખામણીએ વર્ષ ૨૦૧૪માં રશિયા, અમેરિકા, ફ્રાન્સ અને ચીન સહિતના સાત મોખરાના દેશોમાંથી ભારત આવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૭૩ ટકાનો ઘટાડો નોંધાયો છે. જે એક ચિંતાની નિશાની છે તેમ જણાવી તેમણે ઉમેર્યું હતું કે આ ટ્રેન્ડ બદલવો પડશે અને ભારતમાં પોષાય તેવું અને ગુણવત્તાસભર ઉચ્ચ શિક્ષણ આપીને ભારતને બહારના વિદ્યાર્થીઓ માટે એક શ્રેષ્ઠ સ્થળ બનાવવું પડશે. આપણે રિસર્ચ અને ઇનોવેશન્સ તરફ વધારે ધ્યાન આપવું પડશે. ગ્રામીણ વિકાસ માટે અને ખાસ કરીને આર્થિક તેમજ સામાજિક વિકાસ માટે યુવાધનનો લાભ લઇને વોકેશનલ એજ્યુકેશન અને સ્કીલ્સ પૂરા પાડવા પડશે. યુજી સ્તરે રિસર્ચ લેવલ વધારવું પડશે અને વિદ્યાર્થીઓમાં શાળાકાળથી જ વૈજ્ઞાનિક અભિગમ પેદા કરીને આપણે બહુઆયામી અભિગમ ઊભો કરવો પડશે. આપણો દેશ હાલના સમયે વિકાસલક્ષી પડકારોનો સામનો કરી રહ્યો છે અને જેનો ઉકેલ ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થાથી જ લાવી શકાશે. આપણે છેલ્લા ઘણા વર્ષોમાં ઇનોવેશન પર કામ કર્યું છે પરંતુ તેમ છતાં હજુ આપણે ઘણાં પાછળ છીએ અને હાલ ઇનોવેશન ઇન્ડેક્સમાં આપણો નંબર ૮૧મો છે. રાષ્ટ્રપતિશ્રીએ ગાંધીજીને યાદ કરતા કહ્યું હતું કે આજથી ૧૦૦ વર્ષ પહેલા ગાંધીજીએ પોતાની દીર્ઘદ્રષ્ટિએ યુવાનોને પાયાનું અને બુનિયાદી શિક્ષણ આપવા માટે આ વિદ્યાપીઠની સ્થાપના કરી હતી અને જેમાં તમામ પ્રકારનું શિક્ષણ આપવામાં આવે છે. તેમ જ વિદ્યાપીઠે પણ તેને અત્યાર સુધી આગળ વધાર્યું છે. ગાંધીજી માનતા હતા કે ભારત ગામડાંમાં જીવે છે અને શહેરીકરણ વધવા છતાં હજુ ૬૮ ટકા વસતી ગામડાંમાં છે ત્યારે ગામડાંમાં ચોખ્ખું પાણી, શૌચાલયો, વીજળી સહિતની અનેક પાયાની સુવિધાઓની પણ મુશ્કેલી વધી છે ત્યારે હું અહીંના વિદ્યાર્થીઓને ગાંધીચિંધ્યા માર્ગે આગળ વધીને ગામોના વિકાસ કરવા તથા ગરીબી દૂર કરવા સાથે ગાંધીજીનો સમાનતાનો સંદેશો ફેલાવવા સૂચન કરું છું. આ પ્રસંગે પ્રકાશન વિભાગ - ભારત સરકાર દ્વારા તૈયાર કરાયેલ કલેક્ટેડ વર્કસ ઓફ મહાત્મા ગાંધીની ડી.વી.ડી. જાણીતાં ગાંધીવાદી દિનાબેન પટેલે રાષ્ટ્રપતિને ભેટ આપી હતી. આ તબક્કે પ્રકાશન વિભાગના વડા એ.ડી.જી. સાધના રાઉત ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

**સોમનાથના દર્શને**

રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીએ પોતાની ગુજરાત મુલાકાત દરમ્યાન સોમનાથ મહાદેવના પણ દર્શન કર્યા હતા. સોમનાથ જ્યોતિર્લિંગ ઉપર ગંગાજળનો અભિષેક કરીને તેમણે સોમનાથ મહાદેવ સમક્ષ વિશ્વ કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. સોમનાથ ટ્રસ્ટ વતી આ પ્રસંગે મહામહિમ રાષ્ટ્રપતિને સ્મૃતિ ચિહ્ન પણ અર્પણ કરવામાં આવ્યું હતું. સોમનાથ મહાદેવ ખાતે રાષ્ટ્રપતિએ મંત્રાચ્ચાર સાથે પૂજનવિધિ કરી હતી. તેમણે સોમનાથ મહાદેવ મંદિર વિઝિટર બુકમાં નોંધ કરતાં લખ્યું હતું કે સોમનાથ ઈતિહાસની ધરોહર છે અને અહીં આવીને પૂજા વિધિ કરીને દિવ્યતાનો અનુભવ થયો છે. સોમનાથ મહાદેવ મંદિર પરિસર પાસે આવેલી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને રાષ્ટ્રપતિશ્રીએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. રાષ્ટ્રપતિશ્રીએ દેવભૂમિ દ્વારકા ખાતે વિશ્વપ્રસિદ્ધ દ્વારકાધિશ મંદિરની મુલાકાત લઇને ભગવાન દ્વારકાધિશના પણ દર્શન કર્યા હતા.

**દીવ બીચ ફેસ્ટીવલ**

પોતાની ગુજરાત મુલાકાત દરમ્યાન રાષ્ટ્રપતિશ્રી પ્રણવ મુખરજીએ એશિયાના સૌથી મોટા ફેસ્ટીવલ ફેસ્ટા દે દીવને ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે હું સૌરાષ્ટ્રની ધરતી પર પહેલી વખત આવ્યો છું, અતિ અદ્ભુત છે આ ભૂમિ. તેમણે એ પણ કહ્યું હતું કે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનું સાયુજ્ય કરીને સોમનાથ, સાસણ, દીવ જેવા સ્થળોને જોડતી ટુરિસ્ટ સરકીટ બનાવવામાં આવશે.

**લેખક અમદાવાદ સ્થિત સિનિયર પત્રકાર છે.**

**સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો છો ? તો 'યોજના' જરૂર વાંચો.**

# સાબરમતી આશ્રમનું આર્કાઈવ્ઝ અને સંશોધન કેન્દ્ર - એક દૃષ્ટિપાત

જિતેન્દ્ર વી. શાહ



*અમદાવાદમાં ઈ.સ. ૧૯૧૭માં સાબરમતી આશ્રમની સ્થાપના કરવામાં આવેલ. સાબરમતી આશ્રમની આર્કાઈવ્ઝ અને સંશોધન કેન્દ્રમાં ૧,૭૫,૦૦૦ હસ્તલિખિત પેપર્સ (Handwritten Scripts) ૭૫૦ ઓરિજિનલ ફોટા, ૭૨ ઓડિયો કેસેટ્સ તથા ૨૧ આર્કાઈવ્ઝ ફિલ્મો (Archives Films on Bapu) ૩૫,૦૦૦ કેટલોગ છે. સદીઓ સુધી સચવાયેલી રહે એવી રીતે ભૂકંપ અને આગપ્રૂફ (Fire proof and Earthquake proof Building) નવી એરકન્ડીશન બિલ્ડિંગમાં જાળવવામાં આવી રહ્યો છે. આમ આ નવા આર્કાઈવ્ઝ એન્ડ રિસર્ચ સેન્ટર શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે નવું હબ બની રહ્યું છે એમ કહી શકાય.*

*ગાંધી વિશે દુનિયાનું સૌથી મોટું આર્કાઈવ્ઝ (World's biggest Archives on Gandhi) અમદાવાદમાં છે. જે એક નવું નજરાણું કહી શકાય તેમ છે. જેનું ભારતના રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીએ તા. ૧-૧૨-૨૦૧૫ના રોજ લોકાર્પણ કરેલ છે.*

ભારતવર્ષ પાસે અઢળ સમૃદ્ધ સાહિત્ય, વિજ્ઞાન વિષયક દસ્તાવેજ તેમજ અપ્રાપ્ય કહી શકાય તેવી અણમોલ વસ્તુઓ હતી. અંગ્રેજોના શાસન દરમ્યાન તેમજ અગાઉના શાસકોના જુલ્મ તેમજ ઉપેક્ષાથી તેમાંથી કેટલાયનો નાશ થયો તેમજ સગેવગે થઈ ગયું.

એક આવો વ્યવસાયી જે પુરાતનો દસ્તાવેજો, ચિત્રો, ફિલ્મો, તસવીરો તેમજ પૌરાણિક મહત્ત્વપૂર્ણ વસ્તુને પારખે છે, શોધી કાઢે છે તેમજ તેને જાળવવાનું ઊંડું જ્ઞાન ધરાવે છે તેને આર્કિવિસ્ટ અથવા તો અભિલેખાગાર (Archives) કહેવામાં છે.

અમદાવાદમાં ઈ.સ. ૧૯૧૭માં સાબરમતી આશ્રમની સ્થાપના કરવામાં આવેલ. સાબરમતી આશ્રમની આર્કાઈવ્ઝ અને સંશોધન કેન્દ્રમાં ૧,૭૫,૦૦૦ હસ્તલિખિત પેપર્સ (Handwritten Scripts) ૭૫૦ ઓરિજિનલ ફોટા, ૭૨ ઓડિયો કેસેટ્સ તથા ૨૧ આર્કાઈવ્ઝ ફિલ્મો (Archives Films on Bapu) ૩૫,૦૦૦ કેટલોગ છે. સદીઓ સુધી સચવાયેલી રહે એવી રીતે ભૂકંપ અને આગપ્રૂફ (Fire proof and Earthquake proof Building) નવી એરકન્ડીશન બિલ્ડિંગમાં જાળવવામાં આવી રહ્યો છે. આમ આ નવા આર્કાઈવ્ઝ એન્ડ રિસર્ચ સેન્ટર શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે નવું હબ બની રહ્યું છે એમ કહી શકાય.

ગાંધી વિશે દુનિયાનું સૌથી મોટું આર્કાઈવ્ઝ (World's biggest Archives on Gandhi) અમદાવાદમાં છે. જે એક નવું નજરાણું કહી શકાય તેમ છે. જેનું ભારતના રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીએ તા. ૧-૧૨-૨૦૧૫ના રોજ લોકાર્પણ કરેલ છે.

ભારતીય સ્વતંત્રતા સંગ્રામને નેતૃત્વ આપનાર અને સત્ય, અહિંસા જેવા સિદ્ધાંતોને વૈશ્વિક સ્તરે ઓળખ આપનારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના પોતાના જ સમયની મહાન હસ્તીઓ સાથેના વિચારોના આદાનપ્રદાન અંગે વધુમાં વધુ જાણકારી પ્રદાન કરવાના પ્રયાસ હેઠળ અમદાવાદ સ્થિત સાબરમતી આશ્રમને મળેલા ૮૫૦૦ પત્રોને ટાઈપ કરીને પ્રકાશિત કરવાનું એક વિરાટ કાર્ય પોતાના હાથમાં લીધું છે. જે કલેક્ટેડ વર્ક્સ ઓફ મહાત્મા ગાંધી (CWMG)એ ૩૮થી વધુ વર્ષ દરમ્યાન ભારે મહેનતથી ગાંધીજીના ભાષણો, તંત્રીલેખો અને અન્ય લેખોને સંગ્રહિત કરીને ૧૦૦ આવૃત્તિ ધરાવતા ઈલેક્ટ્રોનિક દસ્તાવેજીકરણ કરેલ છે, જેમાં ૩૧૦૦૦થી વધારે પત્રો, ટેલિગ્રામ અને કેબલનો સમાવેશ થાય છે જે ગાંધીજીએ બીજા માટે લખ્યા હતા. પરંતુ જે પત્રોના જવાબમાં આ પત્રો લખવામાં આવ્યા

હતા તેનું દસ્તાવેજીકરણની કામગીરી પ્રગતિમાં છે. આ તમામ વિગતો મુખ્યત્વે અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી એમ ત્રણ ભાષાઓમાં છે.

સંશોધકો અને વિદ્વાનો લાંબા સમયથી ગાંધીજીને મળેલા પત્રો અને અન્ય સ્વરૂપમાં મળેલા સંવાદને ટાઈપ કરીને પ્રકાશિત કરવાની જરૂર અનુભવી રહ્યા હતા. જેથી તેમના દ્વારા આપવામાં આવેલા જવાબોને સારી રીતે સમજી શકાય અથવા તો એ સમજી શકાય કે શું આ એકપક્ષીય કોમ્યુનિકેશન છે.

સાબરમતી આશ્રમ સંરક્ષણ અને સ્મૃતિ ટ્રસ્ટ (Preservation and Memorial Trust) દ્વારા મહાત્મા ગાંધીને મળેલા ૮૫૦૦ પત્રો હવે પ્રકાશિત થશે. સાબરમતી આશ્રમનાં અભિલેખાગાર (Archives)માં ગાંધીજીને મળેલા ૮૫૦૦થી વધુ પત્રો અને સંવાદનો અન્ય સ્વરૂપ રાખવામાં આવ્યો છે. આ પત્રો મુખ્યત્વે અંગ્રેજી, ગુજરાતી અને હિન્દીમાં છે.

ગાંધીજીને મળેલા પત્રોના પ્રકાશન દ્વારા ગાંધીજી અને તેમના સમયની મહાન હસ્તીઓ રોમા રોનાલ્ડ, રવિન્દ્રનાથ ટાગોર, જવાહરલાલ નેહરુ, સરોજિની નાયડુ, મેડેલીન સ્લેડ (મીરાબેન) અને એસ્થર ફાયરીંગ વચ્ચે થયેલા સંદેશાવ્યવહારને સામે લાવશે. અને આ રીતે મહાન ઐતિહાસિક મૂલ્ય ધરાવતા દસ્તાવેજોનું સર્જન થશે.

ગાંધી હેરિટેજ સાઈટ ડેટાબેઝ - ગાંધી હેરિટેજ સાઈટ કમિટી જે ગોપાલકૃષ્ણ ગાંધીના વડપણ હેઠળ મળેલ તથા તેનો આખરી અહેવાલ જેમાં ૨૨૦૦ જગ્યાઓનો સમાવેશ થતો હતો જે ગાંધીજીના જીવન અને કાર્યો સાથે વણાયેલો હતો. ભવિષ્યમાં આ અંગે સંશોધન કરવાવાળાને ઉપયોગી થઈ શકે તેમ છે. આ માહિતીની ખરાઈ જરૂરી છે. આ માટે ગોપાલકૃષ્ણ ગાંધી દ્વારા ભલામણ કરાયેલ છે. આ અંગેની જરૂરી ચર્ચા ગાંધી હેરિટેજ સાઈટ મિશનની મળેલ તા. ૧૧-૯-૨૦૧૩થી પ્રથમ બેઠકમાં પણ થયેલ.

ડાયરીઝ ઓફ મનુ ગાંધી - મનુ ગાંધી ગાંધીજીના એકદમ નજીકના સહાધ્યાયી હતા. તેઓએ ગાંધીજી સાથેના જીવનની ડાયરી જેમાં તા. ૧૧-૪-૧૯૪૩થી તા. ૩૦-૧-૧૯૪૮ સુધીની વિગતો નોંધેલ છે. આ ડાયરી ગુજરાતીમાં લખાયેલી છે. જેના ૧૮ વોલ્યુમ રાષ્ટ્રીય અભિલેખાગાર (National Archives of India) નવી દિલ્હીમાં સંગ્રહિત છે. તે અંગ્રેજી ભાષામાં ભાષાંતર કરવા સાબરમતી આશ્રમને આપવામાં આવેલ છે. આશ્રમને આ ડાયરી ગુજરાતીમાં પ્રસિદ્ધ કરવા અધિકૃત કરેલ છે. આ કામ ૫ વર્ષ લે તેવું છે પરિણામે પાંચ વોલ્યુમ અંગ્રેજીમાં અને પાંચ વોલ્યુમ ગુજરાતી ભાષામાં પ્રકાશિત થઈ શકે.

સિલેક્ટેડ વર્કસ ઓફ મીરાંબેન - મીરાબેન (મેડેલીન સ્લેડ) ગાંધીજીના નજીકના સાથી હતા. સાબરમતી તથા સેવાગ્રામ આશ્રમમાં રહેતા હતા. તેઓના ગાંધીજીને લખેલા પત્રો આશ્રમ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા છે. ગાંધીજી દ્વારા એડિટ થયેલા ઘણા લેખો તેમણે લખ્યા છે. સાબરમતી આશ્રમે તેઓને 'યંગ ઈન્ડિયા' (Young India) અને હરિજન (Harijan)માં લખેલા લેખો સંગ્રહ કરેલા છે.

મહાદેવભાઈની ડાયરી ૨૩ વોલ્યુમમાં પ્રકાશિત કરેલ છે. સાબરમતી આશ્રમમાં રિસર્ચ એન્ડ રેફરન્સ લાયબ્રેરીમાં ૪૭૦૦૦ પુસ્તકો છે, જેમાં કેટલાય પુસ્તકો અપ્રાપ્ય (Rare Book) છે.

ઈતિહાસ ભવિષ્યની મૂડી છે. ઈતિહાસ વર્તમાનનું માર્ગદર્શન છે અને ઈતિહાસ ભૂતકાળનો વારસો છે. આર્કાઈવ્ઝ એવી સંસ્થાઓ છે જે સાંસ્કૃતિક વિચારસરણી ધરાવે છે. (Archives are Institution which have a cultural mission) દફતર પોતે મૂંગુ છે પણ ઈતિહાસવિદ/સંશોધનકાર એને બોલતું કરી દે છે.

સિલેક્ટેડ વર્કસ ઓફ સીએફ એન્ડ્રુસ (C.F. Andrews) - સી.એફ. એન્ડ્રુસ એક માત્ર એવી વ્યક્તિ હતા જે ગાંધીજીને 'મોહન' તરીકે બોલાવતા હતા. તેમની ઊંડી મિત્રતા તે વાતનો પુરાવો છે કે એકબીજાને અસંખ્ય પત્રો લખ્યા હતા, આ પત્રો 'લેટર્સ ટુ ગાંધી' (Letters to Gandhi) શ્રેણી હેઠળ પ્રકાશિત કરેલ છે. સી.એફ. એન્ડ્રુસે ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં લેખન દ્વારા અમૂલ્ય ફાળો આપેલો છે. એશિયા પેસિફિક વિભાગ, દક્ષિણ આફ્રિકાના મજૂરો સંબંધમાં તેમણે લખેલા નિબંધો ગાંધીજીએ એડિટ કર્યા હતા. આ નિબંધો એ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ફાળો તથા જેઓ સ્વતંત્રતા માટે લડ્યા અને સત્ય માટે ઊભા રહ્યા તે બતાવે છે. સાબરમતી આશ્રમ આ લખાણનું પણ એડિટ કરી રહી છે.

દફતરો એ માનવ સંસ્કારનો મહામૂલો વારસો છે, અમૂલ્ય વારસો છે તેનું જતન કરીએ. કાલે ભવિષ્યમાં પણ મૂલ્યવાન જ રહેશે. સમાજને તેમાં રસ લેતો કરવો પડશે. એક વાત ધ્યાનમાં રાખવા જેવી એ છે કે ધરતી પર દુષ્કાળ પડશે તો અનાજની આયાત પરદેશથી કરી શકાશે પણ જો ગુજરાતની ધરતી પર કલા અને સંસ્કૃતિનો દુષ્કાળ પડશે તો પરદેશમાંથી એની આયાત હરગીઝ નહીં કરી શકાય. આ સાંસ્કૃતિક વારસાને આપણી ધરીમાં જ ઉગાડવો પડશે, જતન કરીને એને જાળવવો પડશે.

**લેખક ગુજરાત રાજ્ય અભિલેખાગાર ખાતુ, ગાંધીનગરમાં નિવૃત્ત અધિક્ષક છે.**

# "શિક્ષણની દશા અને દિશા" - એક તથ્ય

ડૉ. કાંતિભાઈ મુંજપરા

ज्ञान-विज्ञान विमुक्तये

*"ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું છે." આ વાક્ય કેટલું સાર્થક છે તે વિચારવા જેવું છે. શિક્ષણ ક્ષેત્રના માથે દેશના ભાવિ નાગરિકો તૈયાર કરવાની ભારે જવાબદારી છે. તેથી શિક્ષણને જેટલું મહત્ત્વ આપી શકીએ તેટલું ઓછું પડે. અહીં શિક્ષણની દશા અને દિશાનું વર્ણન કરતા જેમાં કેટલુંક સારાપણું પણ છે અને કેટલુંક દોષપૂર્ણ પણ છે. છતાં પણ શિક્ષણ જગતની કાલ સોનેરી દેખાય છે. શિક્ષણની દશા અને દિશા માટે કોઈ એક વ્યક્તિ કે તંત્ર જવાબદાર નથી, આપણે બધા જવાબદાર છીએ. જેથી તેમાં સુધારો-બદલાવ લાવવા માટે લોકજાગૃતિ, સમજદારી, તકેદારી, મહેનત વગેરે જરૂરી નહિ પણ આવશ્યક બની રહે છે. આ અંગે યોગ્ય દિશામાં સાનુકૂળ પગલાં ભરવામાં આવે તો શિક્ષણમાં રહેલી નબળાઈઓને દૂર કરી અભૂતપૂર્વ પરિવર્તન લાવી દેશનો વિકાસ કરી શકાય.*

શિક્ષણ એટલે કળા, બુદ્ધિ અને જ્ઞાનની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતીનું સામ્રાજ્ય જેના પગથીયે પગ માંડતા જ વિદ્યાર્થીમાં રહેલી આંતરિક શક્તિને ખીલવે અને વિકસાવે તે શિક્ષણ.

સદીઓથી માનવજાતે શિક્ષણનું મહત્ત્વ સ્વીકાર્યું છે. શિક્ષણ વગર માનવ જીવનનો સર્વાંગી વિકાસ શક્ય નથી તેથી જ તો કહેવાયું છે કે, "સા વિદ્યા યા વિમુક્તયે" અર્થાત્ મુક્તિ અપાવે તે જ વિદ્યા. એરિસ્ટોટલ કહે છે કે, "તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મનનું ઘડતર એટલે શિક્ષણ."

**શિક્ષક :**

શિક્ષક એટલે મા સરસ્વતીની આલેખલ પોકારનાર અવધુત. જે શિક્ષણરૂપી ભસ્મને પોતાના શરીરે લગાડીને મા સરસ્વતીની સાચી આરાધના કરે છે.

**શિક્ષણની ગઈ કાલ :**

પ્રાચીનકાળનું શિક્ષણ એટલે શિક્ષણનો સુવર્ણકાળ. શિક્ષણની ગઈ કાલ ભવ્ય હતી અને રહેશે. આપણી શિક્ષણ પ્રણાલી નોખી અને અનન્ય હતી, વલ્લભી, તક્ષશિલા, નાલંદા જેવી વિશ્વ વિદ્યાલયો હતી, ગુરુકુળ વ્યવસ્થા હતી, ગુરુને જે યોગ્ય લાગે તે ભણાવે, શિષ્યને જેની ભૂખ હોય તે ભણાવાય, શિષ્ય સમજે તે શીખવાડાય, શિષ્યના ગુણોને-આવડતને પારખીને શિક્ષણ અપાય. તેથી જ તો તે સમયે શિષ્યનું ભણતર અને ઘડતર બન્ને થતું હતું. વેદ, ઉપનિષદ, શાસ્ત્ર, વેપાર વાણિજ્ય, હુન્નર કળા વગેરે બધુ શિક્ષણ સાથે વણી લેવામાં આવતું અને એક કર્તવ્યનિષ્ઠ, ધર્મપરાયણ, દેશપ્રેમી, સંસ્કૃતિ સેવક અને પ્રકૃતિ પૂજક નાગરિકનું નિર્માણ થતું હતું.

**આજના શિક્ષણની દશા :**

આજનું શિક્ષણ જ્ઞાન આધારિત નહીં પરંતુ પરિક્ષા આધારિત બની ગયું છે. એટલે જ વિદ્યાર્થીઓ પણ, વિદ્યાર્થીઓ મટી ગયા છે અને પરિક્ષાર્થીઓ બની ગયા છે. જેનો લાભ આજના કહેવાતા શિક્ષક (ગુરુ)એ લીધો છે. શિક્ષકે ખરેખર વિદ્યાર્થીને પરિક્ષાર્થી બનતો અટકાવવો જોઈએ. તેને જુદી-જુદી આવડતો કેળવવાની કામગીરી એ જ સાચું શિક્ષણ છે, આજના સમયમાં બાળક હજી તો માત્ર બે-ત્રણ વર્ષનું હોય ત્યારથી જ તેના પર શિક્ષણનો બોજ લાદી દેવામાં આવે છે. જેના પરિણામ સ્વરૂપે બાળકની કુદરતી વિકસતિ શક્તિઓ રૂંધાય છે. બાળકને નાનપણથી જ એક ગાડરિયા પ્રવાહમાં ચલાવવામાં આવે છે. બસ માત્ર એકબીજાની દેખા-દેખીથી જ શિક્ષણ આપવામાં આવે છે. નહીં કે વિદ્યાર્થીમાં શું કૌશલ્ય છે તેને કયા અભ્યાસક્રમમાં રૂચિ છે. આ બધી જ બાબતોને નજર

અંદાજ કરવામાં આવે છે. આજનું શિક્ષણ ખૂબ જ મોંઘું બન્યું છે. સામાન્ય આવક ધરાવતા પરિવારો માટે ઉચ્ચ અભ્યાસ જાણે કે માત્ર એક સપનું બની ગયું છે. વળી, શેરીએ શેરીએ બિલાડીના ટોપની માફક ઊભી થયેલી શાળાઓમાં નૈતિકતા, પ્રામાણિકતા કે સારા અને ઉચ્ચશિક્ષણની આશા રાખવી અયોગ્ય છે.

**પરિક્ષાલક્ષી શિક્ષણ :**

"Education is what remains after one has Forgotten what one has learned in school."

- Albert Einstein

ઉપરોક્ત વાક્યનો ભાવાર્થ એવો થાય છે કે શિક્ષણ એ જીવન પર્યંત રહેવું જોઈએ નહીં કે માત્ર શાળા દરમિયાન, આજની શિક્ષણ પ્રણાલી માત્ર ને માત્ર પરીક્ષાલક્ષી બની ચૂકી છે. તેમાં વિદ્યાર્થીને નવું શીખવવાની કે પોતાની આવડત ખીલવવાની તક જ મળતી નથી. તેને શિક્ષક દ્વારા માત્ર સવાલોના જવાબ તૈયાર કરાવી દેવામાં આવે છે. અને વિદ્યાર્થી બધુ જ ગોખી નાખે છે જાણે કે સવાલોના જવાબ આપવા એ જ શિક્ષણનું એકમાત્ર ધ્યેય હોય ? આમ, અહીં જે વિદ્યાર્થીની ગોખવાની શક્તિ વધુ તે વધુ ગુણ લાવી શકે છે. કારણ કે પરિક્ષામાં તેણે ગોખેલા ઉત્તર જ લખી નાખવાના છે. આમ મૌલિકતાની આશા ક્યાં રાખવી. બીજી બાજુ શિક્ષકને આનો એ ફાયદો થાય છે કે તેને પરિક્ષાના પ્રશ્નો તપાસવામાં કશી જ વધુ મહેનત કરવી પડતી નથી, અને પેપર ચકાસવામાં તેને જરા પણ મગજ કસવું પડતું નથી.

**શિક્ષણનું ખાનગીકરણ :**

શિક્ષણની સ્થિતિ સુધારવા સરકારે ખાનગીકરણ તરફ પ્રયાણ કર્યું પણ તેનાથી કશું વળ્યું નહીં. ખાનગીકરણે તો શિક્ષણની દિશા જ બદલી નાંખી. ખાનગીકરણને લીધે બિલાડીના ટોપની જેમ જ્યાં ત્યાં શાળાઓ સ્થપાવા લાગી. તેઓ ઓછા પગારે શિક્ષકો નીમે, પ્રવેશ માટે ડોનેશન લે, પરિણામ વધુ લાવવા ગેરરીતિઓ કરે આ બધા પરિણામે શિક્ષણ કથળવા લાગ્યું. આજે સ્વનિર્ભર સંસ્થાઓમાં શિક્ષણ નહિ નફો જોવાય, ત્યાં વિદ્યાર્થી નહિ પૈસા આવે. આવું ખાનગીકરણ શિક્ષણને ક્યાં લઈ જશે એ કહેવું મુશ્કેલ છે.

**વાલીની વધુ પડતી અપેક્ષાઓ :**

શિક્ષણની ખરાબ દિશા પાછળ વાલીની વધુ પડતી અપેક્ષાઓ પણ જવાબદાર છે. કારણ કે, વાલી પોતાના સંતાનને જે ભણવું છે તે ભણવા દેતો નથી. વાલી સમાજમાં પોતાનો માન-મોભો સાચવવા બીજાએ કર્યું તેના કરતાં હું સારું કરું એમ વિચારી ચડસાચડસીમાં વિદ્યાર્થીઓને રસવિહીન લાઈનમાં મોકલી છે. જેનાથી શિક્ષણ પર અવળી અસર પડે છે.

**આજના શિક્ષણની દિશા :**

"શિક્ષણ એ એક એવું અમોઘ શસ્ત્ર છે. જે દુનિયાને પણ બદલી નાખે છે."

— નેલ્સન મંડેલા

આજના શિક્ષણની રૂખ બદલાઈ છે, દુનિયા સાથે કદમ મિલાવવા આજનું શિક્ષણ રૂઢિચુસ્તતા અને સંકુચિતતામાંથી બહાર નીકળી આધુનિકતા તરફ ગતિ કરી રહ્યું છે. જો કે એની સાથે જ જૂની ભારતીય પરંપરા પ્રમાણેના કેટલાક ઋષિ કુળો અથવા ગુરુકુળો અને પાઠશાળાઓ ઈસ્લામ ધર્મની પરંપરા મુજબની જૂની મદ્રેસાઓ અને ગાંધીજીની વિચારધારા પ્રમાણેની બુનિયાદી શિક્ષણ પદ્ધતિ બહુ જૂજ રૂપે અસ્તિત્વમાં છે.

આજના શિક્ષણની દિશા ચોક્કસપણે પરિવર્તન તરફ છે. આજની શિક્ષણ પદ્ધતિ વધુ આધુનિક તકનિક પર આધારિત બની છે. જેનો લાભ સમગ્ર વિશ્વને મળી રહ્યો છે. આજે સેટેલાઇટની મદદથી ઇન્ટરનેટ દ્વારા વિશ્વના કોઈ એક ખૂણામાં બેઠેલો વિદ્યાર્થી વિશ્વની કોઈપણ યુનિવર્સિટીમાં અભ્યાસ કરી શકે છે.

દેશની આઝાદીના સાઠ વર્ષ પછી સરકારને શિક્ષણનું મહત્ત્વ સમજાતાં ૨૦૦૨માં ૮૬મા બંધારણીય સુધારા દ્વારા દેશના દરેક ૧ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકને મફત શિક્ષણ આપવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો. જેની શરૂઆત ભારતમાં ૧ એપ્રિલ, ૨૦૧૦થી થઈ ગઈ છે. જેને ભારતીય બંધારણની કલમ 21.A હેઠળ મૂળભૂત અધિકારમાં સમાવવામાં આવ્યો છે. જે સરકારનું એક આવકારદાયક પગલું ગણી શકાય. જેનાથી પ્રતીત થાય છે કે સરકાર પણ આ દિશામાં જાગૃત બની છે. અને હવે આ દિશામાં આમૂલ પરિવર્તનો થઈ રહ્યા છે.

શિક્ષણના મહત્ત્વને જોતા અને વૈશ્વિક સ્પર્ધામાં ટકી રહેવા ભારત સરકાર દ્વારા વિશ્વની નામાંકિત યુનિવર્સિટી સાથે જોડાણો કરી ભારતમાં વધુને વધુ સારું ઉત્તમ તેમજ કૌશલ્યપૂર્ણ શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. (ગુજરાત સરકાર દ્વારા પણ વિશ્વની નામાંકિત યુનિવર્સિટી કેમ્બ્રિજ સાથે જોડાણ કરી ગુજરાતના વિદ્યાર્થીઓ અંગ્રેજી બાબતે વિશ્વમાં પોતાનું પ્રભુત્વ જમાવે એ માટે 'સ્કોપ' (Scope) નામનો અંગ્રેજી ભાષાનો કોર્સ શરૂ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત શિક્ષણમાં મહિલાનું પ્રભુત્વ વધે અને તેને ઉત્તેજન મળે તે માટે ગુજરાત સરકાર દ્વારા વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના બહાર પાડવામાં આવી છે.

૨૦૧૧ની વસ્તીગણતરી મુજબ સાક્ષરતા દર ૭૪% (૨૦૦૧)માંથી ૭૯% (૨૦૧૧)માં વધારો દર્શાવે છે. જે શિક્ષણ સ્તરની ઉપર તરફની દિશાનું સૂચન કરે

છે. આજે વિશ્વની અનેક યુનિવર્સિટી સાથે જોડાણ થતાં અનેક નવા-નવા કોર્સ શિક્ષણ જગતમાં જોવા મળે છે. જે અનુસાર વિદ્યાર્થી પોતાની આવડત અને રૂચિ અનુસાર કોર્સમાં જોડાઈ શકે છે. અને તે ક્ષેત્રમાં પોતાનું ભવિષ્ય બનાવે છે.

હવે એ સમય દૂર નથી કે વિદ્યાર્થીઓને શાળાએ નોટબુક અને પાઠ્યપુસ્તક લઈ જવાની જરૂર હોય, તમામ અભ્યાસ ઓનલાઈન સેટેલાઈટ દ્વારા કરાવવામાં આવશે. તાજેતરમાં ભારત સરકાર દ્વારા ગરીબ વિદ્યાર્થીઓને સરળતાથી ઉપલબ્ધ બને અને આર્થિક રીતે પરવડે તેવા માત્ર રૂ. ૧,૫૦૦માં લેપટોપ આપવામાં આવ્યા. જે દર્શાવે છે કે હવે દેશનો દરેક વિદ્યાર્થી આધુનિક તકનિક સાથે સતત અપડેટ રહેશે.

દેશમાં તકનિક અને વિજ્ઞાન આધારિત અભ્યાસક્રમનો વધારો થયો છે. દેશમાં આઈ.આઈ.એમ. અને આઈ.આઈ.ટી. જેવી મહત્ત્વપૂર્ણ શિક્ષણ સંસ્થાઓનો વ્યાપ વધ્યો છે. જેનાથી ભારતીય વિદ્યાર્થીની માંગ વૈશ્વિક બજારમાં પણ થઈ છે. છેલ્લાં થોડા વર્ષોમાં ભારતમાં ઓપન યુનિવર્સિટીએ શિક્ષણ સ્તરને ઊંચું લાવવામાં અમૂલ્ય પ્રદાન કર્યું છે. જેમાં ઇન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટી અને બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું મહત્ત્વનું પ્રદાન રહેલું છે.

ભારતની શિક્ષણ પ્રત્યેની બદલાયેલી આ નવી દિશાથી આકર્ષાઈને ઘણાં વિદેશી વિદ્યાર્થીઓ પણ ભારતમાં આવી રહ્યાં છે.

**સર્વગ્રાહી મૂલ્યાંકન :**

શિક્ષણ વ્યવસ્થામાં મૂલ્યાંકન માટે સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન વ્યવસ્થા ઊભી કરવામાં આવી. આ દિશામાં શિક્ષણનું ક્રાંતિકારી કદમ રહ્યું. કારણ કે અહીં વિદ્યાર્થીનું વર્ગખંડમાં અને વર્ગખંડની બહાર પણ મૂલ્યાંકન થશે. શાળાકીય પરીક્ષા ઉપરાંત બાળકમાં રહેલા કૌશલ્યો આવડત વગેરેનો વિકાસ થશે. બાળકોને પોતાની સુષુપ્ત શક્તિઓને ખીલવવાનું પ્લેટફોર્મ મળશે.

**વ્યવસાયલક્ષી શિક્ષણ :**

શિક્ષણ પ્રાપ્ત કરીને વિદ્યાર્થી કંઈ ને કંઈ પોતાની રીતે વ્યવસાય કરી શકે કે નોકરી મેળવવા માટે ભટકવું ન પડે તે માટે વ્યવસાયલક્ષી શિક્ષણ તરફની દિશા આજે હકારાત્મક સાબિત થઈ છે. જેનાથી ઘણો ફાયદો થયો છે. શિક્ષિત બેરોજગારીનું પ્રમાણ ઘટ્યું છે, રોજગારી વધી છે.

**ટેક્નોલૉજીનો ઉપયોગ :**

વિજ્ઞાન અને ટેક્નોલૉજીની સદીમાં શિક્ષણમાં પણ ટેક્નોલૉજીનો ભરપૂર ઉપયોગ થવા લાગ્યો. જેનાથી જ્ઞાન અને વિજ્ઞાનની ક્ષિતિજો વિસ્તરવા લાગી છે. દશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા શિક્ષણકાર્યમાં અસરકારકતા લાવી શકાય છે. વિવિધ વૈજ્ઞાનિક સાધનો, મલ્ટિમીડિયાના ઉપયોગ દ્વારા, કમ્પ્યૂટરના ઉપયોગ દ્વારા તથા ઈન્ટરનેટ, વીડિયો કોન્ફરન્સના માધ્યમ થકી દૂરવર્તી શિક્ષણ આપી શકાયું. બાયસેગ દ્વારા આદર્શ પાઠ નિદર્શન કરી શકાય છે. એક સાથે અસંખ્ય વિદ્યાર્થીઓને ભણાવી શકાય છે.

**બદલાયેલું પ્રશ્નપત્ર પરિરૂપ :**

સમયની સાથે શિક્ષણ-પરીક્ષા પદ્ધતિમાં બદલાવ આવ્યા કરે છે. જેમાં સબ્જેક્ટિવ અને ઓબ્જેક્ટિવ પ્રશ્નો પૂછાવા લાગ્યા, જેનાથી વિદ્યાર્થીઓની ગ્રહણ શક્તિમાં વધારો થયો. સાથે સાથે પરિણામની ટકાવારી વધવા લાગી. પ્રશ્નપત્રને બે ભાગમાં વહેંચી દઈને MCQ સવાલો મૂકવામાં આવ્યા અને દીર્ઘપ્રશ્નો પણ મૂકવામાં આવ્યા. જેમાં ગ્રહણશક્તિ, કૌશલ્ય, લેખિત અભિવ્યક્તિનો ખ્યાલ આવી શકે.

**માનવ સંશાધનની ગુણવતા :**

શિક્ષણ વિભાગમાં અત્યાર સુધી વિવિધ ભરતીઓમાં ઘણી ગરબડો થઈ, ભ્રષ્ટાચાર થયો. પરંતુ સરકારે આગમચેતી વાપરી શૈક્ષણિક લાયકાત બાદ પણ TAT, TET, H-TAT જેવી પરીક્ષા લઈને શિક્ષકની અભિયોગ્યતાને ચકાસીને ઉતમ અને ગુણવત્તાપૂર્ણ માનવસંશાધન પૂરું પાડ્યું. યંગ, ડાયનેમિક અને બ્રિલિયન્ટ શિક્ષકો મળવા લાગ્યા. આ તરફનું પ્રયાણ આગામી વર્ષોમાં સારું પરિણામ અપાવશે.

**ઉપસંહાર :**

"ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું છે." આ વાક્ય કેટલું સાર્થક છે તે વિચારવા જેવું છે. શિક્ષણ ક્ષેત્રના માથે દેશના ભાવિ નાગરિકો તૈયાર કરવાની ભારે જવાબદારી છે. તેથી શિક્ષણને જેટલું મહત્ત્વ આપી શકીએ તેટલું ઓછું પડે. અહીં શિક્ષણની દશા અને દિશાનું વર્ણન કરતા જેમાં કેટલુંક સારાપણું પણ છે અને કેટલુંક દોષપૂર્ણ પણ છે. છતાં પણ શિક્ષણ જગતની કાલ સોનેરી દેખાય છે. શિક્ષણની દશા અને દિશા માટે કોઈ એક વ્યક્તિ કે તંત્ર જવાબદાર નથી, આપણે બધા જવાબદાર છીએ. જેથી તેમાં સુધારો-બદલાવ લાવવા માટે લોકજાગૃતિ, સમજદારી, તકેદારી, મહેનત વગેરે જરૂરી નહિ પણ આવશ્યક બની રહે છે. આ અંગે યોગ્ય દિશામાં સાનુકૂળ પગલાં ભરવામાં આવે તો શિક્ષણમાં રહેલી નબળાઈઓને દૂર કરી અભૂતપૂર્વ પરિવર્તન લાવી દેશનો વિકાસ કરી શકાય.

**લેખક શ્રી વી.એમ. સાકરીયા મહિલા આર્ટ્સ કૉલેજ-બોટાદમાં અધ્યક્ષ અને એસોસિએટ પ્રોફેસર છે.**

# સર્વ શિક્ષા અભિયાન મિશન દ્વારા શિક્ષણમાં આવેલ પરિવર્તનનો અભ્યાસ

ડૉ. બાદરભાઈ વાય. કુરેશી



*'સર્વ શિક્ષા અભિયાન' (SSA) મિશન એ સમાજની ભાગીદારી દ્વારા સાર્વત્રિક સ્તરે શાળાકીય - શિક્ષણને ફેલાવવાનો અને ભારતના બંધારણ મુજબ ૬ થી ૧૪ વર્ષના બાળકો માટે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત બનાવવા માટે ૮૬મા સુધારા દ્વારા બંધારણીય હકથી પ્રાથમિક શિક્ષણની સિદ્ધિ માટે ભારત સરકારનો આ મુખ્ય કાર્યક્રમ છે. આ અભિયાન સમગ્ર દેશમાં ગુણવત્તા યુક્ત શિક્ષણ આપવાની તરફેણની સાથો-સાથ જીવન અને નૈતિકતા સાથે સુસંગત હોય તેવા અભ્યાસક્રમો દાખલ કરીને સમાજની ભાગીદારી દ્વારા દરેક બાળકની માનવીય ક્ષમતામાં સુધારો લાવી હરિફાઈ કેન્દ્રીત શિક્ષણની તરફેણ કરે છે. આ કાર્યક્રમ દ્વારા શૈક્ષણિક સુવિધામાં વધારો થશે. વધારાના વર્ગ રૂમ, શૌચાલય, પીવાનું પાણી, વીજળીકરણ, જાળવણી ગ્રાંટ અને શાળા સુધારા અનુદાન જોગવાઈ મારફતે પ્રવર્તમાન શાળાના માળખામાં સુધારો-વધારો થશે, આ ઉપરાંત શિક્ષક સ્ટાફ વધારાશે, તાલીમબદ્ધ શિક્ષકો બનાવવામાં આવશે.*

માનવ શક્તિ વિકાસ એ વ્યક્તિગત વિકાસ માટેનું એક અગત્યનું પરિબળ છે. વ્યક્તિના શારીરિક વિકાસની સાથે- સાથે માનસિક વિકાસ માટે શિક્ષણનું વિશેષ મહત્ત્વ છે. શિક્ષણ એ ગતિશિલ પ્રક્રિયા છે, બાળજન્મ થતાની સાથે જ અનૌપચારિક શિક્ષણની શરૂઆત થઈ જતી હોય છે. બાળકનો યોગ્ય માનસિક વિકાસ સાધવા માટે તેમને બાળપણથી જ યોગ્ય કેળવણી અને જ્ઞાન મળે તે જરૂરી છે તે માટેનું ઉત્તમ સ્થળ છે - પ્રાથમિક શાળા.

પ્રત્યેક માનવી પાસે પોતાના માટે ઉત્તમ જીવન જીવવાની તક હોવી જોઈએ, દુર્ભાગ્યે આજે વિશ્વમાં સંખ્યાબંધ બાળકો આ તક વગર જ વિકાસ પામે છે કારણ કે, તેઓ કેટલાક વિશેષ કારણોસર પ્રાથમિક શાળામાં ઉપસ્થિત રહેવાના તેમના મૂળભૂત અધિકારનો લાભ લઈ શકતા નથી. બીજું એ કે પ્રાથમિક શાળામાં ભણતા બાળકોને શું અને કેવું ભણવું છે ? તે બાળકોના વાલીઓ અને નિષ્ણાંતો જ નક્કી કરે છે, તે વિશે બાળકોને ખાસ કાંઈ પૂછવામાં આવતું નથી. જેથી દરેક બાળકમાં રહેલી મૌલિકતા અને સર્જનાત્મક શકિતને ખીલવાનો મોકો જવલ્લે જ મળે છે. બાળકોના અધિકારોનું જાહેરનામું વિશ્વના દેશોએ શિખર સંમેલન ઈ.સ. ૧૯૮૯માં ઘડી નાખ્યું તે સમગ્ર - ગીજુભાઈ બધેકા (મુછાળી મા)નું કાર્યક્ષેત્ર હતું. જેમાં પાયાની શિક્ષણ પ્રણાલીમાં રચનાત્મક ફેરફારો દ્વારા જીવન ઉપયોગી શિક્ષણના વિચારને બળ મળે તેવા દિશા નિર્દેશોમાં વિવિધ કાર્યક્રમો શરૂ કરવાની વાત હતી, જેમાંનો એક કાર્યક્રમ તે સર્વ શિક્ષા અભિયાન.

સર્વ શિક્ષા અભિયાન મિશન શાળાકીય પદ્ધતિમાં સમુદાયોમાં માલિકીભાવ દ્વારા પ્રારંભિક શિક્ષણના સાર્વત્રિકરણનો એક પ્રયાસ છે. સમગ્ર દેશમાં ગુણવત્તાયુક્ત પ્રારંભિક શિક્ષણ માંગને પહોંચી વળવા માટેના પ્રતિભાવ સ્વરૂપ આ અભિયાન છે. સર્વ શિક્ષા અભિયાન મિશન બાળકોમાં માનવીય ક્ષમતાઓના વિકાસ અર્થે જરૂરી તકો ઊભી કરવાની દિશામાં એક કદમ છે. અભિયાન સ્વરૂપે આ કાર્યક્રમમાં સમુદાયો દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ થાય તેવું પ્રયોજન છે.

પ્રસ્તુત ''સર્વ સિક્ષા અભિયાન મિશન દ્વારા પ્રાથમિક શાળાઓ તથા શિક્ષણમાં આવેલ પરિવર્તન''ના આ અભ્યાસમાં - સર્વ શિક્ષા અભિયાન વિશે અને તે મિશન દ્વારા પ્રાથમિક શિક્ષણની શૈક્ષણિક પરિસ્થિતિમાં કેવા-કેવા પરિવર્તનો આવ્યા છે તે જાણીશું.

● કિ-વર્ડ્સ : **'સર્વ શિક્ષા અભિયાન', 'મિશન', 'શાળા', 'શિક્ષણ', 'પરિવર્તન'.**

**સર્વ શિક્ષા અભિયાન :**

'સર્વ શિક્ષા અભિયાન' (SSA) મિશન એ સમાજની ભાગીદારી દ્વારા સાર્વત્રિક સ્તરે શાળાકીય - શિક્ષણને ફેલાવવાનો અને ભારતના બંધારણ મુજબ ૬ થી ૧૪ વર્ષના બાળકો માટે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત બનાવવા માટે ૮૬મા સુધારા દ્વારા બંધારણીય હકથી પ્રાથમિક શિક્ષણની સિદ્ધિ માટે ભારત સરકારનો આ મુખ્ય કાર્યક્રમ છે. આ અભિયાન સમગ્ર દેશમાં ગુણવત્તા યુક્ત શિક્ષણ આપવાની તરફેણની સાથો-સાથ જીવન અને નૈતિકતા સાથે સુસંગત હોય તેવા અભ્યાસક્રમો દાખલ કરીને સમાજની ભાગીદારી દ્વારા દરેક બાળકની માનવીય ક્ષમતામાં સુધારો લાવી હરિફાઈ કેન્દ્રીત શિક્ષણની તરફેણ કરે છે.

આ કાર્યક્રમ દ્વારા શૈક્ષણિક સુવિધામાં વધારો થશે. વધારાના વર્ગ રૂમ, શૌચાલય, પીવાનું પાણી, વીજળીકરણ, જાળવણી ગ્રાંટ અને શાળા સુધારા અનુદાન જોગવાઈ મારફતે પ્રવર્તમાન શાળાના માળખામાં સુધારો-વધારો થશે, આ ઉપરાંત શિક્ષક સ્ટાફ વધારાશે, તાલીમબદ્ધ શિક્ષકો બનાવવામાં આવશે. ક્લસ્ટર, બ્લોક અને જિલ્લા સ્તરે શૈક્ષણિક સ્તર સુધારવા શૈક્ષણિક સાધન સામગ્રી વગેરે માટે વિશેષ અનુદાન આપવામાં આવશે. સર્વ શિક્ષા અભિયાન ખાસ જરૂરિયાતો સાથે કન્યાઓનું શિક્ષણ અને દરેક બાળક પર વિશેષ ધ્યાન આપી જીવન કૌશલ્ય સહિત ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણ પૂરું કરવા માંગે છે.

'ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ' કે જે સોસાયટી નોંધની અધિનિયમ-૧૯૬૦ અંતર્ગત નોંધાયેલ છે. તેને સર્વ શિક્ષા અભિયાનના અમલીકરણ માટે અધિકૃત કરવામાં આવી છે.આ યોજના ગુજરાતના દરેક જિલ્લામાં હાલમાં કાર્યરત છે.


**સર્વ શિક્ષા અભિયાનનો 'લોગો'**


સર્વ શિક્ષા અભિયાન

સૌ ભણે, સૌ આગળ વધે

**સર્વ શિક્ષા અભિયાન શું છે ?**

- નિશ્ચિત સમય સીમાની અંદર સાર્વત્રિક રીતે પ્રાથમિક શિક્ષણ આપવા માટે બનાવેલ કાર્યક્રમ છે.
- સમગ્ર દેશમાં ગુણવત્તાસભર શિક્ષણની માંગનો પ્રતિભાવ છે.
- પ્રારંભિક શિક્ષણ દ્વારા સામાજિક ન્યાય માટેની તક ઊભી કરવાનો પ્રયાસ છે.
- પ્રારંભિક શિક્ષણ સંસ્થાઓના વહીવટ કે વ્યવસ્થાપન ક્ષેત્રે પાયાના સ્તરે કાર્યરત સંસ્થાઓ, પંચાયતી રાજ સંસ્થાઓ, શાળા વ્યવસ્થાપન સમિતિ, ગ્રામ્ય અને શહેરી ગરીબ વિસ્તારોની શિક્ષણ સમિતિઓ સ્વાયત્ત સંસ્થાઓને અસરકારક રીતે સંલગ્ન કરવાનો પ્રયાસ.
- દેશભરમાં પ્રાથમિક શિક્ષણ પહોંચે તે અંગેની રાજકીય ઇચ્છાશક્તિને વ્યક્ત કરે છે.
- કેન્દ્ર, રાજય અને સ્થાનિક સરકાર વચ્ચેની ભાગીદારી.
- રાજયો માટે આ એક તક છે કે, તેઓ પ્રાથમિક શિક્ષણ અંગેના પોતાના દુરંદેશીપણાને વિકસાવે.



**સર્વ શિક્ષા અભિયાનનું લક્ષ્ય :**

સર્વ શિક્ષા અભિયાનનું મુખ્ય લક્ષ્ય ૨૦૧૦ સુધીમાં ૬ થી ૧૪ વર્ષની વય જૂથના દરેક બાળકોને જીવન ઉપયોગી અને સુસંગત પ્રાથમિક શિક્ષણ આપવાનું હતું. તેની સાથે તેના અન્ય લક્ષોમાં શાળાના સંચાલનમાં સામાજિક, ધાર્મિક અને જાતિ આધારિત ભેદભાવ દૂર કરી સમાજની સક્રિય સહભાગીદારીનો સેતુ બાંધવાનો છે.

**સર્વ શિક્ષા અભિયાન મિશનના ઉદ્દેશ્યો**

- વર્ષ ૨૦૦૫ સુધીમાં તમામ બાળકોનું શાળા, વૈકલ્પિક શાળા કે બેક ટુ સ્કૂલ કેમ્પમાં નામાંકન.
- વર્ષ ૨૦૦૭ સુધીમાં પ્રાથમિક સ્તરે તથા વર્ષ ૨૦૧૦ સુધીમાં પ્રારંભિક શિક્ષણના સ્તરે લૈગિંક તેમજ સામાજિક વર્ગોના તફાવત દૂર કરવા.
- વર્ષ ૨૦૧૦ સુધીમાં સાર્વત્રિક સ્થાયીકરણ.
- જીવન શિક્ષણ ઉપર વિશેષ ભાર સાથે પ્રારંભિક શિક્ષણમાં સંતોષકારક ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રીત કરવું.

**સર્વ શિક્ષા અભિયાન મિશનના વિવિધ વિભાગો :**

- કન્યા કેળવણી.
- ટીચર્સ ટ્રેઇનિંગ.
- વિકલાંગ બાળકોનું સંકલિત શિક્ષણ.
- વૈકલ્પિક શિક્ષણ યોજના.
- માઇક્રોપ્લાનિંગ.
- સિવિલ વર્ક્સ્ ડિપાર્ટમેન્ટ.

**સર્વ શિક્ષા અભિયાન મિશનની પ્રવૃત્તિઓ**

- સર્વ શિક્ષા અભિયાન યોજના રાજ્યના દરેક જિલ્લાઓ અને ૪ મહાનગર પાલિકાઓના વિસ્તારમાં અમલી બનાવી છે.
- સર્વ શિક્ષા અભિયાનનું વ્યાપક ક્ષેત્ર ૬ થી ૧૪ વર્ષના બધા જ બાળકો છે.
- સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત શાળાએ ન જતા દરેક બાળકો માટે વૈકલ્પિક શિક્ષણ કેન્દ્રોની જોગવાઈ કરવામાં આવે છે.
- બાળકોને બાળ મજૂર બનતા અટકાવવા માટે તેઓનું શાળાએ જવું આવશ્યક છે.

**સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત શાળાએ ન જતાં બાળકો માટે ચલાવાતી વિશેષ પ્રવૃત્તિઓ...**

વૈકલ્પિક શિક્ષણ કેન્દ્ર (૨૦ બાળકો દિઠ એક એકમ)

એજ્યુકેશન કેમ્પ (૦૫ બાળકો દિઠ એક એકમ)

નિવાસી કેમ્પ (૪૦ બાળકો દિઠ એક એકમ)

**સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત શાળાએ ન જતાં બાળકો માટે ગુજરાતમાં ચાલતી વિશેષ પ્રવૃત્તિઓ...**

**વૈકલ્પિક શિક્ષણ કેન્દ્ર**

- ૩૫૮૧ વૈકલ્પિક શિક્ષણ કેન્દ્રો કાર્યરત છે.
- કુલ ૭૨૯૬૧ બાળકો આમાં અભ્યાસ કરે છે, જેમાં ૩૭૮૧૫ કુમાર તથા ૩૫૧૪૬ કન્યાઓ છે.
- આ વૈકલ્પિક શિક્ષણ કેન્દ્રમાં ૬૪૧૧ બાળમજૂરો પણ અભ્યાસ કરે છે.
- ૨૦૧૧-૧૨ના વર્ષમાં શાળાએ ન જતા પ્રતિ બાળક દિઠ વાર્ષિક રૂ. ૩૦૦૦/-ની જોગવાઈ અંદાજપત્રમાં કરવામાં આવી છે.

**એજ્યુકેશન કેમ્પ**

- રાજ્યમાં ૨૬૫ એજ્યુકેશન કેમ્પ કાર્યરત છે.
- જેમાં ૧૫૩૩ બાળકો અભ્યાસ કરે છે.

રાજ્યમાં ૩૧ માર્ચ ૨૦૧૨ના રોજ નિવાસી કેમ્પની સ્થિતિ.

**કોષ્ટક નં. : ૧**

| ક્રમ | નિવાસી કેમ્પ | કેમ્પ સંખ્યા | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | સ્થળાંતરિત બાળકો માટે (શાળાઓમાં) | ૨૩૦ | ૫૨૦૬ | ૪૨૪૭ | ૯૪૫૩ |
| ૨. | સ્થળાંતરિત બાળકો માટે (OSC) | ૧૯ | ૫૫૯ | ૩૦૩ | ૮૬૨ |
| ૩. | બીન સરકારી સંસ્થાઓ દ્વારા ચલાવાતા નિવાસી કેમ્પ | ૦૫ | ૧૬૭ | ૧૪૭ | ૩૧૪ |
| | **કુલ** | **૨૫૪** | **૫૯૩૨** | **૪૬૯૭** | **૧૦૬૨૯** |

નિવાસી કેમ્પ સામાન્ય રીતે ઑક્ટોબરથી માર્ચ મહિના સુધીના ગાળામાં સ્થળાંતરિત બાળકો માટે ચલાવવામાં આવે છે.

**વિષય પસંદગી :**

આપણો દેશ આઝાદ થયો ત્યારે દેશ સામે અનેક સમસ્યાઓ મોં ફાડીને ઊભી હતી જેમાં - ગરીબી, બેકારી, કુપોષણ,

બિન આરોગ્યપ્રદ રહેઠાણો, વસ્તી વધારો અને નિરક્ષરતા મુખ્ય હતા. સર મેકોલોએ શરૂ કરેલ શિક્ષણ પ્રણાલી આપણે ત્યાં ચાલુ હતી, જેમાં નિષ્ણાંત વિદ્વાનોએ સમયે-સમયે અનેક નવા વિચારો આપી અમલીકરણના પ્રયાસો કરવામાં આવેલ, સાથ-સાથે વચ્ચે-વચ્ચે નવા-નવા પ્રોજેક્ટો (જેવા કે ડી.પી.ઈ.પી. વગેરે) દ્વારા પ્રાથમિક શિક્ષણ વધુ મજબૂત કરવાનો પ્રયાસ થયો અને પ્રાથમિક શિક્ષણને વધુ અસરકારક અને જીવન ઉપયોગી બનાવવા માટે છેલ્લા પંદરેક વર્ષથી સર્વ શિક્ષા અભિયાન મિશન ચાલુ છે જે અંતર્ગત પ્રાથમિક શાળાઓ અને શિક્ષણ પ્રણાલીમાં મોટા ફેરફારો અને સરકારી સહાય તથા લોકસહકાર દ્વારા ઘનિષ્ટ પ્રયાસો થઈ રહ્યા છે ત્યારે આ પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે તત્કાલિન પરિસ્થિતિમાં સર્વ શિક્ષા અભિયાન મિશને પ્રાથમિક શાળાઓમાં ભૌતિક વિકાસ તેમજ શૈક્ષણિક પરિસ્થિતિમાં વિશેષ પરિવર્તનની અસરો ઉપજાવી છે કે કેમ ? તે જાણવાના હેતુથી સર્વ શિક્ષા અભિયાન મિશન દ્વારા પ્રાથમિક શાળાઓ અને શિક્ષણમાં આવેલ પરિવર્તનનો અભ્યાસ વિષયની પસંદગી કરવામાં આવી છે.

**સંશોધન અભ્યાસના હેતુઓ :**

(૧) સર્વ શિક્ષા અભિયાનથી શાળાઓની સુવિધાઓમાં કેટલો સુધારો થયો ? તે જાણવાનો હેતુ.

(૨) શૈક્ષણિક સ્તરમાં સુધારા માટેના પ્રયત્નો જાણવા.

(૩) સર્વ શિક્ષા અભિયાનથી બાળકોમાં શિક્ષણ પ્રત્યેની જાગૃતિ જાણવી.

(૪) આ અભિયાન થકી બાળકોના વિકાસમાં અસરકારક કામગીરી કેટલી અને કેવી થઈ ? તે અંગેની માહિતી મેળવવી.

(૫) આ અભિયાન દ્વારા શિક્ષણમાં લોકભાગીદારી જાણવાનો હેતુ છે.

**અભ્યાસનું મહત્ત્વ :**

(૧) આ અભ્યાસ થકી - સર્વ શિક્ષા અભિયાન મિશનની પ્રવૃત્તિઓ દ્વારા વર્તમાન પ્રાથમિક શિક્ષણનો વિકાસ કેવો થઈ રહ્યો છે ? તેની સાચી માહિતી શિક્ષણવિદ્દો, સમાજવિકાસ ચિંતકો, સરકાર તથા ગામ લોકો સમક્ષ આવશે.

(૨) આ અભિયાન થકી શાળાઓની કઈ-કઈ માળખાગત સેવાઓ વિકસી ? તે જાણી શકાશે.

(૩) આ અભ્યાસથી વર્તમાનમાં ભણતા બાળકોમાં આવેલ શૈક્ષણિક તથા અન્ય પરિવર્તનો જાણી શકાશે.

(૪) આ અભિયાનનો એક મહત્ત્વનો હેતુ-શિક્ષણમાં લોકભાગીદારી વધારવાનો હતો તે કેટલો સાર્થક નિવડેલ છે ? તે જાણી શકાશે.

(૫) આ સંશોધન ભાવિ સંશોધનકારને ઉપયોગી બનશે.

**અભ્યાસનું વ્યાપ વિશ્વ :**

સંશોધકે પોતાના વિષયના અનુરૂપ સંશોધનને વધુ વિશ્વસનિયતા અને સત્ય હકીકતોની સાથે રજૂ કરી શકાય તે વિચારને કેન્દ્રમાં રાખીને તથા સંશોધન વિષયને પૂરતો ન્યાય મળી રહે અને તેમાં ચોકસાઈ, ઝડપ તથા અસરકારકતા આવે તે હેતુથી સંશોધનનું વ્યાપ વિશ્વ (ક્ષેત્ર) - ગુજરાત રાજયના, સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાની જૈનાબાદ કેન્દ્રવર્તી શાળાના સાનિધ્યમાં આવતી ૧૦ શાળાઓ તથા તેમાં કાર્યરત શિક્ષકોમાંથી ૪૦ શિક્ષકોને આ અભ્યાસમાં જરૂરી માહિતી એકઠી કરવા માટે માહિતીદાતા તરીકે આવરી અભ્યાસનું ક્ષેત્ર મર્યાદિત રાખેલ છે.

**વિભાગ-૦૧ : ભૌતિક સુવિધા સબંધી માહિતી**

**(કોષ્ટક નં. : ૨)**

ઉત્તરદાતાઓની શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન મિશન દ્વારા કઈ-કઈ ભૌતિક સુવિધાઓ નવી ઉપલબ્ધ થઈ ? તે માહિતી દર્શાવતુ કોષ્ટક.

| ક્રમ | ભૌતિક સુવિધા | ઉત્તરદાતાના જવાબો | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|---|
| ૧. | નવા વર્ગ ખંડો | હા | ૨૫ | ૬૨.૫ |
| | | ના | ૧૫ | ૩૭.૫ |
| ૨. | મધ્યાહ્ન ભોજન રસોડું અને સ્ટોર રૂમ | હા | ૩૨ | ૮૦ |
| | | ના | ૦૮ | ૨૦ |
| ૩. | પીવાના પાણીની સુવિધા | હા | ૩૬ | ૯૦ |
| | | ના | ૦૪ | ૧૦ |
| ૪. | શૌચાલય | હા | ૪૦ | ૧૦૦ |
| | | ના | ૦૦ | ૦૦ |
| ૫. | જરૂરી ફર્નિચર | હા | ૩૦ | ૭૫ |
| | | ના | ૧૦ | ૨૫ |
| ૬. | કોમ્પ્યુટર સેટ | હા | ૩૮ | ૯૫ |
| | | ના | ૦૨ | ૦૫ |
| ૭. | વીજળીકરણ | હા | ૪૦ | ૧૦૦ |
| | | ના | ૦૦ | ૦૦ |

આગળના કોષ્ટક નં.: ૨નું વિશ્લેષણ કરતાં ફલિત થાય છે કે, સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સુવિધાઓ વધારાઈ છે જે મુજબ - અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી મોટાભાગના એટલે કે ૬૨.૫ %ની શાળાઓમાં નવા વર્ગ ખંડો બન્યા છે તો સામે ૩૭.૫ %ની શાળાઓમાં નવા વર્ગ ખંડો બન્યા નથી, જે હકીકત છે.

- અભ્યાસ હેઠળના ૮૦ % ઉત્તરદાતાઓની શાળાઓમાં મધ્યાહ્ન ભોજન રસોડું અને સ્ટોર રૂમ નવા બન્યા છે ફક્ત ૨૦%ની શાળાઓમાં જ બાકી છે.

- પીવાના પાણીની જે પ્રાથમિક અને ખૂબ જ મહત્ત્વની સુવિધા ૯૦ % શાળાઓમાં થઈ ગઈ છે ફક્ત ૧૦%માં જ બાકી છે.

- અભ્યાસ હેઠળના ક્ષેત્રની દરેક શાળાઓમાં (કન્યા અને કુમારો માટેના અલગ-અલગ) શૌચાલયો બની ગયા છે જેથી ખાસ કરીને કન્યાઓના શૌચક્રિયાના પ્રશ્નો હળવા થતાં કન્યાઓને શાળા દરમ્યાનની આ મુશ્કેલી દૂર કરી શકાઈ છે, જેના કારણે કન્યાઓમાં શિક્ષણ લેવાનું પ્રમાણ વધ્યાના અહેવાલો છે જે આ કાર્યક્રમની મોટી સફળતા ગણી શકાય.

- ૭૫ % શાળાઓમાં જરૂરી ફર્નિચર (તિજોરી, બ્લેકબોર્ડ, ટેબલ-ખુરશી, ઢાળીયા, રમત-ગમતના સાધનો વગેરે) આ યોજના થકી મળેલ છે ફક્ત ૨૫% શાળાઓમાં જ બાકી છે તેવું ઉત્તરદાતાઓનું કહેવું છે.

- ૯૫ % શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં આ યોજના અંતર્ગત કોમ્પ્યુટર સેટ મળેલ છે પરંતુ, તેનો સદ્ઉપયોગ ખૂબ ઓછો થઈ રહ્યો છે તેવું ઉત્તરદાતાઓનું માનવું છે.

- અભ્યાસ હેઠળની દરેકે-દરેક શાળાને આ યોજના અંતર્ગત વિજળીકરણથી સાંકળેલ છે જે આ યોજનાની ખાસ સિદ્ધિ ગણાય, વિજળીકરણથી કોમ્પ્યુટર, વીડિયો શૉ, લાઈવ ટેલીકાસ્ટ કાર્યક્રમ વગેરે દ્વારા શૈક્ષણિક કાર્યક્રમમાં નવિનતા સાથે રસપ્રદ શિક્ષણ બનાવી શકાયું છે તેવું અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓનું કહેવું છે.

આમ ઉપરોક્ત વિશેષ ભૌતિક સુવિધાઓ એ આ સર્વ શિક્ષા અભિયાનની દેન છે જેનાથી વિધાર્થીઓ અને શિક્ષકોને અનુક્રમે ભણવા-ભણાવવામાં રસ સાથે શૈક્ષણિક ઉત્સાહ જાળવી રાખવામાં ઉપયોગી સાબિત થયું છે.

**વિભાગ-૦૨ : શિક્ષક સજ્જતા સબંધી માહિતી.**

**(કોષ્ટક નં. : ૩)**

ઉત્તરદાતા (શિક્ષકો)નો શૈક્ષણિક દરજ્જો દર્શાવતું કોષ્ટક.

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | P.T.C. | ૨૬ | ૬૫.૦૦ |
| ૨. | B.Ed | ૧૦ | ૨૫.૦૦ |
| ૩. | A.T.D. | ૦૧ | ૦૨.૫૦ |
| ૪. | CPEd/DPEd | ૦૨ | ૦૫.૦૦ |
| ૫. | અન્ય | ૦૧ | ૦૨.૫૦ |
| | **કુલ** | **૪૦** | **૧૦૦.૦૦** |

ઉપરોકત કોષ્ટક નં. : ૩નું વિશ્લેષણ કરતાં ફલિત થાય છે કે, અભ્યાસ હેઠળના કુલ ૪૦ ઉત્તરદાતા (શિક્ષકો)માંથી ૬૫ % શિક્ષકોનો શૈક્ષણિક દરજ્જો P.T.C. છે, ૨૫ % B.Ed જ્યારે CPEd/DPEd થયેલા ૫ % તો A.T.D. અને અન્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો ૨.૫ % જેટલા છે.

આમ અભ્યાસ હેઠળના ઉત્તરદાતા (શિક્ષકો)માંથી મોટાભાગના P.T.C.ની લાયકાત ધરાવે છે.

આ ઉપરાંત વ્યવસાયિક સજ્જતા માટેની વચ્ચે-વચ્ચે થતી તાલીમો સબંધી માહિતી મેળવતાં દરેકે-દરેક ઉત્તરદાતાએ નિષ્ણાંતો દ્વારા ઉચ્ચકક્ષાની અસરકારક તાલીમ લીધી છે, તથા તે તાલીમ સંતોષકારક થઈ છે જે વાતની પુષ્ટી કરી છે આ તાલીમો થકી ઉત્તરદાતા (શિક્ષકો)એ પોતાના કામોમાં વધુ સજ્જતા અને અસરકારતાનો સ્વીકાર કર્યો છે.

**(કોષ્ટક નં. : ૪)**

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત તાલીમોમાંથી ઉત્તરદાતા (શિક્ષકો)ના કામની ગુણવત્તા સુધરી છે કે કેમ ? તે માહિતી દર્શાવતું કોષ્ટક.

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | હા | ૩૬ | ૯૦ |
| ૨. | ના | ૦૪ | ૧૦ |
| | **કુલ** | **૪૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે, અભ્યાસ હેઠળના કુલ ૪૦ ઉત્તરદાતામાંથી ૯૦ ટકાનું કહેવું છે કે, આ અભિયાન અંતર્ગત તાલીમથી પોતાના કામની ગુણવત્તા સુધરી છે. જે

પોતાના કામને વધુ અસરકારક બનાવે છે તથા વિદ્યાર્થી વિકાસમાં ઉપયોગી થાય છે. જ્યારે ફક્ત ૧૦ % ઉત્તરદાતાઆને આ તાલીમથી કોઈ ખાસ ફાયદો થયો નથી તેવું કહેવું છે.

આમ ૯૦ % એટલે કે મોટાભાગના ઉત્તરદાતાઓનું માનવું છે કે, આ યોજના દ્વારા અપાતી વિશેષ તાલીમથી કામની ગણવત્તા સુધરી છે.

અભ્યાસ દરમ્યાનની આચાર્યશ્રીઓ તથા ઉપરી અધિકારીશ્રીઓ સાથેની વિશેષ મુલાકાતોમાં પણ ઉપરોકત વાતને સમર્થન મળતી માહિતી ઉપલબ્ધ થયેલ છે.

**(કોષ્ટક નં. : ૫)**

શિક્ષકોને પોતાના શૈક્ષણિક કાર્યમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત અપાતી તાલીમોથી કઈ-કઈ બાબતોમાં ઉપયોગી થાય છે ? તે માહિતી દર્શાવતું કોષ્ટક.

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | ટી.એલ.એમ. નિર્માણ | ૩૨ | ૨૩.૧૯ |
| ૨. | વર્ગવ્યવસ્થા | ૨૫ | ૧૮.૧૧ |
| ૩. | અભ્યાસક્રમ | ૨૯ | ૨૧.૦૨ |
| ૪. | ઈતર પ્રવૃત્તિ | ૩૧ | ૨૨.૪૬ |
| ૫. | મૂલ્યાંકન | ૨૧ | ૧૫.૨૨ |
| | કુલ | ૧૩૮ | - |

ઉપરોક્ત કોષ્ટક નં. ૫નું વિશ્લેષણ કરતાં જોઈ શકાય છે કે, અભ્યાસ હેઠળના કુલ ૪૦ શિક્ષકોમાંથી ૩૨ ને - ટી.એલ.એમ. નિર્માણ, ૨૫ ને - વર્ગવ્યવસ્થા, ૨૯ ને - અભ્યાસક્રમ કામગીરીમાં તો ૩૧ ને - ઈતર પ્રવૃત્તિ અને ૨૧ શિક્ષકોને મૂલ્યાંકન કામગીરીમાં આ તાલીમ વિશેષ ઉપયોગી થઈ છે.

ઉપરોક્ત તાલીમમાં વિષય વસ્તુ, ભાષા સજ્જતા, જીવન કૌશલ્ય, મેનેજમેન્ટ અને વર્ગ વ્યવસ્થા તથા ઈતર પ્રવૃત્તિઓ સબંધી વિષયોની તાલીમ શિક્ષકોને આ યોજના અંતર્ગત મળેલ છે તેવું અભ્યાસ હેઠળના શિક્ષકોનું કહેવું છે.

**''SSA મિશન દ્વારા - બાળકોમાં આવેલ પરિવર્તન સબંધી માહિતી.''**

**(કોષ્ટક નં. : ૬)**

સર્વ શિક્ષા અભિયાન મિશન દ્વારા - પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકોમાં આવેલ પરિવર્તન સબંધી માહિતી દર્શાવતું કોષ્ટક.

| ક્રમ | પરિવર્તનો | ઉત્તરદાતાના જવાબો | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|---|
| ૧ | બાળકોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ વધી કે કેમ ? | હા | ૩૬ | ૯૦ |
| | | ના | ૦૪ | ૧૦ |
| ૨ | બાળકોમાં શિક્ષણ ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓમાં રસ-રૂચિ વધી છે કે કેમ ? | હા | ૩૨ | ૮૦ |
| | | ના | ૦૮ | ૨૦ |
| ૩ | બાળકો નિયમિત શાળાએ આવતા થયા છે કે કેમ ? | હા | ૩૮ | ૯૫ |
| | | ના | ૦૨ | ૦૫ |
| ૪ | બાળકોમાં વ્યક્તિગત આરોગ્યની સંભાળ વધી છે કે કેમ ? | હા | ૩૪૦ | ૭૫ |
| | | ના | ૧૦ | ૨૫ |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે, આ SSA મિશન દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓને કારણે

— ૯૦ % ઉત્તરદાતાઓનું માનવું છે કે, પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ વધી છે.

— ૮૦% શિક્ષકોનું કહેવું છે કે, બાળકોમાં શિક્ષણ ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓમાં રસ-રૂચિ વધી છે જેમાં ખાસ કરીને, રમત-ગમત, ચિત્ર કળા, રાષ્ટ્રીય પર્વોની ઉજવણી, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે વિશેષ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ વધુ ભાગ લેતા થયા છે.

— ૯૫ % ઉત્તરદાતાઓનું કહેવું છે કે, આ યોજનાની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે મધ્યાહ્ન ભોજન યોજના, કોમ્પ્યુટર શિક્ષણ, શિક્ષણ પદ્ધતિમાં નવિનતા વગેરેને કારણે ડ્રોપ-આઉટનું તથા અનિયમિતતાનું પ્રમાણ ઘટી વિદ્યાર્થીઓ નિયમિત શાળાએ આવતા થયા છે.

— ૭૫% ઉત્તરદાતાઓનું માનવું છે કે, હવે આ શિક્ષણ પ્રણાલીને કારણે વિદ્યાર્થીઓમાં વ્યક્તિગત આરોગ્યની સભાનતા વધી છે.

આમ, આ SSA મિશન દ્વારા શાળાએ ભણતા વિદ્યાર્થીઓમાં મોટેભાગે હકારાત્મક અને વિકાસાત્મક પરિવર્તનો દષ્ટિગોચર થાય છે.

### (કોષ્ટક નં. : ૭)

સમુદાયના લોકો શાળા વિકાસ સંદર્ભે કેવા કાર્યોમાં મદદરૂપ થાય છે ? તે માહિતી દર્શાવતું કોષ્ટક.

| ક્રમ | વિગત (જો હા તો કેવા કાર્યોમાં મદદરૂપ થાય છે ?) | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | જરૂરી દાન આપી | ૧૩ | ૩૮.૨૩ |
| ૨ | વિશેષ કાર્યક્રમોમાં હાજરી આપી | ૧૦ | ૨૯.૪૧ |
| ૩ | જરૂરી સાધન સહાય દ્વારા | ૦૬ | ૧૭.૬૫ |
| ૪ | વિદ્યાર્થી પ્રોત્સાહન કાર્યમાં મદદ | ૦૫ | ૧૪.૭૧ |
| | **કુલ** | **૩૪** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક નં. : ૭ પરથી ફલિત થાય છે કે, શાળાના વિકાસ માટે કોઈ નવા કામો કરવાના થાય છે ત્યારે આ શાળાના વિકાસ માટે સમુદાયના લોકો તરફથી દાન મળી રહે છે એવું ૩૮.૨૩ % ઉત્તરદાતાઓનું કહેવું છે, ઉપરાંત વિશેષ કાર્યક્રમોમાં હાજરી આપવી ૨૯.૪૧ % તો, જરૂરી સાધન સહાય ૧૭.૬૫ % અને વિદ્યાર્થી પ્રોત્સાહન કાર્યમાં મદદ ૧૪.૭૧ % કરે છે તેવું અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓનું માનવું છે.

આમ, શાળા અને વિદ્યાર્થી, અને વિકાસ માટે સમુદાયના લોકોની મદદ આ કાર્યક્રમના પ્રયાસ થકી મળી છે જે નવો અભિગમ અત્રે કારગત સાબિત થયો છે.

આમ, SSA મિશન અંતર્ગત થતી વિવિધિ પ્રવૃત્તિઓ દ્વારા પ્રાથમિક શાળાઓ અને શિક્ષકોનું સ્તર સુધરતાં, અભ્યાસ કરતા બાળકોનાં શિક્ષણનું લેવલ પણ સુધરતું જોવા મળી રહ્યું છે જે મોટું પરિવર્તન કહી શકાય.

**સર્વ શિક્ષા અભિયાન મિશનના પરિણામો**

- સર્વ શિક્ષા અભિયાન મિશન અંતર્ગત પ્રાથમિક શાળાઓમાં ઘણું હકારાત્મક પરિવર્તન જોવા મળ્યું છે, તેમાં જોઈએ તો - શાળાઓમાં ભૌતિક અને શૈક્ષણિક સુધારા ખાસ જોવા મળે છે જે નીચે મુજબ છે.

**ભૌતિક પરિણામો :**

- શાળાના મકાનોમાં - નવા વર્ગખંડો, રંગરોગાન, બગીચા વગેરે બનવા.
- મધ્યાહ્ન ભોજન માટેનું રસોડું અને સ્ટોર રૂમ,
- શાળામાં વીજળીકરણ,
- કુમાર અને કન્યાઓ માટે શૌચાલયની વિશેષ સુવિધા.
- રમત-ગમતના સાધનો.

**શૈક્ષણિક પરિણામો :**

- શિક્ષકો તાલીમબદ્ધ થયા.
- અનિયમિત વિધાર્થીઓ શાળાએ નિયમિત આવતા થયા.
- શાળામાં બાળકોનું સ્થાઈકરણ વધ્યું.
- કન્યા કેળવણીમાં વધારો થયો.
- વિકલાંગ બાળકોના સંકલિત વિકાસ દ્વારા શિક્ષણમાં વૃદ્ધિ થઈ.
- વિવિધ જાહેર કાર્યક્રમો દ્વારા ખાસ કરીને ગ્રામીણ પછાત સમુદાયોમાં શૈક્ષણિક જાગૃતિ વધી છે.

**ઉપસંહાર :**

પ્રવર્તમાન આધુનિક યુગમાં શિક્ષણ દરેક વ્યક્તિ માટે જરૂરી જ નહિ પરંતુ અનિવાર્ય છે ત્યારે હાલમાં સરકારે ગામડે-ગામડે પ્રાથમિક શાળાઓ ઊભી કરી મફત પ્રાથમિક શિક્ષણનું કાર્ય કરે છે, પરંતુ બાળકોને ભણવામાં ઉત્સાહ ઓછો હોઈ, ઉપરાંત મોટાભાગના ગ્રામીણ કુટુંબોની આર્થિક સ્થિતિ મધ્યમ અને નબળી તથા નાના ભાઈ-બહેનોને સાચવવા જેવી અન્ય જવાબદારીઓ જેવા કારણોસર બાળકો નિયમિત ભણતા ન હોઈ-વિદ્યાર્થીઓમાં ભણવાની રસ-રૂચિ જાગે અને શાળામાં તેમનું સ્થાઈકરણ વધે તે માટે સર્વ શિક્ષા અભિયાન મિશન અંતર્ગત શાળાઓમાં વિશેષ ભૌતિક સુવિધાઓ તથા શિક્ષકોને વિશેષ તાલીમોથી સજ્જ કરવાનો પ્રયાસ આ યોજના દ્વારા કરવામાં આવી રહ્યો છે. આ મિશન અંતર્ગત નવા-નવા કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સમુદાયના લોકોને સતત પ્રવૃત્તિશીલ રાખી, શિક્ષણ પ્રત્યે જાગૃતિ કેળવાય તેવા પ્રયત્નો હાલ શરૂ થઈ રહ્યા છે. જેના દ્વારા પહેલાની સરખામણીમાં છેલ્લા એક દશકા દરમ્યાન આ પ્રાથમિક શાળાના શિક્ષણમાં ઘણા સારા પરિવર્તનો જોવા મળી રહ્યા છે જે હકારાત્મક પરિવર્તનો આવતા સમયમાં માનવીય આંક અવશ્ય ઉપર લઈ આવશે.

**સંદર્ભ સૂચિ :**


- Buch,M.B.(1991), Fourkh Survey of Research in Educakion. NCERT, New Delhi, p. 693.
- ગુપ્તા જે.પી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર (૨૦૦૨), વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા મોડ્યૂલ. સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ ગાંધીનગર.
- જોષી અવિનાશ, સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર (૨૦૦૧), વિકલાંગ બાળકો માટેનું સંકલિત શિક્ષણ. સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ ગાંધીનગર.
- જોશી વિદ્યુત; (૨૦૦૯), ગ્રામવિકાસમાં લોકભાગીદારી; પ્રથમ આવૃત્તિ.
- ડાભી ગણપત એમ. (૨૦૦૭). ગણતર સંસ્થાના પ્રયત્નો દ્વારા અગરિયાના બાળકોમાં આવેલ પરિવર્તનની અસરો અંગેનો અભ્યાસ.



**લેખક ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા, ગાંધીનગર ખાતે અધ્યાપક છે.**

# સર્વ માટે શિક્ષણ : વિકાસ આંક

## 'શિક્ષણ વિકાસ ઈન્ડેક્સ'

યુનેસ્કો દ્વારા દર વર્ષે બહાર પાડવામાં આવતા સર્વ માટે શિક્ષણ વૈશ્વિક દેખરેખ રિપોર્ટ માટેની આંકડાકીય વિગતો એટલે શિક્ષણ વિકાસ ઈન્ડેક્સ. ૨૦૧૫ સુધીમાં બધાં બાળકો અને વયસ્કોને પાયાનું શિક્ષણ આપવાના લક્ષ્ય અંગે થયેલી પ્રગતિનું એમાં મૂલ્યાંકન કરવામાં આવે છે. સર્વ માટે શિક્ષણના છ લક્ષ્યાંકમાંથી ચાર માટે આ ઈન્ડેક્સનો ઉપયોગ થાય છે. આ ચાર લક્ષ્ય છે : (૧) સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ (૨) વયસ્ક સાક્ષરતા (૩) શિક્ષણની ગુણવત્તા અને (૪) જાતિ સમાનતા. સમગ્ર ઈન્ડેક્સમાં દરેક ઘટકને સમાન મહત્ત્વ આપવામાં આવે છે.

આ દરેક લક્ષ્યાંકમાં એક સૂચકાંકનો પ્રોક્સી તરીકે ઉપયોગ કરવામાં આવે છે. સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ માટેનો સૂચકાંક છે, પ્રાયમરી એડજસ્ટેડ નેટ એનરોલમેન્ટ રેશિયો (અનેર) આ આંક અંતર્ગત પ્રાથમિક શાળાની વયજૂથના બાળકોનું પ્રમાણ - જેઓની પ્રાથમિક કે માધ્યમિક શાળામાં હાજરી હોય - ધ્યાનમાં લેવામાં આવે છે. તેની વેલ્યુ શૂન્યથી એકસોની હોઈ શકે છે. ૧૦૦ ટકાનો એક 'અનેર' એટલે કે બધાં પાત્ર બાળકોની શાળામાં હાજરી હોવી.

વયસ્ક સાક્ષરતા માટે ૧૫ વર્ષ કે તેથી ઉપરની વયના લોકોની સાક્ષરતા દરને પ્રગતિના મુખ્ય માપદંડ તરીકે ગણવામાં આવે છે. ગુણવત્તા શિક્ષણ માટે ઉપલબ્ધ શ્રેષ્ઠ માપદંડ ગ્રેડ-૫માં સર્વાઈવલ દર છે, જે આધારે સર્વ માટે શિક્ષણની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવામાં આવે છે. જાતિ સમાનતા માટે કેવળ સાદી સરેરાશ ધ્યાનમાં લેવામાં આવે છે. પ્રાથમિક, માધ્યમિક અને વયસ્ક સાક્ષરતામાં દરેકને સમાન મહત્ત્વ આપીને એ ત્રણ જાતિ સમાનતા ઈન્ડેક્સમાંથી સરેરાશ ઈન્ડેક્સની ગણતરી કરવામાં આવે છે.

શિક્ષણ વિકાસ ઈન્ડેક્સ (EDI) એ ટકાવારીમાં દર્શાવાય છે. આથી ૦ થી ૧૦૦ ટકામાં અલગ અલગ હોઈ શકે છે. જ્યારે તેને રેશિયા (ગુણોત્તર)ની દૃષ્ટિએ જોવામાં આવે તો ૦ થી ૧ વચ્ચે હોઈ શકે છે. આથી કોઈ એક દેશનો ઈન્ડેક્સ આ ચાર સૂચકાંક આધારિત જ હોવાથી EDIની જેટલી વધારે વેલ્યુ હોય તેટલી માત્રામાં તે દેશ સર્વ માટે શિક્ષણના લક્ષ્યાંક સિદ્ધ થવા તરફ છે એમ કહી શકાય.

**'સારાંશ'**

વિદ્યાર્થીઓની ક્ષમતા અને પ્રગતિના સ્વ-મૂલ્યાંકન અને સર્વગ્રાહી સમીક્ષા માટે 'સારાંશ' એ ઓનલાઈન પ્લેટફોર્મ છે. આ એક ડિજિટલ ઈન્ટરફેસ પોર્ટલ છે જે અંતર્ગત શિક્ષકો અને વાલીઓને તેના વિદ્યાર્થીઓ સાથે વ્યક્તિગત રીતે વાતચીત-આદાનપ્રદાનની સુવિધા મળે છે. આ પોર્ટલ એ રીતે તૈયાર કરવામાં આવ્યું છે કે જે દ્વારા વાલીઓને તેના બાળકોની પ્રતિભા તેમજ ખામીઓનું મૂલ્યાંકન કરવાની તક મળે છે, તેમાં બાળકોના ગમા-અણગમાની વિગતો મળે છે. જેથી તેઓ તેમનાં બાળકોના ભવિષ્ય વિશે સરળતાથી નિર્ણય લઈ શકે છે.

તાજેતરમાં આ પોર્ટલ માનવ સંસાધન વિકાસ મંત્રાલયે 'ડિજિટલ ઈન્ડિયા' હેઠળ લેવાયેલ ઘણી પહેલના ભાગરૂપે બહાર પાડ્યું છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન અને સંલગ્ન શાળાઓમાં માહિતી અને ટેક્નોલૉજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા અને હાલની શિક્ષણ પ્રણાલિમાં પારદર્શિતા લાવવા આ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. આ પોર્ટલ દ્વારા સ્પર્ધા અને હાજરી અંગેની વિગતો પણ મળે છે કે જે હવે ડિજિટલ પ્લેટફોર્મના માધ્યમથી સીધા વાલીઓ સાથે શેર કરી શકાય છે.

આ પોર્ટલ દ્વારા વિદ્યાર્થીઓને બધા ધોરણ અને વિષયોની ઈ-બુક ઉપલબ્ધ થાય છે. શાળા સંચાલકો આ માધ્યમનો ઉપયોગ કરીને તેના વિદ્યાર્થીઓની ક્ષમતાની ચકાસણી કરી શકે છે. જેથી જે વિષયમાં જરૂર લાગે તો સુધારો કરી શકાય. આ પોર્ટલમાં બધી શાળાઓનો ત્રણ વર્ષનો ડેટા મૂકવામાં આવેલ છે. આથી વર્ષોવર્ષ કામગીરીનાં મૂલ્યાંકન દ્વારા ક્ષમતા સુધારવાની તક મળી રહે છે.

# જ્ઞાન વિશ્વમાં ભારતને ડોકિયું કરાવશે 'જ્ઞાન' નેટવર્ક

'જ્ઞાન' એટલે કે ગ્લોબલ ઈનિશિયેટીવ ઓફ એકેડેમિક નેટવર્કસ એવી પહેલ છે જે જગતની શ્રેષ્ઠ શિક્ષણ સંસ્થાઓનો લાભ ભારતના વિદ્યાર્થીઓને ઘેર બેઠાં ઉપલબ્ધ કરાવશે. ઉચ્ચશિક્ષણ આપતી ભારતીય સંસ્થાઓને દુનિયાની બહેતરીન શિક્ષણ સંસ્થા સાથે જોડતા નેટવર્કની શરૂઆત માનવ સંસાધન વિકાસ મંત્રાલયે કરી છે. ઉચ્ચશિક્ષણમાં કાર્યરત દુનિયાની ટોચની પ્રતિભા આ કાર્યક્રમ હેઠળ ભારત આવી શૈક્ષણિક સંસ્થા તથા વિદ્યાર્થીઓને તેમના જ્ઞાન, કૌશલ્ય અને સંશોધનનો લાભ આપશે. જ્ઞાન વિનિમયનો વ્યવહાર એક વર્ષમાં શરૂ થઈ જવાનો છે.

ભારત આવનારા શ્રેષ્ઠ શિક્ષણશાસ્ત્રીઓ પૈકી અમેરિકાથી ૪૯, બ્રિટનથી ૯, જર્મની અને ઓસ્ટ્રેલિયાથી ૬ તથા ઈઝરાયલના-૨નો સમાવેશ થાય છે. રશિયા, જાપાન, સિંગાપોર, સ્વિટ્ઝરલેન્ડ, સ્વીડન, પોર્ટુગલ, નેધરલેન્ડ, મલેશિયા અને દક્ષિણ કોરિયાથી પણ તજજ્ઞ આવશે. ભારતની ૬૮ જેટલી રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓમાં ૧૩ વિદ્યાશાખા અન્વયે ૩૫૨ જેટલા અભ્યાસક્રમમાં વિદેશથી આવતા શિક્ષણશાસ્ત્રીનો લાભ વિદ્યાર્થીઓને મળશે.

મોટાભાગના અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને કોઈ ફી વગર વિનામૂલ્યે ઉપલબ્ધ થવાના છે, તો તેનું વેબકાસ્ટિંગ અસંખ્ય વિદ્યાર્થી માટે ફાયદેમંદ બનશે. મોટાભાગે ૧ થી ૩ સપ્તાહ જેટલા ટૂંકાગાળાના આ અભ્યાસક્રમ હશે. અભ્યાસક્રમમાં ભણાવવાની થતી સઘળી શૈક્ષણિક સામગ્રી વેબસાઈટ ઉપર મૂકી સૌ કોઈને ઉપલબ્ધ કરાવવાની પણ નેમ છે. વિદેશી તજજ્ઞના પ્રવચનનું રેકોર્ડિંગ ત્યારબાદ 'સ્વયં' નામના પ્લેટફોર્મ ઉપર ઉપલબ્ધ કરાવવાનું કામ નેશનલ ડિજિટલ લાયબ્રેરી દ્વારા કરાશે. ખડગપુરના આઈ.આઈ.ટી. દ્વારા આવા ટૂંકા અભ્યાસક્રમમાં ભાગ લેવા માંગતા વિદ્યાર્થીઓ માટે www.iitkgp.ac.in જેવી વેબસાઈટ ખોલવામાં આવી છે.

**ટેક્નોલૉજી પડકાર વિશે સંશોધન માટે સહિયારો પ્રયાસ**

ભારતમાં ટેક્નોલૉજીના વિકાસ અને ઉપયોગિતાને લગતા ભાવી પડકારનો સામનો કરે તેવા શિક્ષણના ફેલાવાને સંશોધન વડે ઉત્તેજન આપવા માટે હમણાં ઈમ્પ્રીન્ટ નામે કાર્યક્રમ શરૂ કરાયો છે. દેશની તમામ આઈ.આઈ.ટી અને આઈ.આઈ.એસ.નું જ્ઞાન જોડાણ ઈમ્પ્રીન્ટ વડે થયું છે.

ઈમ્પ્રીન્ટના ઉદ્દેશ પણ પડકાર પ્રમાણે અનોખા છે જેમ કે :

- કયા ક્ષેત્રમાં તાત્કાલિક સંશોધન વડે સમાજને લાભ આપવાની તાતી જરૂર છે તે નક્કી કરવું.
- ક્ષેત્ર નક્કી થયા બાદ વૈજ્ઞાનિક સંશોધનનો પ્રારંભ
- સંશોધનને પરિણામ સુધી લઈ જવા જરૂરી ભંડોળ મેળવવું.
- સંશોધનના પરિણામની આખરી મુલવણી એ રીતે કરવી કે તેનાથી ગ્રામીણ અને શહેરી જનતાની જિંદગી કેટલી બહેતર બનશે.



'ઈમ્પ્રીન્ટ ઇન્ડિયા' હેઠળ સંશોધન વિષયની ફાળવણી પણ વિવિધ શૈક્ષણિક સંસ્થા વચ્ચે કરી દેવામાં આવી છે, જેમ કે :

૧. આરોગ્ય સંભાળ - આઈ.આઈ.ટી. ખડગપુર
૨. કમ્પ્યૂટર વિજ્ઞાન તથા આઈ.સી.ટી. - આઈ.આઈ.ટી. ખડગપુર
૩. આધુનિક કાચી સામગ્રી - આઈ.આઈ.ટી. ખડગપુર
૪. જળસંસાધન અને નદી વ્યવસ્થા - આઈ.આઈ.ટી. કાનપુર
૫. ટકાઉ શહેરી વિકાસ - આઈ.આઈ.ટી. રૂરકી
૬. સંરક્ષણ - આઈ.આઈ.ટી. મદ્રાસ
૭. કારખાનામાં ઉત્પાદન - આઈ.આઈ.ટી. મદ્રાસ
૮. નેનો ટેક્નોલૉજી હાર્ડવેર - આઈ.આઈ.ટી. મુંબઈ
૯. પર્યાવરણ વિજ્ઞાન અને આબોહવા પરિવર્તન - આઈ.આઈ.એસ. બેંગ્લેરૂ
૧૦. ઊર્જા સલામતિ - આઈ.આઈ.ટી. બેંગ્લુર

**ભારતમાં ઈંજેક્શન વડે પોલિયો રસી**

વિશ્વભરમાંથી પોલિયો નાબૂદ કરવાની વ્યૂહરચના પ્રમાણે ભારતમાં હમણાં ઈંજેક્શન વાટે પોલિયો રસી બાળકને આપવાની નવીન શરૂઆત થઈ છે. અગાઉ પોલિયો રસીના ટીપાં પીવડાવવામાં આવતા હતા, તે પ્રથા પણ ચાલુ રહેવાની છે. ભારતના બાળકોને બેવડું રક્ષણ આપવા માટે ઈંજેક્શન વાટે રસી આપવાની શરૂઆત હાલ છ રાજ્યોમાં થઈ છે. જેમાં આસામ, ગુજરાત, પંજાબ, બિહાર, મધ્યપ્રદેશ તથા ઉત્તરપ્રદેશનો સમાવેશ થાય છે.

પોલિયો રસીનું ઈંજેક્શન તથા ટીપાં એમ બેવડું રસીકરણ એક વર્ષથી ઓછી ઉંમરના બાળકોનું કરવામાં આવી રહ્યું છે. બાળકોને વિનામૂલ્યે જીવન કવચ આપવાનો કાર્યક્રમ વિશ્વ આરોગ્ય સંસ્થાએ મે, ૨૦૧૫માં પસાર કરેલા ઠરાવ અન્વયે ભારતમાં શરૂ કરાયો છે.

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2015-2017
VALID UPTO 31-12-2017 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. CPMG/GJ/71/2014-15 VALID UPTO 31-12-2017

પ્રકાશન તા. ૨૪ ડિસેમ્બર, ૨૦૧૫
પોસ્ટિંગ તા. ૧ જાન્યુઆરી, ૨૦૧૬

YOJANA (GUJARATI), January 2016 | O.I.G.S.

પ્રતિશ્રી,

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, ભારત સરકાર
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બૅન્કની ઉપર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭


## પ્રકાશન વિભાગનાં ગુજરાતી પુસ્તકો

### નીચેના પુસ્તકો ૫૦ ટકાના વળતરે વેચાણ માટે યોજનાના કાર્યાલયમાંથી મળી શકશે.

| | | | |
|---|---|---|---|
| ગાંધી - સચિત્ર જીવનકથા | ૧૨૫.૦૦ | ગુરુનાનક થી ગુરૂગ્રંથ સાહેબ સુધી | ૧૬૦.૦૦ |
| સરદાર વલ્લભભાઈ પટેલ | ૮૦.૦૦ | તત્ત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮.૦૦ |
| લાલ બહાદુર શાસ્ત્રી | ૭૦.૦૦ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫.૦૦ |
| મૌલાના અબુલ કલામ આઝાદ | ૭૫.૦૦ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬.૦૦ |
| માદામ ભિખાઈજી કામા | ૬૦.૦૦ | દાર્શનિક અને ધાર્મિક અગ્રેસરો | ૨૮.૦૦ |
| મહાત્મા જ્યોતિબા ફૂલે | ૧૫૦.૦૦ | વૈજ્ઞાનિકો | ૪૫.૦૦ |
| સી. એફ. એન્ડ્રયુઝ | ૧૫૦.૦૦ | સૌંદર્ય મીમાંસકો | ૫૦.૦૦ |
| કાલિદાસ કહાની | ૩૨.૦૦ | વાલ્મીકિ અને વ્યાસ | ૨૨.૦૦ |
| કાકા સાહેબ કાલેલકર | ૨૧૦.૦૦ | રામાયણ, મહાભારત અને ભાગવતના લેખકો | ૮૫.૦૦ |
| સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦.૦૦ | દૃષ્ટાઓ અને ચિંતકો | ૫૦.૦૦ |
| ઠક્કરબાપા | ૮૦.૦૦ | સંગીતજ્ઞો | ૪૫.૦૦ |
| આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦.૦૦ | કવિઓ, નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫.૦૦ |
| ભારતના ગૌરવ ગ્રંથ - ગુજરાતી | ૭૦.૦૦ | રાજકુમારી નિહાલદે | ૧૨.૦૦ |
| ભારતીય જનજાતિઓ અતીતના ઝરૂખેથી | ૧૦૦.૦૦ | સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮.૦૦ |
| ભારતીય જનતાના ઈતિહાસની રૂપરેખા | ૭૦.૦૦ | આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫.૦૦ |
| ગુજરાતમાં જાગૃતિની લહેરો | ૭૨.૦૦ | કુલ રૂ. | ૨૪૭૮.૦૦ |
| ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦.૦૦ | | |


Printed & Published by Dr. (Ms) Sadhana Rout, A.D.G. and Head on behalf of Publication Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110 003.
Printed by Sahitya Mudrnalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022. Phone : (079) 25469101
**Director & Chief Editor : Deepika Kachhal** **Dy. Director : Amita Maru**
For business queries/subsciption, please email at **pdjucir@gmail.com or call on (011) 24367260 / 24365609 / 24365610**